सुबोधक नीतिकथा

સ્વર્ગસ્થ બીરબલે પ્રાણી, ઝાડ વગેરેને લાગુ
પાડીને લખેલી ૧૫૨ બોધપ્રદ વાર્તા.

સારાં પુસ્તકોને મૂકી નહિ રાખતાં વાંચવા આપીને અને
બીજાઓને વાંચવા પ્રેરીને ફરતાં રાખવાં એ પણ
સજ્જનોનું ભૂષણ અને પરોપકાર છે.

આવૃત્તિ ચોથી, ૧૯૮૭, પૃ ૨૪૦, સાદુ ૦।- પાકુ ૦।≈

सस्तु साहित्य वर्धक कार्यालय

અમદાવાદ અને મુંબઈ-૨

सुबोधक नीतिकथा

પ્રાણી અને ઝાડપાન ઇત્યાદિને લાગુ પાડીને
લખેલી નાની વાર્તાઓ

લેખકઃ-સ્વ૦ ખરશેદજી બમનજી ફરામરોજ
ઉર્ફે 'બીરબલ'-નવસારી

ચોથી આવૃત્તિ, પ્રત ૧૧૦૦૦, કુલપ્રત ૨૦૮૦૦ સં૦ ૧૯૮૭

सस्तु साहित्य वर्धक कार्यालय तरफथी
સંપાદક અને પ્રકાશકઃ-ભિક્ષુ-અખંડાનંદ
અમદાવાદ અને મુંબઇ-૨

અમદાવાદમાં સાદું પૂંઠું ૦।≈ પાકું ૦॥
બહારગામવાળા ખર્ચજોગું વધુ લેશે.

આ પુસ્તકની અનુક્રમણિકા છેવટના ભાગમાં જોવી.

અમદાવાદ "સસ્તુ સાહિત્ય મુદ્રણાલય"માં
ભિક્ષુ—અખંડાનંદના પ્રબંધથી મુદ્રિત.

प्रसिद्ध करनारनुं निवेदन

(આગલા નિવેદનના સારાંશ સાથે)

આ પુસ્તક ઇ. સ. ૧૯૦૧ માં ઝીણા અક્ષર અને સાદા પૂંઠા સાથે રૂા. ૧)થી નીકળેલું તે કેટલાંક વર્ષથી મળી શકતું નહિ. "બીરબલ" અને બીજાં ઉપનામથી પ્રસિદ્ધ તથા "ભર કટોરા રંગ" વગેરેના હાસ્યમિશ્રિત લેખોના લોકપ્રિય લેખક શ્રીયુત ખરશેદજી બમનજી ફરામરોઝ આ પુસ્તકના લેખક છે. તેમણે આ પુસ્તક સંબંધી સર્વ હક્ક આ સંસ્થાને આપવાથી તેમાં સંશોધન થઈ બીજી આવૃત્તિ સં. ૧૯૭૬માં નીકળી હતી. લગભગ બીજી વાર્તાઓના જેવીજ મતલબવાળી, હિંદુ વાચકોને ન ગમે તેવી, તેમજ નજીવી સરખી એવી દશ બારેક કથાઓ એ બીજી આવૃત્તિથી પડી મૂકી છે. ભાષા, વાકયરચના વગેરેમાં ઠીકઠાક કરવાનું કામ પહેલી આવૃત્તિના છાપેલા સાંકડા લખાણને લીધે કેટલીક જગાએ બજાવી શકાયું નહોતું; અને તે પછી પણ બની શકયું નથી.

આ પુસ્તક મોટી ઉંમરનાં મનુષ્યો માટે જેટલું ઉપકારક છે તેટલુંજ તે ભવિષ્યનાં મનુષ્યો તરીકે હાલનાં બાળકબાલિકાઓ તથા વિદ્યાર્થીઓ માટે પણ ઉપકારક છે. માબાપો તેમજ શિક્ષકોએ આવી વાર્તાઓ યાદ રાખીને તેમની આગળ કહી સંભળાવવાથી તેમજ લખી વાંચી શકે તેવી ઉંમરનાં બાળકોના હાથમાં આવાં પુસ્તકો મૂકવાથી તે તેમને માટે આનંદ તથા ઉમદા શિક્ષણ આપનાર થઇ રહે તેમ છે.

આ ચોથી આવૃત્તિ ૧૯૮૭ ની આખરસુધી અર્ધી કિંમતે આપવાનું રાખ્યું છે.

બીજો અષાઢ-સં. ૧૯૮૭ ભિક્ષુ-અખંડાનંદ

आ पुस्तक माटे थोडाक अभिप्राय

ગુજરાતી પંચ—"બાળકો માટે આ પુસ્તક એક અમૂલ્ય વાનગી છે.

સરસ્વતી—"વે (કહાનિયાઁ) પ્રાયઃ સભી મનોરંજક હૈં. ઉપદેશ તો કુછ નં કુછ સભીસે મિલતા હૈ. વિશેષ કર કે લડકોં ઔર લડકિયોંકે બડે કામકી હૈ."

કોળીસુબોધ—"વાર્તાઓ સારી ભાષામાં લખાયલી હોઇ ગમ્મત સાથે જ્ઞાન આપે એવી છે. પુસ્તક એક વખત હાથમાં પકડયું તો પછી પૂરૂં થયા સિવાય મૂકવાની ઈચ્છાજ થતી નથી. × × × × × ગામડા ગામમાં વસતા અને ઘણુંજ ઓછું ભણેલા ભાઇઓથી પણ આ પુસ્તક હોંસથી અને ઘણી સહેલાઈથી વંચાય એવું છે."

અંકુશ—"આવી વાર્તાઓ ઉછરતાં બાળકો જેઓને સામાન્ય શિખામણના શબ્દો કંઇ પણ અસર કરી શકતા નથી તેઓને પણ બહુજ સીધા, સમજુ અને ડાહ્યા બનાવે છે. જે માબાપો પોતાનાં તોરી, વાદીલાં, હઠીલાં અને વારંવાર અપાતી શિખામણો પર ધ્યાન નહિ આપનારાં બચ્ચાંઓને રસ્તે લાવવા ચિંતાતુર રહ્યા કરતાં હોય અને કંટાળી ગયાં હોય; તથા સહેલાઇથી જેઓ પોતાનાં બચ્ચાંઓને ડાહ્યાં બનાવવા ઈચ્છતાં હોય; તેઓએ અવશ્ય આ પુસ્તક પોતાની પાસે રાખી તેનો ઉપયોગ કરી થોડે ખર્ચે અને થોડી મહેનતે પોતાની ધારણા પાર પાડવી જોઇએ, લેખકના આ પ્રયત્નને અમે પૂર્ણ આદરભાવ સાથે વખાણીએ છીએ."

लेखकनी प्रस्तावना-पहेली आवृत्तिनी

આ પુસ્તકમાં રજુ થયેલી વાર્તાઓ (ફેબલ્સ) લખવાનો વિચાર, આગળથી કશી પણ ધારણા રાખ્યા વિના માત્ર એકાદ બે અચાનક સંજોગોથી ઉત્પન્ન થયો હતો. એ મધ્યેની "માંકડ અને કીડી" વાળી બીજી કથામાં જણાવેલો બનાવ, પોતા ઉપર વીત્યાથી તેમજ "માર ખાઇ દમ ભરાવનાર કૂતરો" એ મથાળા-વાળી ત્રીજી કથાનો બનાવ નજરે જોવામાં આવ્યાથી, પ્રથમ એ બંને કથાઓ આપોઆપ લખાઈ અને તે ઉપરથી બીજી નવી કથાઓ લખવાની જિજ્ઞાસા ઉત્પન્ન થઇને તે "તાતી આગ" માં ઉપરાછાપરી લખાતી ચાલી. એ લખાણ સન ૧૮૯૨ ના જૂન માસમાં શરૂ થઈ ૧૮૯૩ ના માર્ચ માસ સુધી એકસરખી રીતે ચાલુ રહ્યું હતું, અને એ મુદતમાં આ પુસ્તકમાંની લગભગ સઘળી કથા લખાઇ ગઈ હતી. માત્ર થોડીક તે પછી પ્રસંગોપાત લખાઇ હતી. એ કથાઓ મધ્યેની ઘણીખરી કલ્પનાથી ઉપજાવી કાઢેલી, કેટલીક અંગત અનુભવના આધારે રચેલી અને બીજી કેટલીક ખાસ રીતે નીતિબોધ આપવાના હેતુથી લખેલી છે. બીજી કેટલીક કથાઓ તકરારી તથા મતભેદની જણાયાને લીધે પાછળથી કાઢી નાખવામાં આવી છે. આ પુસ્તકની ભાષા અતિશય સરળ રાખવાની ખાસ સંભાળ લેવામાં આવી છે, કે જેથી બાળકો પણ તે વાંચી સમજીને કથાઓથી મળતી ગમ્મત તથા તેના નીતિબોધથી મળતી ચાનકનો લાભ લઈ શકે. + + + +

નવસારી, નરીમાનવાડ
તા૦ ૧૫-૧૦-૧૯૧૦

ખ૦ બ૦ ફ૦

શુદ્ધિપત્ર

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૩	૨૨	હોલાામાંથી	હોલામાંથી
૧૧	૮	ગુણીવાનોને	ગુણવાનોને
૨૭	૧૩	અનુભસિદ્ધ	અનુભવસિદ્ધ
૫૪	૧૮	મા જાણે	મા ન જાણે
૧૪૫	૨૩	જતો,	જતો હતો,

आ पुस्तकना लेखकनी कथा

આ નીતિકથાઓના લોકપ્રિય લેખક શ્રીયુત ખરશેદજી બમનજી ફરામરોઝ જેઓ ૭૩ વર્ષની પાકટ ઉંમરે ગુજરી ગયા છે તેમની પોતાની હકીકત પણ એક કથા કહાણી જેવીજ છે.

"બીરબલ" "ધનકજી બીન મકનજી" વગેરે ઉપનામોથી વર્તમાનપત્રોમાં રમુજી અને ઉપયોગી લેખો લખીને લાખો વાચકોનાં દિલ જીતી લેનાર અને પોતાના બહોળા જ્ઞાન અને બાહોશી વડે ભલભલાને મહાત કરનાર આ ગૃહસ્થનો જન્મ નવસારી શહેરમાં થયો હતો. તેઓ ગુજરાતી નિશાળનું પણ પૂરૂં શિક્ષણ મેળવી શકયા નહોતા.

સંખ્યાબંધ સ્ત્રીપુરુષો જેમને "પૂજ્ય ધર્મપિતા બીરબલ" કહીને સંબોધતાં, તેમના પોતાના પિતા તો તેમને ત્રણુજ વર્ષના મૂકીને ગુજરી ગયા હતા. અને તેમનાં માતાએ તેમને ગરીબાઇમાં જેમ તેમ કરીને ઉછેર્યાં હતા.

મિત્રોનો તેમને ટોટો ન હતો, પણ કેટલાક તો એવાજ મળેલા કે તેમની પાસે નવાં નવાં પુસ્તકો તૈયાર થયેલાં જોઇને ભલા બીરબલને છપાવી આપવાની લાલચ આપીને લઇ જતા અને કેટલોક વખત ગયા પછી કર્તા તરીકે પોતાનુંજ નામ ઠોકી બેસાડીને છપાવી દેતા! તેમણે પચીસેક પુસ્તકો લખેલાં, તેમાંનાં ઘણાંક તો આવીજ રીતે છપાયાં હતાં!

ગરીબાઇને લીધે મહેતાજીની તેમજ કેટલાંક પ્રેસો અને વર્તમાનપત્રોની તેમણે નોકરી કરેલી અને બીજી રીતે પણ ઘણા લોકોના પ્રસંગમાં આવેલા; પરંતુ નિસ્પૃહી, સરલ, ધર્મપ્રેમી અને સાચાબોલા બીરબલજી લક્ષ્મીના લાલચુ બની બડેખાંઓની ખુશામત કે હાજીહા કરીને અથવા તો દુનિયાઈ હુશિયારીના પડદામાં રહેલા છળપ્રપંચા-

હિનું સેવન કરીને પૈસાદાર બનવા મથ્યા ન હતા. પોતાના સોબતીઓને લાખોપતિ બની ગયેલા જોવા છતાં પોતાના સદાચારી સાદા જીવનમાં અને લોકહિતાવહ લેખનવાચનમાંજ તેઓ મસ્ત રહેતા.

મુંબાઈનાં હવાપાણી આગળ જતાં માફક ન આવવાથી તેઓ પાછા નવસારી આવી રહ્યા. અહીં આંખોમાં વ્યાધિ થઇ આવવાથી મુંબઈ જઇ વાઢકાપ કરાવી; પણ ત્યાં એક વાર ટ્રામગાડીમાંથી ઉતરતાં પડી ગયા અને પગ પર પૈડું ફરી વળતાં હાડકું ભાગી જવાથી ઘુંટણ નીચેનો ભાગ કપાવી નાખવો પડયો.

જીવનના છેલ્લા અઠવાડીઆમાં ઇન્ફલુએન્ઝાના વ્યાધિથી પટકાઇ પડીને અશકત બન્યા ત્યાંસુધી તેઓએ વર્તમાનપત્રોમાં હસાવનારા, નીડર અને સચોટ લેખો લખવાનું કામ બહુ સારી લાયકાત સાથે બજાવ્યા કર્યું હતું. તેમનું અવસાન તા. ૪-૩-૨૦ એ હોળીના દિવસે થયું હતું.

આવા સદ્‌ગુણી માણસોને આમ દુઃખ ખમતા જોઇને કોઇએ અવળું સમજવા જેવું નથી. દરેક માણસની હાલની સારી નરસી દશા તેનાં પૂર્વકર્મને લીધેજ હોય છે. એવાં દુઃખ ભોગવી પાપને ક્ષીણ કરવા સાથે જેઓ સારા આચરણથી રહે છે, તેઓ આંતરિક શાંતિ પૈસાદારો કરતાં વધુ ભોગવવા સાથે પોતાના ભાવી શરીરને અને અમાપ જીવનને પણ બહુજ ઉમદા અને સુખદાયક બનાવે છે. બીજી તરફ જૂઠપ્રપંચથી બીજાના હક્ક અને સુખને ભોગે વૈભવ મેળવનારાઓ અંતરમાં અશાંત રહેવા ઉપરાંત પોતાના ભાવી જીવનમાં કાંટા વેરીને તેને પણ દુઃખમય બનાવે છે. માટે એવા બહારથી સુખી જેવા દેખાતા પ્રાપંચિક જીવન કરતાં નિર્ધનતા અને સાદાઈપૂર્વકનું નીતિમાન અને ધાર્મિક જીવન હજાર દરજજે સુખદાયક તથા ઇચ્છિવા જેવું છે. કહેવત છે કે "જેનું છેવટ સારૂં તેનું બધુંજ સારૂં."

આ સંસ્થાના તૈયાર ગ્રંથો

ધાર્મિક ગ્રંથો

	મૂલ્ય
શ્રીમહાભારત—સંપૂર્ણ ભાષાંતર—૭ ભાગમાં...	૩૬)
શ્રી વાલ્મીકિ રામાયણ—૩૨ ચિત્રો સાથે ...	૬)
શ્રીતુલસીકૃત રામાયણ—નવી આવૃત્તિ, ૩૨ ચિત્રો	૩ાા
શ્રીગિરધરકૃત શુદ્ધ રામાયણ	૨ા
શ્રીયોગવાસિષ્ઠ મહારામાયણ—બે ભાગમાં....	૧૦)
મહાભારતનું શાંતિપર્વ—નવી આવૃત્તિ....	૫)
શ્રીમદ્ભગવતી ભાગવત—(નવી આવૃત્તિ)	૪ાા
શ્રીમદ્ભાગવત—નવી આવૃત્તિ રૂ.૩) બે ભાગમાં	૩ાા
શ્રીજ્ઞાનેશ્વરી ભગવદ્ગીતા—નવી આવૃત્તિ	૨)
શ્રીરામકૃષ્ણ કથામૃત—બંને ભાગ ભેગા ...	૨ાા
શ્રીમહાભારત અને **રામાયણ**વિષે વિચારો(સાદુ)	૦ાા=
શ્રીમહાભારતવિષે—જાણવાજોગ વિચારો ...	૧ાા
ધર્મતત્ત્વ—બંકિમચરિત્ર સાથે ૦ાાા, **યોગતત્ત્વ**...	૧ા
સ્વામી રામતીર્થ—ચાર ગ્રંથોમાં ૧૩ વિભાગ છે.	૮)

ભાગ ૧ થી ૫....	૨)	ભાગ ૧૦—૧૧,	૨)
ભાગ ૬ થી ૯....	૨ા	ભાગ ૧૨—૧૩....	૨)

સ્વામી વિવેકાનંદ—આઠ ગ્રંથોમાં ૧૩ ભાગ છે.

ભાગ ૧—૨—૩,	૨ા	ભાગ ૯ મો—ચરિત્ર	૨ાા
ભાગ ૪—૫....	૨ા	ભાગ ૧૦ મો—રાજયોગ	૧)

ભાગ ૬–૭.... ૧)	ભાગ ૧૧ મો–જ્ઞાનયોગ ૧॥=
ભાગ ૮ મો.... ૨)	ભાગ ૧૨–૧૩ પત્રો, ઉપદેશો ૧॥

ભગવદ્‌ગીતા–સરલાર્થ સાથે સાદુ પૂંઠુ ૦)=, પાકુ૦)≈

ભગવદ્‌ગીતા–સરલાર્થ સાથે મોટા અક્ષરમાં ૦।, ૦।=

ભગવદ્‌ગીતા–શ્રીધરી ટીકાનુસાર અર્થ સાથે ... ૦।–

ભગવદ્‌ગીતા મૂલમાત્ર–મધ્યમાક્ષર ૦।, મોટાઅક્ષર ૦॥

પંચરત્ન ગીતા–ગુ૦ સરલાર્થ સાથે ૦॥, મોટા અક્ષર ૦।॥

પંચરત્નગીતા–મૂલમાત્ર–ત્રણ પ્રકારની ૦।, ૦।=, ૦॥

શ્રીવિષ્ણુસહસ્રનામ–ગુજરાતી અર્થ સાથે.... ૦)–॥

પ્રભુમય જીવન–સુધારેલી નવી આવૃત્તિ .... ૦।

શ્રીસુબોધ રત્નાકર–અસરકારક દૃષ્ટાંતો સાથે.... ૦।॥

અખાની વાણી–મનહર પદ સાથે .... ૧॥

પ્રીતમદાસની વાણી–ચરિત્ર સાથે મોટો સંગ્રહ ૧॥

છોટમની વાણી–ગ્રંથ પહેલો ૧), બીજો ૧॥, ત્રીજો ૧)

શ્રીભજનસાગર–સાદુ પૂંઠુ ૦।=, પાકું પૂંઠુ ૦॥–

ઉપદેશસારસંગ્રહ–ભાગ ૧,૨ ભેગા ... ... ૧)

સ્વર્ગનું વિમાન ૧।=	**સ્વર્ગનો ખજાનો** ૧।=
સ્વર્ગની કુંચી ૧।=	**સ્વર્ગનો પ્રકાશ** ૧।=

उत्साह अने चेतनाप्रेरक पुस्तको

આર્યોના સંસ્કાર અથવા **હિંદની વિદ્યાકળા** ૦॥

શુભસંગ્રહ–ભાગ ૧ લો ૦।, ભાગ બીજો ૨॥, ભાગ ૩જો ૧॥
ભાગ ૪ થો ૧॥, ભાગ ૫ મો ૧॥, ભાગ ૬ ઠ્ઠો ૧।॥, ૭ મો ૧॥

આગળ ધસો ૧॥ | ભાગ્યના સ્રષ્ટાઓ ૧॥
આદર્શ દૃષ્ટાંતમાળા—ભાગ ૧ લો ૧)=, ભાગ બીજો ૧ા
બંકિમ નિબંધમાળા—ધર્મતત્ત્વ સાથે ... ૧॥
સુખી જીવનનાં સાધન—તરતમાં નીકળશે.
સુખ, સામર્થ્ય અને સમૃદ્ધિ—ફરી છપાઇ જલદી નીકળશે.

बोधदायक उत्तम जीवनचरित्रो

પરમહંસ શ્રીરામકૃષ્ણનું ચરિત્ર અને ઉપદેશો ૧॥
ભાસ્કરાનંદ અને વિજયકૃષ્ણ ગોસ્વામી ....૧॥
ભારતનાં સ્રીરત્નો—ત્રણ ગ્રંથોમાં નવી આવૃત્તિ...૬)
મહાન સાધ્વીઓ—અતિ ઉત્તમ ૧૫ ચરિત્રો ... ૧ા
શ્રી ભક્તચરિત્ર અથવા ભક્તિરસામૃત ... ૧॥

ભારતના વીરપુરુષો ૧)	વીર દુર્ગાદાસ.... ૦॥
શ્રી શિવાજી છત્રપતિ ૨ા	સમ્રાટ્ અકબર ૧ા
નેપોલિયન બોનાપાર્ટ ૩)	દાનવીર કાર્નેગી ૧॥
મુસ્લીમ મહાત્માઓ ૧॥	કાઉન્ટ ટૉલ્સ્ટૉય ૨॥

इतिहास अने वैदक संबंधी पुस्तको

રાજસ્થાનનો ઇતિહાસ—બે મોટા ગ્રંથોમાં ૧૦)
આર્યભિષક્—નવી આવૃત્તિ .... ૩)
આરોગ્યવિષે સામાન્ય જ્ઞાન—ગાંધીજીકૃત... ૦।–

बोधप्रद टुंकी वार्ताओ

ટુંકીવાર્તાઓ—ભાગ ૧ થી ૪ ભેગા—૬૬ વાતો... ૨)
ટુંકીવાર્તાઓ—ભાગ ૫ મો—૨૮ વાતો .... ૦॥–

ટૂંકીવાર્તાઓ–ભાગ ૬ ઠ્ઠો–૨૭ વાતો ... ૧)
ટૂંકીવાર્તાઓ–ભાગ ૭ મો–અનેક વાતો ... ૧।।
દયાળુ માતા અને સદ્‌ગુણી પુત્રી .... ०।

बाळको माटे खास उपयोगी पुस्तको

સદ્‌ગુણી બાળકો–૬૯ ટૂંકાં બાળચરિત્ર ... ०।
બાળસદ્‌બોધ–વાર્તાઓરૂપે ધાર્મિક શિક્ષણ ०।
બાળકોની વાતો–રસિક વાતચિતરૂપે ૨૧ પાઠ ०)≋
દુઃખમાં વિદ્યાભ્યાસ–સચોટ સાચાં દૃષ્ટાંતો ०।
સુબોધક નીતિકથા–શ્રી. બીરબલની લખેલી ०।।

चित्रो अने चित्रावलीओ

શ્રીમહાભારત ચિત્રાવલી–૨૬ ચિત્રો, પાકાં પૂંઠાં ૧)
શ્રીરામાયણ ચિત્રાવલી—૩૬ ,, ,, ,, ૧)
શ્રીકૃષ્ણમુરારીનું ત્રિરંગી મોટું ચિત્ર ... ०।–
શ્રીદ્રૌપદી–વસ્ત્રાહરણ ,, ,, ... ०।–
જ્ઞાનપટ–સોપાનપટ ... ... ०)–

૧–પોસ્ટખર્ચ દરેકનું જુદું. ૨–મંગાવેલાંમાંથી જે પુસ્તકો ન આવે તે ખલાસ સમજવાં. ૩–પૂરૂં મૂલ્ય પ્રથમ મોકલી ૮–૧૦ રૂ.નાં પુસ્તકો રેલરસ્તે મંગાવવાથી પેકીંગ વગેરેના ०। ચઢવા છતાં કુલ ખર્ચ બહુ ઓછો આવશે. ૪–અમદાવાદના કાર્યાલય માટે કિંમત ઘટાડેલી તે ઘણાંખરાં પુસ્તકો માટે હજી જારી છે. તેનું સૂચિપત્ર બીજું મળશે. ૫–સામટાં રૂ. ૧૦૦)નાં પુસ્તકો લેવાથી એ કિફાયતી કિંમતમાં પણ ૬। ટકા કપાશે. ૬–મુંબઇના કાર્યાલયમાં બહારગામ મુજબની કિંમત લેવાશે અને કમમાં કમ ૨૫)નાં લેવાથી કમીશન કપાશે.

સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય અમદાવાદ અને મુંબઇ–૨

सुबोधक नीतिकथा

કથા ૧ લી—બાપ, દીકરો અને નીતિકથા

એક વિદ્વાન પુરુષનો છોકરો બહુ ચંચળ પણ ઉદ્ધત હતો. તેને ડાહ્યો કરવા માટે તેનો બાપ તેને ડાહી ડાહી શિખામણ આપે; પરંતુ છોકરો તે સાંભળે નહિ, અને સાંભળે તો ઝટ મનમાંથી કાઢી નાખે. આથી કરીને તે છોકરાની ઉદ્ધતાઇ જેવી ને તેવી રહી. બાપે તેથી ખેદ પામી એક દિવસે છોકરાને કહ્યું "દીકરા! તું નીતિની સારી શિખામણો માનતો નથી; તેથી તું સદાનો ઉદ્ધત રહી જશે, અને પોતે દુઃખી થઇ બીજાંઓને પણ દુઃખી કરશે." છોકરો બોલ્યોઃ "પિતાજી! તમારી ઇચ્છાને માન આપવાને હું અંતઃકરણથી ચાહું છું; પરંતુ તમો જે શિખામણ આપો છો તે મને મુદ્દલ ગમતી નથી. તે સાંભળતાં મને ચીડ ચઢે છે, અને જીવતર કંટાળાભરેલું લાગે છે." પિતાએ પૂછ્યું—"ત્યારે તને કેવી વાતો સાંભળવી ગમે છે, દીકરા?" પુત્રે તરતજ ઉત્તર વાળ્યો કે, "મને તો પ્રાણી, પદાર્થો અને ઝાડપાનની વાતો સાંભળવી ગમે છે. જો તમે તેવી વાતો કરશો તો હું આનંદથી તે સાંભળીશ, સાંભળીને યાદ રાખીશ; અને યાદ રાખીને તે પ્રમાણે વર્તીશ. વળી મારા સાથીઓને પણ તે કહી સંભળાવીશ અને તમો ઇચ્છો છો

તેવું ડહાપણ પણ લઇશ." બાપ શાણો અને અનુભવી હતો, તેથી પુત્રના કહેવાનો ભાવાર્થ તત્કાળ સમજી ગયો, અને તેનું મન રીઝીને હોંશીલું થાય એવી ઢબની નાનકડી કથાઓ પ્રાણીઓ, પદાર્થો, ઝાડપાનો વગેરેને લાગુ પાડી કહી સંભળાવવા માંડી. તે કથાઓ તેને એટલી મનોરંજક લાગી કે પિતા જ્યારે તે કહેવા બેસે ત્યારે તેની પાસેથી ખસે નહિ અને વધુ વાતો કરવાનો આગ્રહ કરે. તેવી નાની કથાઓથી તે બહુ સહેલથી ડહાપણ શીખ્યો, અને એક ઉછાંછળા છોકરાને બદલે શાણો છોકરો નીવડયો; એટલુંજ નહિ પણ નીતિ, ડહાપણ, ઉદ્યોગ અને ભક્તિવાળો બનીને મોટપણે દુનિયામાં કીર્તિવંત પુરુષ થઇ પડયો.

બોધ–આ વાત ઉપરથી બોધ લેવાનો કે, નીતિની શિખામણો અને બોધ ખરેજ મૂલ્યવાન હોય છે; પણ છોકરાંઓનાં કાચાં અને રમતિયાળ મનને તે રુચિ શકતો નથી. સાદી રીતે તે તેમનાં મન પર ઠસાવવા જતાં તેમનાં મન જડ થાય છે, અને સામો તેમને અણગમો ઉપજે છે. તેને બદલે કથા અથવા કવિતારૂપે તેમને શિખામણ કે નીતિનો બોધ આપ્યો હોય તો તેઓ ખુશીથી સાંભળે છે, ગોખે છે, અને હોંશે હોંશે ફરી ફરી બોલે છે. વળી તે કથાઓ પણ જો પ્રાણી, ઝાડપાન ઈત્યાદિને લગતી હોય છે તો તેના તરફ તેમની બાળકબુદ્ધિ વધારે ખેંચાય છે; કારણ કે બાળપણમાં તેમની મુખ્ય રમત પોતાની આસપાસનાં પ્રાણી અને ઝાડપાન સાથે હોય છે, અને તેમની સંગતથી તેઓ વિશેષ આનંદ પામે છે. માટે એવી કથાના રૂપમાં આપેલો બોધ બાળકોનાં મન પર બરાબર ઠસે છે. તે પ્રમાણે ચાલવાની તેઓને ઉલટ રહે છે, અને તેથી મોટપણે શાણાં તથા નીતિવાન નીવડી, તેઓ પોતે સુખી

અને બીજાને ઉપયોગી થઇ શકે છે. મોટી ઉંમરનાં માણસોને પણ એવી કથા સાંભળવી તથા વાંચવી બહુ ગમે છે. તેઓ પણ તેમાંથી સરસ બોધ મેળવી વિવિધ રીતે તેમનો લાભકારક ઉપયોગ કરે છે, અને હરેક ગુંચવાડાભર્યા કામમાં તે બોધ પ્રમાણે વર્તી તે કામ પાર પાડે છે.

કથા ૨ જી–માંકડ અને કીડી

કોઇએક માણસને ત્યાં ખાટલામાં માંકડનો ઉપદ્રવ થયો. બહુ બહુ ઉપાય કર્યા, પણ માંકડની જડ ન જાય અને તે બાપડો સુખે ઉંઘવા ન પામે. એક મિત્રે તેને ઉપાય બતાવ્યો કે, પલંગમાં થોડી કીડીઓ લાવીને મૂકી દો, એટલે ખૂણે ખૂણે ફરી વળીને માંકડનો ઘાણ કાઢી નાખશે. તેણે તેમ કર્યું; તથાપિ પરિણામ ઉલટુંજ જોયું. કીડીઓએ માંકડને મારવા સાથે રાત્રે બિછાના ઉપર નીકળી આવીને પેલા સૂનારના શરીર પર પણ ચટકા ભરવા માંડયા અને તે ચટકાથી પેલા માંકડના ચટકા કરતાં પણ તેને ચોગણી વેદના ખમવી પડી.

બોધ–પોતાના ઘરમાં કોઇ વાતનું દુઃખ હોય, તો તેના ઉપાય આપણે બુદ્ધિ પહોંચાડીને કરવા; પણ તે કારણે પારકાનો પગપેસારો આપણા ઘરમાં કરવો નહિ. પારકો માણસ એક વાર કદાપિ પેલા દુઃખનું નિવારણ કરશે, તોપણ તેના બદલામાં તેઓ એવો ચટકો ભરશે કે જે પેલા દુઃખને વિસરાવે એવો થઈ પડશે, અને તમારી સ્થિતિ "હોલામાંથી નીકળીને ચુલામાં" પડયા જેવી થશે.

કથા ૩ જી—માર ખાવા છતાં દમ ભરાવનાર કૂતરો

એક કૂતરો પોતાના મહોલ્લાની હદ છોડી પડોશના પારકા મહોલ્લામાં ગયો. ત્યાંનો એક કૂતરો તેનાથી જોરાવર હતો. તેણે તેને સપાટામાં લઇ સારી પેઠે લોહીલુહાણ કર્યો. એક દયાળુ માણુસે આ જોતાંજ વચ્ચે પડી તેને છોડાવ્યો; એટલે તે પૂછડું નીચું ઘાલી "કાઉચ કાઉચ" પોકારતો પોતાના મહોલ્લા ભણી નાસવા લાગ્યો. વચ્ચે તેને એક કૂતરૂં મળ્યું, જે તેનાજ મહોલ્લાનુ ભાઈબંધ હતું. તે તેના આ સંકટમાં ભાગ લેવા માટે દયા આણી ત્યાં દોડી આવ્યું હતું; તથાપિ પોતે નિર્બળ હોવાથી મારામારીમાં ભાગ ન લેતાં આઘે ઉભું રહી તેનો જય થવા માટે પ્રાર્થના કરતું હતું. તેની એવી ભલાઇનો પાડ માનવાને બદલે, તેને જોતાંજ આ મારખાઉ ભાઇબંધે તેના પર ધસી જઈ એક મજબૂત બચકું ભરી, તેને નીચે પટકી નાખ્યું, અને શત્રુ પર પોતેજ જાણે જય મેળવ્યો હોય એવો દેખાવ કરતું તે પોતાના મહોલ્લામાં આવી પૂછડી હલાવતું આંટા મારવા લાગ્યું.

બોધ—"હરામીને વાર, નહિ તો ગરીબને ખાઉં છું" અને "નબળો મૉટી બૈરી પર શૂરો" એવી કહેવતો આપણામાં ચાલે છે, તેમાં આ વાર્તાનો બોધ સમાઇ રહે છે. દુનિયામાં કેટલાંક માણુસ એવાં નબળાં, નગુણાં અને હીચકારાં હોય છે કે જ્યારે તેઓ બળવાન હરીફ પર ફાવી શકતાં નથી, અથવા બળવાનથી દુઃખ પામે છે, ત્યારે તેનું વેર બાપડાં નબળાં માણુસો પર લે છે. અથવા ઘરનાં માણુસોને હેરાન કરી પોતાને બળવાન દેખાડે છે. એવાં માણુસો દયા કે મદદને પાત્ર નથી. "ભુંડાં સાથે ભલાઇ કરવી, એ ભલાં સાથે ભુંડાઇ કરવા સમાન છે."

કથા ૪ થી–કુકડાની લડાઈ

એક જગાએ બે હરીફ બળવાન કુકડા વાઘની પેઠે ઉછળી ઉછળીને ઘાતકીપણે લડાઇ કરતા હતા. તેમાંનો એક જે લગાર નબળો હતો તે તેના બળીઆ હરીફથી ટુંપાઇ પીંખાઇ લોહી-લુહાણુ થઇ ગયો, તોપણ તે પાછો હઠયો નહિ. અંતે એક વટે-માર્ગુને દયા આવવાથી તેણે તેને છોડાવ્યો અને કહ્યું "અભાગી-આ પ્રાણી! તને થયેલા ઘા જોઇ મને કંપારી છૂટે છે; પણ તે માટે ઠપકો તને પોતાનેજ ઘટે છે. ઘાયલ થયા છતાં પણ શામાટે તું છૂટો પડી નાસી ન ગયો? એમ ને એમ તો તું કદાચ મરી પણ જાત!" તે મરઘાએ ઉત્તર વાળ્યો "મરી જાત તો હું પોતાને ખરેજ સુખી ગણત. અમો જાતે યોદ્ધા છીએ. યુદ્ધ એ અમારો ધર્મ છે. ઘા જોઇ તું દુઃખ પામે છે, પરંતુ અમને તો એમાં મોજ મળે છે. મરી જવામાં દુઃખ છે ખરૂં, પરંતુ હરીફથી હારી પીઠ દેખાડવામાં તે કરતાં પણ વિશેષ દુઃખ અમને લાગે છે."

બોધ—સૌ પોતપોતાની લાગણી અને સ્વભાવ પ્રમાણે વિચાર અને કામ કરે છે. જે બાબતને એક જણ વાજબી ગણે તે બીજાને ગેરવાજબી લાગે. એક માણસ જેમાં સુખ માને તેમાં બીજાને દુઃખ દેખાય. લડાઇ અને ઘા એ સાધારણ લોકોનાં મનથી ભયંકર છે, પણ શૂરવીરો અને લડવૈયાઓની તો તે એકજ ફરજ અને મોજ છે. માટે કોઇને શિખામણ દેતાં તેની સ્થિતિ અને લાગણી પહેલાં તપાસવી. તેમ કર્યા વિના શિખામણ દઇએ તો તે ઘણી વાર વ્યર્થ છે, એટલુંજ નહિ પણ તે દેનારની ઠેકડી થાય છે.

કથા ૫ મી—ડંખ તોડેલો વિંછી

એક ગારુડીના હાથમાં એક મોટો વિકરાળ વિંછી પકડાયો. તેની પૂછડી ઉપરનો ઝેરી ડંખ તોડી નાખી તેને તેણે પોતાની પાસે રાખી પાળ્યો. તેને હાથ તથા મોં ઉપર ચલાવી લોકોને તમાશો દેખાડી પૈસા મેળવે, અને તેના પર બહુ હેત રાખે; પણ વિંછી સંતોષી રહે નહિ. એક દહાડો ગારુડીએ પૂછયું કે "અલ્યા વિંછી! તને હું આટલો બધો લાડ લડાવું છું તે છતાં તું દુઃખી કેમ રહે છે ?" વિંછીએ કહ્યું કે "તારાથી મેં મારી જાત, જોર અને અગત્ય સર્વ ખોઇ દીધાં છે. તેં મારો ડંખ તોડી નાખ્યો તે કરતાં મને સદાને માટે મારી નાખ્યો હોત તો ભલું હતું, કેમકે ડંખ વડેજ હું વિંછી હતો, અને સર્વને ભય ઉપજાવતો હતો; ડંખ ગયો તો હું વિંછી શાનો ? હવે તો હું મકોડાથીએ હીણો."

બોધ—માણુસને તેના જીવતરના કરતાં તે જીવતર ટકાવવાનું તથા પોતાની અગત્ય અને મોટાઇ દેખાડવાનું સાધન વધારે વહાલું અને જરૂરનું હોય છે. તે સાધન વધારે વહાલું અને જરૂરનું હોય છે. તે સાધન ગયું કે તેની અગત્ય ઘટી. તેનો અવતાર એળે જાય છે. માટે માણુસને ઘટે છે કે, પોતાના લાગમાં આવેલાં પર પોતાની મોટાઇ ચલાવી તેનાં એવાં કોઇ પણ સાધન છીનવી લેવાં નહિ. એક માણુસનો જીવ તમે બચાવો અને તેને તમારો ગુલામ કરી રાખો, તે તમોએ ધર્મનું કિંવા દયાનું કામ કરેલું ગણાય નહિ. ગુલામગીરીથી તો તેનું જીવતર દુઃખભર્યું થાય છે; અને તેવે જીવતરે જીવવા કરતાં તેનો છેડો આવેલો જોવાને તે વધારે ચાહે છે.

કથા ૬ ઠ્ઠી—વાઘ મામા અને તેની માસી ફાલુ

એક વાઘ ફાલુ(ઘરડી શિયાળ)ના ચાલુ ભૂંકવાથી બહુ કંટાળ્યો હતો. ફાલુ વાઘની માસી કહેવાય છે, અને વાઘ રાત્રે બહાર નીકળે ત્યારે તેનાથી છેટે રહી "ફાઆ ફાઆ" કરી બૂમો પાડયા કરે છે; તેથી લોકો તથા નબળાં પ્રાણીઓ સાવચેત બની આઘાં પાછાં થાય છે; અને એ રીતે વાઘના શિકારો છટકી જવા પામે છે. સદરહુ વાઘ મામાએ આ અડચણ ટાળવા માટે એક યુક્તિ કરી. તેમણે એક દહાડો ફાલુને આમંત્રણ કર્યું કે "તમો અમારાં માસી થાઓ છો અને વળી દરેક રાત્રે જ્યારે અમારી સવારી બહાર નીકળે ત્યારે ચોપદારની પેઠે સલામી પોકારી અમારી સેવા બજાવો છો, તેનો પાડ અમે બીજો તે શું વાળીએ ? પણ આજ રાત્રે તમોએ અમારી ગુફામાં અમારી જોડે ભોજન લેવા પધારવું." ફાલુ માસી જાતે ચકોર હોવાથી ચેતી ગયાં કે આ તો મારો જીવ લઈ ઠંડે પાણીએ કાસળ કાઢવાની વાઘે યુક્તિ રચી છે. તેણે ઠાવકેપણે જવાબ કહાવ્યો કે " તમારા નોતરા માટે અમો ઉપકારી છીએ; પરંતુ દિલગીર છીએ કે, અમો તે સ્વીકારી શકતાં નથી. તમારી સવારી વેળા સલામ પોકારવી એ તો અમારો બાપદાદાનો ધર્મજ છે, એટલે તેનો પાડ લેવો અમોને ઘટે નહિ. અમો તમારાં માસી છીએ, તે માટે તમારા તરફનું ભોજન અમો ખુશી સાથે લઈશું; પરંતુ અમારી બુઢ્ઢી વયને લીધે અમો તમારી ગુફા સુધી આવવાને અશક્ત છીએ. કૃપા કરી તે તે ભોજન તૈયાર હોય તો કોઇ ગરીબડા સેવક જોડે અમારે ઘેરજ પહોંચાડી દેજો; તમોને આશિષ દેતાં અમે તે જમીશું."

બોધ—ઘરડાંઓનાં ડહાપણભર્યાં કામ જુવાનોને અણગમતાં

લાગે છે; પણ ઘરડાં તેટલા માટે તે છોડી દેતાં નથી. જુવાનો તેથી રીસે ચઢીને ઘરડાંને દુઃખી કરવાની યુક્તિ કરે છે, પણ વયોવૃદ્ધના અનુભવ આગળ તે ઉઘાડી પડયા વગર રહેતી નથી. ઘરડાંની પાકી યુક્તિથી તે વ્યર્થજ જાય છે. શત્રુઓના મીઠા બોલા અને ન ધારેલી માયાથી એકદમ અંજાઇ જવું નહિ. ઘણું કરી તેમાં ખોટી નેમ હોય છે, માટે તે સ્વીકારતાં પહેલાં બહુ લાંબો વિચાર કરવો.

કથા ૭ મી—ચોરઆમલો અને સાગ

એક વગડામાં ચોરઆમલો ને સાગ એ બંને ઝાડો એવાં પાસે પાસે ઉગેલાં હતાં કે એકમાં બીજાની ડાળી ભેળાય અને બંનેને વધવામાં અડચણ નડે. બંને વચ્ચે તે માટે ઝગડો ચાલ્યા કરતો હતો. એક વેળા ઝગડો વધતાં ચોરઆમલાએ અહંકારથી સાગને કહ્યું "અલ્યા સાગ ! મારી આગળ તારી શી વિસાત ? તું ગમે એવું મોટું થશે પણ મારા જેવી જાડાઇ ને પુષ્ટતા તું મેળવી શકનાર નથી. મારા થડનો ગંજાવર ઘેરાવો એજ મારા હક્કની સાબિતી છે." સાગે હસીને આ વાત તુચ્છકારી નાખી અને કહ્યું કે "ભરમાયલા ચોરઆમલા ! તારાં હૃષ્ટપુષ્ટ શરીર પર તું ફૂલણજી થતો હોય તો તું ઠગાય છે. ઝાડનું મૂલ્ય માત્ર તેના મોટા કદ પર નહિ પણ તેના નક્કરપણા અને ગુણ પર છે. તારૂં શરીર માતેલું છે ખરૂં, પણ તે તદ્દન પોકળ છે અને તેટલા માટે નકામું છે. હું તારા જેટલું માતેલું નહિ, તોપણ નક્કર ને બળવાન છું, અને ઈમારતના કામમાં વપરાઈ દુનિયામાં મેં નામના મેળવી છે, મેળવું છું અને મેળવ્યા કરીશ."

બોધ—માણસની યોગ્યતા તેના મોટા કદ, ગોઘરો (મોટો

જાડો) સાદ અને ભપકાદાર દેખાવમાં નથી, પણ તેના શરીરના બળ, મનની ચંચળતા, દિલની ઉદારતા અને જીવની પવિત્રતા પર હોય છે. અનેક વાર પુષ્ટ શરીરવાળા માણસ પાતળા પણ શૂરા માણસોને હાથ પટકાઇ ગયા છે, અને વળી શરીરે મજબૂત માણસો નબળા પણ બુદ્ધિબળવાળા માણસને હાથ પરાજય પામ્યા છે. "મોટાઇ બુદ્ધિ વડે છે, નહિ કે મોટી વય વડે; શેઠાઈ દિલવડે છે, નહિ કે માલમતા વડે."

કથા ૮ મી–ઘડિયાળ અને સૂરજ

પોતા વડે લોકને વખત જોતાં જોઇ એક ઘડિયાળ એવુંજ માની બેઠું કે વખતને જન્મ આપનાર હુંજ છું. વખત સૂર્યની ચાલથી ઉત્પન્ન થાય છે, અને ઘડિયાળ પણ સૂર્યની ચાલ પ્રમાણે ચાલે છે; પણ આ ઘડિયાળ તે ખોટું માની એમજ સમજતું હતું કે, સૂર્યજ મારી ચાલ પ્રમાણે ચાલે છે! એક દહાડો આ ઘડિયાળનું ચક્ર બગડયું અને તે "ફાસ્ટ" ગયું, એટલે કે જોઇએ તે કરતાં ઉતાવળું ચાલ્યું. મધ્યાહ્નને તેમાં બાર વાગવા જોઇએ તેને બદલે એક વાગ્યો; અને તેમ છતાં સૂર્ય તો બરાબર માથે આવ્યો. આ જોઇ ઘડિયાળે તેને કહ્યું "અરે સૂર્યનારાયણ! તમો ધીમા કેમ પડી ગયા છો, અને બરાબર ચાલતા કેમ નથી? તમો હમણાં પશ્ચિમ ભણી ઉતરતા હોવા જોઇએ તેને બદલે હજુ તો માથેજ આવ્યા છો! જુઓ, મારો કાંટો હમણાં જ્યારે એક વાગેલો દેખાડે છે ત્યારે તમે બાર વાગ્યાના અંશ પરજ છો! એમ કરવું તમને ન ઘટે." સૂર્યે કહ્યું "ભૂલ તમેજ કરો છો; હું તો મારી નિયમિત ચાલ પ્રમાણે બરાબર ચાલું છું." પણ ઘડિયાળે તે માન્યું નહિ

અને હઠ પકડી પોતાની ખોટી ચાલ ચાલુ રાખી. માણસો તેથી વખત ચૂકવા લાગ્યાં; અને અંતે એક ઘડિયાળીએ આવી તેનું બગડેલું ચક્ર સુધાર્યું ત્યારેજ તે ખરો વખત દેખાડવા લાગ્યું.

બોધ–કેટલાંક માણસો બીજાં મોટાં માણસના પ્રતાપથી દુનિયામાં આગળ વધેલાં હોય છે, પણ તેમ તેઓ કબૂલતાં નથી, અને સામાં અભિમાની બની જાણે પોતેજ તે મોટાને આધાર આપતા હોય એવું દેખાડે છે. વળી કેટલાંક માણસો પોતે ભુલાવામાં પડી ખોટે રસ્તે ચાલે છે; અને તે માટે ડાહ્યાં માણસો જ્યારે તેમની ભૂલ ભાગે છે ત્યારે તેમની સામાં થઇને કહે છે કે, અમો નહિ પણ તમોજ ભુલાવામાં પડેલાં છો! એવાં માણસો મૂર્ખ અને અભિમાની હોય છે. તેઓ પોતાના ખોટા વિચારમાંજ સદા અથડાયા કરે છે, અને કાંઇ ઠોકર ખાય છે ત્યારેજ તેમની શુદ્ધ ઉઘડે છે.

કથા ૯ મી–ઔષધિનો પાલો અને માળી

એક માળી પોતાની વાડીમાં ફૂલનાં ઝાડો પાસે ઉગી નીકળેલા નકામા રોપા નિંદતો હતો. તે નિંદણમાં એક ઔષધિનો પાલો હતો તેને પણ તે નિંદવા જતો હતો, તેવામાં તે પાલો બોલ્યો "સબૂર, માળી! મને ના ઉખેડ; હું એક ઔષધિનો પાલો છું, અને એકથી વધારે ભુંડા રોગ સારા કરવાનો મારામાં ગુણ છે." માળીએ હસીને કહ્યું "આ ઔષધિના પાલાનું રૂપ તો જુઓ! જેનાં દીઠાં નહિ મરે તેનાં માર્યાં શું મરતાં હતાં? કદાપિ તું ઔષધિનો પાલો હોય પણ ખરો, તોયે મારા શા ખપનો? હું વૈદ થોડોજ છું, અને રોગ પણ મને થોડોજ છે! મારે તો મારી વાડી

સ્વચ્છ રાખવાની જરૂર છે." એમ કહી ઝટ તેણે તે પાલાને ઉખેડી નિંદણની ઢગલીમાં ફેંકી દીધો.

બોધ–ગુણવાન માણસો ઘણું કરીને સાદાજ દેખાવનાં રહે છે. વળી કેટલાંક ગુણવાન માણસો નાણાં સંબંધી માઠી સ્થિતિને લીધે એકાંતવાસ અને ગરીબીમાં દહાડા કાઢે છે. ગુણીજનોજ તેમના ગુણ પીછાને છે; બાકી ઘણાં ખરાં માણસો તેમના વિષે તદ્દન અજાણ અને બેદરકાર રહે છે. અવગુણી માણસો તો તેવાં ગુણીવાનોને પિછાન્યા છતાં તેમના ગુણની પીછાન કરતાં નથી; એટલુંજ નહિ પણ પોતાના સ્વાર્થ કાજે તેમને કચડી નાખવા પણ પછાત પડતાં નથી. એથી પ્રજાને બહુ ગેરલાભ થાય છે. માણસોનો તો ધર્મ છે કે, ગુણીઓના ગુણ પિછાની તેમને આશ્રય આપવો; કદાપિ તેમ ના બને તો તેઓને દુઃખ તો નજ દેવું.

કથા ૧૦ મી–ગધેડીની અઘરણી

એક ગધેડીને અઘરણી આવી. તેણીના ભરથાર ગધેડાજી દિલના દુલ્લા હોવાથી તેને માટે તેમણે મોટી ધામધૂમ કરી, અને ગધેડાની નાત ઉપરાંત ઘોડા, ટટ્ટુ, ખચ્ચર ઇત્યાદિને પણ જમવા નોતર્યાં. ગધેડીબાઈ એક તો અઘરણીના હર્ષમાં સમાયાં ન જાય, તેમાં આ ધામધૂમ જોઇ; એટલે તો તેવણ ફૂલીને ફાટીજ ગયાં! જમવા આવેલાં પરોણાઓમાં એક વાંઝણી ઘોડી પણ હતી. તેને જોઇ ગધેડીબાઇને સુગ લાગી, અને ટીચકું ચઢાવી બોલ્યાં "બહેન! ક્ષમા કરજો, પણ સાચું કહ્યા વગર મને ચાલતું નથી. તમો જ્યારે વાંઝિયાં છો ત્યારે આ અઘરણીના શુભ અવસરમાં તમારે આવવું નહોતું જોઇતું, તમારા વાંઝિયાપણાથી મને ભય લાગે છે કે, રખે

મારા પેટમાંનું પરાક્રમી બાળક કથળેલું જન્મે." ઘોડીને આથી ભારે અપમાન લાગ્યું. તેણી ભવાં ચઢાવી બોલી "ખરે, તું ગધેડી તે ગધેડીજ ! બચ્ચું આવવા માટે તું એવડું અભિમાન રાખે છે, પણ તે બચ્ચું એક ગધેડા સિવાય વિશેષ નીવડનાર નથી. તેવું એક ગધેડું જન્મ્યુંએ સરખું ને નહિ જન્મ્યુંએ સરખું. એવાં હીણાયલાં બચ્ચાંને જન્મ આપવા કરતાં તો મારા વાંઝિયાપણામાં-જ હું માન સમજું છું." ઘોડી એમ કહીનેજ ત્યાંથી ચાલતી થઇ.

બોધ–"ઢેડીને ધાન" અને "હલકાને માન" મળવાથી તે છકી જાય છે, અને થોડા પણ માનથી પોતાની ખરી સ્થિતિ ભૂલી જઇને મોટાં માણસોની ખોડખાંપણ કાઢી પોતાને મોટાં દેખાડવા માગે છે. પણ તેમાં સામી તેઓનીજ હાંસી થાય છે. હલકાં માણ-સોના ઉપકારમાં બનતાં સુધી જવુંજ નહિ; કેમકે વારંવાર તેમાં દિલ દુખાવાનાં કારણ મળે છે.

કથા ૧૧ મી–શ્રી ઇંદ્રરાજા અને પ્રજાપંચ

એક ચોમાસાની ઋતુમાં વરસાદે સૂકામણું પાડયાથી દુકાળની ધાસ્તી ઉભી થઈ. લોકો વરસાદને તેડવા માટે ઉજાણી કરવા નગર બહાર ઉતરી પડયાં; ને વરસાદના દેવતા ઇંદ્રરાજાની પ્રાર્થના કરી ભારે કાકલુદી કરવા લાગ્યાં. ઇંદ્રને તેમની દયા આવી અને તેઓ સાક્ષાત્ તેમની નજરે પડયા. પંચલોકે તેમને પોતાની સ્થિતિ દર્શાવી વૃષ્ટિ કરવા વિનતિ કરી. ઇંદ્ર મહારાજ તે ઉપરથી બોલ્યા "તમો સમસ્ત પ્રજાપંચ એકઠા થઇ જ્યારે મારે શરણેજ આવ્યા છો ત્યારે મારાથી તમને નિરાશ તો કરાયજ નહિ. 'પંચ ત્યાં પરમેશ્વર.' માટે તમારૂં માન રાખી મરજી ન છતાં હું આજથી તમારા પર

જળવૃષ્ટિ કરીશ; તથાપિ મારે તમને સાચેસાચું કહેવું જોઇએ કે, તમો આજકાલ જે ગભરાટમાં પડયા છો તેમાં દોષ તમારો પોતાનોજ છે. દરેક વરસે એકસરખી સારી વૃષ્ટિ થાય એવી આશા રાખવામાં તમે મારા પર જોઇએ તે કરતાં વધારે બોજો મૂકો છો. જેમ માણુસોને અગવડો હોય છે, તેમ દેવતાઓને પણ હોય છે. તેવી અગવડથી કોઈ વાર વરસાદ વરસવામાં પણ વધઘટ થવી જોઇએ. તમો જાણો છો કે, ગઇ સાલમાં મેં બેવડી વૃષ્ટિ કરી હતી? તમારી ફરજ હતી કે, તમારે ટાંકાં–તળાવો વગેરેમાં જાસ્તી પાણી સાચવી રાખવું; નહેરો ખોદાવી પાણી ખેતરે ખેતરે વહેતાં રાખવાં; અનાજ પકવી તેની પુરાંત કાંઇ નહિ તો આવતાં બે વરસો માટે તૈયાર રાખવી. આમ કર્યાથી એક બે વરસ વરસાદ ન પડે તો પણ દુકાળ તમારા પર મારો ચલાવી શકે નહિ અને તમો ભૂખે મરવાની ધાસ્તીમાં આવો નહિ; પરંતુ તમો બેદરકાર રહી સાવચેતીના તેવા કશા ઉપાય કરતા નથી, અને મારૂં વરસાવેલું પુષ્કળ જળ વ્યર્થ જવા દો છો. હું આશા રાખું છું કે, હમણાંનો ગભરાટ છાતીમાં કોતરી રાખી ભવિષ્યમાં તમો સાવચેત રહેશો."

બોધ—આવકના વખતમાં ઉડાઉ બની સઘળું ગર્થ મોજમજામાં ગુમાવી દેવું નહિ, કાંઇ પણ બચાવી સંઘરી રાખવું કે અગવડના સમયમાં કામ લાગે, અને બીજા પાસે હાથ ધરવા જવું ન પડે. વળી ઇશ્વરની કૃપા તથા કુદરતની સેવા ઉપરજ એકદમ ભરૂસો રાખી નચિંત બેસી રહેવું નહિ; પણ ઉદ્યોગ કરી પોતાના ગુજરાન તથા બચાવનાં સાધનો યોજતા રહેવું. જે માણુસો એમ કરે છે તેમને પરમેશ્વર સહાય થાય છે. સરકારનો પણ ધર્મ છે કે દેશમાં નહેરો, તળાવો, ટાંકાં ઇત્યાદિ જળસ્થળો

વધારીને તથા અનાજના પાકની પુરાંત વધે એવા ઉપાયો લઈને પ્રજાને મોંઘવારી તથા દુકાળના ભયથી મોકળી રાખવી.

કથા ૧૨ મી–મોતિયો તથા નેત્રવૈદ

એક માણુસની આંખે મોતિયો બંધાયો. તેના વડે પોતાની આંખનો ઉજાસ બંધ થયેલો જોઇ તે ગભરાવા ને રડવા લાગ્યો. મોતિયો તે ઉપરથી અભિમાની થઇ બોલ્યો કે "કેવો મારો ચમત્કાર ! પાણીના એક ટીપા સરખો હું તે બબ્બે હાથપગવાળાં માણુસને કેવાં આંધળાં ને નિરુપાય બનાવી મેલું છું !" એક નેત્રવૈદ જે તેની તપાસ કરવા આવેલો હતો તેણે કહ્યું "તારૂં અભિમાન મિથ્યા છે. મોતિયા ! તારા પોતામાં એવું કશું બળ નથી કે માણુસને તું નિરુપાય કરી શકે; પણ જે જગાએ ને જે સ્થિતિમાં તું બેઠો છે તેને લીધેજ આ માણુસ નિરુપાય થયો છે. બાકી તું તો એક તુચ્છ કચરા કરતાં પણ નિર્બળ ને નિર્જીવ છે; અને એ જગાએથી તું ખસ્યો કે કોઇ તારૂં નામ પણ યાદ કરવાનું નથી."

બોધ—તુચ્છમાં તુચ્છ માણુસ પણ કોઇ વાર એવી બળવંત સ્થિતિમાં મુકાય છે કે ભલભલાઓને તેનાથી ધ્રૂજવું ને હારી બેસવું પડે છે. પણ તેમાં તેનું પોતાનું બળ કે શક્તિ કાંઇજ નથી, તેની તેવી સ્થિતિ બળવંત છે. તે સ્થિતિ બદલાતાંજ તે માણુસ પોતાની અસલ તુચ્છ સ્થિતિમાં પાછો આવે છે, કિંવા નાશ પામે છે.

કથા ૧૩ મી–માંદો ધણી અને હેતાળ ધણિયાણી

એક ધણી મરણતોલ માંદો થઈ ખાટલે પડયો હતો. વૈદોએ તેના જીવવાની આશા મુકાવી ત્યારે તેની ધણીઆણી આંખોમાંથી આંસુ સારતી કહેવા લાગી કે "હે પ્રાણપતિ! તમારા વડે મારૂં જીવતર છે. તમો મૂઆ એટલે હું પણ મૂઇ જાણજો. વૈદો કહે છે કે, તમારી આવરદા પૂરી થઈ છે, પરંતુ હું પરમેશ્વરને સમક્ષ રાખી મારા આયુષ્યમાંથી દશ વરસ તમને આપી દઉં છું. તે લઇ કાંઈ નહિ તો બીજાં દશ વરસ તમો જીવો અને મારા કોડ પૂરા પાડો." પત્નીના આ શબ્દો પૂરા થતાંજ જમડાએ ઓચિંતો દેખાવ દીધો; અને તેણીને કહ્યું "બાઇ ! ત્યારે હવે તમે મારે સ્વાધીન થાઓ. તમારી ઉંમર માત્ર દશ વરસજ બાકી રહેલી હતી. તે દશ વરસ તો તમે તમારા પતિને આપ્યાં, એટલે હવે તમારી આવરદા આવી રહી છે !" તેણી બાપડી ગભરાટમાં પડી અને બોલી "હે જમડા ! ક્ષમા કર ! હું પતિને માત્ર મારાં પાંચ વરસ આપવા માગતી હતી; પણ ભૂલમાં મારાથી પાંચને બદલે દશ વરસ બોલાઇ ગયાં છે, તે ભૂલ હવે હું સુધારૂં છું; એટલે પાંચજ વરસ હું મારા પતિને આપીશ !"

બોધ–ઘણાં માણસો દુઃખના આવેશમાં વારંવાર મોત માગે છે તેમ કેટલાંક માણસો પ્રીતિના જુસ્સામાં પોતાનાં વહાલાંઓને પોતાનું આયુષ્ય આપી જીવાડવાના મોટા બોલ બોલે છે, પણ તે માત્ર બોલવાનું છે. તે બોલ પ્રમાણે તેમનાથી બજાવી શકાતું નથી. ખરેખર, જ્યારે મોત તેમને માથે આવી ભમે છે ત્યારે તેઓ તેનાથી બચવાને ધરતી ને આકાશ એક થાય એવા એવા ઉપાયો લે છે, તથા પોતાના બોલેલા બોલ ફેરવી નાખવાને તરેહવાર

બહાનાં ઉભાં કરે છે. તેમને માટે સારો રસ્તો એ છે કે, જ્યારે કુદરતી આફ્રત યા મોતના જેવા બનાવ આવી પડે ત્યારે ધીરજથી તેને તાબે થવું, અને નહિ પળાય એવા મોટા બોલો બોલી પોતાની નબળાઇ દેખાડવી નહિ.

કથા ૧૪ મી–ઝાડ, લકડખોદ અને શકરોબાજ

એક લકડખોદ પોતાનું રહેઠાણ જે ઝાડપર રાખતો હતો તેજ ઝાડને પોતાની લોખંડી ચાંચો મારી મારીને પોલું કરતો હતો. ઝાડે તે પરથી તેને કહ્યું “ભાઇ લકડખોદ ! મેં તારૂં શું બગાડયું કે તું મને ચાંચો મારી ઘાયલ કરે છે? હું તો તને મારા અંગપર જગા આપી તારી સગવડ સાચવું છું, જે માટે તારે કાંઈ નહિ તો મારો ઉપકાર માનવો જોઇએ.” લકડખોદે કહ્યું “તારી વાત સાચી છે, અને તારી કૃપા માટે તારો ઉપકાર પણ હું માનું છું; પરંતુ મારાથી તને ચાંચ માર્યા વિના રહેવાતુંજ નથી. જ્યાં પણ બેસવું ત્યાં ચાંચ મારવી એ મારી સ્વાભાવિક ખાસિયત છે, અને તેથી તે પ્રમાણે હું તારી સાથે વર્તતાં દોષ સમજતો નથી.” ઝાડ અને લકડખોદ વચ્ચે આમ વાત ચાલે છે તેવામાં જોસભેર ઉડતો એક શકરોબાજ ત્યાં આવી ચઢયો, અને લકડખોદને જોતાંજ તેના ઉપર ઉતરી પડી તેને પોતાના પંજામાં લઇ પોતાની ચાંચ મારવા લાગ્યો. લકડખોદે જીવવાની આશા છોડી રડીને તેને કહ્યું “બળવાન શકરા ! મને તું શા માટે મારે છે ? મેં શો તારો અપરાધ કર્યો ? મારા જેવા એક લુખ્ખા સુક્કા પક્ષીને માર્યાથી શું તારી ભૂખ ભાગવાની હતી ? ” શકરાએ જવાબ દીધો કે “બીજા કશા હેતુથી હું તને મારતો નથી, પણ ઓ તુચ્છ પક્ષી! મારી ખાસિયત

શિકારી છે, અને જે પણ પક્ષી મળે તેનો શિકાર કરી જીવનો શોખ પૂરો પાડવો એ મારો ધંધો છે; પછી તે શિકાર નિર્દોષ હોય કે દોષિત અને તેના માંસથી મારો જીવ તૃપ્ત થાય કે નહિ." એમ કહી શકરાએ લકડખોદને તેજ વખતે મારી નાખ્યો અને ઝાડને તેથી આનંદ સાથે આશ્ચર્ય થયું.

બોધ—એક માણસ જાતે ભુંડું હોય પણ તેટલા માટે એવું નથી ઠરતું કે, બીજાં સાથે તેણે ભુંડાઇ કરવી જોઇએ; અને કરી તો સજાને પાત્ર નહિ થાય. વળી પોતાની સાથે ભલાઇ કરનાર જોડે જે ભુંડાઇ કરે તે વધારે સજાને પાત્ર છે, અને ભલાઈ કરનાર સાથે ભુંડાઇ કરીને તે ભુંડાઇનો બચાવ કરનાર તો સૌથી ભુંડો અને તેટલા માટે સૌથી વધારે સજાને પાત્ર છે. એક ઘાતકી માણસ કોઈ રંક પર જાસ્તી ગુજારતો હોય અને તે રંક માણસ પોતાની અશક્તિને લીધે તેને કાંઇજ કરી શકતો ન હોય, તો તે ઉપરથી એમ સમજવાનું નથી કે, પેલો ઘાતકી માણસ વગર સજાએ સદાનો છટકી જશે. ના, "શેરને માથે સવાશેર" એવો કોઇ માનો પૂત નીકળીજ આવશે, અને તેને હાથે એક રીતે નહિ તો બીજી રીતે તે ઘાતકી માણસ સજા પામ્યા વગર રહેશે નહિ. તે સજા પણ એવી પામશે કે જે તેણે પેલા રંક માણસ પર ગુજારેલી જાસ્તી જેવી અથવા તે કરતાં પણ વધારે કઠણ હશે. ઘાતકી માણસ એ રીતે પોતાની જાસ્તીની સજા જ્યારે બરોબર પામે છે ત્યારે તે જોઇ તેનાથી જુલમ ખમનારના દિલમાં પરમેશ્વરના નિર્મળ ન્યાય માટે પરમ સંતોષ થાય છે.

કથા ૧૫ મી–સિંહને ઘેર લગ્ન અને ગધેડાનો ભોગ

એક સિંહને ત્યાં લગ્નનો ઉત્સવ થયો. તેના આનંદમાં વનનાં સઘળાં નાનાં મોટાં પ્રાણીઓની ન્યાત જમાડવામાં આવી. સર્વ પ્રાણી લગ્નના મેળાવડામાં સામેલ થયાં. બહારથી જો કે તેઓ હસતાં રમતાં દેખાતાં હતાં, તોપણ અંદરખાનેથી તેઓ નારાજ હતાં, કારણ કે તેઓ દરેકનાં એકાદ પણ સગાંવહાલાં આ સિંહનો શિકાર થયા વગર નહોતાં રહ્યાં. આમ છતાં તેઓમાંના એક મિ૦ ગધેડાજી મોજની મસ્તીમાં એટલા તો ચકચૂર બની ગયા કે તેઓ પોતાની ખરી સ્થિતિ ભૂલી ગયા અને સિંહને બળવંત જોઇ તેની ખુશામત કરવા લાગ્યા. જમણની પંગતમાં સિંહરાજની સલામતી લેવડાવવાને પણ તેઓજ હોળીનું નાળીએર થઈ આગળ પડયા. તે ભલી ભલાઇનું કામ બજાવતાં તેમણે આ મતલબનું ભાષણ કર્યું: “નામદાર વનરાજ આપણા મહારાજા છે, એટલુંજ નહિ પણ આપણા પાલન ને તારણકર્તા પણ તેઓજ છે. તેમને ત્યાં સર્વદા લગન સગન થાઓ કે આપણા જેવા ભૂખડી બારસોને તડાકો પડયા કરે. હું ખાત્રી આપું છું કે, આપણ સર્વ એમના એકનિષ્ઠ અને રાજ્યભક્ત સેવકો છીએ; અને હું પ્રતિજ્ઞા લઇ કહું છું કે, જો જરૂર પડે તો એઓ સાહેબના શબ્દ પર પોતાનો પ્યારો પ્રાણ પણ અર્પણ કરવાને સેવક તૈયાર છે.” સિંહરાજ આથી એટલા ખુશ થયા કે મિ૦ ગધેડાજીની પીઠ થાબડી તેમને પોતાની પાસે બિરાજમાન કર્યા અને તેમની પદવી વધારીને ઘોડાની બરોબરની કરી. એવામાં એવું બન્યું કે, પંગતમાં પીરસવાનું ભોજન ખૂટી ગયું. હવે તુરતજ વધુ ભોજન તૈયાર કરી કામ આગળ ચલાવવું જોઇએ, નહિ તો સિંહરાજની ઠેકડી થાય. બહારથી

શિકાર કરી મંગાવવાનો વખત પણ નહોતો રહ્યો, એટલે આ મેળાવડામાંનાજ એકાદ પુષ્ટ જીવડાને મારી તુરતાતુરત કામ લેવાથી નોખ સચવાય તેમ હતું. ઠીક! પણ મારવા માટે હક્કદાર અને યોગ્ય જીવડો કોને ગણવો ? સર્વે એક નિશ્ચયથી કહેવા લાગ્યા કે "ગધેડાજી સર્વેથી વધારે રાજભકત છે, અને જો જરૂર પડે તો સિંહરાજના શબ્દ પર પ્રાણ અર્પણ કરવાને પણ તેમણે તૈયારી દેખાડી છે." સિંહ મહારાજના ધ્યાનમાં આ વાત ઝટ ઉતરી, અને હસતે મોઢે તેમણે મિ૦ ગધેડાજીને તેમનો પવિત્ર બોલ પાળવાની માગણી કરી. મિ૦ ગધેડાજી ધ્રૂજતે પગે અને આંસુભરી આંખે ખડા થયા, અને સિંહરાજે પોતેજ પોતાના પંજાવડે તેમનો પવિત્ર પ્રાણ લઇ પોતાની નોખ સાચવી !

બોધ–મોટાઓની મિત્રતા અને ખુશામત, રંકોને પ્રથમ બહુ લલચાવનારી અને વર્તાવનારી લાગે છે; પણ છેવટ તે તેના હક્કમાં નુકસાનકારક નીવડે છે. મોટાઓ પોતાની ગરજને ખાતર પ્રથમ પોતાની પાછળ ઘસડાતા રંકોને છાપરે ચઢાવે છે, પણ અંતે તેને તોડી પાડવા યા તેને ભોગમાં આપવાને તેઓ જરા પણ અચકાતા નથી. "મોટી માછલી નાની માછલીને ખાય." "મોટા જોડે નાનો ઘસડાય," "મરે નહિ તો માંદો થાય." એ કહેવતો આ સ્થળે બંધબેસતી છે. રંકોએ એટલા માટે મોટાઓને પૂંછડે ઘસડાવાથી અટકવું અને પોતાની સ્થિતિ કરતાં વધારે પગલું આગળ ભરવું નહિ. મોટાઓની ખુશામત કરવી એ તો હાનિકારકજ છે, પણ પોતાના સાથીઓ, જાતભાઇઓ કિંવા સ્વદેશીઓના ભોગે મોટાઓની ખુશામત કરવી એ તો ઘાતકીપણું છે. ઘણાઓને તેથી હાનિ થાય છે, અને તે હાનિ કરનાર જ્યારે પોતે

હાનિમાં આવી પડે છે ત્યારે તેની દયા ખાનાર કોઇ નીકળતું નથી; ઉલટું સઘળા તેને " દુઃખ પર ડામ " દેવા મંડી જાય છે.

કથા ૧૬ મી—કોયલ અને મનુષ્ય

કોયલ પોતાનો મનમોહક દેખાવ વસંતઋતુથીજ આપવા માંડે છે, અને પોતાના મધુર ઉંડા ટૌકા લલકારવાનું મંડાણ પણ એજ ઋતુથી કરે છે. કુદરતના એક શોખીનને જંગલમાં ફરતાં એક કોયલ ટૌકા કરતી એક ઝાડની ડાળી પર દેખાઇ. તેના પર પ્રસન્ન થઇ તેણે કહ્યું " મધુર પક્ષી ! આજ મોસમમાં તું દેખાવ દઇ ગાયન લલકારે છે તે કરતાં સર્વ મોસમમાં તું દર્શન આપે અને ગાય તો કેવું સારૂં ? તેથી તારો ભાવ વધે અને કુદરતના શોખીનોનો શોખ રૂડી રીતે પૂરો પડે." કોયલે ઉત્તર વાળ્યો કે " મારાં દર્શન અને ટૌકા કંઈ તમારા એકલાને માટે નથી. કુદરતે મને એજ મોસમ નીમી આપેલી છે; અને મારા પિયુ તરફની પ્રીતિ મને એકાંતવાસથી બહાર આણી મારી મૂંગી જીભને ગાયન લલકારતી કરે છે. વળી મારી જાણમાં આવ્યું છે કે, દર્શન અને અવાજ હું થોડા માસ આપું છું તેથી લોકોને તે વહાલાં પણ વિશેષ લાગે છે."

બોધ–હરેક કામ તેના પ્રસંગેજ સારૂં લાગે છે. " લગનનાં ગીત લગનેજ શોભે. " ગમે એવી સરસ ચીજ હોય પણ તેનો સ્વાદ કિંવા મજાહ થોડામાંજ હોય છે. કુદરત પોતાનાં કામ મોટી નજર રાખીને કરે છે, અને તેમાં તે કાંઇ નહિ ને કાંઇ લાભ જાળવે છે. માણસો ઘણી વાર તે સમજી ન શકતાં નકામા ખોડ-ખાંપણ કાઢી તેને અન્યાય કરે છે, અને સાથે પોતે દુઃખી થાય

છે. પ્રીતિ મહાન શક્તિ છે, જે ગમે એવાં ખૂણે પડેલાં માણસને બહાર દેખાવ આપતું કરે છે, તથા ગમે એવી નબળી અને મુણુખ જીભમાં અસરકારક વાણી ઉચ્ચારવાની શક્તિ મેલે છે.

કથા ૧૭ મી—કવિ અને મોત

એક કવિ એક રાત્રે નિરાંતે બેસી "મોતનું ઘાતકીપણું" એ વિષય પર કવિતા જોડતો હતો. તેમાં તેણે મોતનો ચિતાર એવો તો ડરામણો ને અસરકારક ચીતર્યો કે તેથી દિલમાં કંપારી છૂટે. જેમકે—

(ચોપાઇ)

ક્રૂર કારમા કાળા કાળ, ખૂની ખારીલા ખખ બોડિયાળ;
બૂજવે તું જીવતરની જોત, મુજી મારકણાં માઠાં મોત. ૧
બૂજવે તું જીવતરની જોત, તોડે તું આશાના કોડ;
પાડે તું માયામાં ખોટ, મુજી મારકણાં માઠાં મોત. ૨
ઘેરે ઘેર તારો સંતાપ, પડજો તું પર હાય ને શાપ;
ડૂબવે તું મિત્રાઈની બોટ, મુજી મારકણાં માઠાં મોત. ૩

મોત જે આ વેળા એક જીવડાનો ભક્ષ કરવા જતું હતું, તે આ સાંભળીને કવિ પાસે આવ્યું અને પોતાનું મોતનું હથિયાર તેના પર ઉગામી બોલ્યું "તુચ્છ કવિ! તારી જાતવાળા કવિઓ હમેશ મારી નિંદા કરતા આવ્યા છે, પણ તેં મારી નિંદામાં ચીતરેલી આ લીટીઓએ તો અવધિજ કરી છે. હું પણ ખરો કે એના વેરમાં આ પળે તારો જીવજ લઉં, કે ફરી કોઇ માણુસ મારી નિંદા કરવાની હામ ભીડે નહિ." કવિએ જરા પણ બીક દેખાડયા વગર શાંતિથી ઉત્તર દીધો કે "રે ઘાતકી! તારી ધમકીની હું દરકાર કરતો નથી.

તું મને મારી નાખવા ચાહે છે તો ભલે તેમ કર, પણ હું મરી જઇશ તેથી કાંઇ મારી આ કવિતા મરી જનાર નથી. તે તો સદા-કાળ તારાં કાળાં કર્તુકનું સ્મરણ કરાવતી જીવતીજ રહેશે."

બોધ–મોતના માર કરતાં પણ કલમનો માર વધારે બળવંત છે. કવિની કલમે ચીતરેલો ચિતાર, પછી તે સારી વાતનો હોય કે માઠી વાતનો, પણ તે ભુંસાઈ શકતો નથી. માણસ મરણ પામે છે પણ તેનાં સારાં માઠાં કામો તેની પાછળ રહી જાય છે. ભુંડો માણસ ગમે એવો બળવંત હોય પણ તેની ભુંડાઇ માટે તેના ઉપર ધિક્કાર પડયા વગર રહેતો નથી. ભુંડાઇને ધિક્કારનાર માણસને ભુંડો માણસ જોઇએ તો પાયમાલ કરે કિંવા મારી નાખે, પણ તેથી તેની ભુંડાઇની નિંદા બંધ થવાની નથી. સામો તેમાં વધારેજ થવાનો.

કથા ૧૮ મી–કૂતરો અને ડંગોરો

રાતની વેળા રસ્તેથી પસાર થતાં એક વટેમાર્ગુ ઉપર એક કૂતરો હાઉ હાઉ કરતો ધસી આવ્યો. વટેમાર્ગુના હાથમાં ડંગોરો હતો, તે તેણે ઝટ ઉઠાવ્યો, એટલે કૂતરો પાછો હઠીને ચૂપ થઇ ગયો. વટેમાર્ગુએ મૂછના આંકડા મરોડી કહ્યું " કેમ હીચકારા ! હવે કેવો મારાથી તું દબી ગયો ? પાસે આવે તો ખરો, હું તને સ્વાદ ચખાડું." કૂતરે કહ્યું " તું અભિમાન દેખાડે છે તે ફોકટ છે; હું તારાથી નહિ પણ તારા ડંગોરાથી ડરૂં છું. ડંગોરો તું ફેંકી દે અને પછી જો, કે હું શું કરૂં છું ?"

બોધ–ઘણી વાર આપણે આપણા શત્રુ પર ફાવીએ છીએ, પણ તે આપણા એકલાજ બળથી નહિ; આપણાં સગાંઓ તથા મિત્રોની મદદ પણ તેમાં હોય છે. ગમે એવો નબળો માણસ હોય પણ તેને

જો મોટાની કુમક હોય છે તો તે પણ જબરા પર ફાવી શકે છે. એવી રીતે જ્યારે આપણે ફાવીએ ત્યારે તે માટે અભિમાન ન કરતાં પરમેશ્વરનો પાડ માનવો અને જેના વડે આપણે ફાવ્યા તેના ગુણ ગાવા અને ફરી સબળા શત્રુ સાથે કામ ન પડે તે માટે સંભાળ રાખવી.

કથા ૧૯ મી–થોડા દુઃખથી બચવા જતાં માર્યું ગયલું કબૂતર

એક કબૂતરે ઝાડ પર માળો બાંધી તેમાં ઇંડાં મેલ્યાં હતાં. તે માળો એક કાગડાએ ચુંથ્યો. તે દુઃખથી બચવા માટે કબૂતરે ત્યાંથી માળો ઉઠાવી કોઇ એક ઘરના છજામાં બાંધ્યો. તે ઘરધણી શિકારી હોવાથી તેની નજર માળા પર પડતાંજ કપડું નાખી તેમાંનાં કબૂતર તેમજ તેનાં ઇંડાંને મારી ખાવા માટે પકડયાં. કબૂતરે રડીને કહ્યું " હે શાણા માણસ ! કાગડાના ત્રાસથી બચવા માટે મેં તારે ઘેર માળો બાંધ્યો હતો, તો મને તથા મારાં બચ્ચાંને મારવાં એ તને ઘટતું નથી. તું અમને બચાવે તેમાંજ તારી માણુસાઈ છે." પેલા ઘાતકી માણસે હસીને કહ્યું " તારૂં એ ડહાપણ તારા પોતાના બચાવનું છે; મારા લાભનું નથી. હું એવો મૂર્ખ નથી કે તારી સ્વાર્થી વાત માની હાથ આવેલો શિકાર છોડી દઉં." આટલું કહી તુરતજ તેણે તે નિર્દોષ પ્રાણીનો નાશ કર્યો.

બોધ–માણસો ઘણી વાર થોડા દુઃખથી અધીરાં થઇ એવા ઉપાય લે છે કે જે તેમને ભારે દુઃખમાં લાવી મેલે છે. વળી સાધારણ શત્રુથી બચવા માટે તેઓ મોટા શત્રુને આશરે જઈ ઉતાવળે પોતાની હાનિ

કરે છે. આપણી મૂળ જગ્યાએ થોડું દુઃખ હોય તો બનતાં લગી તે લઇ ચલાવવું કિંવા તે ટાળવાના ઉપાય તેજ જગ્યાએ રહી કરવા; પણ વગરવિચાર્યે એકદમ તે જગા છોડી દેવી નહિ. માણસ દયા, ન્યાય તથા ડહાપણ ધરાવે છે, પરંતુ સઘળાંજ માણસોમાં તે હોતાં નથી. ઘણાં ખરાં માણસો સ્વાર્થી હોય છે, અને સ્વાર્થ આગળ તેઓ સદ્ગુણને બાજુએ મૂકી પોતાના લગીરેક લાભ માટે સામાનું સત્યાનાશ વળે તેનું ભાન રાખતા નથી.

કથા ૨૦ મી–વાઘને ત્યાં મરણ અને બીજાં પ્રાણીઓનું રડણ કૂટણ

એક વાઘનું બચ્ચું મરણ પામ્યું. તે વાઘ અને તેની પત્ની વાઘણના દુઃખમાં ભાગ લેવાને તથા મરનાર બચ્ચાંનું રડણ–કૂટણ કરવાને વનમાંનાં સર્વ પશુઓ તેને ઘેર કાણે ગયાં. તેઓમાં વાઘની વલણનાં વરુ, તરસ, રીંછ, જંગલી ભુંડ જેવાં પશુઓ તો હતાંજ; પરંતુ હરણ, સસલાં, સાબર, જેવાં નિર્દોષ પ્રાણીઓ જેઓ વાઘનો શિકાર થાય છે તેઓ પણ હતાં. જાણે પોતાનેજ ત્યાં મરણ થયું હોય તેમ તેઓ ચકરડું વળી રડવાકૂટવા મંડયાં.

આ ફારસ એક કાગડો ઝાડ પર બેસી જોતો હતો તે બોલ્યો, “શી ખુશામતની દુનિયા છે! પોતાને ફાડી ખાનાર દુઃખમાં પડયાથી હર્ષ દેખાડવાને બદલે આ મૂર્ખ પશુઓ સામાં પોતાને દુઃખી થયેલાં દેખાડે છે! વાઘનું જે બચ્ચું મરી ગયું તે જો જીવતું રહ્યું હોત તો તે પણ મોટું થઇ પોતાનાં માબાપની પેઠેજ એમનું નિકંદન કાઢત, છતાં તેઓ રડે છે કે તે જો જીવત તો અમને લાભ થાત! ખુશામત, જૂઠ ને ઢોંગની આ તો હદ વળી ગઇ!”

બોધ–મરણ ટાંકણે જે રડાપીટ થાય છે તે સઘળુંજ ખરી લાગણીનું હોતું નથી. તેમાં પણ માણસો પોતાનો સ્વાર્થ સાધે છે. મોટા માણસના દુઃખ ને મરણ વેળા ઢોંગી રડાકૂટ વિશેષ થાય છે. કોઇ શક્તિવાળો માણસ ઘાતકી હોય અને તેનાં આશ્રિતો તેના જુલમથી દુઃખ પામતાં હોય તોપણ તેને ત્યાંના મરણસમયે તેઓ શોકનો દેખાવ કરવાને ચૂકતાં નથી. તેમાં તેઓ તેની માત્ર ખુશામતજ કરે છે. કોઇને તે ન ગમતું હોય તોપણ સઘળાંની પાછળ તેને ઘસડાવું પડે છે. જો તે તેમ ન કરે તો પછી તેને ધ્યાનમાં રાખી પાછળથી દુઃખી કરવામાં આવે છે.

કથા ૨૧ મી–મધમાખ અને તેનો સલ્લાહકાર

એક મધવાળાને મધમાખી સાથે મેળાપ થયો. કુશળ સમાચાર પૂછ્યા પછી તેણે તેણીને કહ્યું "બાઈ! તમારા ઉદ્યોગ માટે તમને હું ધન્યવાદ આપું છું; પણ ક્ષમા કરજો, તમારી એક ચૂક છે તે પર તમારૂં લક્ષ ખેંચ્યા વગર મને ચાલતું નથી! તમારા મૂલ્યવાન મધપુડા તમે વન અને ડુંગરા જેવી વિકટ જગ્યાએ બાંધો છો તેથી કરીને તમારા ઉદ્યોગની પિછાન લોકોમાં જોઇએ એવી થતી નથી. મારી નમ્ર ભલામણ એટલીજ છે કે, મધપુડા તમે વસ્તીવાળી ને નજીકની જગ્યાએ બાંધો; અને પછી જુઓ કે તમારા ભાવ કેવા વધે છે!" મધમાખીએ કહ્યું "તમારી શિખામણ તથા મમતા માટે તમારી ઉપકારી છું; પણ દિલગીર છું કે, અમારાથી તેમ બની શકનાર નથી. અલબત્ત, એ પ્રમાણે કરવામાં તમને લાભ છે, પણ અમારો તો મરોજ થાય. અમે વન તથા ડુંગરામાં મધપુડા બાંધીએ છીએ ત્યાં પણ માણસો આવી તેને

લઇ જાય છે, તો પછી વસ્તીમાં અને નજીકની જગ્યાએ બાંધીએ તો તો તમે અમારા બારજ વગાડી દો !"

બોધ–જેમની સાથે આપણુને લાગે વળગે નહિ તેઓ જ્યારે આપણુને માગ્યા વિના ડાહી ડાહી શિખામણુ આપવા લાગે ત્યારે નિશ્ચયથી માનવું કે, તેમનો કાંઈ છુપો હેતુ છે. આપણી પાસે પૈસા કે બીજી લલચામણી વસ્તુઓ હોય ત્યારે તેનો લાભ લેવા માટે ભૂખડી-બારસ, લુચ્ચા, સ્વાર્થી લોક આપણા મિત્ર થવા તથા આપણુને ઉંધી સલાહ આપવા નીકળી આવે છે. તેમના માયાળુ દેખાવ તથા મીઠા શબ્દોથી ભોળવાઇને આપણી મૂળ જગ્યા કે રૂઢિ જો ફેરવીએ તો પછી બહુ પસ્તાવો કરવો પડે.

કથા ૨૨ મી–વાઘરીવાડે જઇ જીવ ખોઇ બેઠેલી શિયાળ

એક શિયાળનું બચ્ચું પોતાની માના ખોળામાં લાડ કરતાં બોલ્યું કે "મા ! મા ! ગઇ રાતે પેલા છાપરા પાછળ હું છાનુંમાનું ફરતું હતું તે વેળા છાપરામાંનાં માણુસ એવી વાત કરતાં હતાં કે શિયાળનું મોત આવે ત્યારે વાઘરીવાડે જાય. એ વાત શું ખરી છે ?" શિયાળે કહ્યું, "ના બેટા ! એ વાત ખોટી છે. માણુસો અમસ્થાં પોતાની વડાઇ જણાવવા માટે જાનવરોની ખોટી વાતો ને ખોટી કહેવતો જોડી કાઢે છે. ગઇ રાતેજ હું વાઘરીવાડે ગઇ હતી. ત્યાંથી હું જીવતી પાછી આવી, એટલુંજ નહિ પણુ એક વાઘરીનું છાપરૂં ઉઘાડું હતું તેમાં પેસી જઇ તેનું ભોજન પણુ ખાઈ આવી. વળી આજ રાતે પણુ ત્યાં જઇને કાંઇક પરાક્રમ કરી આવીશ." પછી રાત પડતાં તેણી વાઘરીવાડે ગઈ, પણુ છેલ્લી રાત્રે ભોજન ખવાઈ ગયેલું લક્ષમાં હતું તેથી વાઘરીઓ સાવચેત બન્યા હતા

અને જાણીજોઇ બારણું ઉઘાડું રાખી છાપરામાં છુપાઇ રહ્યા હતા. કોહલી એક વાર ફાવેલી હોવાથી નિર્ભયપણે તેમાં પેઠી, અને આમતેમ ભોજન શોધવા લાગી. તેટલામાં પેલા છુપાયેલા વાઘરીઓ તેણી પર તૂટી પડયા અને ડંગોરા વડે તેણીનો અડદાળો કાઢી નાખ્યો.

બોધ–કોઇ જોખમભરેલું કામ કરતાં એક વાર આપણે ફાવ્યા તે ઉપરથી ફરી પણ તેમાં ફાવશુંજ એવી આશા રાખી તેવા કામમાં ફરી પડવું નહિ. શત્રુના અસાવધપણાનો લાભ એક વાર લેવાયો કે તે સાવધ બને છે, અને ફરી તેના પર લાભ લેવો અશક્ય થઈ પડે છે. જે માણસ એ સિદ્ધાંત ધ્યાનમાં નહિ રાખી ફરી ફરી જોખમ ખેડે તે દુઃખ પામે અને વખતે જીવ પણ ખોઇ બેસે. બુઢ્ઢા માણસોથી કહેવાતી આવેલી શિખામણો અનુભસિદ્ધ હોય છે, માટે તેનો અનાદર કરવો નહિ; જો કરીએ તો દુઃખી થઇએ.

કથા ૨૩ મી–કોયલનું ગાયન ને તેમાં સમાયલો ભેદ

એક પ્રભાતે વાડીમાં કોયલને મધુર સ્વરે ગાતી જોઇ માળીએ પૂછયું "રે ગાયનકાર પક્ષી! કૃપા કરી મને જણાવ કે તું મધુર ગાયન ગાય છે તેનો અર્થ શો છે? તારા કોમળ સ્વરથી મારા કાન આનંદ પામે છે, પણ તેનો ભાવાર્થ જાણ્યા વિના મારૂં મન તૃપ્ત થતું નથી. કોઇ કહે તું ઈશ્વરની સ્તુતિ ગાય છે ને કોઇ કહે તું પ્રીતિના રાગડા તાણે છે; તો તારે પોતાનેજ મોઢે કહે કે ખરી વાત કયી?" કોયલે ઉત્તર વાળ્યો "હે ભલા માણુસ! એ વાત જાણવાનાં તું ફાંફાં ન માર. મારા ગાયનની મઝા તેના સ્વરમાં છે, નહિ કે અર્થમાં. તેનો અર્થ તો ભેદમાં છે; અને ભેદમાં રહે તેમાં-

જ તેની મઝા છે. તે ભેદ ખુલ્યો કે તેની મઝા ગઇ."

બોધ—કુદરતનાં તેમજ માણસનાં પણ કેટલાંક કામો ભેદી હોય છે, ને ભેદી સ્થિતિમાંજ તે મઝા આપે છે. તેની ઉપરનું ભેદનું કપડું ખસેડતાં તેની મઝા જતી રહે છે, અથવા ઓછી થાય છે, ને કેટલીક વાર તેથી ગેરલાભ પણ થાય છે. માણસે એટલા માટે તેવાં કામોને તેમની અસલ સ્થિતિમાં જોઇનેજ સંતોષ પકડવો, અને ભેદ ખુલ્લો થવા માટે વખત ને સંજોગની વાટ જોવી. કહેવત છે કે "આંધી મૂઠી લાખની." વળી કેટલીક જાતનાં ગાયનો તથા શ્લોકો મંત્રરૂપી હોય છે, જેમના અર્થ જો કે ખુલ્લા થઈ શકતા નથી, તથાપિ તેઓ પોતાના સ્વરોવડે મહત્વનાં કામો બજાવી શકે છે. તેવી ચીજોને માત્ર તેમના અર્થ નહિ જણાવવાથીજ ધિક્કારી યા હસી કાઢવી નહિ.

કથા ૨૪ મી—બંદરની સીડી ઉપર ચડેલા પાણીનો ઉછાળો

બે મિત્રો સાંજની વેળા એક બંદરની પાળ પર બેસી સમુદ્રનાં પાણીનો તમાશો જોતા હતા. સમુદ્રની અંદરનાં પાણી તે વેળા શાંત જેવાં લાગતાં હતાં, પણ જે પાણી બંદરની સીડી પર ચઢેલાં હતાં તે વારંવાર જોર કરી ઉછળતાં તથા અવાજ કરતાં હતાં. તે જોઈ તેઓમાંના એકે કહ્યું "મિત્ર! જો આ સીડી ઉપરના પાણીનો ચમત્કાર! એ થોડાં, નબળાં ને વળી છેક છેડેનાં છે છતાં કેવાં જોસભેર ઉછળે છે! એને એવડું જોર શાથી મળતું હશે?" બીજાએ સમજ પાડી "ભાઈ! એ પાણી પોતાના જોરથી ઉછળતાં નથી; સમુદ્રની અંદરનાં મોટાં પાણી પોતાનું જોર મારે છે, તે

જોરથી એ ઉછળે છે. તે જોર અને તે પાણીનો સમાગમ જો ન હોત તો એ પાણી સ્થિર જેવાં પડી રહેત.”

બોધ-કોઇ નિર્જીવ, નિર્બળ માણસ જ્યારે પોતાની શક્તિ ઉપરાંત પતરાજી કરે અને પોતાની યોગ્યતા કરતાં વધારે કૂદકા મારે ત્યારે જાણવું કે અંદરખાનેથી તેને મોટા માણસની મદદ છે, અને તેથીજ તે ફૂલાય છે, તથા તેનું નચાવેલું નાચે છે. તેની કુમક બંધ પડી કે પાછું તે નીચુંજ પડી જવાનું.

કથા ૨૫ મી—દેડકાઓની ઉજાણીમાં સરડો પરોણો

એક દેડકાને સરડા સાથે મિત્રતા બંધાઇ. દેડકો ઇચ્છતો કે, કાંઇ સારૂં રૂડું હોય ત્યારે સરડાને પોતાને ત્યાં લઇ જઇ તેની પરોણાગત કરવી. તેવામાં ચોમાસાની ઋતુ બેઠી અને પાણીથી પ્રફુલ્લિત થઇ સમસ્ત દેડકા મહાજને, તળાવની પાળે રાતની વેળા ઉજાણીએ નીકળી ભજન ગાવા માંડયું. આ તકને સોનેરી ગણી પેલો દેડકો સરડા મિત્રને નોતરૂં દઇ પોતાની જોડે ત્યાં બોલાવી ગયો. નવી જાતનો પરોણો પોતાની વચ્ચે આવેલો જોઇ બધા દેડકાઓ વધારે ઉલટથી “ડ્રાઉં” “ડ્રાઉં” કરવા લાગ્યા અને તેઓ આશા રાખતા હતા કે સરડાજી પણ તેમના આ હર્ષનાદમાં ભાગ લેશે, તથા પોતામાં જે કાંઈ નવી વિદ્વત્તા હશે તે દેખાડશે; પણ તેમ તો બન્યુંજ નહિ. સરડાજી મૂંગા મંત થઇ છાનામાના બેસી રહ્યા. આમ થવાથી દેડકાઓને તેઓ પીડા સમાન લાગ્યા; એટલુંજ નહિ પણ તેઓ પોતે પણ દેડકાના ખળભળાટથી કંટાળી ગયા, અને પોતાનાં પત્ની સરડીબાઇ માંદાં છે એવું બહાનું કાઢી રસ્તો પકડી ગયા. સર્વ દેડકા આ કૌતુક જોઇ તેમની પાછળ હસવા

લાગ્યા અને તેમના વિષે બહુ હલકા શબ્દો બોલવા લાગ્યા.

બોધ–અજાણી જગ્યા કે અજાણી મંડળીમાં જવા પહેલાં ખાતરી કરવી કે, ત્યાં આપણે બેસતા અને મનગમતા થઇશું કે નહિ. આપણા કરતાં ચઢતી સ્થિતિવાળાઓની મંડળીમાં બનતાં સુધી જવું નહિ. જો જઇએ ને ત્યાં તેમની નજરમાં નકામા દેખાઇએ તો આપણી ફજેતી થાય. એવી મંડળીમાં જવું, ત્યાં તેને બેસતા થવાની તજવીજ કરવી, મોઢું હસતું રાખવું, વાતચીતમાં છૂટથી ભેળાવું અને સર્વે રાજી થાય એમ વર્તવું; નહિ તો ત્યાં આપણે પીડાજેવા થઇ પડીએ ને આપણા ટકા ગણાય.

કથા ૨૬ મી—માંદી બકરી અને ઘીનો શીરો

એક બકરી માંદી પડયાથી બહુ નબળી થઇ ગઈ. તેના ગામમાં એક ઘેટો વૈદરાજ ગણાતો હતો, તેની પાસે તે ઔષધિ લેવા ગઇ. ઘેટે સારી પેઠે તેની નાડી તપાસીને કહ્યું કે, નબળાઇ બહુ આવી છે, તો તેમાંથી સાજા થવા માટે તમોએ ઘીનો શીરો કરી દરરોજ ખાવો જોઈએ.

બોધ–કેટલાક વૈદો એવા મૂર્ખ ને કાચા હોય છે કે તેઓ રોગીની સ્થિતિનો વિચાર કર્યા વગરજ તેનાથી ન બની શકે એવી દવા ફરમાવે છે. એક ઔાષધિ અસરકારક હોય, પણ તે મેળવવાની શક્તિ રોગીમાં ન હોય, કિંવા તે ઔષધિ તે જગાએ મળી શકતી ન હોય, તો તેને બદલે બીજી એવી દવા બતાવવી જોઇએ, કે જે દર્દી મેળવી શકે. હરેક વાતની સલાહ પણ માણસની સ્થિતિને અનુકૂળ થાય એવી આપવી; તોજ તેને લાભકારી થાય, નહિ તો સામો તેને ગેરલાભ થાય.

કથા ૨૭ મી—મંકોડો ને ઉંદર

મિઠાઇનો એક ટુકડો પહેલો ઘસડી જવા વિષે ઉંદર ને મંકોડા વચ્ચે વાંધો પડયો. બેઉ ચડસાચડસી કરી એકબીજાની ખોડ કાઢવા લાગ્યા. ઉંદરે મંકોડાને મહેણું માર્યું કે, "તું ચટકારો જીવડો છે, ને બિચારા માણસોને ચટકો ભરી બૂમ પડાવે છે, માટે તેઓની પડી ખડી કોઇ પણ વસ્તુ ઉઠાવી જવાનો તને હક્ક નથી." મંકોડે કહ્યું કે "હું ચટકો ભરૂં છું ખરો, પરંતુ મારા ચટકાનું દુઃખ સહજ વારમાં નરમ પડી માણસને વિશેષ નુકસાન કરતું નથી, પણ તું તો માણસને ઉંઘમાં પડેલાં જોઈ છુપી રીતે કરડી તેમનું લોહી ચૂસે છે; તે પણ ફુંક મારતો જઇને, કે જેથી તેઓ જાગવા કે જાણવા પામે નહિ. તેથી તેઓને પાછળ-થી ભારે વેદના ખમવી પડે છે. તેમનાં કપડાં વગેરે કરડીને તથા અનાજ વગેરે ખાઇ જઇને પણ તું તેમને મોટું નુકસાન કરે છે, કે જે નુકસાનનો સોમો ભાગ પણ મારા ચટકાથી થતો નથી."

બોધ–"પેટ પર માર્યા કરતાં પીઠ પર મારવું ભલું." કેમકે પીઠ પર માર્યાથી માત્ર વાગીનેજ રહે છે, પણ પેટ પર મારવામાં (તેના મૂળ અર્થ પ્રમાણે) માણસ ભૂખે મરે છે. આકળા માણસ ભડભડ બોલીને કે મારીને પોતાનો ક્રોધ શમાવે છે, ને ક્રોધ ઉતર્યો કે તેઓના દિલમાં કપટ જેવું કાંઇ રહેતું નથી; પણ મીંઢું માણસ મનમાં કપટ રાખીને એવા છુપા ચોબા મેલે છે તથા એવાં કામ કરે છે, કે જેથી સામાવાળાનો ઘાણજ નીકળી જાય છે. ગળે લગાડી ગરદન મારે અથવા તો પટાવી પસવારી ચૂસી લે તેવાં માણસ કરતાં મોઢા પર તડ ને ફડ ચટકો લગાડી વાંધાનો નિકાલ લાવે તે માણસજ સારૂં છે.

કથા ૨૮ મી—ફૂલવાડીમાં બિરાજેલો અરડુસો

એક સહેલાણી ફૂલવાડીમાં ફરતો હતો, ત્યાં તેના જોવામાં એક અરડુસાનું ઝાડ આવ્યું, જેને બાગમાંનાં સુંદર ફૂલોનાં ઝાડોની પાસે રોપેલું હતું. તેનાં પાંદડાં તથા ફૂલો હમેશના કરતાં શોભાયમાન ખીલેલાં હતાં, જેથી તે અરડુસોજ છે કે કેમ તે ઓળખવું કઠિન પડતું હતું. સહેલાણીએ આશ્ચર્ય પામી તેને પૂછ્યું "જંગલી અરડુસા! તું આ ફૂલવાડીમાં ક્યાંથી? અને આટલી બધી સુંદરતા તારામાં શાથી? ગામડાના ઉકરડા સિવાય બીજી જગ્યાએ મેં તને કદી જોયો નથી. તારામાં સુંદરતા અને સ્વચ્છતા પણ મેં આગળ નહોતાં જોયાં." અરડુસો બોલ્યો "તે ખરૂં ભાઇ! પણ આ ફૂલવાડીના પરીક્ષકની શોધક બુદ્ધિના માલેકની કૃપાથી હું અહીં બિરાજવાને ભાગ્યશાળી થયો છું. તે મને સારાં ખાતરપાણી આપી મારૂં જતન કરે છે તેથી, તેમજ આ ફૂલવાડીનાં ઝાડોની રૂડી સંગતિથી મારામાં શોભા અને શાણપણ આવ્યાં છે."

બોધ—ગમે એવાં રંક, બેડોળ ને અજ્ઞાન માણસો હોય પણ તેઓ જો મોટાંની કૃપા અને સારાંની સંગત પામે તો તેમનો સિક્કો ફરી જાય છે. પૂરતો અને પુષ્ટિકારક ખોરાક મળ્યાથી તેમનાં મુખડાં તેજી પકડે છે. સારો પોશાક મળ્યાથી તેમનો દેખાવ મોહક લાગે છે; અને વિદ્વાન માણસોના સહવાસમાં આવ્યાથી તેમની ચાલાકી ખીલી નીકળે છે. જેઓએ તેમને આગળ રંક સ્થિતિમાં જોયાં હોય તેઓ સિવાય બીજાઓ તો જાણી પણ શકતાં નથી કે, તેઓ પ્રથમ રંક હતાં અને પાછળથીજ આવી સારી સ્થિતિમાં આવ્યાં છે.

કથા ૨૯ મી–કૂતરૂં અને વાંદરૂં

એક વાંદરાને છાપરાં કૂદતો ને ચેંચી કરતો જોઇ નીચે ઉભેલા કૂતરાએ કહ્યું, "બચ્ચા! છાપરા પર કૂદીને પતરાજી શું દેખાડે છે? ખરૂં શૂરાતન હોય તો નીચે આવ અને જો કે હું તને કેવો રંગ દેખાડું છું!" વાંદરે કહ્યું, "તારૂં શૂરાતન, હું ત્યારેજ જાણું કે જ્યારે તું આ છાપરા પર આવી મારી સાથે બાથ ભીડે. તારે ગરજ હોય તો તું ઉપર આવ; મારે નીચે આવવાનું કંઇ કામ નથી."

બોધ–"સૌ પોતપોતાની સીમમાં શૂરૂં." એક માણસ ગમે એવું નબળું હોય પણ તે જો પોતાની સીમમાં અને અનુકૂળ સંજોગમાં હોય તો પોતાથી બળવાનને હંફાવી શકે. કિલ્લાની બહારના લશ્કર કરતાં કિલ્લાની અંદરનું લશ્કર વધારે બચાવવાળું હોય છે. લડાઇ કરતાં બનતાંલગી શત્રુની સીમમાં જવું નહિ, પણ તેને આપણી સીમ પાસે આવીનેજ લડવાની ફરજ પાડવી, કે જેથી આપણને ફાવવાના સંજોગ વધારે મળે.

કથા ૩૦ મી–મનુષ્ય અને વેષધારી રીંછ

એક મુસાફર રસ્તાના થાકથી શાંતિ પામવા માટે વગડામાં એક ઝાડની છાયા હેઠળ કપડાં ઉતારી સૂતો. તેવામાં એક વિકરાળ રીંછ ત્યાં આવી ચઢયું. તેની ઘુરકી સાંભળતાંજ તે બાપડો ઉઠીને નાઠો અને તેની પાઘડી ને કપડાં ત્યાં ને ત્યાંજ રહી ગયાં. શિકાર આમ છટકી ગયાથી રીંછ ખેદ

પામ્યું; પણ તેની પાઘડી–કપડાં જોઇ તેને નવી આશા આવી. પાછલા બે પગે માણુસની પેઠે ચાલતાં તો તેને આવડતું હતુંજ. તે ઉપરથી તેણે વિચાર્યું કે, આ માણુસની પાઘડી અને કપડાં પહેરી હાથમાં લાકડીનો ટેકો રાખી બે પગે ચાલ્યાથી હું માણુસના જેવું દેખાઇશ, અને તેવા વેષે ગામમાં જઇ માણુસો વચ્ચે રહી માણુસ તરીકે સઘળાં સુખો ભોગવીશ, એટલુંજ નહિ પણ લાગ ફાવે તો તેમને મારી તેમનું લોહી પણ પી શકીશ. તે પ્રમાણે તેણે કર્યું; પણ તેની વિકરાળ મુખાકૃતિ અને વાણીથી માણુસોની ચતુર આંખમાં તે એકદમ ઉઘાડું પડી ગયું, અને તરતજ તેઓએ તેને હથિયાર વડે મારી નાખ્યું.

બોધ—વેષધારી માણુસ ગમે એવી સાવચેતી ને ચાહે એવાં સાધનોથી પોતાનું કામ કરે, પણ ખુલ્લો પડયા વગર રહેતો નથી. કેટલાક નીચ માણુસો પોતે ભલા દેખાવા તથા પોતાનો નીચ હેતુ પાર પાડવા માટે સારા માણુસનો વેષ ધારણ કરી ફરે છે, પણ મોડે વહેલે તેઓનાં કર્તુક ખુલ્લાં થાય છે અને આગળ કરતાં તેઓ વધારે હલકા પડે છે. ખોટો દેખાવ ને ઢોંગી ભલાઇ લાંબો વખત ટકી શકતાં નથી.

કથા ૩૧ મી–મરઘી અને બતક

મરઘી ને બતક વચ્ચે પોતપોતાની સરસાઇ વિષે વાદ-વિવાદ ચાલ્યા કરતો હતો. મરઘી કહે હું સરસ ને બતક કહે હું. તેવામાં મરઘીની વરસગાંઠ આવી ને તેણીએ બતકને તેમજ પોતાની બીજી એવી બહેનપણીઓને જમવા તેડયાં. ખાઇ પી મસ્ત થયા પછી મરઘીએ સર્વ પરોણાની સમક્ષ બતકને કહ્યું, "બહેન! મારી એવી ઈચ્છા છે કે આજે આપણે દોડવાની શરત રમીએ." બતક જાણતું હતું કે હું આ શરતમાં મરઘીથી પાછળ પડીશ; તોપણ મરઘીનું નીમક ખાધેલું હોવાથી તેણીની ઇચ્છા સ્વીકારવાની તેને ફરજ પડી. બન્ને દોડવાની શરત રમ્યાં, જેમાં બતક છેક પાછળ પડી ગયું ને સર્વેએ તેની ઠેકડી કરી મરઘીનાં વખાણ કર્યાં. બતકના દિલમાં એનો ડાઘ રહી ગયો. થોડા માસ વીત્યા કેડે જ્યારે બતકની વરસગાંઠ આવી, ત્યારે તેણે પણ એજ રીતે જમણ આપી, મરઘી સાથે શરત બકવા માગી કે, "આજે આપણે પાણીમાં તરવાની રમત રમીએ. પેલી વેળા તમારો બોલ માની હું તમારી સાથે દોડવાની શરતમાં ઉતરી હતી, તો આશા છે કે, આજે તમે પણ મારી ઈચ્છા પૂરી કરશો." મરઘીને તેમ કરવાની ફરજ પડી. પાડોશના તળાવમાં બન્ને તરવા ઉતર્યાં, જેમાં બતક સહેલાઇથી તરી બહાર નીકળ્યું; પણ બાપડી મરઘીને તરતાં નહોતું આવડતું, તેથી તેણી તો પાણીમાં ફસી પડી અને ધ્રૂજવા ને કકળાટ કરવા લાગી.

બોધ–પ્રત્યેક માણુસ પોતામાં ચોક્કસ ગુણુ યા શક્તિ ધરાવે છે. જે ગુણુ યા શક્તિ આપણે ધરાવતા હોઇએ તે જો બીજામાં ન હોય તો તેટલા માટે તેને નીચો પાડવો નહિ. તે માણુસમાં વળી બીજી કોઇ ન્યારીજ શક્તિ હશે જે આપણામાં નથી. જો આપણી વિશેષ શક્તિ વડે આપણે બીજાને નીચા પાડીશું તો તે માણુસ તક મળતાં પોતાની ખાસ શક્તિ વડે આપણુને નીચા પાડી વેર લીધા વગર રહેશે નહિ. આપણે ઘેર આવેલા અથવા આપણે આશરે પડેલા ઉપર આપણી મોટાઇનો તોર કરી દેખાડવો એ નીચતા અને ઘાતકીપણું છે. તેવાઓ આગળ તો સામી આપણે નમ્રતા દેખાડી, તેમને માન આપવા તથા રીઝવવાનીજ તજવીજ કરવી.

કથા ૩૨ મી—રેલમાતા અને પ્રાણીઓ

એક ચોમાસામાં વરસાદ ઘણો મોટો પડયાથી નાશકારક રેલ આવી. ધરતીના મોટા ભાગ પર પાણી પાણી થઇ રહ્યાં; અને જંગલો, ખેતરો તથા ગામડાંઓ ઘસડાતાં ચાલ્યાં. તે રેલનો ભયભરેલો પણ રળિયામણો દેખાવ એક કુદરતનો શોકીન શખસ ગભરાટ સાથે કિનારે ઉભો રહી જોતો હતો. છેટે નજર કરી જુએ છે તો એક ઝાડ તળે વાઘ, વરૂ, રીંછ, કોહલાં, કૂતરાં, બકરાં, ગાય, બળદ, ભેંસ, પાડા, હાથી, સાપ, નોળીઆં ઇત્યાદિ, પ્રાણીઓ ધ્રૂજતા શરીરે એકેકની સાથે ભેળાઇ દબાઇને ઉભેલાં જણાયાં. તે સઘળાં જાણે એકબીજાનાં મિત્ર હોય તેમ વાતો કરતાં હતાં. આ શખસને તેની નવાઈ લાગી. તેથી તે બીતો બીતો પણ તેમની પાસે ગયો

અને બોલ્યો કે “ દુઃખી પ્રાણીઓ ! મને મારશો ના, હું તમારો શત્રુ નથી. એક મિત્ર તરીકે હું આવ્યો છું. એકબીજાથી ઉલટા સ્વભાવનાં અને એકબીજાનાં શત્રુ જેવાં તમો પ્રાણીઓને, સંપથી સાથે ઉભેલાં અને સુખદુઃખની વાતો કરતાં જોઇ હું સાનંદાશ્ચર્ય પામું છું. કૃપા કરી જણાવો કે, એનો ભેદ શો છે ? ” તેઓમાંના એક વૃદ્ધ હાથીએ જવાબ દીધો “ ભલા માનવી ! આ રેલની નાશકારક આફતે અમને ડાહ્યાં કર્યાં છે, અને અમારા સ્વભાવ બદલી નાખ્યા છે. સંકટ જ્યારે સામટું અને સર્વે પર એકસરખું આવી પડ્યું ત્યારે પોતપોતાનું આગલું પાછલું વેર ભૂલી સાથે મળી જવામાંજ લાભ છે; સાથે મળી જવાથી અમો પરસ્પર દિલાસો મેળવીએ છીએ, એટલુંજ નહિ પણ સંકટમાંથી બચવાના ઉપાય પણ અસરકારક રીતે લઇ શકીએ છીએ.”

બોધ–જે વેર કોઇ ઉપાયથી વિસરાતાં નથી તે વિપત્તિથી વિસરાઇ શકે છે. જે વેરીઓને મિત્ર થવાનો કદી સંભવ હોય નહિ, તેઓ આફત અને મરણ જેવા સમયે મિત્ર થઈ શકે છે. આફત જો કે ભુંડી વસ્તુ છે, તોપણ તેમાંથી કોઇ વાર આ રીતે સારાં પરિણામ નીપજે છે. આફતથી ગભરાટ ઉત્પન્ન થાય છે; અને ગભરાટથી પ્રાણીઓનાં કઠણ દિલ નરમ બને છે, જેથી એ પ્રમાણે બને છે.

કથા ૩૩ મી–બચ્ચાંની ગ્રહરાશી જોવડાવવા ગયેલી બિલાડી

એક બિલાડીએ બચ્ચું જણ્યું. તે તેને બહુ સોહામણું ને પરાક્રમી લાગતું. તેના પર મોટી આશા બાંધીને તે તેનું ભવિષ્ય પૂછવા ગઇ. એક ઘરડો શિયાળ જે જોશીપણું કરતો હતો તેણે તેની ગ્રહરાશી જોઇને કહ્યું "બાઈ! તારા બચ્ચા માટે તું મોટી આશા રાખે છે તો ભલે, પરંતુ એનાં ગ્રહરાશી નબળાં છે. ઘણામાં ઘણું તો તે એક બિલાડો નીવડશે, ને 'મિઆંઉ મિઆંઉ' બરાડી પોતાની જાત જણાવશે. એનાથી વાઘ બાઘ તો થવાયજ નહિ." ગરીબ બાપડી બિલાડી! નિરાશ થઇ પાછી ફરી.

બોધ—શ્રીમંત કે રંક, સર્વ માબાપને પોતાનાં બચ્ચાં વહાલાં ને સારાં લાગે છે. તેમની ખોડ તેઓ જોઇ શકતાં નથી અને જુએ છે તો તેના અખાડા કરે છે તથા તેના પર મોટી આશા બાંધે છે, પણ તેમાં છેવટ તેઓ પોતાને ઠગાયલાં જુએ છે. બચ્ચાંઓપર ગમે એટલી પ્રીતિ રાખવી, પણ તેમના ગુણ–અવગુણનું તોલ બરાબર કરવું. તેમના સદ્ગુણને ખીલવવા; તેમની ખોડ હોય તે સુધારવી; ત્યારેજ બચ્ચું સારૂં નીવડે. વળી કહેવત છે કે "વાઘનાં બચ્ચાંજ વાઘ નીવડે."

કથા ૩૪ મી–ગુરુ થઇ બેઠેલો સરડો

ખલેડી, દેડકાં અને નોળિયાં જેવાં પ્રાણીઓમાં ડોઢ ડહાપણ વધી ગયાથી તેઓએ ઠરાવ કર્યો કે, આપણે માથે એક ગુરુ ઠરાવવો, ને તેની આજ્ઞા પ્રમાણે ચાલીને આપણી બગડી ગયેલી સ્થિતિ સુધારવી; પણ ગુરુ કોને કરવો ? બહુ વાદવિવાદ ચલાવ્યા પછી તેઓ એવા નિર્ણય પર આવ્યા કે, સરડો બહુ ગંભીર ને ઠરેલ દેખાય છે; તો તેનામાં કાંઇ વધુ અક્કલ હશે, માટે તેને આપણો ગુરુ કરવો. તેઓએ તેમ કર્યું, પરંતુ થોડાજ વખતમાં તેઓએ તેનાથી નારાજ થઇ તેને પદભ્રષ્ટ કર્યો. કારણ એ કે તે તેમને ચોખ્ખો માથે પડેલો જણાયો. તે કોઇ પણ કામમાં માત્ર ડોકું ધુણાવવા સિવાય બીજું કાંઇ કરી શકયો નહોતો.

બોધ—ઓદ્ધો અથવા અધિકાર પામવામાં મોટાઇ છે, પણ જ્યાંસુધી તે ચલાવવાની આવડ ને યોગ્યતા આપણામાં ન હોય ત્યાંસુધી તેનો સ્વીકાર કરવો નહિ. જો કરીએ તો લોકો આપણાથી નારાજ થાય, ને આપણા વસા ગુમાય. થોડું બોલવું એ મહાપુરુષોનું એક ભૂષણ છે ખરૂં; પણ તે ઘટતે પ્રસંગેજ સારૂં લાગે. બોલવાની જરૂર હોય તે વેળા મૂંગા મંત થઇને બેસી રહીએ તો બુબખ લાગીએ, ને હાંસીને પાત્ર થઇએ.

કથા ૩૫ મી–માણસાઇનો દાવો કરનાર વાંદરો

એક વાડીમાં ઝાડ પર ફળો લાગેલાં હતાં, તે તોડી એક વાંદરો ખાતો હતો. તેવામાં વાડીવાળો આવી લાગ્યો, ને વાંદરાને હાંકવા મંડયો. વાંદરે તેને કહ્યું "ભાઈબંધ માણસ! તારૂં આ કામ એકલપેટું છે. આ ઝાડનાં ફળ પર જેટલો હક્ક તારો છે, તેટલોજ મારો પણ છે. શું તું જાણતો નથી કે, પ્રથમ વાંદરામાંથી માણસની ઉત્પત્તિ થઈ છે, અથવા વાંદરૂં અને માણસ એકજ જાતનાં છે એવી શોધ વિદ્વાન ડાર્વીને કરી છે, ને ઘણા વિદ્વાનો તે કબૂલ રાખે છે?" વાડીવાળાએ કહ્યું: "પણ ખરી વાત, તે અમે જ્યારે વાંદરાપણાથી સુધરી આગળ વધીને માણસ થયા છીએ ત્યારે તું તો યુગના યુગ વહી ગયા છતાં જેવો હતો તેવો પૂછડીવાળો વાંદરોજ રહ્યો છે. તું પણ અમારા જેવું સુંદર રૂપ, સુબુદ્ધિ ને સુધારો ધારણ કરશે ત્યારે તને પણ માણસના સઘળા હકકો ભોગવવા દઈશું ને અમારા સુખમાં ભાગ આપીશું."

બોધ—આપણે મોટા કુળમાં જન્મ્યા હોઇએ માટેજ કાંઈ મોટા ગણાઇએ નહિ. મોટા ગણાવા માટે તો મોટાઇના ગુણો આપણામાં જોઇએ. એકજ માબાપના બે છોકરા હોય, પણ તેમાંનો જે છોકરો જ્ઞાન મેળવી ઉદ્યોગમાં મચ્યો રહેશે તે માન ને સુખ પામશે; ને બીજો છોકરો મૂરખ રહેશે તો પાછળ પડી કંગાલિયતમાં પોતાનો જન્મ પૂરો કરશે.

કથા ૩૬ મી–શાણો હાથી ને અહંકારી માવત

એક અહંકારી માવત જ્યારે હાથી પર સવાર થતો ત્યારે વિના કારણે તેને અંકુશ ભોંકી પજવતો અને એમ કરી કહેતો કે "તેં પહાડ જેવું અંગ વધારી જાણ્યું, પણ ડહાપણ તો મળે નહિ. જો હું તારા કરતાં નાના કદનું પ્રાણી છું તોપણ તને કેવો મારા પગ નીચે રાખું છું ?" હાથી શાણો અને આજ્ઞાંકિત હોવાથી આ દુઃખ સહન કરી જતો અને એટલુંજ કહેતો કે "માવત ! અહંકાર ના કર; અહંકારી માણસ છેવટે દુઃખીજ થાય છે." એક વાર એવું બન્યું કે, એજ માવત પોતાની અહંકારભરી બુદ્ધિને લીધે એક વેળા અપરાધમાં આવ્યો, ને રાજાએ ન્યાય કરી તેને હાથીને પગે રગડાવી મારવાની શિક્ષા કરી. જ્યારે રગડવા માટે તેને આ હાથીના પગ પાસે લાવી મૂકયો, ત્યારે હાથીએ કહ્યું કે "અહંકારી માણસ! તેં મને ઘણો પજવ્યો; તોપણ મેં તો મારી ભલાઇને લીધે તને દુઃખ દીધું નહિ; છેવટે તારો અહંકારજ તારા જીવનો કાળ થઇ લાગ્યો છે. જો હવે તારૂં શરીર મારા પગ આગળ પણ કેટલું નિર્જીવ છે!" એમ કહી તેના શરીર પર પોતાનો પગ મૂકી તેને સ્વધામ પહોંચાડી દીધો.

બોધ—કેટલીક વાર એવું બને છે કે, મોટો માણસ નાના માણસના તાબામાં પણ આવી પડે છે. તેવી વેળાએ નાના માણસે મોટાને દુઃખ ન દેવું જોઇએ; જેથી તે માણ-સ પોતાની અસલી ચઢતી સ્થિતિમાં જ્યારે પાછો આવે

ત્યારે તેની ભલાઇનો પાડ વાળે. પણ કેટલાક અહંકારી ને હલકા માણસો પોતાના તાબામાં આવી પડેલા મોટા માણસને મેણાં મારીને પજવે છે તો મોટા માણસ તે વેળા તો ધીરજથી તે દુઃખ સહન કરે છે, પણ પાછા સારી સ્થિતિમાં આવતાં પોતાની લાગવગ તથા શક્તિના બળે તેનું ખીલા-ઉપાડ કરી નાખે છે.

કથા ૩૭ મી–વડનું ઝાડ અને વટેમાર્ગુ

એક વટેમાર્ગુ, મધ્યાહ્નને તડકાથી બચવા માટે, વડના ઝાડની શીતળ છાયા હેઠળ આવી બેઠો. છાયાથી તે આનંદ પામ્યો, પણ પોતાને ભૂખ લાગી હતી અને ખાવાનું કાંઈ મળ્યું નહિ; તેથી તેને કચવાટ ઉપજ્યો. વડના ટેટા નીચે પડેલા હતા; તે તેણે હાથમાં લીધા ખરા, પણ તેમને નકામા ને નુકસાનકારક જોઇ ધિક્કારથી ફેંકી દીધા; અને પછી વડને કહ્યું, “હે રાજવૃક્ષ! તારી છાયા શીતળ છે એ તારૂં ભૂષણ છે; પરંતુ તારા પર ખાવા લાયક મીઠાં ફળો તો થતાં નથી, એ તારૂં મોટું દૂષણ છે. શીતળ છાયાના તારા ગુણ સાથે જો તારામાં સારાં ફળ પણ હોત તો તારી હું પૂજા કરત.” વડ બોલ્યો કે “તે ખરૂં; પરંતુ જો મારા પર ખાવાલાયક ફળો થતાં હોત તો મને એવી ખુલ્લી જગોએ ઉગેલું જોવા તમે પામત નહિ. ત્યારે તો મને વાડીઓમાંજ રોપવામાં આવત, ને મારી છાયાનો લાભ વટેમાર્ગુઓથી લેવાતજ નહિ.”

બોધ—પરમેશ્વરે પ્રાણીઓ તથા ઝાડપાનોમાં ગુણો વધતા ઓછા મૂક્યા છે, તે ચોક્કસ સારા હેતુથીજ. કોઈ ગુણ એવો હોય છે કે તે જો બીજા ગુણની સાથે મળે તો તે બીજા ગુણનો સામો બગાડ કરે. માટે કોઇ માણસથી આપણે થોડો લાભ મેળવતા હોઇએ તો લોભ કરી વધારે લાભ માગવો નહિ; તેમજ વધારે લાભ તેનાથી મળતો નથી, માટે તેના પર તકાદો પણ કરવો નહિ. જો તે લાભ માગીએ અને તકાદો કરીએ, તો જે થોડો લાભ તેનાથી આપણે મેળવતા હોઇએ તે પણ જતા રહે.

કથા ૩૮ મી–બગલી સાથે પરણીને ફસી પડેલો કાગડો

એક કાગડો બહુ શોખીન હતો. તેને મન થયું કે, ગોરી ગોરી બગલી સાથે પરણીને ઉત્તમ સુખ ભોગવું અને પ્રાણી જાતમાં પોતાની નામના વધારૂં. પરણવા માટે તેણે એક જુવાન બગલી પણ શોધી કાઢી; પણ તેણે તેને કાળો ને પોતાની જાતથી નીચો ગણી ના પાડી. કાગડે તેને લાલચો આપી એવું પણ કહ્યું કે હમણાંજ રાજાની રાણીનો નવસેરો હાર હું ઉઠાવી લાવ્યો છું. તું જો મારી સાથે પરણશે તો તે હાર પણ તને રીતમાં આપીશ કાગડાના સ્વરૂપ ઉપર નહિ પણ તેના ધન પર લલચાઇને અંતે બગલીબાઇ કબૂલ થયાં, ને કાગડાજીએ મોટી ધામધૂમથી તેની સાથે પોતાનાં લગ્ન કર્યાં. પણ ધારેલું સંસારસુખ કાગડો પામ્યો નહિ. કાગડો પોતાની આ મનમોહન પત્ની-

ને સાથે લઇ બહાર ફરવા નીકળે, ત્યારે બધાં પક્ષીઓ તેની મજાક ને હાંસી કરે. વળી બગલી પોતે પણ તેના કાળા મુખ ને કઠોર સ્વરથી લજ્જા પામીને તેને માન ને સુખ આપે નહિ. પોતે તેની સાથે પરણી તે જાણે મોટો ઉપકાર કર્યો હોય અને કાગડો પોતાનો ગુલામ હોય તેમ તેની સાથે તે વર્તે. વળી મોંઘામાં મોંઘી ને અસાધ્ય વસ્તુઓ તેની પાસે માગે. એક દિવસ તે બગલીએ કહ્યું કે, રાજાના ભાણામાંનું પકવાન્ન મને તો ભાવે છે. કાગડે ધાસ્તી દેખાડી કે, જો તે પકવાન્ન લેવાની હું તજવીજ કરીશ તો નકામો માર્યો જઇશ ને તને મારા વિયોગનું ભારે દુઃખ ખમવું પડશે. બગલી તે ઉપરથી છેડાઇ, રડવા ને માથું ફૂટવા મંડી કે “ અભાગીઓ મારા દિલના કોડ કાંઇજ પૂરા પાડતો નથી.” રંક બાપડો કાગડો ! અંતે નિરુપાયે રાજાના રાજ-મહેલ આગળ ગયો, અને રાજાનું ભાણું ખુલ્લું મેલાયલું હતું તેમાં ચાંચ મારી; પણ તેમાંથી કકડો ઉઠાવે તેટલામાં તો ચોકીદારે તેના પર બંદુકની ગોળી છોડી, અને તે લાગ-તાંજ તે તરફડી ત્યાંનો ત્યાંજ મરણ પામ્યો.

બોધ–કેટલાક મૂર્ખ ને લોભી માણસો પોતાની ગુંજાસનો કાંઇ પણ વિચાર કર્યા વગર, મોટા ઘરની અને વળી સુંદર સ્ત્રી પરણવા માગે છે; પણ તેવી સ્ત્રીઓ મોટાને ખરચાળા કોડ ધરાવે છે. તે કોડ પોતાથી પૂરા પાડી શકાશે કે નહિ તેનો કશો વિચાર કરતા નથી; તેથી પરણીને સામા તેઓ દુઃખી થાય છે અને સ્ત્રીના ધણીને બદલે ગુલામ જેવા થઇ પોતાનાં જીવતરને શાપ દે છે. સ્ત્રીનું સ્વરૂપ

સુંદર ન હોય પણ જો તે સદ્‌ગુણી ને ઉદ્યોગી હોય તો તેને અવશ્ય પસંદ કરવી અને એથી ઉલટા ગુણવાળી રૂપવંતી હોય તે છતાં તેને પસંદ કરવી નહિ. કરીએ તો બગલી પરણીને ફસી પડેલા સદરહુ કાગડા જેવી ખરાબ સ્થિતિમાં આવી પડીએ.

કથા ૩૯ મી–બાળક ને ભેંસ

એક શખ્સ એક દૂધાળી ભેંસ વેચાતી લઇ આવ્યો. તેના બાળકે તે જોઇને મોઢું મચકોડયું અને કહ્યું "બાપા! તમે રૂપીઆ ખરચીને કાળી કાળી ભેંસને શીદ લઇ આવ્યા? એકાદ રમતિયાળ કૂતરૂં કે સસલુંજ લાવ્યા હોત તો મને રમવાની ગમ્મત પડત." બાપે કહ્યું "નિર્દોષ પણ અજ્ઞાન છોકરા! ભેંસ કાળી છે, પણ એનું દૂધ ગોરૂં ને ગુણગારૂં છે. તે દૂધ વડે આપણને ઘણી ઘણી મોજ મળશે, ને ખરચાયલા રૂપિયા સો ગણા વળી રહેશે."

બોધ—રૂપ કરતાં ગુણજ કિંમતી છે. દેખાવે રૂપાળા પણ દુર્ગુણવાળા માણસ કરતાં, દેખાવે બેડોળ પણ સદ્‌ગુણવાળું માણસજ સારૂં. જેઓને ડહાપણ ને અનુભવ હોતો નથી તેઓજ એથી ઉલટો વિચાર રાખે છે.

કથા ૪૦ મી–કૂતરાનું રડવું.

ગામડાના મહોલ્લાઓમાં ભટકતાં જંગલી કૂતરાં રાતની વેળા મોટે ઘાંટે અપશુકન ભર્યા સાદે વારંવાર રડે છે. તેમના રોજના રડવાથી કંટાળીને એક વેળા એક માણસે કૂતરાઓને પૂછ્યું કે "નથી તમારે ત્યાં મરણ થયું કે નથી તમારા પર કંઇ આફત આવી પડી; તો પછી તમો રડો છો શામાટે?" કૂતરાંઓએ ઉત્તર વાળ્યો, " ભાઇ! અમારા રડવાનું કારણ અમે કંઈ જાણતાં નથી; જો કારણજ હોય તો તે પરમેશ્વર જાણે; અમે તો કારણ વગર અમસ્થાંજ રડીએ છીએ. અમારામાંનું એક રડયું કે બીજાને રડવું આવે છે ને બીજાને જોઇ ત્રીજું રડે છે ને એમ થતે થતે બધાં રડવા માંડીએ છીએ."

બોધ—કેટલાંક માણસ એવા નબળા મનનાં ને અનિશ્ચિત વિચારનાં હોય છે કે પોતા પર કંઇ દુઃખ ન હોવા છતાં માત્ર પોતાના મનના ખ્યાલથીજ દુઃખ માની લે છે ને તે માટે નકામા હાય અફસોસ ને રુદન પણ કરે છે. અબળા જાતિમાં એવા દાખલા વિશેષ જોવામાં આવે છે કે તેઓ એવી રીતે વગરદુઃખે દુઃખી થાય છે; અને તેથી કોઇ વાર જ્યારે તેઓ પર ખરેખર આફત આવે છે ત્યારે પણ કોઇ તેમની દયા ખાતું નથી.

કથા ૪૧ મી–દ્રાક્ષનો વેલો અને દાડમનું ઝાડ

એક બાગમાં દ્રાક્ષનો વેલો અને દાડમનું ઝાડ પાસે પાસે ઉગેલાં હતાં. વેલાને માળીએ માંડવો રચી તેના ઉપર ચઢાવેલો હતો, જેથી પોતાને વધારે અગત્યનો અને કિંમતી સમજી તે મગ્ન અને મગરૂર રહેતો. એક દહાડો તેણે પોતાના પડોશી દાડમના ઝાડને કહ્યું, "તું તારાં દાણાદાર ફળ અને લાલ હિંગળા જેવાં ફૂલ છતાં મારી પાસે કંગાળ છે. જો! તું જ્યારે જમીન પર સદા ખડું રહી કષ્ટ પામે છે ત્યારે હું આ સુંદર માંડવા પર આમથી તેમ લોટી કેવી મોજ મારૂં છું! તને બાપડાને એવું સુભાગ્ય ક્યાંથી પ્રાપ્ત થવાનું હતું?" દાડમનું ઝાડ બોલ્યું, "તારી મોટાઇનો માંડવો તનેજ મુબારક! મારે તે જોઇતો નથી. જો, તારે માંડવાના આધાર વગર ચાલતુંજ નથી અને હું તો મારા પોતાના પગને આધારેજ ટટાર રહી શકું છું; એજ સુખ મારે મોટું છે."

બોધ—પારકાંને આધારે અથવા પરાયે પૈસે મોજ અને મોટાઇ ભોગવવા કરતાં આપણી સ્વતંત્ર ગરીબીમાંજ સંતોષ માની રહેવું તથા આપણા જાતિબળેજ આપણું ગુજરાન કરવું, એ ઉત્તમ છે. પહેલી સ્થિતિમાં જ્યારે ગુલામગીરી અને હીણપત છે, ત્યારે બીજીમાં સ્વતંત્રતા અને માન છે. જેમનામાં આપમહેનતે ટકવા અને વધવાની શક્તિ નથી તેઓનેજ બીજાની મદદ લેવી પડે છે; પણ જેઓ એ શક્તિ ધરાવે છે તેઓ તેવી મદદ લઇ બીજાના ઉપકાર-

માં જવાને કદી પણ ચાહતા નથી. કહેવત છે કે **"આપ સમાન બળ નહિ ને મેઘ સમાન જળ નહિ."**

કથા ૪૨ મી—દાઢીવાળો બકરો

એક દાઢીવાળા બકરાને તેના ધણીએ માતાને અર્પણ કરીને તેને સ્થાનકે રમતો મેલ્યો હતો. મોટાઇની નિશાની દાઢી હોવાથી ને વળી તે માતાના સ્થાનકનો બકરો ગણાયાથી લોકો તેને પવિત્ર ભક્ત સમજી માન આપતા, ને બકરો પણ પોતાને માટે તેવુંજ અભિમાન રાખતો; પરંતુ તે બીજા સાધારણ બકરાની પેઠે લોકોનાં ઘરો, ખેતરો ને વાડીઓમાં છુપી રીતે ભરાઈ, પરાયો માલ ખાઇ જવામાં પણ પછાત પડતો નહોતો. એક પ્રસંગે એક ખેતરમાં પેસી ધરુ ખાઇ જતાં, ખેડુતે તેને પકડયો ને શિક્ષા કરવા માટે ડંગોરો ઉઠાવ્યો. બકરે પોતાના બચાવમાં કહ્યું કે "મને નકામો મારીશ નહિ. તારા ખેતરમાં હું ચોરી કરવા નહોતો પેઠો, પણ બીજાં લુચ્ચાં બકરાં વખતે ચોરી કરવા ભરાયાં હોય તો તેમને હાંકી કાઢવા સારૂજ પેઠો હતો. પરમેશ્વરે મને મોટાઈની દાઢી આપી છે અને વળી હું માતાનો બકરો છું; તો તને ઘટે છે કે મારા શબ્દોને સાચા માનવા અને ચોરીનું આળ મારા પર મેલી મને શિક્ષા કરવી નહિ." ખેડુતે કહ્યું, "જો મેં મારી નજરે તને મારો માલ ખાતાં જોયો ન હોત તો એક વાર તારી દાઢીથી ઠગાઇ, તારી વાત સાચી માનત; પણ મેં ખાતરી કરી છે કે, તું અપરાધી છે;

એટલે તને શિક્ષા તો કરવીજ જોઇએ. તે શિક્ષા પણ તને બેવડી કરીશ; કેમકે દાઢીવાળો ને માતાનો બકરો થઇને તેં એવું ખોટું કર્મ કર્યું છે, કે જે કરવું તને મુદ્દલ ઘટે નહિ ને એવા કામથી બીજાઓને વાળવાનો તારો ધર્મ છે.” એમ કહી દાઢીવાળા બકરાને તેણે લાકડી વડે સારી પેઠે ખોખરો કર્યો.

બોધ—ધર્મીપણાનો તથા પવિત્રતાનો ડોળ કરનારા સઘળાજ માણસો કાંઇ ખરેખરા ધર્મી ને ભક્તિમાન હોતા નથી. તેમાં ઘણાકો ઠગારા હોય છે, ને ધર્મીપણાના ઓથા હેઠળ કુડાં કર્મો કરે છે. આવી રીતે બીજાઓ કરતાં તેઓ ઉલટા વધારે હાનિ કરે છે; અને તેટલા માટે જ્યારે પણ તેઓ સપડાય ત્યારે લોકોએ તેમને ઉઘાડા પાડી ફજેત કરવા તથા સજાએ પહોંચાડવા જોઇએ.

કથા ૪૩ મી–ઢોરોની હડતાળ અને વાઘ–વરૂને તડાકો

માણસો પોતા પાસે જોઇએ તે કરતાં વધારે વૈતરૂં કરાવે છે એવા વિચારથી ક્રોધ કરી બળદ, પાડા, ઘોડા ઇત્યાદિ પ્રાણીઓએ હડતાળ પાડી. હડતાળ પાડીનેજ તેઓ અટક્યાં નહિ, પણ ફરી માણસો સાથે વહેવારજ રાખવો નહિ એવો નિશ્ચય કરી વનમાં ચાલી નીકળ્યાં. થોડા દહાડા તો તેમને વગર મહેનતે મનગમતો ચારો ચરતાં મઝા પડી, પણ પછી તેમના ભોગ જાગ્યા. તેમના આવવાની વાત ફેલાયાથી વનમાંનાં વાઘ વરૂ જેવાં ફાડી ખાનારાં પ્રાણીઓ તેમના

પર ઉતરી પડયાં અને તેઓમાંના એકેએકને મારી ખાધાં.

બોધ—આપણે જેમને ત્યાં કામે લાગ્યા હોઈએ, તેઓ આપણી પાસે વધારે કામ કરાવે કિંવા આપણા ઉપર કાંઈક દુઃખ પાડે તોપણ એકદમ તેમનાથી છૂટા પડવું નહિ અને આપણા ઉપરનો બોજો ઘટાડવાની વિનતિ કર્યા કરવી; જે વહેલું મોડું પણ સ્વીકારવામાં આવશે. “નોકરી નફ્ટ” હોય છે; અને જ્યાં પણ તે કરો ત્યાં તેની વધતી ઓછી કઠિનતા ખમ્યા વગર છૂટકોજ નથી. નવી નોકરી કેટલીક એવી કઠણ મળે છે કે જૂનીને ભુલાવે. નવી અને વગર ભરૂસાની નોકરી કરતાં થોડી કઠણ પણ જૂની નોકરીજ સારી. નોકરી-ધંધા વગર નવરા ફરવામાં મઝા દેખાય છે ખરી, પણ તે થોડાજ વખતની; અને પાછળથી તે મોટાં સંકટો આણે છે.

કથા ૪૪ મી–પૂછડી ખોઇ આવેલો ઉંદર

એક ઉંદર ઘરમાં બહુ ત્રાસ વર્તાવતો હતો. ઘરધણીએ તેને મારવા માટે છટકું (પાંજરૂં) રાખ્યું. ઉંદરનું શરીર તેના સકંજામાં ન આવતાં માત્ર તેની પૂછડીજ થડમાંથી આવી ગઇ ને જોર કરતાં ઉંદર જોકે છૂટી શકયો તોપણ પૂછડી તૂટી અને તે બાંડો થયો. પોતાના જાતભાઇઓમાં આવી ભળતાં તેઓએ જ્યારે પૂછડી વિષે પૂછયું ત્યારે પોતાની લાજ રાખવા માટે તેણે એવી ખોટી વાત કહી કે “રાત્રે હું પડોશના દહેરામાં ફરતો હતો, તેવામાં શ્રીમહાદેવજી પ્રત્યક્ષ પધાર્યા. તેમને અર્પણ કરવા માટે મારી પાસે કશું

સાધન ન હોવાથી સમયસૂચકતા વાપરી મેં મારી પૂછડી તોડી તેમને અર્પણ કરી દીધી. મહાદેવજીએ તેથી પ્રસન્ન થઇ મને આશા આપી છે કે, આવતા ભવમાં આ એકને બદલે તને સાત પૂછડીઓ થશે. માટે હે ભાઇઓ! તમે પણ જો ભવિષ્યમાં સાત પૂછડિયા થવા માગતા હો તો આજ ચોઘડિયે તમારી પૂછડીઓ શ્રીમહાદેવજીના નામ પર કાપી નાખો." કશો વિચાર ન કરતાં સઘળા મૂર્ખ ઉંદરો-એ તે પ્રમાણેજ કર્યું અને આ ઉંદરની ન્યાત બાંડી બની ગઈ!

બોધ—કહેવત છે કે "એક નકટો આખી જમાત બગાડે." ખોડવાળાં માણસો પોતાની ખોડને સારી દેખા-ડવા માટે બીજાઓની આગળ તેનાં વખાણ કરી તેમને પણ પોતાના જેવાં બનાવવાની યુક્તિ કરે છે. ચાલાક માણસો તો તેમની મતલબ સમજી તેમની યુક્તિમાં ફસાતા નથી; પણ ભોળા ને મૂર્ખ માણસો તેમના ઉપર વિશ્વાસ રાખી ફસી પડે છે અને હાનિ તથા અપકીર્તિ ખમે છે.

કથા ૪૫ મી–ખજુરી અને નંબરપાડુ

ખજુરાંનો એક ઉપરી ખજુરીનાં ઝાડો પર નંબર પાડવા ગયો. તેને જોઇ ખજુરાંમાં કકળાટ ફેલાયો. એક ડાહી ખજુરીએ આ નંબર પાડનારને કરગરીને કહ્યું, "ભાઇ! અમે કાંઇ તારૂં બગાડયું નથી. તું શામાટે અમને કોરી કોરીને નંબર પાડીને જખમી અને દાઘેલ કરે છે?" તેણે જવાબ દીધો, "બહેન! ગભરાઇશ મા. તમારે અંગે નંબર

પાડયામાં તમને ગેરલાભ નથી. તમારી ગણતરીનું કામ ઠીક થશે અને તમારા પર છાપ પડીને તમારી શોભા વધશે." ખજુરી બોલી, "ઠીક, એમજ છે તો ભાઇ ! શામાટે તમે માણુસો પણ તમારે કપાળે નંબરના ડાઘ પડાવી તમારી શોભા અને સવડ વધારતા નથી ?" નંબર પાડનારે ઉત્તર વાળ્યો, "તેનું કારણ તમે ન સમજો. અમે માણુસો તમારે માટે જે કરીએ તેને તમારે શરણુ થવુંજ જોઇએ."

બોધ–સ્વાર્થી માણુસો પોતાના સ્વાર્થ માટે બીજાને દુઃખ થાય એવાં કામો કરે છે તોપણ તેઓ તે કામોને તેઓના લાભનાંજ જણાવે છે; પણ તેવાંજ કામો તેઓ પોતા ઉપર થવા દેતાં નથી. તે માટે જ્યારે તેમને મેણાં મારવામાં યા તેમનાં કામોનો દાખલો આપવામાં આવે છે ત્યારે ખોટાં બહાનાં કાઢી તેઓ વાત ઉડાવી દે છે.

કથા ૪૬ મી–વાઘણુની વહેવાણુ થઇ દીકરી ખોઇ બેઠેલી શિયાળ

એક શિયાળને વાઘણુ સાથે બહેનપણું હતું. તે વધારવા તથા પોતાની જ્ઞાતિમાં મોટાઈ દેખાડવા માટે તેણે પોતાની દીકરીને તે વાઘણુના દીકરા સાથે પરણાવી અને પોતે વાઘણુની વહેવાણુ બનીને તોરથી ફરવા લાગી; પણ થોડાજ વખતમાં આ સગપણુ તેને પસ્તાવો ઉપજાવનાર થઇ પડયું. પોતાનાં સાસુ–સસરા તથા ધણીના ઘાતકીપણાને વિચિત્ર રીતભાતથી શિયાળની દીકરી સાસરીએ દુઃખ

પામવા લાગી. શિયાળનું દિલ બહુ દાઝયું; તથાપિ વાઘણ-ને તે વિષે કંઇ પણ કહેવાની તેની છાતી ચાલી નહિ; તો-પણ પોતાની દીકરીના હિત કાજે એક દિવસ બ્હીને પણ તેણે બે બોલ કહ્યા. વાઘણે તેથી પોતાની ભૂલ જોઈ તો નહિજ, પણ સામી છેડાઇ પડી અને તેઓ વચ્ચેનું બહેન-પણું તૂટી ગયું. શિયાળની દીકરીએ આ સદાના દુઃખથી છૂટવાનો કશો ઉપાય જોયો નહિ અને તે બાપડીએ આપ-ઘાત કરી પોતાનો જીવ ખોયો.

બોધ—કેટલીક મૂર્ખ ને લોભી માતાઓ પોતાની દીકરીઓ પરણાવતાં તેઓના સુખની દરકાર રાખતી નથી એટલી પોતાની મોટાઇ દેખાડવાની દરકાર રાખે છે. તેઓ સામા માણસોના ગુણ જોયા–તપાસ્યા વગર માત્ર પૈસા કે કુળથી લલચાઈ, ગમે તેવા મૂઢ માણસને ઘેર પોતાની પુત્રી પરણાવે છે, પણ તેવાં જોડાં સુખી નીવડતાં નથી. છોકરી સાસરે દુઃખ પામે છે અને તેથી માબાપને પણ સંતાપ થાય છે. એવાં સાસરાં કેટલીક વાર છોકરીના મોતનાં કારણ થઇ પડે છે.

કથા ૪૭ મી–માની શિખામણ નહિ માનનાર બકરૂં

એક બકરીનું બચ્ચું બહુ ચાલાક હતું, પણ પોતાની મા(બકરી)ની શિખામણ માનતું નહિ. મા જે કંઇ શિખા-મણ દે તેની સામે વાદ કરી તેને તે હસી કાઢે. એક વાર એવો પ્રસંગ બન્યો કે તેમના ફળિયામાં એક કૂતરી વીઆઇ.

આવતાં જતાં માણસો ઉપર તે કૂતરી ભસીને હલ્લો કરે, જેથી ત્રાસ વર્તી રહ્યો. બકરીએ તે ઉપરથી પોતાના બચ્ચાનું હિત વિચારીને તેને ચેતવણી આપી કે "થોડા દહાડા તું ફળિયામાં નીકળીશ નહિ; આપણા ફળિયામાં કૂતરી વીઆઈ છે, તે સર્વને ભસે છે ને બાચકા ભરે છે. તું કોમળ અને નિર્બળ છે; તો તારા પર તે અવશ્ય હલ્લો કરશે. તેથી કદાચ તું માર્યું પણ જશે અને મારાથી તે દુઃખ સહન થશે નહિ." બચ્ચાને આ વાત હસવા જેવી લાગી. તે બોલ્યું, "મા! તમો તો બહુજ બીકણ છો. ફળિયામાં કૂતરી વીઆઈ તેટલા માટે શું મારે સ્વતંત્રતા વેચી બીકણની પેઠે ઘરમાં ગોંધાઇ રહેવું? છટ્! એ વાત મને ગમતી નથી. હું તે શું કરવા કૂતરીને કે તેનાં કુરકુરિયાંને છેડીશ કે તે મને બચકું ભરે! હું મારા હક્ક પ્રમાણે મારે માર્ગે ફરૂં તેમાં કૂતરીના બાપનું શું જવાનું છે? બકરીએ આથી ખેદ પામી બચ્ચાને બહાર ન જવા ઘણો આગ્રહ કર્યો અને કોને કોને કૂતરી કરડી હતી તેના દાખલા પણ આપ્યા; પણ તે સૌ ફોકટ. પોતાની મા જાણે તેમ તે એક વેળા ગુપચુપ ઘરમાંથી બહાર નીકળ્યું અને જેવું કૂતરીની જગા નજીકથી પસાર થાય છે તેવુંજ કૂતરીએ વાઘણની પેઠે તેના પર હલ્લો કરી તેનું ગળું ચીરી તત્કાળ મારી નાખ્યું. મરતી વેળા તે રંક પણ ઉદ્ધત બચ્ચાને મોઢેથી નીચલા શબ્દો નીકળ્યા—

(દોહરા)

ટુંકું ડહાપણ બાળનું, મરણ દુઃખનું મૂળ;

માને નહિ માબાપનું, એ બહુ મોટી ભૂલ. ૧
ડહાપણ જે માબાપનું, પ્રેમી ને પાકટ;
ભંગ તેહનો જે કરે, તે પામે સંકટ. ૨
હિતવચન માબાપનાં, બાળકનાં તે મિત્ર;
સદા નજરમાં રાખજો, આજ કથાનું ચિત્ર. ૩

બોધ—માબાપ કે ઘરડાં માણુસોની શિખામણ જેમ બાળકોના હિતની તેમ પાકા અનુભવની હોય છે. તે માનવામાંજ ખરૂં સુખ છે; પણ કેટલાંક છોકરાં પોતાની હઠીલાઇથી તો કેટલાંક પોતાના મુઠ્ઠીભર ડહાપણ ને અધુરી કેળવણીથી માનતાં નથી. તેથી ઉલટાં ચાલીને તેઓ મોટા દુઃખમાં ફસી પડે છે અને વખતે પોતાના આખા જન્મારાનો સ્વાર્થ બગાડે છે. પાછળથી તેઓ પસ્તાય છે, પણ તે પસ્તાવો તેમને કામ લાગતો નથી અને કેટલીક વાર તો તેમના જીવની પણ હાનિ થાય છે.

કથા ૪૮ મી—જુદી જુદી સ્થિતિ પામેલા બે જોડિયા બળદ

એક ગામમાં બે જોડિયા વાછરડા હતા. તેમના ધણીએ એકસરખા મૂલે બે જુદા જુદા ગાડીવાળાને ત્યાં વેચ્યા. એક ગાડીવાન દયાળુ ને શાણો હતો. તે પોતે લીધેલા બળદને પૂરતો ખોરાક આપતો ને તેની પાસે મધ્યમસર કામ કરાવતો; તેથી તે બળદ આરોગ્ય અને બળવાન નીવડી તેને મનમાનતા પૈસા મેળવી આપવા લાગ્યો; પણ બીજો

ગાડીવાન ઘાતકી ને લોભી હતો. પોતાના બળદને તે થોડો ખોરાક આપવા અને ઘણું વૈતરૂં કરાવવા લાગ્યો. તે હીણ-ભાગ્ય બળદ તેથી ગળવા લાગ્યો ને નબળો થતો ચાલ્યો. ભારે બોજાથી ભરેલું ગાડું તેનાથી ખેંચાય નહિ ત્યારે તે હરામી કરે છે એમ કહી ગાડાવાળો તેને ચાબકા મારીને આર ભોંકે. બળદ તેથી વધારે નબળો પડી ગયો અને અંતે મરણ પામ્યો. આ ગાડાવાળાએ બળદ લેવા પાછળ ખર્ચેલા પૈસા તેથી પાણીમાં ગયા. અને નવો બળદ લેવાને ફરીથી તેને પૈસા ખર્ચવા પડયા તે જુદા.

બોધ—પરમેશ્વરે જેમને શેઠ-શેઠાણી થવાનું સુભાગ્ય આપેલું છે તેમને ઘટે છે કે, પોતાના નોકરોને તેમની યોગ્યતા પ્રમાણે સારો દરમાયો આપવો, તેમના તરફ માયાળુ રહેવું અને શક્તિ ઉપરાંત વૈતરૂં કરાવવું નહિ. તેમની ભૂલો બનતાં લગી માફ કરવી અને જેમ તેઓ જૂના થાય તેમ તેઓનો દરમાયો વધારતા જવું. નોકરો તેથી તેમને પોતાના માબાપ સમાન ગણી તેમનું કામ કાળજીથી કરશે અને તેમના લાભમાં પોતાનો લાભ સમજી તેમનાથી છૂટા પડવા ચાહશે નહિ. જેઓ એથી ઉલટી રીતે નોકરો સાથે વર્તે છે તેમના નોકરો તેમનું કામ બરાબર કરતા નથી, વારંવાર નોકરી છોડી જાય છે અને શેઠ શેઠાણીને નવા નોકરો સાથે નવી માથાકૂટ કરવી પડે છે. વળી તેમનું નામ વાયડું થયાથી નવા નોકર મહામુશ્કેલીથી મળે છે અને એ રીતે તેમને અનેક અગવડો ખમવી પડે છે.

કથા ૪૯ મી—વાઘનું નામ ધરાવનાર શિયાળનું બચ્ચું

એક શિયાળે પોતાના બચ્ચાનું નામ લાડથી "શેરખાં" (નામીચો વાઘ) એવું રાખ્યું. તે નામ માટે તેનાં માબાપ તેમ તે છોકરો પણ બહુ ફુલાશ રાખતો; જાણે વાઘનું નામ મળ્યું તેથી ખરેખરો વાઘજ બની ગયો હોયની! પડોશમાં બીજાં પ્રાણીઓનાં બચ્ચાંઓ સાથે રમતાં આ "શેરખાં" શિયાળ તેમને ગાળો ભાંડે ને મારે; અને તે બાપડાં છોકરાંઓ તેના નામથી બ્હીને તેને છેડે નહિ. એક સમયે તેઓ સઘળાં રમતાં હતાં, તેવામાં સામેથી એક નાનો વાઘ બરાડતો ને છલંગ મારતો તેઓ તરફ આવતો જણાયો. તે જોઈ તેઓ ગભરાયાં; અને સઘળાંઓએ શેરખાંને કહ્યું "મોટા ભાઈ શેરખાં! હવે તમારૂં શૂરવીરપણું દેખાડવાનો સમય આવ્યો છે. તમે "શેરખાં" એવું મોટું નામ ધરાવો છો, તો આપણા પર ધસી આવતા પેલા નાના વાઘની સામે ઉતરો અને તેને મારી તમારૂં નામ ખરૂં કરી દેખાડો! તમે જો તેની સામા થશો તો અમે તમારી પીઠે ખડા રહીશું, નહિ તો નાસવા સિવાય અમારો છૂટકો નથી." શેરખાં તો પેલા નાનકડા વાઘને જોતાંજ એવા ધ્રૂજી ઉઠયા હતા, કે તેમનું મરોડદાર પૂછડું નીચુંજ પડી ગયું હતું! ભયના માર્યા સૌથી પહેલાજ તેઓ પોતે નાઠા અને તેમની પાછળ તેમના ગોઠિયાઓ પણ તેમને હડધૂત કરતા નાસી ગયા.

બોધ—નામથી નહિ પણ કામથીજ માણુસનું પાણી જણાય છે. મોટું નામ રાખી મોટાં કામ ન કરીએ અથવા

ભલાં કામ કરવાને સમયે બહાનાં કાઢી ખસી જઇએ તો આપણી હાંસી થાય અને આપણું મોટું નામ લજ્જામાં આવી પડે. કેટલાંક રંક માબાપો પોતાનાં છોકરાંને મોટાં મોટાં કે રાજવંશી નામો આપે છે. તેઓ અંતે પોતાનાં નિર્દોષ બચ્ચાંઓની ઠેકડીજ કરાવે છે. "દીકરા દળનારીના ને નામ તારે દારાશા" એવી એક કહેવત પારસીઓમાં ચાલે છે. મુસલમાનોમાં પણ કહેવત ચાલે છે કે "પેટમાં પાશેર પાણી નહિ ને નામ દરિયાવખાં." હિંદુઓમાં પણ કહેવત છે કે, "નામે નવલખી ને ગજવામાં પઇ નહિ." ઈ૦ ઇ૦

કથા ૫૦ મી–વાઘ, વરૂ અને કૂતરા મિત્રો

એક જંગલમાં વાઘ, વરૂ અને કૂતરો, એ ત્રણ વચ્ચે દોસ્તી બંધાઇ. એ ત્રણેના જાતિસ્વભાવ એવા કે તેઓ વચ્ચે મિત્રાચારી થઇ શકે નહિ; તથાપિ સંજોગો એવા બન્યા કે જેથી આ વાઘ, વરૂ અને કૂતરો મિત્ર થઇ શકયા. વરૂને જંગલમાં પોતાના શિકારો મેળવતાં વાઘથી અડચણ નહિ થાય અને વાઘની સંગતથી પોતે પણ મોટાં પ્રાણીમાં ગણાય તેટલા માટે તે ખુશામત કરીને વાઘનો મિત્ર થઈ રહ્યો હતો. કૂતરો જાતે માયાળુ સ્વભાવનો હોવાથી અને શહેરમાંના પોતાના વઢકણા જાતભાઈઓ વચ્ચે દુઃખ પામ્યાથી શહેર છોડી જંગલમાં નીકળી આવ્યો હતો અને તેને એકલો ભટકતો જોઇને તેના રૂપગુણ પર પ્રસન્ન થઇ વાઘે સ્વેચ્છાથી તેને પોતાનો મિત્ર કર્યો હતો. થોડા દહાડા

સુધી તો આ દોસ્તી કશી પણ અડચણ વિના ચાલી; પણ પછીથી તેમાં ભંગાણ પડયું. કૂતરાને નરમ અને મહેનતુ જોઇને વાઘ તેની સાથે મિત્રાઇને બદલે શેઠાઇ ચલાવી નોકરની પેઠે કામ કરાવવા લાગ્યો અને વરૂએ તેને ઉત્તેજન આપ્યા કર્યું; કેમકે કૂતરો હલકો પડે એટલે વાઘના મિત્રતરીકેનું માન ફક્ત પોતાનેજ મળે તેમ હતું. કૂતરો આથી અસંતોષી થયો અને તક જોઇ નાસી ગયો. વરૂએ વાઘને ઉશ્કેર્યો; એટલુંજ નહિ પણ પોતાની સરસાઇ દેખાડવાના હેતુથી પેલા કૂતરાનો નાશ કરવાનું બીડું ઝડપી તેણે તેની પૂંઠ પકડી. ઘણી જગાએ શોધખોળ કરતાં આ કૂતરો તેને એક ભરવાડને ત્યાં આવી રહેલો જણાયો. તેણે તેને બળવાન, હિંમતવાન અને ઉપયોગી જોઇ પોતાનાં ઢોરઢાંખરની ચોકી કરવાને રાખ્યો હતો. ત્યાં તે ખાન-પાનથી પોષાઇ પુષ્ટ બન્યો હતો અને સર્વ માણસો તેના તરફ બહુજ પ્રીતિ દેખાડતાં હતાં. તેની આવી ચઢતી જોઇ વરૂની આંખમાં વધારે ઝેર ભરાયું. કોઇ કળાથી તે ભરવાડને મળ્યું અને સમજાવ્યું કે, એ કૂતરો ઘાતકી, લુચ્ચો અને કૃતઘ્ન છે; તેથી શહેરીઓએ તેને પોતા વચ્ચેથી હાંકી કાઢયો હતો અને જંગલમાં તેને નિરાધાર ભટકતો જોઈ મારા ભલા અને મહાપ્રતાપી મિત્ર વાઘરાજાએ પોતાને ત્યાં આશરો આપી રાખ્યો હતો; પરંતુ ત્યાં પણ તે પાંસરો ન ચાલ્યાથી તેમણે કંટાળી તેને કાઢી મૂકયો છે. મારી ખાત્રી છે કે, અહીં પણ તે જોખમભરેલોજ થઇ પડશે. માટે તમે એને તત્કાળ હાંકી કાઢો; નહિ તો તમારી પણ ખરાબી કરશે, એટલુંજ નહિ

પણ મારા મિત્ર વાઘરાજા પણ તમારા શત્રુ થઇ કોઈ દિવસ તમારો ઘાણ કાઢી નાખશે.” ભરવાડ મૂર્ખ અને કાચા કાનનો હોવાથી વરૂની વાત સાચી માની અને જે નિમકહલાલ કૂતરો પોતાનાં ઢોરઢાંખરનું રક્ષણ કરનાર થઇ પડેલો તેને નિર્દયપણે માર મારી હાંકી કાઢયો. વરૂએ પોતાના કાવતરાની વડાઈ વાઘ આગળ મોટા મોટા શબ્દોમાં હાંકી; પણ થોડાજ દિવસમાં પોતાની અજાયબી વચ્ચે તેના જાણવામાં આવ્યું કે, જે કૂતરાનો નાશ કરવાને હું આકાશ ને પાતાળ એક કરી ચૂકયો છું તે તો એક બીજા ભરવાડના હાથમાં આવ્યો છે અને તેના ગુણોને માટે પ્રસન્ન થઈ તેણે તેને પોતાને ત્યાં બહુ માન ને હેતથી રાખ્યો છે. એ વાત જાણતાંજ આ અદેખો વરૂ તે ભરવાડને ત્યાં પહોંચી ગયો અને કૂતરાની અપકીર્તિ કહી તેને હાંકી કાઢવાનો આગ્રહ કર્યો; પણ આ ભરવાડ સમજુ હોવાથી તે ઝટ વરૂની ખોટી નિષ્ઠા જાણી ગયો; અને તેને એટલોજ ઉત્તર વાળ્યો કે, આ કૂતરામાં ભલાઇ સિવાય મેં તો બીજું કશું જોયું નથી. તમે તેને ભુંડો કહો છો તોપણ ગમે તેવો પણ તે કૂતરો છે અને તમે તો વરૂ. મને તો મારા બાપદાદા શિખામણ કહી ગયલા છે કે “ભલામાં ભલા વરૂ કરતાં ભુંડામાં ભુંડો કૂતરો સારો!” આ ઉત્તરથી વરૂનું પાણી ઉતરી ગયું. પોતાની દુષ્ટ ધારણામાં નિરાશ થઇ તે ત્યાંથી પાછો ફર્યો અને ભરવાડને દમ ભીડાવતો ગયો કે “હું અને મારો મિત્ર વાઘ, તને જોઇ લઈશું.” ભરવાડે તેની ધમકીને હસી કાઢી અને એક ગુણી પ્રાણીની નોકરીનો લાભ તે નિર્ભયપણે મેળ-

વવા લાગ્યો.

બોધ–ખુશામતીઆ માણુસો ગમે એવા મોટા હોય તોપણ તેઓ ધાસ્તી આપનારા છે. ખુશામતને ખાતર અને મોટા મિત્રને માત્ર રાજી રાખવા માટે પણ તેઓ પોતાના ગરીબ મિત્રનો ઘાણ કાઢવાને ચૂકતા નથી. પોતાનો હલકો હેતુ પાર પાડવા માટે તેઓ બને એટલી કપટકળા ચલાવે છે. ભોળા અને કાચા કાનના લોક તેમની કારસ્તાનીથી ઠગાય છે ખરા, પણ સાવધ માણુસોની નજરમાં તેઓ ઉઘાડા પડી પોતાની પ્રતિષ્ઠા ખોયા વગર રહેતા નથી. સદ્ગુણી માણુસ હલકા માણુસોના સંબંધમાં આવતાં દુઃખ પામે છે, તોપણ છેવટે કોઈ પણ તેની પિછાન કરનારૂં મળી આવે છે અને પોતાની ભલાઇનો બદલો તેમને મળીજ રહે છે.

કથા ૫૧ મી–વાઘણ અને બકરી

એક વાઘણ માંદી પડી તેથી પોતાના બચ્ચાને ધવડાવવા માટે તેણીએ એક દૂધાળી બકરીને પગાર ઠેરવીને રાખી. બકરીએ પગારની લાલચે તેમજ પોતાના માયાળુ સ્વભાવ પ્રમાણે સારી રીતે દૂધ ધવડાવીને વાઘણના બચ્ચાને ઉછેર્યું. વાઘણ સાજી થઇ એટલે બકરીને રજા આપી અને બકરી પોતાનો પગાર માગે તેથી ઉડાવવાની ખોટી નિષ્ઠા રાખીને તેણી બોલી કે “ બકરીબાઇ ! હું દિલગીર છું કે, તમોએ દૂધ ધવડાવવામાં બેકાળજી કરીને મારા પુષ્ટ બચ્ચાને છેક તાવી નાખ્યું છે. એક માતાતરીકે તે માટે મને બહુ રીસ ચઢે છે અને એમ થાય

છે કે જાણે હમણાંજ તમને ફાડી ખાઉં; પણ તમારી સામે એટલી બધી ઘાતકી થતી નથી અને માત્ર તમારા ચઢેલા પગારનો દંડ કરીને જતાં મેલું છું." ગરીબ ભોળી બિચારી બકરી ! તે આશ્ચર્ય પામીને બોલી: "શેઠાણીજી ! તમારા જોવામાં કાંઇ ફેર હશે. તમારૂં બચ્ચું તવાયું તો નથીજ, પણ મારૂં દૂધ ધાવ્યા પછી વધારે પુષ્ટ બન્યું છે. ખાત્રી કરવી હોય તો ચાલો આપણે આડોસીપાડોસીઓને દેખાડીએ ને તેમનો મત લઇ આપણા વાંધાનો નીવેડો આણીએ." વાઘણે જોયું કે બકરીનું કહેવું ખરૂં છે અને તેણી પોતાનો દાવો છોડવા માગતી નથી, તેથી તેણીને ગભરાવવા માટે તેણે આળ મેલ્યું કે "હશે ! પણ એ મુદ્દા પર હું વધારે વજન મેલતી નથી અને મારા એક વહાલા બચ્ચાને બીજાંની નજરમાં લાવવાનું યોગ્ય ધારતી નથી; પણ બકરીબાઇ ! મારા આ ભર્યા પૂર્યા ઘરમાંથી તમોએ મન ભાવતી ચોરી કરી મને ખાલી કરી મેલી છે તેનું કેમ ? બાપડો મારો ધણી રાતદિવસ મહેનત કરી શિકાર લાવી મારે સારૂ ઉંચા રાખતો; તેમાંથી તમે ગમે તેમ હજમ કરી ગયાં છો, તે માટે તમો શું કહો છો ? તમારી લાજ રાખી અત્યાર સુધી હું એ વિષે ચૂપ રહી હતી; પણ હવે જ્યારે તમે મારી મરજાદા રાખતાં નથી ત્યારે મેં ઠરાવ કર્યો છે કે, તમને તમારા ખરા રૂપમાં ઉઘાડાં પાડવાં અને તમારા પગારની એક પાઇ પણ તમને ન આપતાં ખાલી હાથેજ વિદાય કરવાં." બકરી જો કે ગભરાઇ તોપણ છાતી કઠણ રાખીને બોલી, "શેઠાણીજી ! મારા કહેવાથી તમને રીસ લાગી હોય તો

ક્ષમા કરજો, પણ તમે પોતેજ દરરોજ ફરિયાદ કરતાં હતાં કે હું માંદી પડેલી છું તે છતાં મારો નિર્દય ધણી મારે માટે શિકાર લાવતો નથી; તો પછી શિકાર હું કેવી રીતે ખાઇ જાઉં ? આમ છતાં માની લઇએ કે, શિકાર ઘરમાં લાવ્યા હતા; પણ તે મારાથી ખવાયજ કેમ ? અમો પશુની જાતનો ખોરાક તો ઘાસચારો છે; નહિ કે માંસ-લોહીવાળા શિકાર." વાઘણુ આથી તદ્દન ઝંખવાણી પડી ગઇ, તોપણ ક્રોધના આવેશમાં હદ બહાર જઇ બોલી "લુચ્ચી બકરી ! હજુએ સમજતી નથી ? તો હવે હું તારો કેવો ઘાટ ઘડું છું તે જો ! મારી માંદગીનો લાભ લઇ મારા પતિને ભોળવીને તેમની સાથ તેં નીચ પ્રતિનો વહેવાર માંડયો હતો; એ વાત પણ શું ખોટી છે ? જો તું ખોટી કહેશે, તો આ મારો પતિ મારા તરફથી સાક્ષી પૂરી મને સાચી ઠરાવી આપશે." છેડાયલી વાઘણુ આમ બોલીનેજ અટકી નહિ, પણ પોતાના પતિ વાઘ પર તકાદો કરી તેને મોઢે પણ તેણીએ બોલાવ્યું કે, વાઘણુ કહે છે તે વાત સાચી છે ને બકરીની નીતિસંબંધી વર્તણૂંક સારી નથી ! વાઘ અને વાઘણુને બકરી સામે નારાજ થયલાં જોઇ ત્યાંનાં બીજાં પ્રાણીઓ પણ તે બાપડી પર છેડાઇ પડયાં અને તેણી લુચ્ચી, ચોટ્ટી તથા અનીતિમાન છે એવું કહી વાઘણુ અને વાઘ તરફજ દયા દેખાડવા લાગ્યાં. બકરી આથી છેક ગાભરી પડી ગઇ અને પોતાનો પગારજ નહિ, પણ સાથે લાજ પણ ગુમાવી ધ્રૂજતી અને રડતી પોતાને ઘેર આવી. વળી વાઘ તથા વાઘણુની શત્રુતાના કારણે તેણીને પોતાનો બધો

વખત ભયમાં કાઢવો પડયો.

બોધ—જે માણસો મોટાં છતાં લોભી અને હલકા સ્વભાવનાં હોય તેમની સાથે કોઇ પણ કારણે કાંઇ પણ લાલચે વહેવાર રાખવો નહિ. ભોગજોગે જો પ્રસંગ પડયો હોય તો પહેલી તકે તેમનાથી છૂટાં પડી જવું અને તે માટે નાણાંનો કે બીજો ભોગ પણ આપવો પડે તો તે આપવો; નહિ તો તેમને હાથે આપણા પૈસાટકાની તથા માનમર્યાદાની હાનિજ થશે. વળી તેથી આપણે માથે મોટાં આળો ચઢશે અને લોકો પણ તેને ખરાં કહેવા નીકળશે. મોટા માણસો સાથે લડત કરવામાં તેમની દોલત, લાગવગ અને કાવાદાવાને લીધે કદી ફાવી શકવું સહેલું નથી. કેટલાંક માણસો શ્રીમંત હોવા છતાં પૈસાનાં એટલાં બધાં લોભી હોય છે કે પૈસાના બચાવ ખાતર પોતાની સાચવટ તથા માણસાઇનો ભોગ આપવામાં પણ પાછું જોતાં નથી, રંકોના પૈસા ડુબાડવામાં તેઓ પાપ સમજતાં નથી અને તેથી બાપડા તેમના નોકરો વગેરેને પોતાના ખરા પસીનાના પૈસા ખોઈ રડી બેસી રહેવું પડે છે.

કથા ૫૨ મી–ગીધ અને શહેર સુધરાઈ

એક વગડાનાં પ્રાણીઓએ પોતાની સીમમાં ગંદકી અને ગંદવાડનો વધારો થયેલો જોઇ તેની સફાઈ કરવા માટે ગીધને પોતાનો મ્યુનિસિપાલ કમીશ્નર નીમ્યો. મુવેલાં પ્રાણીઓને ઝટ ભક્ષ કરવાનો સ્વભાવ હોવાથી તે ગીધે સફાઇ તો ઠીક કરી; પરંતુ તેના પોતાના છેરથી ત્યાં નવી જાતની ગંદકી થવા માંડી અને જે જે ઝાડો પર તે ગીધ બેસતો તે તે ઝાડો, તેના છેરની ઝેરી ગરમીથી મરી જવા લાગ્યાં. પ્રાણીઓ તેથી વધારે દુઃખ પામ્યાં અને છેવટે તેઓએ આ ગીધને પદભ્રષ્ટ કરીને પોતાનો છૂટકારો કર્યો.

બોધ–કેટલાક હોદ્દેદારો એવા ભુંડા સ્વભાવના હોય છે કે રૈયતને સુખ આપવાને બદલે દુઃખના કારણ થઇ પડે છે. લોકકલ્યાણનો જે રૂડો હેતુ રાખીને તેમની નિમણુક થાય છે તેને બદલે રૈયતના સુખના ભોગે પોતાનાંજ સુખસગવડ તેઓ સાધે છે. નુકસાનકારક ગણાતાં જે કામો કરવાની પ્રજાને તેઓ બંધી કરે છે, તેવાં કામો પોતે નિર્ભયપણે કરે છે અને તેમ કરીને પોતાના અધિકારને ઝાંખ લગાડે છે. રૈયતમાં જો શક્તિ અને એકસંપી હોય છે, તો એવા હોદ્દેદારોને દૂર કરે છે અને નહિ તો તેમનું અંધેર ચલાવી લીધા વગર તેને છૂટકો થતો નથી.

કથા ૫૩ મી—કાંટો અને પગ

એક માણુસ પોતાનાં પગરખાં પહેર્યા વગર બાવળીઆનાં ઝાડોમાં ફરતો હતો તેથી એક કાંટો તેના પગમાં ઓચિંતો એટલો મજબૂત ભોંકાયો કે તે કાઢતાં તેના પગને બહુ વેદના થઈ અને લોહી પણ ઘણું વહ્યું. આથી તે બબડવા લાગ્યો કે "ઓ દુષ્ટ કાંટા! તારૂં સત્યાનાશ જજો! તારા ઝાડનો આ જગતમાંથી ક્ષય થજો!" કાંટાએ ઠંડેપણે ઉત્તર વાળ્યો કે "ભાઇ! ગમે એટલી ગાળો ભાંડ; મને તે લાગનાર નથી. હું પોતે જાણી બૂજીને થોડોજ તારા પગને પીડવા આવ્યો હતો? તારી મૂર્ખાઈથીજ તેં આ દુઃખ પોતાને માથે વહોરી લીધું છે. આ જગા કાંટાવાળી હોવા છતાં તું શામાટે ઉઘાડે પગે અહીં આવ્યો? અને આવ્યો તો શામાટે જોઈ તપાસીને ન ચાલ્યો?"

બોધ–માણુસોને ઘણાંખરાં દુઃખ તો તેમની પોતાની મૂર્ખાઇ અને બેદરકારીથીજ થાય છે. જ્યાં જવું ન જોઇએ ત્યાં આપણે જઇએ. જે ખાવું ન જોઇએ, તે આપણે ખાઇએ; જે કરવું ન જોઇએ તે આપણે કરીએ; તો અવશ્ય આપણુને દુઃખજ મળે. સંસારમાં ડગલે ડગલે દુઃખનાં સાધનો પડેલાં છે. તે આપણુને ન વળગે માટે બહુ સાવચેતી અને ડહાપણુથી આપણો રસ્તો કાપવો જોઇએ. ઘણાંખરાં માણુસો તેમ કરતાં નથી અને તેથી દુઃખના ભોગ થઇ પડીને તેઓ પોતાના પેદા કરનારને, પ્રારબ્ધને કે સામા માણુસોને દોષ દે છે; પણ એ માત્ર તેમની અજ્ઞાનતા અને ગળેપડુપણુંજ છે.

કથા ૫૪ મી–કળશિયો અને પાણી

એક કળશિયાને પાણીથી ભરવામાં આવ્યો હતો. પાણી કળશિયામાં ઠર્યા પછી અભિમાન ધરી તેને કહેવા લાગ્યું કે "અલ્યા! તેં મને ઝાલી રાખ્યું છે ત્યાંસુધી તારાથી બીજું કાંઇ કામ થઇ શકતું નથી. એ ઉપરથી હું સમજું છું કે, હું તારે માથે શેઠ છું ને તું મારો નોકર છે." કળશિયો રીસે ભરાઇને બોલ્યો કે "નગુણા અને અહંકારી જળ! હું તો એમજ સમજતો હતો કે, તું મારે આધારે રહ્યું છે, તો તે માટે મારો ઉપકાર માનશે; પરંતુ તું તો મને સામો નીચો પાડે છે, તો હવે તે નિમકહરામીનો બદલો જોઇ લે." એમ કહી કળશિયો ઉંધો વળી ગયો અને તેમાંનું પાણી જમીન પર ઢોળાઇ, હતું ન હતું થઇ ગયું.

બોધ–કેટલાંક માણસો એવાં અભિમાની અને નિમકહરામ હોય છે કે જેઓ તેમને આશરો આપી નિભાવે છે તેમનેજ માથે ચઢી બેસવા માગે છે. પોતાની ટુંકી સમજથી તેઓ ઉલટું એવુંજ સમજે છે કે, અમો વડેજ એનો નિભાવ થાય છે. એવા અધમ માણસોની આંખ ત્યારેજ ઉઘડે છે, કે જે માણુસોને આધારે તેઓનો નિભાવ થતો હોય છે, તેઓથી તેઓ જયારે છૂટા પડે છે; યા તેઓ તેમને કાઢી મૂકે છે. માણુસને ઘટે છે કે, જેને આધારે પોતે નભતો હોય તેનો ઉપકાર માની નમ્ર રહેવું અને પોતે જો તેને કાંઇ કામ લાગતો હોય તો તે માટે તેના પર પાડ ચઢાવવો નહિ.

કથા ૫૫ મી—બકરી તથા કૂતરી વચ્ચેનો કજીયો અને વાંદરાનો ન્યાય

એક રળિયામણા ગામડામાં એક ગરીબ બકરી રહેતી હતી. એ બકરીને બે રૂપાળાં બચ્ચાં જન્મ્યાં, જેને માટે તે પોતાને ભાગ્યશાળી સમજી પરમેશ્વરનો પાડ માનવા લાગી. હવે તે જગાએ એક વિકરાળ વઢકણી કૂતરી પણ વસતી હતી. જો કે તે બકરીની પડોશણ તથા મૈત્રિણી હતી, તથાપિ બકરીનાં હૃષ્ટપુષ્ટ બચ્ચાંઓને જોઇ તેની દાનત બગડી અને તે બચ્ચાંઓનો ભક્ષ કરી પોતાના મનની તૃપ્તિ કરવાની તલપ તેના દિલમાં ઉત્પન્ન થઇ. એક દિવસે બકરી પોતાનાં બચ્ચાંને ત્યાંજ મૂકીને ગામને પાદરે ચારો ચરવા ગઇ. ત્યારે એ કૂતરીએ એ બચ્ચાંઓને પોતાને કબજે લઇ લીધાં અને પોતેજ જાણે તેમની માતા હોય તેમ તેઓને પાસામાં ઘાલીને બેઠી. બકરી પાછી ફરી ત્યારે આ તમાશો જોઇ વિસ્મય પામી; તોપણ તે એવું સમજી કે, કૂતરી મારી બહેન જેવી હોવાથી બચ્ચાંની માશી તરીકે તેણીએ મારી ગેરહાજરીમાં મારાં બચ્ચાંઓનું રક્ષણ કરવાના વિચારથી તેમને જાળવ્યાં હશે. તેણીએ તે માટે કૂતરી બેનનો ઘણો ઘણો ઉપકાર માન્યો અને વિનતિ કરી કે, હવે મારાં બચ્ચાં મારે સ્વાધીન કરી તમે સુખે તમારે કામે વળગો. કૂતરીએ તે સાંભળતાંજ છેડા છોડાવીને કહ્યું કે "તું કોણ આ બચ્ચાંઓની મા થવાવાળી? હું તને ઓળખતી નથી. એ બચ્ચાં તો મારાં પોતાનાં જણેલાં છે." આમ બોલવા

સાથે તેણી વાઘણની પેઠે ફુંફાડા મારતી ભસવા મંડી. રંક બાપડી બકરી ! આ અણધારી આફત જોઇ થરથર ધ્રૂજવા લાગી; તેણે ઘણી નમ્રતાથી કૂતરીને કહ્યું કે "જો તમે સાચાં હો તો આવો મારી સાથે, આપણે કોઈ ન્યાયી પ્રાણી પાસે જઇ એનો ન્યાય કરાવીએ. ન્યાયમાં જો તમારી જીત થાય તો બચ્ચાં મારા પેટનાં જણેલાં છતાં પણ હું તેમને તમારે સ્વાધીન કરીશ."

કૂતરીએ આ દરખાસ્ત એમ સમજીને સ્વીકારી લીધી કે, મારા તથા બકરીના વાંધામાં કોની તાકાત કે મારી વિરુદ્ધ ફડચો કરશે ? પછી બંને જણ બચ્ચાંને સાથે લઈને, કોઇ ન્યાયાધીશની શોધ માટે વગડા તરફ આગળ વધ્યાં. થોડેક છેટે પહોંચતાં ઝાડી વચ્ચે તેમને એક મોટો વાંદરો મળ્યો. તે દેખાવમાં તથા ચેનચાળા કરવામાં મનુષ્ય-જાતને ઘણો મળતો હોવાથી, કૂતરી તથા બકરીએ તેને નમન કરીને વિનતિ કરી કે "વાંદરાજી ! વાંદરાજી ! અમે તમને અમારા ન્યાયાધીશ ઠરાવીએ છીએ; તમે અમારો ન્યાય કરો." પછી ફરિયાદણ બકરીએ પોતાની ફરિયાદની સઘળી વિગત કહી સંભળાવી. પ્રતિવાદણ કૂતરીએ પણ પોતાના બચાવનું કહ્યું અને છેવટે ઉમેર્યું કે "હું જાતે કૂતરી છું તથા તમારા કરતાં ઘણી બળવાન છું, તે લક્ષમાં રાખીને ન્યાય કરશો!" વાંદરાજી પોતાના ભાવ વધેલા માની ખૂબ દમામથી ન્યાયાધીશ બન્યા અને બંને પક્ષકારોને પોતપોતાના સાક્ષીપુરાવા રજૂ કરવાની આજ્ઞા કરી. બંને પક્ષકારો ગામમાં જઇને સાક્ષીઓ મેળવવાનો યત્ન

કરવા મંડયાં. ગામનાં કૂતરાં, બકરાં, બિલાડાં, મરઘાં, બટકાં, ઉંદરડાં ઇત્યાદિ સર્વ કોઈ જાણતા હતાં કે, બચ્ચાં બકરીનાંજ છે અને કૂતરી ખોટો દાવો કરે છે, તોપણ કૂતરીના ત્રાસથી તથા તેણીએ દમ ભરાવ્યાથી તેઓ તેણીનાંજ સાક્ષી થયાં અને બિચારી બકરી કાલાવાલા કરીને થાકી તોયે કોઇએ તેણીનો પક્ષ લીધો નહિ. ન્યાયાધીશ સાહેબની હજુરમાં આવ્યા પછી સદરહુ સર્વ પ્રાણીઓ–બકરા તથા બકરીઓ, જેઓ ફરિયાદણ બકરીનાં સ્વજાતિ તથા સગાંસ્નેહી થાય તેઓએ પણ–કૂતરીનાજ લાભમાં તથા બકરીની વિરુદ્ધ જુબાની આપી. અધુરામાં પૂરૂં બે જંગલી શિયાળ જેમને આ કામમાં કંઇજ લાગે વળગે નહિ તથા જેમને કોઇએ સાક્ષી દાખલ બોલાવેલાં પણ નહિ તેઓ ત્યાં આવી ચઢયાં; અને રાજીખુશીથી પેલી કૂતરી તરફથી એવી જુબાની તેઓએ આપી કે "અમે વારંવાર રાત્રિ વેળા લોકોનાં મરઘાં વગેરે મારી ખાવાના ઉદ્યોગ માટે ગામમાં જતાં આવતાં હોવાથી બંને પક્ષકારોને પિછાનીએ છીએ અને તે પિછાનના આધારે કહીએ છીએ કે, કૂતરી બહું ભલું ને બળવાન પ્રાણી છે. તેણીએ બકરીની સંકટવેળા તેણીને મદદ કરી હતી; અમારાં સદરહુ કાર્યમાં પણ તેણીએ અમોને સહાયતા આપીને અમારા પર મોટા ઉપકારો કરેલા છે; તે ઉપરથી અમે માનીએ છીએ કે, તેણીનો દાવો ખરો છે અને આ બચ્ચાંઓ તેણીનાંજ છે." નામદાર ન્યાયાધીશ મિ૦ જસ્ટિસ વાંદરાજીએ સદરહુ સઘળા સાક્ષીઓની જુબાની સાંભળ્યા પછીથી બકરીને પોતાના સાક્ષી રજૂ કરવા ફરમાવ્યું. બકરી રડી કપાળ કૂટીને

બોલીઃ "નામદાર ન્યાયાધીશ! સરકાર માબાપ! ખરૂં પૂછો તો પ્રતિવાદણ કૂતરીબાઇના આ જેટલા સાક્ષીઓ છે તે બધા મારાજ છે; પરંતુ મારી મુફલેસીનો લાભ લઇને તથા કૂતરીના બળથી ડરી જઇને તેઓ ફરી ગયાં છે અને હડહડતી જૂઠી જુબાની આપી તમને ઠગવાનું તથા ન્યાયને ઉંધો મારવાનું મહાપાતકી કર્મ એઓએ કર્યું છે. મારા તરફથી કોઇ સાક્ષી આપવાની હામ ભીડતાં નથી અને હું તેમની દરકાર પણ કરતી નથી. પ્રતિવાદણના સર્વ સાક્ષી પુરાવાને તડાકે ઉરાડી મેલે અને કોઇથી કદી નહિ તૂટે એવા બે પુરાવા મારી પાસે છે. એક એ કે, આ તકરારી બચ્ચાંનાં રૂપરંગ તથા સ્વભાવ સર્વ મનેજ મળતાં છે; કૂતરીનો તો એક અંશ પણ તેમનામાં જણાતો નથી. બીજું એ કે, બચ્ચાંઓ તમો જુઓ છો તેમ ક્યારનાં મને આવી મળવાનાંજ વલખાં મારે છે અને કૂતરી ભણી તો ઝાંખીને જોતાંએ નથી. એના કરતાં સરસ તથા વધુ સાક્ષી શી જોઇએ સાહેબ?" બકરીના આ પુરાવા એટલા તો મજબૂત હતા કે, તેના આધારે ન્યાયાધીશ તેણીના લાભમાંજ ચુકાદો આપશે એમ માનીને સાક્ષી પ્રાણીઓ ધ્રૂજવા લાગ્યાં; તથાપિ તેઓ સર્વની અજાયબી વચ્ચે ન્યાયાધીશ સાહેબ વાંદરાજીએ એવો ચુકાદો આપ્યો કે—

"ફરિયાદણ બકરીબાઈનો દાવો બનાવટી અને રદ બાતલ છે, કારણ તેણી એક પણ નજરે જોનાર સાક્ષી રજૂ કરી શકી નથી. પ્રતિવાદણ કૂતરીબાઇનો દાવો વાજબી છે, કારણ તેણી કુંડીબંધ સાક્ષીઓ રજૂ કરી શકી છે. તેણી જાતે જબરી, વગવાળી, યુક્તિવાળી છે અને તેવી એક બાઇ કદી પણ

જૂઠું બોલે કિંવા ખોટો દાવો કરે નહિ. વળી જે સાક્ષીઓ તેણી તરફથી હાજર થયા છે તેઓ પણ પ્રમાણિક તથા આબરૂદારજ હોવા જોઇએ. બકરીએ આપેલા બે પુરાવા દેખીતા ઘણા મજબૂત લાગે છે, પણ તે હું એવી યુક્તિથી રદ કરૂં છું કે, બંને બચ્ચાંઓને શીખવી ફૂલવીને તેણીએ તેમની હક્કદાર માતા સામે બળવાખોર કરી મૂક્યાં છે. વળી એ બચ્ચાંઓનો રૂપરંગ બકરીના જેવાં લાગે છે તેનું કારણ એ કે, બકરીએ જાદુ તથા નજરબંદી કરીને આપણ સર્વની આંખો ફેરવી નાખ્યાથી આપણુનેએવું ખોટું દેખાય છે—અર્થાત્ બકરી ખોટો દાવો કરનાર, ડોળઘાલુ, લુચ્ચી, તર્કટી, ડાકણી ઇત્યાદિ ઇત્યાદિ છે; અને એ સર્વે સબળ કારણો તથા અર્થશાસ્ત્રની તકરારોથી હું છેવટનો ફડચો આપું છું કે, બંને બચ્ચાં નિર્દોષ કૂતરીબાઇને હવાલે કરવાં. લુચ્ચી બકરીને તેણીની આ અપ્રમાણિક વર્તણુક તથા ખોટી જુબાની અને ખોટા સોગંદ વગેરેના ભયંકર અપરાધો માટે એકદમ અહીં રહેંસી નાખવી, અને તેણીનું માંસ તથા લોહી આપણ સર્વેએ આપણી મહેનતના બદલામાં ઉજાણી કરીને વહેંચી ખાવાં. અલબત્ત, તેનો મોટો હિસ્સો આ નિર્દોષ કૂતરીનેજ મળશે. તથાસ્તુ !"

રંક બિચારી બકરી ! પોતાનો દાવો ખરો તથા મજબૂત છતાં પોતાનાં બચ્ચાં તો ખોઇ બેઠીજ, પણ તે જોડે પોતાનો પ્રાણ પણ ગયો.

બોધ—દુનિયા કાવાદાવાથી ભરેલી છે. તેમાં અનર્થો તથા અન્યાયો તરેહવાર જાતના અને તરેહવાર રીતે થાય છે. હક્કદારોના હક્ક લૂંટાય છે અને જેમનો હક્ક નહિ તેઓ

જીતે છે. ન્યાય મેળવવાના જુદા જુદા રસ્તાઓ હોય છે, પરંતુ હમેશાં ખરોજ ન્યાય મળે, હક્કદારોજ જીતે અને તરાપ મારનારાઓ હારે કે સજા પામે, એ નક્કી હોતું નથી. ન્યાયાધીશો, જ્યુરરે', ટીકાકારો કે મત આપનારાઓ જો મૂર્ખ, અપ્રમાણિક કે ખુશામતિયા હોય છે, અને હકદાર આસામી જો ગરીબ હોય છે તો ન્યાય ઉંધો વળે છે અને હક્કદાર હક્ક ખોઇ બેસે છે. જેનો હક્ક નહિ તે પોતાના પૈસા, લાગવગ, હથિયાર કે તેવાં બીજાં સાધનોનાં બળથી ફાવી જઇને પારકી મતાનો લહાવો લે છે, એટલા માટે રંક સ્થિતિમાં મનુષ્યોને ઘટે છે કે, શક્તિવાળાઓ સાથે વાંધામાં ઉતરવું નહિ. વાંધો પડે તો તે માટે લડત કરવા નીકળવું નહિ અને બનતાંલગી સર્વ નીવેડો ઘરમેળે સમજૂતીથી લાવવો. જો તેમ નહિ બની શકે તો "ભુંડાંનાં નામ ઉપર ધૂળનો ખોબો" એ નિયમે પરમેશ્વરનો ન્યાય અંતે પ્રબળ થશેજ એવો દૃઢ નિશ્ચય દિલમાં રાખીને પોતાનો હક્ક તુરત વેળા જતો મેલી નુકસાન ખમીને પણ ચૂપ બેસવું.

કથા ૫૬ મી–પોપટને પિંજરે બેઠેલો કાગડો

એક માણસ પોતાના પિંજરામાંના પોપટ પર વહાલ દેખાડી તેને સારાં સારાં ભોજન જમાડતો તથા લાડ લડાવતો હતો. તે જોઇ એક કાગડાએ વિચાર્યું કે, કેવો ભાગ્યશાળી આ પોપટ ! માણસ જેવું સર્વોપરિ પ્રાણી એના પર વહાલ દેખાડી લાડ લડાવે છે તથા એની સેવાચાકરી કરે છે! એમ

શાથી બનતું હશે ? એજ કે, એ પોપટ તેના પિંજરામાં બેસી પોતાને આવડે છે તેથી મધુર વાણી લલકારે છે. ભલે ! તો મારે શામાટે તેમ ન કરવું ? હું પણ પિંજરામાં બેસું અને મારી મધુર વાણી લલકારૂં કે મારા ઉપર પણ માણસો એમજ વહાલ દેખાડે.” થોડાક દહાડા ગયા પછી એક દહાડો તે પોપટનું પિંજરૂં ઉઘાડું રહેલું હતું, તે જોઈ આ કાગડો તેમાં ભરાયો. પેલો પોપટ જે સહવાસ પડી ગયાથી તેમાં હજુસુધી બેસીજ રહેલો હતો તેને તેણે ચાંચો મારી બહાર ઉરાડી મેલ્યો અને પોતાની પધરામણીની વધામણી ઘરધણીને કહેવા માટે “કા કા” કરી મોટે ઘાંટે બૂમો પાડવા મંડયો. ઘરધણી ઘરમાંથી બહાર નીકળી આ જોતાંજ ક્રોધાયમાન થયો, અને કાગડાને પકડી તેના પગે દોરડી બાંધી તેને એક ઝાડ સાથે લટકાવી મેલ્યો. એ મૂર્ખ કાગડો પોપટના જેવું સુખ પામ્યો તો નહિજ, પણ પોતાના જાતભાઈઓના ગભરાટ અને મહેણાં વચ્ચે ભૂખમરો અને વેદના ખમી અંતે મરણ પામ્યો.

બોધ–ડાહ્યા અને હુન્નરમંદ માણસો પોતાનાં ડહાપણ અને હુન્નર વડે માન, સુખ અને લાડ પામે છે. આપણે પણ જો તેવો લહાવો લેવો હોય તો તેમના જેવું ડહાપણ મેળવીને તે માટે તજવીજ કરવી, તે મેળવ્યા વિનાજ તેવો લહાવો લેવા જઇએ તો આપણું ફારસ થાય અને સુખને બદલે દુઃખ મળે. કહેવત છે કે “મોટા પાછળ નાનો જાય, મરે નહિ તો માંદો થાય.”

કથા ૫૭ મી–ઝુલ્ફાં અને આંખો

એક સુંદરી પોતાના માથાનાં ઝુલ્ફાંની શોભા ઘણી વધારતી અને તેમને કાન તથા આંખની વચ્ચે ગાલ સુધી ઝૂલતાં રાખતી. ઝુલ્ફાં તેથી અભિમાની બની આમથી તેમ ઉડતાં અને વારંવાર આંખો ઉપર આવી પડી તેની જોવાની ક્રિયામાં અડચણ કરતાં. તેથી કંટાળી આંખે તેમને કહ્યું કે "કૃપા કરી તમો અમારા ઉપર આવી પડી અમને હરકત ના કરો, ને લાડ કરવાં હોય તો તે તમારે માર્ગે રહીને કરો." ઝુલ્ફાં એનો અનાદર કરી બોલ્યાં કે "અમારાથી તેમ બનશે નહિ; અમારૂં કામ શોભા દેખાડવાનું અને લાડ કરવાનુંજ છે; તે કશા પણ અટકાવ વગર અમે કરીશું. તમને તેથી અડચણ થતી હોય તેની અમને થોડીજ દરકાર છે." આંખે કહ્યું કે "તમારૂં અભિમાન નકામું છે. શોભા ને લાડ કરતાં ઉપયોગીપણું વધારે અગત્યનું છે. આ સુંદરીને સૃષ્ટિની વસ્તુઓ જોવા તથા પોતાનો વ્યવહાર ચલાવવા માટે અમો ઉપયોગી છીએ અને અમારી તેને મોટી જરૂર છે. તમો નહિ હશો તો તેણીને ચાલશે, પણ અમારા વગર ચાલશે નહિ. અમારા રક્ષણ માટે તમોને કાપી નાખવાની પણ જરૂર પડે તો તેમ પણ તેણી કરશે."

બોધ—શોભાની વસ્તુ કરતાં ઉપયોગની વસ્તુ વધારે કિંમતી અને જીવતર માટે અવશ્યની છે. આપણામાં માત્ર ભપકો સપકો હોય, પણ ઉપયોગીપણું ન હોય તો તે પર અભિમાન કરવામાં ડહાપણ નથી. તે અભિમાન સમજુઓમાં વજન પામશે નહિ. એક માણસમાં ઉપયોગીપણું હોય અને

ભપકો સપકો નહિ હોય તો પણ લોકોમાં તે વખણાશે, માટે ભપકાદાર માણસે ઉપયોગી માણસ પર સરસાઇ ભોગવવાનો દાવો કરવો ફોકટ છે.

કથા ૫૮ મી–વરૂ તથા બકરી વચ્ચે વાંધો અને રાની બિલાડાનો ઈન્સાફ

એક બકરી અને વરૂની માદા વચ્ચે અચાનક મૈત્રી થઈ. તેઓ વચ્ચે પરસ્પર ભેટ સોગાદ ચાલે, તેમાં બાપડી બકરીને બહુ ખોવાનું થાય. વરૂ એક પાઇના જેટલી ભેટ બકરીને કરીને રૂપીઆના જેટલો લાભ તેના પર લે. બકરી નિરુપાયે તે લઇ ચલાવ્યા કરે. એક પ્રસંગે વરૂએ બકરીને પોતે મારી ખાધેલા એક પ્રાણીના સૂકા હાડપિંજરની ભેટ કરી અને તેના બદલામાં આખું તેણીનું બચ્ચુંજ મારી ખાધું ! આ અન્યાય બાપડી બકરીથી સહન થઇ શકયો નહિ. તેણીએ વરૂની મિત્રાચારી પર પૂળો મૂકી તેના પર ખૂનનું તહોમત મૂકી ફરિયાદી માંડવાનો નિશ્ચય કર્યો. વરૂને તેથી ગભરાટ ઉત્પન્ન થયો અને આ તહોમતમાંથી છટકી જવાને તેણે ઉપાય શોધવા માંડયા. એક રાની બિલાડો, જે વરૂ તથા બકરી બન્ને સાથે મિત્રાચારી ધરાવતો હતો, તે તેની વિનતિથી વચ્ચે પડયો અને બકરીને તેણે એવું સમજાવ્યું કે "તમારૂં બચ્ચું માર્યું ગયું તેથી ખચીત તમને દુઃખ તો થતું હશેજ; પરંતુ પોતાના મિત્ર સામે એકદમ ધારાનો સખત ઉપાય લેવો એ સારા પ્રાણીનું કિંવા મિત્રાચારીનું લક્ષણ નથી, માટે મારી મિત્રાચારીભરેલી

સલાહ તમને એટલીજ છે કે, આ વાંધાનો નીવેડો તમે લવાદીથી લાવો. જો તમને અડચણ ન હોય તો હું પોતેજ લવાદ થઇશ અને પરમેશ્વરને સન્મુખ માની તમારો ન્યાય વાજબી રીતે કરીશ." ભોળી અને દુઃખી બિચારી બકરી ! આ સમજાવટથી રાજી થઈ અને વાંધો લવાદ પર ગયો. રાની બિલાડાએ બંને તરફના સાક્ષી પુરાવા લઇ છેવટે એવો ફડચો કર્યો કે "વાંધાનું મૂળ ભેટ સોગાદ છે. બંને તરફની ભેટ સોગાદનું તોલ કરતાં વરૂની ભેટ બકરીને ત્રણગણી થઈ છે. તેના બદલામાં વરૂએ બકરીનું બચ્ચું મારી ખાધું તે ઘણું નહિ કહેવાય. બચ્ચું ખાતાં પણ હજુ તેનું લેણું બકરી પર ચાલુ રહે છે. વળી વરૂએ બકરીની ભુંડાઇનો બદલો ભલાઇમાં વાળ્યો છે તેથી હું ઠરાવું છું કે, વરૂએ આ ગુનેહગાર ઠરેલી બકરીને સુખે મારી ખાવી !" એ ચુકાદા પ્રમાણે તરતજ વરૂએ તે ગરીબ નિર્દોષ બકરીને મારી ખાધી; અને રાની બિલાડાએ પક્ષ કરીને પોતાની સેવા બજાવી તે માટે આ બકરીના માંસનો થોડોક ભાગ તેને પણ આપ્યો.

બોધ–શક્તિવાળા ભુંડા માણસો સાથે ઓછી શક્તિવાળાઓએ કામ પાડવું નહિ. તેઓ સાથે કામ પડતાં શક્તિવાળાં માણસો ઓછી શક્તિનાં માણસો ઉપર ખચીત લાભ લેશે, અને તેઓ વચ્ચે તેથી વાંધો ઉત્પન્ન થશે. એવા વાંધાનું છેવટ શક્તિવાળાની લાગવગ અને તેઓ તરફથી મળતી લાલચને લીધે ઘણું કરી તેમનાજ લાભમાં આવશે; માટે એવા વાંધાનો ફડચો કરવાનું કામ બનતાં સુધી પરભાર્યા અને સ્વતંત્ર પુરુષોને સોંપવું, જેથી વાજબી ફડચો થવાનો થોડો

પણ સંભવ રહે છે. મિત્ર જેવાઓને તે કામ સોંપવું નહિ, કેમકે તેઓ વાંધાનું સ્વરૂપ જોઇને નહિ, પણ પક્ષકારોનાં મોઢાં તથા સ્થિતિ જોઇને પોતાનો અભિપ્રાય આપે છે અને તેથી મોટા પક્ષકાર પોતાના ખોટા દાવામાં પણ ફાવી જઈ બાપડા ગરીબ પક્ષકારનું સત્યાનાશ વાળે છે.

કથા ૫૯ મી—કરજ કરી મોજ ભોગવનારી વાઘણ

એક વાઘણ ઘણી ઉડાઉ અને મોજી હતી. પોતે જે શિકાર કરે તે ઉડાઉપણે ખાઈ જાય. તેમાંથી કાંઇ બચાવે તો નહિજ, પણ સામું બીજાં ખુશામદખોર પ્રાણીઓને ખવડાવી દે. એટલુંજ કરી તેણી અટકે નહિ પણ એક વરૂ પાસેથી ઉછીના શિકારો મેળવી ખાતી જાય અને તે કરજના પેટામાં પોતાનાં બચ્ચાં તેને ત્યાં ગીરો મેલતી રહે. એમ કરતાં તેણી ઘરડી ને રોગિષ્ટ થઇ અને જાતે શિકાર કરવાને અશક્ત થઇ પડી. પેલા વરૂનું લેણું તેણે હજીસુધી બિલકુલ ભર્યું નહોતું; તેથી તે દેવું પણ વ્યાજ અને ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે વધી ગયું હતું. વરૂએ છેવટે ધીરજ ખોઇ ચાંપતી ઉઘરાણી કરી. વાઘણ તેને એટલોજ જવાબ દઇ શકી કે, મારાં બચ્ચાં જે તમારી પાસે છે તે મોટાં થઈ મારૂં કરજ ભરપાઇ કરશે; પણ વરૂએ તે માન્યું નહિ. સામી તેણે બીક દેખાડી કે, એ બચ્ચાં તો મોટાં થઈ મનેજ ખાવા માગશે, એમ જણાવી તરતજ તેણે તે બચ્ચાંઓને પોતાના લહેણા પેટે મારી ખાધાં. વાઘણના દુઃખનો તેથી પાર રહ્યો નહિ. જે પ્રાણીઓને તેણે આગળ મોજ કરાવી હતી તેઓએ કશો આશરો આપ્યો નહિ અને તે બાપડી

ભયભરેલી દરિદ્રતા વચ્ચે મરણ પામી.

બોધ–કરજ એ મોટો અનર્થ છે. બનતાંલગી તે કરવું નહિ અને ભોગજોગે જો કરવું પડે તો તેને ફેડવાની તજવીજ સર્વથી પહેલી કરવી. આપણી આવકના વખતમાં કરકસરથી ખર્ચ કરી કાંઈ પણ બચાવવું જોઈએ, જેથી આપણા નબળા વખતમાં કામ લાગે. જેઓ તેમ કરતાં નથી તેઓ કરજમાં ફસી પડે છે; અને એકવાર થોડું પણ કરજ થયું કે તેને વધી જતાં વાર લાગતી નથી. કરજ ઉકરડા સમાન છે. જ્યાં કચરાનો એક ટોપલો આવી પડ્યો ત્યાં બીજા પણ આવી પડવાનાજ. કચરો આવી પડતાંજ જો ઝટ તેને ઉઠાવી જગા સાફ કરી નાખી તો ફરી ત્યાં કચરો પડશે નહિ અને ઉકરડો નીકળી જશે. વળી કહ્યું છે કે કરજ, રોગ, અગ્નિ અને સર્પ, એ નાનાં હોય તોપણ મોટું નુકસાન કરે છે; માટે તુરતજ તેને ટાળવાનો ઉપયોગ કરવો.

કથા ૬૦ મી—તાડ અને પીપળો

એક વગડામાં તાડ અને પીપળો સાથેજ ઉગેલા હતા. એવી રીતે કે તાડ જાણે પીપળાના થડની અંદરથી ઉગી નીકળ્યો હોય અને પીપળો જાણે તેને ભેટી પડીને ઉભો હોય. એક વટેમાર્ગુએ આ ખેલ જોઈ તાડને કહ્યું કે "ઉંચા તાડ! તું આ નીચા પીપળાની સાથે ઉગ્યો છે તેમાં તારી શોભા ને સગવડ બંને ઓછાં થતાં મને લાગે છે. એ કરતાં તું પોતાના જાતિલા તાડો સાથેજ ઉગ્યો હોત તો કેવું સારૂં!" તાડે ઉત્તર વાળ્યો કે "ભાઈ! આ પીપળા સાથે મને એવો

સહવાસ પડી ગયો છે કે તું ધારે છે તેવી અગવડ મને મુદ્દલ લાગતી નથી. સામું સુખ ને સગવડ લાગે છે. મારા જાતભાઈ તાડો મારાથી બહુ છેટા છે અને આ પરજાતિ પીપળો મારી પાસે છે, માટે મારા મનથી એજ મારા જાતભાઇ સમાન છે.”

બોધ–સગાં-વહાલાં આપણાથી દૂર હોય અને આપણને કામ ન લાગે, તો તેઓ પારકાં સમાન છે; પણ જે પારકાં આપણી સાથેનાં સાથે રહે અને સુખે દુઃખે આપણને કામ લાગે તેઓ આપણાં સગાંવહાલાં જેવાં થઈ પડે છે. હેતવગરનાં સગાં-વહાલાં કરતાં હેત ધરાવનાર પરાયાં ભલાં.

કથા ૬૧ મી–વખતબાવા અને મનુષ્ય

એક મોજી માણસ ભાણામાં સારાં સારાં પકવાન્નો પીરસી જમવાની તૈયારીમાં હતો. તેને વિચાર આવ્યો કે, આવું સરસ ભોજન પા અથવા અર્ધા કલાકમાં જમ્યા પછી તેની મોજ એકદમ અલોપ થઈ જાય તે કરતાં વધુ વખત તે ચાલુ રહે તો કેવું સારૂં! આ કારણસર વખતને રોકી રાખવાની તેણે જરૂર વિચારી; પણ વખત અટકાવેલો અટકતો નથી, એમ તે જાણતો હતો; તેથી તેને અટકાવવા માટે એક યુક્તિ રચી. વખતને તેણે કહ્યું કે “વખતબાવા! મારી ઇચ્છા થઇ છે અને હું તમને માનપૂર્વક નોતરૂં આપું છું કે, હમણાં તમે મારી સાથે જમવા બિરાજો. ખાણું બહુ સ્વાદિષ્ટ છે. મારી ખાત્રી છે કે, એ ભોજન

જમવાથી તમને બહુ આનંદ થશે." વખતે કહ્યું: "તમારી કૃપા માટે ઉપકાર માનું છું સાહેબ! પણ મારાથી એ બનશે નહિ. મારે મારૂં કામ નિયમિત રીતે બજાવવું જોઇએ." એમ કહીને વખતબાવા સડસડાટ આગળ નીકળી ચાલ્યા; અને તેને રોકવા ઇચ્છતા માણસને ભોજન જમવા વગરજ કામે વળગવું પડયું; કેમકે ભોજન જમવાનો નીમેલો વખત પૂરો થઇ કામ કરવાનો વખત શરૂ થયો હતો.

બોધ–વખતની ગતિ અચૂક છે. તે નિરંતર એકસરખી રીતે વહ્યો જાય છે. કોઇનો અટકાવેલો તે અટકતો નથી, કોઇનો લલચાવેલો તે લલચાતો નથી અને કોઇનો ગભરાવેલો ગભરાતો નથી. માણસોએ જો તેનો લાભ લેવો હોય તો તેને આવતોજ પકડી પોતાનાં કામો નિયમિત વખતે કરી લેવાં. વખત ચૂકયા કે કામ થવું કઠણ. વખત ચૂકયા તો જાણે ભવ ચૂકયા. **ગયેલા પૈસા પાછા આવે છે, પણ ગયો વખત કદી પાછો મળતો નથી.**

કથા ૬૨ મી–ગાય, ભેંસ અને વરસાદ

ચોમાસાની ઋતુમાં અષાઢ માસની અધવચે ગાય અને ભેંસ ઘાસના એક વાડામાં ચારો ચરતાં હતાં. તેવામાં એકદમ વરસાદ તૂટી પડયો. ગાય તેથી ત્રાસ પામી ધ્રૂજતી અને કાંપતી ભેંસને કહેવા લાગી કે "બહેન! વહેલી થા. આપણે અહીંથી નાસી જઇ કોઈ ઠેકાણે ભરાઇ બેસીએ. આ મેહુલાની વૃષ્ટિનું દુઃખ મારાથી સહન થઈ શકતું નથી.

પરમેશ્વરે એવો દુઃખદાયક મેહુલો શા સારૂ સરજ્યો હશે ?" ભેંસે કહ્યું કે "બહેન ! મેહુલાથી તને દુઃખ થતું હોય તો સુખે તું નાસી જા. મને આ વૃષ્ટિમાં ભીંજાવાથી ને એના કાદવમાં લપટાવાથી ઠંડક વળી આનંદ થાય છે; હું તો અહીંજ ભીંજાતી ઉભી રહીશ અને ચાહીશ કે, એવો સુખદાયક વરસાદ સર્વદા વરસતો રહે.

બોધ–કુદરતનાં કામો સામાન્ય રીતે માણસો તથા પ્રાણીઓના લાભને માટે હોય છે; પરંતુ તે સર્વ કોઇને એકસરખી રીતેજ માફક આવે એમ નથી. ઘણાંને તેથી સુખ થાય છે તો થોડાંને દુઃખ. એક તે માટે રાજી થાય છે તો બીજું નારાજ; પણ તેથી એમ નથી ઠરતું કે, તે કામો ન થવાં જોઇએ. કુદરતનું એક કામ આપણને માફક ન આવતું હોય પણ બીજાં ઘણાંને જો તેથી લાભ થતો હોય તો તેને માટે સંતોષ માનવો ઉચિત છે.

કથા ૬૩ મી—ફૂલના દડામાંનાં પરચુરણ ફૂલો અને ગુલાબ

એક શોખીલી માળણે ફૂલોનો એક મોટો ને સુંદર દડો બનાવ્યો. તેમાં મોગરા, ચંબેલી, જાઇ, જુઇ, ગુલછડી, સેવંતી આદિ નાના પ્રકારનાં ફૂલોને આસપાસ ગોઠવી વચ્ચે ગુલાબનું ફૂલ ગુંથ્યું. તે ગુલાબમાં આથી અહંકાર ઉત્પન્ન થયો અને પોતાની સાથનાં ફૂલોને અપમાન કરી બોલ્યું કે "તમે સર્વ ફૂલો શા ખપનાં ? સંખ્યામાં તમો સેંકડો

છો, પરંતુ મારા એકલાની બરાબરી કરી શકતાં નથી. માલણે મારી વાજબી પિછાન કરી મને તમારે માથે મેલ્યું છે.” સર્વ ફૂલોને આથી બહુ દુઃખ લાગ્યું અને તેઓ રીસે ભરાઇ દડાથી છૂટાં પડી ગયાં. ગુલાબ તેથી એકલ ડોકલ રહી ગયું અને પ્રથમના જેટલું વજન તેને કોઇએ આપ્યું નહિ, એટલુંજ નહિ પણ તે દડો બગડી ગયેલો ગણી તેના સોટાને ગુલાબ સાથેજ કચરામાં ફેંકી દીધો.

બોધ–રાજાએ પ્રજાને, શેઠે નોકરને અને શ્રીમંતે ગરીબોને હલકાં કે નકામાં ગણી તેમનો અનાદર ન કરવો જોઇએ. રાજા, શેઠ અને શ્રીમંત ઈત્યાદિ મોટા ગણાય છે ખરા, પણ તેમની મોટાઇ પ્રજા, નોકરો અને ગરીબો વડે છે. પરસ્પર બંનેને એકબીજાનું કામ પડે છે, માટે પરસ્પર ઘટતું માન આપી ચાલવું. જે રાજા અથવા શેઠ એ નિયમ પ્રમાણે વર્તે છે, તે પોતાની પ્રજા, નોકરો અને ગરીબોથી માન, પ્રીતિ અને ખરી સેવા મેળવે છે; પણ જેઓ મનમાં અહંકાર આણીને પ્રજા, નોકરો અને ગરીબોને હીણે છે, તેઓ માન, પ્રીતિ અને સેવા સર્વ ખોઇ અંતે અળખામણાં અને કંગાલ બને છે. વખતે તેમનો નાશ પણ થાય છે.

કથા ૬૪ મી–બ્રાહ્મણ અને શ્રીમહાદેવજી

એક બ્રાહ્મણે પોતાના દિલની મોટી આશા પૂર્ણ કરવાની ઇચ્છાથી શ્રીમહાદેવજીની માનતા રાખી એવો નિશ્ચય કર્યો કે, જયાંસુધી મારા દિલની આશા પૂર્ણ ન થાય ત્યાંસુધી દરરોજ અમુક વખતે શ્રીમહાદેવની મૂર્તિ પાસે જઇ એકચિત્તે તેમની પ્રાર્થના કરવી. ઘરસંસારની સર્વ સગવડો અને સુખોનો ભોગ આપી તેણે એ પ્રમાણે કરવા માંડયું, અને એક, બે, ત્રણથી આગળ વધી આખા ૨૯ દહાડા પસાર થયા. તેમ છતાં શ્રીમહાદેવજી પ્રસન્ન થયા હોય એવાં ચિહ્નન તે બ્રાહ્મણને દેખાયાં નહિ. અંતે ધીરજ અને નિશ્ચય છોડી દઇ કપાળ ફૂટી મૂર્તિનીજ સમક્ષ તે બોલ્યો, “ મારૂં હતભાગ્ય ! આટલા બધા દહાડા સુધી કામધંધાનો તથા સુખસગવડનો ભોગ આપી, કષ્ટ વેઠી મેં શ્રીમહાદેવજીની યાચના કરી, પણ તેઓ મારા પર પ્રસન્ન થયા નહિ, એ દુઃખ મારાથી કેમ સહન થાય ? ભાવિક ભકતો કહી ગયા છે કે, એક નિશ્ચયથી કરેલું કામ અંતે સફળ થાય છે; પણ મને તે ખોટું લાગે છે. હું તો હવે ધારૂં છું કે, મહાદેવજી જેવું કાંઈ છેજ નહિ, અને જો હોય તો તેમને પુણ્યવાન અને પાપી મનુષ્યોની પરીક્ષા કરતાં આવડતું નથી. ” આમ બોલી જેવો તે ગુસ્સાભેર ઉઠવા જાય છે કે મહાદેવજી પંડે સાક્ષાત્ ત્યાં પ્રકટી નીકળ્યા; અને બોલ્યાઃ “ હીનભાગ્ય પુરુષ ! તેં ધારેલા કાર્યની સિદ્ધિ ન થઇ તે માટે તું મને દોષ દે છે તે તારી ભૂલ છે. દોષને પાત્ર તો

તું પોતેજ છે. તારી સાચા દિલની ભક્તિથી રીઝી હું તો ખરેજ તારા પર પ્રસન્ન થયો હતો, અને તારા દિલની આશા પૂર્ણ કરવાની તૈયારીમાં હતો. માત્ર એકજ દિવસની ઢીલ હતી; પણ તેટલામાંજ તેં ધીરજ ખોઇ તારી ભક્તિનો નિશ્ચય તોડયો તેથી તારી આશાનો ભંગ થયો છે. ભક્તિમાન્ માણસના કરતાં ધૈર્યવાન માણસ જય પામવાને વધારે લાયક છે, અને તેના પર હું વધારે પ્રસન્ન થાઉં છું; પરંતુ તારામાં ધીરજ નહિ મળે અને તેટલા માટે મારી પ્રસન્નતા તને મળી શકનાર નથી.” મહાદેવજી એમ કહી અલોપ થઇ ગયા, અને બાપડો બ્રાહ્મણ હાથ ચોળતો બેઠો.

બોધ–કોઇ પણ કામ હાથ ધાર્યું કે તે પૂરૂં થાય ત્યાંસુધી ધીરજ અને ખંત રાખી તેની પાછળ મંડયા રહેવું. મોટાં કામો માથે લેતાં પ્રથમ તેમાં નિષ્ફળતા પણ મળે છે, પણ તેથી નિરાશ થઇ ધીરજ ખોવી નહિ, તથા તે કામને અધુરૂં મેલવું નહિ. મુશ્કેલીઓના ઉપાય કરતા જઇ તે કામને આગળ ચલાવ્યાજ કરવું. તેમ કરવાથી વહેલે નહિ તો મોડે, ઘણું નહિ તો થોડું પણ કામ પાર પડયા વગર રહેશે નહિ. એવા નિશ્ચય અને ધીરજ વગર જેઓ કામ માથે લે છે તેઓને તેની પાછળ લીધેલી મહેનત તથા ખરચેલો પૈસો ફોકટ જાય છે.

કથા ૬૫ મી–ચશ્માવાળો ઘુવડ

આ સુધરેલા ગણાતા વખતમાં ઘણાં ઘણાં માણસો ચશ્મા પહેરી ફરે છે. તે જોઇ એક ઘુવડને એવો વિચાર સૂઝયો કે, હું પણ ચશ્મો પહેરૂં કે તે વડે ધોળે દિવસે બીજાં પક્ષીઓની માફક હું ફરી શકીશ! વળી તેથી મારી ખૂબસુરતી વધશે અને સુધારાવાળા તરીકે મારી નામના થશે! તેણે તેમ કર્યું; પણ તેથી દિવસના વખતે તે આંખની રોશની મેળવી શકયું નહિ; અને સામું સર્વ પ્રાણીઓની હાંસીમાં આવી પડયું. તેઓ તેની મશ્કરી કરીનેજ અટક્યાં નહિ, પણ તેને માર મારી હડધૂત કરવા લાગ્યાં. ગરીબ બાપડું મૂર્ખ ઘુવડ! નિરાશ થઇ પોતાનાં જાતભાઇઓમાં પાછું ગયું; પણ ત્યાં તો ઉલટી તેની હાડમારી વધી ગઇ. સઘળાં ઘુવડો તેનો ચશ્મા સાથેનો વિચિત્ર દેખાવ જોઇ ગભરાટમાં પડયાં, અને તેને અધમ થયેલું સમજી તેનાથી આઘાં રહેવા લાગ્યાં.

બોધ–પારકાઓની નકલ કરવી સહેલ છે, પણ તે નકલ પોતાનાઓ વચ્ચે નભવી મુશ્કેલ છે. જ્યાંસુધી પોતાની સ્થિતિને તથા પોતાના જાતભાઈઓને માફક આવે નહિ ત્યાંસુધી પારકાંની રીતભાતની નકલ કરવી નહિ. એવી સંભાળ રાખ્યા વગર જો નકલ કરીએ તો પોતાનાં તેમજ પારકાં બંનેમાં અળખામણાં થઇ પડીએ, અને આપણી સ્થિતિ "ધોબીનો બળદ નહિ ઘરનો કે નહિ ઘાટનો" એવી થાય.

કથા ૬૬ મી–કૉલેરા અને ડૉકટર

એક માણસને પ્રાણઘાતક કૉલેરા થયો. તેને સાજો કરવાને ડૉકટરે ચાંપતા ઉપાય ચાલુ કર્યા. તે ઉપરથી ક્રોધાયમાન થઇ કૉલેરાએ ડૉકટરને ધમકી આપી કે "ડૉકટર સાહેબ! તમે શું બે માથાં રાખો છો? તમે શું મને પીછાનતા નથી, કે સેંકડો માણસોને એક તડાકે મારી નાખવાનું બળ હું ધરાવું છું, અને આ વેળા મારૂં કામ હું વધારે ઘાતકીપણે બજાવું છું! શા માટે તમે મારા કામની વચ્ચે આવ્યા છો? તત્કાળ તમે અહીંથી નાસી જાઓ; નહિ તો મારા આ શિકારને છોડી હું તમને પોતાનેજ પટકી નાખીશ." ડૉકટરે તિરસ્કારથી જવાબ દીધો "દુષ્ટ રાક્ષસ! તારી ધમકીથી હું બીનાર નથી. મારે મારી ફરજ બજાવવીજ જોઇએ. મારૂં કામ તમારા જેવા દુષ્ટ રોગોથી માણસોને બચાવવાનું છે, અને તે માટેજ હું ડૉકટર કહેવાઉં છું. તારી ધમકીથી હું હઠી જાઉં તો પછી ડૉકટર શાનો?" આમ કહી તે હિંમતવાન ડૉકટરે પોતાના ઉપાય ચાલુ રાખ્યા, અને કૉલેરાના દરદીને સાજો કરી તેણે જશ મેળવ્યો.

બોધ–સારાં કામોમાં આપણી ફરજ બજાવતાં નઠારાં માણસોથી બહુ ખમવું પડે છે, તેઓ તરેહવાર ધમકી આપી તથા હરકતો નાખી આપણને અટકાવવા માગે છે; પણ તેથી ડરી જઈ આપણી ફરજથી પાછા પડવું નહિ. હિંમત અને દૃઢતાથી ફરજ બજાવવી. જેઓ તેમ કરે છે તેમને પરમેશ્વર સહાય થાય છે, અને છેવટે તેઓ જય અને જશ પામે છે.

કથા ૬૭ મી–અગરબત્તી અને રોશની

એક માણસે એક રાત્રે પોતાના ઘરમાં અગરબત્તી સળગાવીને મેલી. તેની સુગંધથી તે બહુ મગ્ન થયો; પણ તે દીવાના જેવી રોશની ન હતી અને ઓરડામાં તે અજવાળું પાડતી ન હતી, તેથી દિલગીર થઇ બોલ્યો કે "સુગંધી અગરબત્તી ! તારા અમૂલ્ય સુગંધ સાથે તારામાં જો દીપક સમાન રોશની પણ હોત તો કેવું સારૂં ? હું જયારે તારી સુગંધથી આનંદ પામું છું ત્યારે તને રોશનીરહિત જોઇ નિરાશ થાઉં છું. હું ઇચ્છું છું કે, સુગંધ જોડે તું રોશની પણ આપતી થાય." અગરબત્તીએ ઉત્તર વાળ્યો કે "ભાઇ ! સુગંધના મારા એકજ ગુણથી તું સંતોષ પામ. હું જો રોશની આપતી થાઉં તો સુગંધ આપવાનો મારો ગુણ જતો રહેશે. મારાં કામ અને બનાવટ, સુગંધ આપવાનાં છે; રોશની આપવાનાં નથી."

બોધ–જેમનાથી આપણે એક લાભ મેળવતા હોઇએ, તેમનાથી બીજો લાભ પણ મળવોજ જોઇએ, એમ સમજવું નહિ. બીજો લાભ મેળવવાની લાલચ કરવાથી પહેલો લાભ જતો રહેવાનો સંભવ છે. માટે થોડા લાભ પર સંતોષ માની ઘણા લાભનો લોભ રાખવો નહિ. " લોભ પાપનું મૂળ " એ કહેવત પ્રસિદ્ધ છે.

કથા ૬૮ મી–વાંદરો અને બંદુક

છાપરે છાપરે કૂદતો એક વાંદરો નવરાશે એક શખસના ઘરમાં પેઠો. ત્યાં એક બંદુક કે જે દારૂ ભરી ટોટી મેલીને નિશાન તાકવા માટે તૈયાર કરી રાખેલી હતી, તે તેના જોવામાં આવી. તરતજ એ બંદુક તફડાવી તે બહાર નીકળી પડયો. તે જાણુતો હતો કે, માણુસો બંદુક ફોડીને બીજાં પ્રાણીઓને ડરાવે છે તથા તેમનો શિકાર કરે છે; તેથી તેણે મનમાં એવી આશા બાંધી કે, આ બંદુક વડે હું પણ બીજાં પ્રાણીઓને, એટલુંજ નહિ પણ માણુસોને પણ બૂમ પડાવીશ. એમ વિચારી તેણે તે બંદુકને આમ તેમ ફેરવવા અને ઠોકવા માંડી, જેથી તેનો ઘોડો ટોટી સાથ લાગી તે ઝટ ફૂટી ગઇ, અને તેના ધડાકાથી તે વાંદરો ભયભરેલી રીતે દાઝીને મરણુ પામ્યો.

બોધ–અજાણી જગાએ જતાં, અજાણ્યા માણુસ સાથે કામ પાડતાં તથા અજાણી વસ્તુનો ઉપયોગ કરતાં બહુ સંભાળ રાખવી. જે કામની આપણુને આવડત ન હોય અને જે કામમાં જોખમ સમાયલું હોય, તેવા કામમાં એકદમ હાથ ઘાલવો નહિ. હથીઆરો વાપરી જાણુતાં આવડતું હોય તોજ તેનો ઉપયોગ કરવો; નહિ તો ખાલી પીડા ખમવી પડશે.

કથા ૬૯ મી–જામફળી અને તેનું પ્રથમ ફળ

એક જુવાન જામફળીના ઝાડ ઉપર પહેલીજ વેળા નવુંસવું ફળ આવ્યું. તેનો માલીક તે જોઇ હરખ પામ્યો, અને વાંદર કે પોપટ જેવાં પ્રાણીઓ તે ફળ ખાઈ ન જાય તે માટે તેના પર લૂગડું વિંટાળ્યું. પણ જામફળી અનુભવ વિનાની હોવાથી તેને તે ગમ્યું નહિ. તેણે વિચાર્યું કે "મને ફળ આવ્યું એ મારી મગરૂરી અને શોભા છે. જે કોઇ તેને જોશે તે મારાં વખાણ કરી મારા પર માયા દેખાડશે. મારાં સુંદર કિંમતી ફળને ઢાંકેલું શામાટે રાખવું જોઇએ ?" એમ વિચારી પેલો માલીક ન જાણે તેમ તેણે તે ફળ ઉપરનું લૂગડું કાઢી તેને ખુલ્લું કરી નાખ્યું. એટલામાં ત્યાં એક વાંદરો આવી ચઢયો અને ફળને જોતાંજ, કાચું ને કાચું તોડી લઇ નાઠો. જામફળીને તે માટે બહુ પસ્તાવો થયો, અને પોતાની મૂર્ખાઇ માટે તે પોતાને શાપ દેવા લાગી.

બોધ–નાની ઉંમરનાં અણુસમજુ બાળકો ઉપર તેમનાં વડીલો જાપ્તો રાખે છે તે તેમના લાભ માટેજ હોય છે, પણ ઘણાંને તે વાત પસંદ પડતી નથી અને તેને જુલમ ગણીને તેમાંથી છૂટવાની તજવીજ તેઓ કરે છે; પણ તેથી તેમને મોટું નુકસાન ખમવું પડે છે; માટે વડીલોના જાપ્તાને પોતાના હિતના સમજીને બાળકો તથા જુવાનોએ તેમને આધીન રહેવું જોઈએ.

કથા ૭૦ મી–કાણો શિયાળ

એક શિયાળ એક ખેડુતની ઝુંપડીમાં ભરાયો. ખેડુતે તેને લાકડી મારી પણ તે તેની પીઠ પર ન લાગતાં મોઢા પર લાગવાથી તેની એક આંખ ફૂટી ગઇ અને તે કાણો થયો. તેની એ ખોડ જોઇને વગડામાંનાં સઘળાં પ્રાણીઓ તેનાથી છેટાં રહેવા લાગ્યાં. શિયાળે ખેદ પામી તેઓને કહ્યું કે "ભાઇઓ! હું કાણો થયો તે કંઇ મારો અપરાધ નથી કે તમો મને હલકો ગણીને આઘાં રહો છો; પણ એ તો મારૂં એક દુઃખ છે કે જેને માટે તમોએ મારી દયા ખાવી જોઇએ." તેને એવો જવાબ મળ્યો કે "ભાઈ! રીસ ન કરો તો સાચું કહીએ. તમે એક તો જાતનાજ શિંયાળ એટલે પ્રપંચી તો ખરાજ. તેમાં વળી તમારામાં કાણાપણાની ખોડ પેઠી, એટલે તમે અમોને વધારે ધાસ્તી ભરેલા લાગો છો."

બોધ–મૂળથી જે પ્રપંચી માણસ હોય તેનામાં જો એકાદ નવી ખોડ વધે તો તેનાથી વધારે સાવચેત રહેવું જોઇએ.

કથા ૭૧ મી–મૂંગો થયેલો પોપટ

એક માણસે એક પોપટને પકડી પાંજરામાં પૂર્યો. પોપટ લગાર ખંધો હતો તેથી છૂટવાને માટે તે મૂંગો અને બહેરો હોય તેવો ઢોંગ લઇ બેઠો. પેલો માણસ તેને ઘણુંએ કહે તે સાંભળે નહિ અને બોલાવે તો બોલે પણ નહિ. તે માણસ વળી તેના કરતાં ખંધો હતો. પોપટની ધારણા તે સમજી ગયો, અને તેને ઠેકાણે લાવવા માટે તેણે એક

યુક્તિ કરી. પોતાના નોકરને બોલાવી તેણે કહ્યું: “ જરા પેલા મીયાંને બોલાવ, એટલે આને વેચી દઇએ. આપણે તો આ કશા કામનો નથી ને મીયાંને તે મારી ખાવા કામ લાગશે.”

બોધ–ખોટા ઢોંગ કરવાથી છેવટે હલકા પડવું પડે છે, માટે તેવું કરવું પડે નહિ.

કથા ૭૨ મી–વાઘને હાથે ફસી મુવેલો બળદ

એક બળદને તેના કુટુંબ સાથે વાંધો પડયાથી તે રીસાઇ ગામ છોડીને વનમાં નીકળી ગયો. વનમાં તે દુઃખે પાપે દહાડા પૂરા કરતો હતો, તેવામાં એક વરૂ તેની પૂંઠે પડયું. વરૂ તેને ફાડી ખાત, પણ તેટલામાં એક વાઘ ત્યાં આવી ચઢયો. વાઘે વરૂને મારી નાખી પછી બળદને પણ સપાટામાં લીધો. બળદે પોતાને મરવાની અણી પર જોઇ, આંખોમાંથી આંસુ પાડી વાઘને વિનતિ કરી કે “ રે વનના મહારાજા! આપ આ વનના રાજ્યકર્તા અને વળી મોટા મનના પ્રાણી છો. હું દુઃખનો મારેલો ને નિરુપાય થયેલો એક રંક બળદ છું, અને આ વેળા તમારે શરણે છું, તો મને જીવતદાન દો ને તમારે શરણે લો. મારાથી બનતી તમારી સેવા બજાવી, તમારી કૃપાનો બદલો વાળીશ.” વાઘને તે વેળા દયા આવી ને તેને જીવતદાન દઇ પોતાને ઘેર લાવી રાખ્યો, પણ વાઘની દયા બળદને બહુ ભારે થઇ પડી. વાઘ પોતાના સ્વભાવ પ્રમાણે તેના પર વારંવાર ઘાતકી-

પણું વાપરે અને તેનાથી ન થાય એવાં કામો કરાવે. તે તન તોડીને કામ કરે તોપણ તેને લેખામાં લે નહિ અને વળી ટોણાટપલાથી તેનું હૃદય વિંધી નાખે. એટલુંજ કરીને તે વાઘ ધરાયો નહિ, પણ એક રાત્રે શિકાર નહિ મળવાથી તે ભૂખ્યોજ પાછો ફર્યો, અને ભૂખ તૃપ્ત કરવા માટે બાપડા નિર્દોષ બળદને ફાડી ખાધો.

બોધ–આપણે દુઃખમાંથી છૂટવાને માટે ઘાતકી અને લોભી માણસોનો આશરો લઇ તેમના ઉપકારમાં જવું નહિ. એવાં માણસો એક વાર આશરો આપશે, પણ તેના બદલામાં તમારૂં લોહી પીતાંએ તેઓ ધરાવાના નથી. તેઓ એમજ સમજશે કે, અમારા વડેજ તમારૂં જીવતર છે, અને તેટલા માટે તમારૂં જીવતર અમારા લાભ અર્થેજ વાપરવું જોઇએ. એવી ગુલામગીરીની હાલતમાં ફસ્યા પછી છૂટાતું નથી ને જીવતર તેમાંજ અટવાઇ જાય છે, અને કદાચિત્ છૂટવા પામ્યા તોપણ પેલાની અદેખાઇ વધી જઇને બીજી રીતે દુઃખ મળે છે.

કથા ૭૩ મી–કોયલનું ગાયન અને પરીક્ષક હોલો

એક વેળા બાગનાં પક્ષીઓને એવી ઇચ્છા થઇ કે બુલબુલના ગાયનની પરીક્ષા લેવી, અને ગાયનમાં સરસાઇના તેના દાવાની ખાતરી કરવી; પણ એ પરીક્ષા લે કોણ? પપૈયા, ટૌવા, પોપટ, મેના જેવાં ગાયનકાર પક્ષીઓને તે વિષે અનુક્રમે વિનતિ કરવામાં આવી; પણ તેઓએ તો બુલ-

બુલને સર્વોપરિ ગાયનકાર કહીને તથા તેની પરીક્ષા માટે પોતાને અશક્ત જણાવીને ના પાડી. અંતે આ વિદ્વત્તાભરેલું કામ માથે લેવાને એક મૂર્ખ હોલો તૈયાર થયો. શિયાળામાં “ કુ–કુ–કુ–કુઊ–કુઊ ” એવો જે સાદ કાઢે છે તેને ગાયન સમજી ઘણાંખરાં પક્ષીઓએ બુલબુલનો પરીક્ષક થવાનો તેનો હક્ક કબૂલ રાખ્યો, અને છેવટ મી૦ હોલાજી ગંભીર મોઢે બુલબુલની પરીક્ષા લેવા બેઠા. પરીક્ષા લઈ રહીને તેઓએ એવો મત આપ્યો કે, “બુલબુલ જે ગાય છે તે મારા કાનને મધુર લાગતું નથી, તેની સમજ મારા મગજમાં ઉતરી નથી, અને તેનો સાદ પણ મારા હલકને મળતો આવતો નથી. માટે ગાયનની સરસાઇનો તેનો દાવો આજથી હું રદ ઠરાવું છું.” પેલાં મૂર્ખ પક્ષીઓએ આ ચુકાદો જો કે માન્ય કર્યો તોપણ બુલબુલ તો પોતાનું મધુર ગાયન લલકારતુંજ રહ્યું અને ગાયનને માટે લોકોમાં તે વખણાતુંજ રહ્યું.

બોધ–કેટલીક વાર સંજોગ એવા ઉલટા બને છે કે, વિદ્વાન અથવા યોગ્યતાવાળાં મોટાં માણસોને પોતાથી ઓછી યોગ્યતાવાળાં માણસોની તપાસ હેઠળ આવવાની ફરજ પડે છે, અને જેમની યોગ્યતા તપાસવાને વિદ્વાનો લજવાય તેમની પરીક્ષા લેવા “અધુરા ઘડા”ઓ બેધડક મંડી પડીને તેમની ખોડખાંપણ કાઢે છે; અને તે રીતે તેમને ઉતારી પાડી પોતાને તેમનાથી ચઢતા દેખાડે છે; પણ તેમનાં એ સઘળાં ફાંફાં છતાં, બંનેની યોગ્યતા વચ્ચેનો ફેર પ્રજાના સમજુ લોકો સમજ્યા વગર રહેતા નથી. ખરી યોગ્યતાવાળો માણ-

સજ તેમની નજરમાં બેસે છે, અને તેની ખોડ કાઢનારા ડોળઘાલુઓ અંતે ઝંખવાણા પડે છે.

કથા ૭૪ મી–પક્ષીઓની ઉજાણી અને ઘુવડનો વાંધો

પોતાના નવા વરસના તહેવારની ખુશાલીમાં પક્ષીઓએ ભેગાં થઇ મોટા પાયા પર ઉજાણી કરી. આ સર્વ ધામધૂમ દિવસના વખતે થવાની હતી. તે વાત ઘુવડને વાજબી લાગી નહિ. તેણે વાંધો ઉઠાવ્યો કે, અમારા અનુભવ પ્રમાણે આવા મહોત્સવનાં કામ માટે દિવસનો નહિ, પણ રાતનો સમયજ અનુકૂળ છે; પણ તે વાંધાને કચરાની ટોપલીને સ્વાધીન કરવામાં આવ્યો. બાકીનાં સર્વ પક્ષીઓએ પોતાના સારા અનુભવના આધારે ઠરાવ મુજબ ઉજાણીનું કામ દિવસેજ ચલાવીને પાર ઉતાર્યું, અને ઘુવડ સર્વથી વેગળું ન્યાત બહાર જેવું થઇ પડયું.

બોધ–સમસ્ત પ્રજા મળી ગમે એવું સારૂં કામ કરે ત્યારે પણ તેની સામે વાંધો લેનારાં થોડાં ઘણાં માણસો નીકળે છે; પણ તેથી તે કામ નઠારૂં છે એમ ઠરતું નથી. ઘણાઓના સામટા લાભનાં કામોમાં થોડાઓને ગેરલાભ હોય તેટલા માટે કાંઈ તે કામ અટકાવી શકાય નહિ. જેઓ તે કામ અટકાવવા નીકળે તેઓ છેવટે સમસ્ત પ્રજાથી છૂટા પડી સામા પોતાનેજ કઢંગી સ્થિતિમાં મૂકે છે.

કથા ૭૫ મી–લોભી કાગડો

એક કાગડો બહુજ લોભી હતો. લોકોનાં આંગણાં તથા વાડામાં મૂકેલી ચીજો ઉઠાવી કિંવા ખાઇ જઈને તે તેમને કંટાળો આપતો, એટલુંજ નહિ પણ લાગ ફાવતાં તેમનાં ઘરોમાં ભરાઇ ત્યાં ઉઘાડી પડેલી વસ્તુઓ તફડાવી જતો. એક દહાડો એક ઘરના રસોડામાં તે પેઠો. ત્યાં ચુલા પર તપેલીમાં શાક ચઢતું તેણે જોયું. તે તપેલી વળી ઢાંકણ વિના ઉઘાડી રહેલી હતી. કાગડે વિચાર્યું કે, આ લાગ સારો છે. તપેલીમાં રંધાતુ તાજુ પકવાન્ન જમવાની આવી તક ફરી મને કયાં મળવાની હતી ! એમ ધારીને ઝટ તેણે પોતાની ચાંચ તેમાં ખોસી તેથી ચાંચ દાઝી ગઇ અને વરાળ લાગ્યાથી તેની આંખો પણ ગઇ.

બોધ–" અતિ લોભ એ પાપનું મૂળ છે." એક વસ્તુ ગમે તેવી સારી હોય પણ તે જો આપણી પોતાની ન હોય અથવા તેનું મળવું આપણી શકિતની ઉપરાંત હોય તો તે મેળવવાનાં ફાંફાં મારવાં નહિ. તે આપણને મળશે તો નહિ-જ, પણ સામા આપણને જોખમમાં લાવી મૂકશે.

કથા ૭૬ મી–ઘાયલ થયેલો વાઘ અને પરગજુ વૈદ્ય

એક વાઘ શિકારીની ગોળીથી ઘાયલ થઇ નાઠો હતો; અને ઝાડીમાં પડી કષ્ટ પામતો હતો. તે રસ્તેથી પસાર થતા એક પરગજુ વૈદના જોવામાં તે આવ્યો. તેની વેદના જોઈ વૈદને દયા આવી અને મલમપટો કરી તેને સાજો કરવાનો તેણે નિશ્ચય કર્યો. એક ચકવો ઉંચે ઝાડે બેસી આ તમાશો જોતો હતો. તેણે વૈદરાજને ચેતવણી આપી કે “વાઘ બહુ ઘાતકી અને કૃતઘ્ન પ્રાણી હોય છે, તેને સાજો કરવામાં કોઇને પણ લાભ થવાનો નથી.” વૈદે કહ્યું કે “ભલે વાઘ પોતાનો ભુંડો ભાવ ભજવ્યા કરે, પણ મારે તો એક દયાળુ મનુષ્ય તરીકે મારો દયાનો ધર્મ બજાવવોજ જોઈએ.” એમ કહી વાઘના ઘા પર મલમપટો કરી વૈદ ચાલતો થયો; એટલુંજ નહિ, પણ દરરોજ તે ત્યાં પાછો આવતો અને નવી નવી પટીઓ મેલીને વાઘના ઘાને વધુ રૂઝાવતો. છેલ્લે જ્યારે ઘા તદ્દન સાજો થયેલો જોયો ત્યારે તેણે પટી મેલવાની ના પાડી અને રૂખસત લેવા માટે વાઘને છેલ્લી સલામ કરી. તેના મનમાં એવી આશા હતી કે, આ મોટી સેવા માટે વાઘ મારો આભાર માનશે, અને જંગલનું મોટું પ્રાણી હોવાથી કાંઈ મોટી જેવી ભેટ પણ કરશે; પણ ભારે દુઃખ અને તાજુબી વચ્ચે તેણે જોયું કે, વાઘે પોતાનો ઘાતકી પંજો મારી તેને ગળામાંથી ઝાલ્યો; અને કહ્યું કે “ વૈદ મહારાજ ! તમોથી આમ છટકી જવાશે નહિ. ઘણા દહાડા ભૂખમાં કાઢયાથી હું મરણતોલ થયો છું, અને તુરત વેળા મને બીજો કોઈ શિકાર મળે

એમ નથી; માટે તમારો શિકાર કરવા સિવાય બીજો ઉપાય જણાતો નથી. ક્ષમા કરજો ! તમોએ મારી સેવા બજાવી છે એ સાચી વાત; પણ આટલા બધા દહાડા તમોને જીવતા તમારે ઘેર જવા દઇને તે સેવાનો બદલો મેં થોડો વાળ્યો નથી !"

વૈદને આ જોઇ પોતાની મૂર્ખાઇ માટે પશ્ચાત્તાપ થયો; પણ તેણે પોતાની હિંમત ખોઇ દીધી નહિ. સમયસૂચકતા વાપરીને તેણે વાઘને કહ્યું કે "હે વનરાજ ! તમો મને ભક્ષ કરવાના છો તે વાતનો મને વાંધો નથી. ઉલટું તમારો ભક્ષ થવાથી મને મોક્ષની પ્રાપ્તિ થશે; પરંતુ જરા ધીરા પડો તો સારૂં. તમારી આંખો જોતાં મને હવે દીસે છે કે, તમોને કમળો થયો છે, તેનું જોર વધતાં તમારૂં મોત નક્કી આવશે. માટે તમારો કમળો મારી રામબાણ દવા વડે એક વાર સારો કરવા દ્યો. પછી તો મારી આ ક્ષણભંગુર દેહ તમારી છેજ." વાઘે આ વાત ખરી માની અને વૈદને વિનતિ કરી કે, "વૈદ મહારાજ ! મને અવશ્ય આ મહારોગથી સાજો કરો. તેનો બદલો હું તમને જીવતદાન દઇને વાળીશ; એટલુંજ નહિ પણ મારા જંગલમાં કોઇ પણ પ્રાણી તમને છેડે નહિ એવો ઢંઢેરો ફેરવીશ." વૈદે વાઘને નમન કરી એક દવા ખવરાવી. તે દવા ઝેરી હતી, જે ખાતાંજ તે કૃતઘ્ન પ્રાણીએ તરફડીઆં ખાઇ પોતાનો પાપી પ્રાણ ત્યજી દીધો.

બોધ–ઘાતકી, દગાખોર અને કૃતઘ્ન માણસની દયા ખાવામાં આપણું તેમ બીજાઓનું પણ ભુંડુંજ થાય છે. દયાના બદલામાં તેઓ આપણું ભલું કરશે એમ માનવામાં આપણે ઠગાઇશું. તેમને મદદ કરવાને કારણે પણ જો

આપણે તેઓના સંબંધમાં આવ્યા તો તેઓ આપણા ઉપર પોતાનો લાભ લેવાને ચૂકવાના નથી. એવે વખતે જો આપણામાં તેમના કરતાં તનમનનું બળ વિશેષ હશે તો તેમને થાપ આપી, તેમના હાથથી છટકી શકીશું; નહિ તો તેમનાથી આપણી ખરાબીજ થવાની.

કથા ૭૭ મી—દાતરડું અને હળ

એક ખેતરમાં દાતરડા અને હળ વચ્ચે સરસાઇની તકરાર ઉઠી અને ઝઘડો થઇ પડયો. હળ કહે કે "હું ધરતી ખેડીને ખેડુતને અનાજ પકાવી આપું છું, માટે હું સરસ;" અને દાતરડું કહે કે "હું પાકેલા અનાજની કાપણી કરી ખેડુતને તેની સઘળી મહેનતનું ફળ ચખાડું છું, માટે હું સર્વોપરિ અને સૌથી માનીતું." એટલામાં ખેડુત પંડે ત્યાં આવી ચડયો અને બંનેનો વાંધો સાંભળી લઈ તેમને શાંત કરી બોલ્યો કે "તમો બંને ભાઇબંધ છતાં મારામારી કરો છો તે જોઇ મને ખેદ ઉપજે છે. તમો બંને એકજ જગ્યાએ રહેનારાં, એકજ જાતનો ઉદ્યોગ કરનારાં અને એક ધણીની સેવા કરનારાં છો, તો તમે સંપથી એકબીજાંને માન આપીને રહો તેમાંજ તમારો તથા મારો લાભ છે. મારી નજરમાં તમે બેઉ એકસરખાં ઉપયોગી છો. તમો બંને વડે મારૂં કામ ચાલે છે. બેમાંથી એક પણ ન હોય તો મારૂં કામ અટકી પડે. હળ જે કામ કરે છે તે કામમાં તે સરસ છે અને તે દાતરડાથી થાય નહિ; તેમ દાતરડું જે કામ કરે છે

તે કામમાં તે સરસ છે અને તે કામ હળથી થાય નહિ. અર્થાત્ પોતપોતાનાં કામમાં બંને સરસ છે અને એકનું કામ બીજાથી થાય નહિ એ સ્વાભાવિકજ છે.

બોધ—દુનિયામાં જેઓ પોતપોતાનું કામ કરી પોતાની ફરજ બજાવે છે, તેઓ સર્વે ઉપયોગી અને માનને યોગ્ય છે. કામ જુદા જુદા પ્રકારનાં હોય છે, અને તે કરનારા પણ જુદા જુદા વર્ગના હોય છે; પરંતુ તેટલા માટે તેઓમાંના એક યા બીજાની અગત્ય ઓછી સમજવાની નથી. સૌ પોતપોતાના કામમાં અગત્યનાં અને સરસ છે. એક કામદારે બીજાને હલકો ગણવો વાજબી નથી, તેમ ગણવાથી ઈર્ષ્યા ઉત્પન્ન થાય છે, અને કામ બગડે છે. હલકું માણસ તેજ કે જે નકામું અને આળસુ બેસી રહેતું હોય.

કથા ૭૮ મી—ચિત્તો અને સાંઢ

એક રાત્રે એક ચિત્તો કોઈ ખેતર પાસે આવી ચઢયો; એવા હેતુથી કે લાગ ફાવે તો ખેડુતના વાડામાં બાંધેલાં ઢોરોમાંથી એકાદ મારી ખાય. પણ તે ખેતરને છેડે એક સાંઢ (ગોધો), તે ખેતરમાં રોપા ખાતો તેની નજરે પડયો. ચિત્તાએ તેનાથી પોતાના કામમાં અડચણ થવાનું વિચારી તેને કહ્યું કે “ લુચ્ચા સાંઢ ! તું આ ખેતરમાં કેમ પેસે છે ? હું માનું છું કે તું ચોર છે, અને બાપડા ગરીબ ખેડુતનું ખેતર રાત્રે છુપાઈને ખાઈ જાય છે. નીકળ અહીંથી; નહિ તો તારી ફજેતી કરીશ.” સાંઢે ઠંડે પેટે ઉત્તર દીધો કે “ અલ્યા ચિત્તા ! તો તું પોતેજ

અહીં શું કરવા આવ્યો છે વારૂ? તું પણ ખેડુતના વાડામાંથી ઢોર મારી ખાવાજ આવ્યો છે ને! અને જ્યારે એમજ છે ત્યારે તો હું પણ ચોર અને તું પણ ચોર! 'આવ ભાઇ હરખા આપણ બેઉ સરખા!' હું તો માત્ર આ ખેતરના નજીવા રોપા ખાઇનેજ અટકીશ, પરંતુ તું તો જીવતાં જાગતાં પ્રાણી મારી ખાવાનો. મારા કરતાં તારોજ અપરાધ મોટો. તો પછી મને ચોર કહી દમ ભરાવતાં તને લાજ નથી આવતી? છાનો-માનો તારે માર્ગેજ ચાલ્યો જા." ચિત્તો આ સાંભળી ઝંખવાણો પડયો અને ગુપચુપ ચાલતો થયો.

બોધ–કેટલાક માણસો પોતે લુચ્ચા હોવા છતાં પોતાનો અર્થ સાધવાને બીજા માણસોને દમ ભીડાવતાં લજવાતા નથી. પોતે બચકાના બચકા હોઈઆં કરી જાય તે છતાં તણખલું ખાનારની તેઓ ખોડ કાઢે છે. તેમ કરીને તેઓ પોતાની લુચ્ચાઈ છુપાવવા માગે છે, પણ તેમાં તેઓ કોઈકજ વાર ફાવે છે. જ્યારે તેમને કોઇ માથાનો મળે છે ત્યારે તેઓને ખરા રૂપમાં ઉઘાડા પાડે છે. ચોરી કરવી એ એક દોષ છે, પણ "ચોરી પર સરજોરી" કરવી એ તેના કરતાં પણ મોટો દોષ છે.

કથા ૭૯ મી–જુદી જુદી સ્થિતિ પામેલા બે જોડીદાર વેલા

એક વાડામાં એકજ જાતના બે વેલા એકી વેળા ઉગ્યા હતા. તેમાંના એકની પાસે વાડ હતી, જે ઉપર ચઢી તે વેલો ખીલી નીકળ્યો અને ફળફૂલ જલદી આપી માન પામ્યો; પણ બીજો વેલો વાડનો કે બીજા કશાનો આધાર ન મળ્યાથી તે ભોંય ઉપરજ લંબાતો રહ્યો અને વટેમાર્ગુ-ઓના પગ તળે કચડાઈને થોડા દહાડામાં મરણ પામ્યો.

બોધ–દુનિયામાં માણસને આગળ વધવાનો આધાર, જેટલો તેમની બુદ્ધિ ઉપર એટલોજ તેમને મળતા ટેકા અને સંજોગ ઉપર પણ રહે છે. સરખી સ્થિતિના બે માણસો હોય; તેમાંના એકને જો અનુકૂળ સંજોગ અને મોટો આશરો મળે છે, તો તે ચઢતી સ્થિતિમાં આવી માન અને દ્રવ્ય પામે છે; અને બીજો માણસ તેવા સંજોગ તથા આશરાવિના જેવો ને તેવો રહી જાય છે અને જો તેને માઠા સંજોગ મળે છે તો વધારે નબળી સ્થિતિમાં આવી જઈ દરિદ્રતામાં દહાડા કાઢે છે. એઓમાંના પહેલાએ બીજાની કંગાળ સ્થિતિ માટે મગરૂરી કરવી ન જોઇએ, તેમ બીજાએ પહેલાની મોટાઇ માટે અદેખાઇ પણ કરવી ન ઘટે. પહેલા-એ પોતાની ચઢતી માટે પરમેશ્વરનો પાડ માનવો જોઇએ; અને છેલ્લાએ પોતાની પડતી માટે સબૂરી પકડવી જોઇએ અથવા તો સારા સંજોગ મેળવવા જોઈએ.

કથા ૮૦ મી—સવારીનો ઘોડો અને વૈતરો ગધેડો

એક અરબી ઘોડો પોતાની પીઠ પર સવાર લઇ રવાલ ચાલે ચાલતો અને હરખના ખોંખારા મારતો પસાર થતો હતો. માર્ગમાં તેને એક ગધેડો મળ્યો, જેની પીઠ પર ઉકરડાનો ગંધીલો કચરો લાદેલો હતો અને તેને ઉતાવળો ચાલવા માટે તેનો ધણી પાછળથી ડફણાં લગાવતો હતો. ઘોડાને જોતાંજ આ ગધેડાની આંખમાં અદેખાઇ આવી. તે બોલ્યો કે "હીણભાગ્ય ઘોડા ! તું પ્રાણીજાત થઇને માણસને પોતાની પીઠ પર ઉઠાવી લઇ જાય છે એ લજ્જાભરેલું છે. તારી વર્તણુંકથી આપણી જાતિનેજ નહિ પણ પશુમાત્રને પણ હીણું લાગે છે. તને ઘટે છે કે, તારા સવારને પીઠ પરથી ફેંકી દઈ માણસની ગુલામગીરી કરવાના દોષથી મુક્ત થાય." ઘોડાએ તિરસ્કારથી ઉત્તર વાળ્યો કે "હીણા અને હાડમાર થતા ગધેડા ! હું જાણું છું કે, હિતની શિખામણ આપવાને બહાને તું મારી સામે તારા પેટની બળતરાજ માત્ર કાઢે છે. તેને કેટલું વજન આપવું તે હું સારી પેઠે સમજુ છું. સવારને તાબે રહી તેની સવારી ઉઠાવવી એ મારૂં સ્વાભાવિક કામ છે, એટલુંજ નહિ પણ તેમાં મારૂં માન ને મોટાઇ પણ છે. સવારીને લીધેજ હું રાજાઓ, મહારાજાઓ, યોદ્ધાઓ, શિકારીઓ વગેરેના સમાગમમાં આવું છું અને તેઓ મારી આગતા સ્વાગતા કરે છે. લજ્જા તો તને છે, કે ઉકરડાનો ગંધીલો કચરો ઉઠાવવાનું વૈતરૂં કરે છે અને પોતાની અડીઅલ વર્તણુંકથી ધણીનાં ડફણાં ખાય છે.".

બોધ–નીચ માણુસો જ્યારે ઉચ્ચ માણુસોની બરાબરી કરી શકતા નથી તથા તેમનાં જેવાં માન અને સુખ પામી શકતાં નથી ત્યારે અદેખા બની તેમની કલ્પિત ખોડખાંપણ કાઢે છે; પણ તેથી ઉચ્ચ માણુસોનાં માન અને મોટાઇમાં ઘટાડો થતો નથી, ઉલટું તેવા હલકા માણુસોની હલકાઇજ વધારે ઉઘાડી પડે છે અને છેવટે તેમને અપમાન ખમવું પડે છે. વળી એવા કેટલાક અદેખાઓ પોતાની અદેખાઈનો ઉભરો શિખામણ દેવાના રૂપમાં બહાર પાડે છે; પરંતુ એમાં પણ છેવટે તાના–ટપલા ખાઇ તેમને ચૂપજ બેસવું પડે છે.

કથા ૮૧ મી—માંદો માણુસ અને રસાયણ

એક માણુસ એક એવા ભુંડા રોગથી લાંબા વખતથી પીડાતો હતો કે જેના પર સાધારણ ઔષધો અસર કરી શકતાં નહિ. છેવટે તેણે "રસાયણ" (મારેલી દવા) ખાધી. આ ઉપાયથી તેનો રોગ ઝટ સારો થયો; પણ થોડાજ વખતમાં તે દવા તેના શરીર પર ફૂટી નીકળી અને તેથી પ્રથમના કરતાં વધારે વેદના થઇ; એટલુંજ નહિ, પણ તેમાંથી સાજો થવાની આશા તેને મૂકવી પડી.

બોધ–આપણે ગમે એવાં સંકટમાં હોઇએ તોપણ ભૂંડા માણુસની મદદ લેવાથી અટકવું. જો તેવાની મદદ લીધી તો પાછળથી તે બહુ ભારે પડી જશે; કેમકે તે માણુસ પોતાની ભુંડાઇ તમારા પ્રત્યે પણ ચલાવશે અને જે સંકટ તેણે ટાળ્યું હશે તેના કરતાં વધારે સંકટમાં

તમે આવી પડશો. ભૂંડાને હાથે સુખી થવા કરતાં ભલાને હાથે દુઃખી થવું સારૂં. " ઉંટવૈદ્યને હાથે બચવા કરતાં પક્કા વૈદ્યને હાથે મરવું સારૂં છે."

કથા ૮૨ મી—વાંદરી, તેનું બચ્ચું અને ચાડીઓ

એક વાંદરી પોતાના બચ્ચાને લઇ એક ઘરના છાપરા પર બેઠી હતી. તે ઘરના વાડામાં અંજીરનું ઝાડ હતું, જે પર લાગેલાં ફળોમાંનાં કેટલાંક પાકીને ખાવાલાયક થયેલાં હતાં. તે ફળો તોડી પોતે ખાવાને તેમજ પોતાના બચ્ચાને ખવડાવવાને તે વાંદરી ચાહતી હતી. પણ તેજ ઝાડ પર તેના માલિકે ×ચાડીઓ બનાવી ઉભો રાખેલો હતો, તેનાથી ડરી તે ઝાડ પર જવાની હિંમત કરતી ન હતી; પણ તેના બચ્ચાનો જીવ રહ્યો નહિ. તે બોલ્યું કે " મા! આ અંજીરીનાં ફળો બહુ સુંદર ને સ્વાદિષ્ટ છે. ચાલો આપણે તે તોડી ખાઇએ." વાંદરીએ ના પાડી; અને જણાવ્યું કે " એ ફળો ખાવા જઇશું તો આપણા જીવનું જોખમ થશે. જો, એ ઝાડ ઉપર કેવો પેલો માણસ ઉભેલો છે! બચ્ચાએ કહ્યું " પણ મા! મને તો એ માણસ નિર્જીવ લાગે છે. એ નથી હાલતો કે નથી બોલતો. તે આપણને શું કરવાનો હતો ? ચાહીશું તો આપણેજ

× ખેડુતો તથા માળીઓ વગેરે, પ્રાણીઓથી પોતાની ખેતી યા વાડીમાંનો પાક બચાવવા માટે માણસના જેવો આકાર બનાવી તેને ખેતરોની વચ્ચે, અથવા ઝાડોની ઉપર ઉભો રાખે છે, તેને ચાડીઓ કહે છે. આ ચાડીઆને ખરેખરૂં માણસ સમજીને પ્રાણીઓ—મુખ્યત્વે વાંદરાં તે જગાથી દૂર રહે છે.

એને મારી કાઢીશું." વાંદરી બોલી "તેમ બની શકે નહિ. એ માણસ હાલતો બોલતો નથી, તેમાંજ મને મોટો ભરમ અને ભય લાગે છે, અને તેથીજ હું તેનાથી દૂર રહેવા માગું છું." આમ કહી તે પોતાના બચ્ચાને પેટે વળગાડી ત્યાંથી ચાલી ગઇ.

બોધ–કેટલાંક માણસો એવાં બીકણ અને બેવકૂફ હોય છે કે માત્ર ભયના ખાલી વિચારથી દુઃખ પામે છે, તથા કેટલાક સાદા દેખાવોને પણ અપશુકન ગણી, પોતાના લાભનાં કામો કરવાથી અટકે છે. તેમની ભૂલ ભાગવા છતાં તેઓ પોતાનો ભય કે વહેમ છોડતાં નથી અને હાથે કરીને નુકસાન ખમે છે.

કથા ૮૩ મી—સારસ અને શિકારી

એક તળાવની પાળે બે સારસ નર અને માદા રમતાં હતાં તેવામાં એક શિકારી ત્યાં આવી ચઢયો; અને તેમાંના નરને મારવા બંદુક તાકી, તેવીજ તેની માદા તે શિકારી પાસે દોડી આવીને બોલી કે" બળવંત શિકારી ! અમને જીવતદાન દો. અમો બંને સારસ, નરમાદાનું એક જોડું છીએ અને અમોમાંના એકથી બીજા વગર જીવી શકાતું નથી. જો મારો નર તમારી બંદુકથી માર્યો જશે તો તેના શોકથી પણ મને ઝૂરી ઝૂરીને મરવુંજ પડશે. એટલા માટે કૃપા કરી અમને જવા દો; પણ જો તેમ કરવાની તમારી ઇચ્છા નહિજ હોય તો પછી મનેજ મારો."

શિકારીને આ વિનતિ સાંભળી દયા આવી, તોપણ પોતાની બંદુક તાકેલી રાખી તે બોલ્યો કે " પ્રીતિવાન પક્ષી !

તારૂં કહેવું સાચું હશે, તથાપિ મને આ કામ કર્યા વગર ચાલે એમ નથી. મારી માનીતી સ્ત્રીએ સારસનો શિકાર ખાવાની ઇચ્છા બતાવેલી હોવાથી એક સાચા પતિતરીકે તે ઇચ્છા મારે પાર પાડવીજ જોઈએ." માદા સારસે રડીને કહ્યું કે "રે! જ્યારે એમજ છે ત્યારે તો જીવતદાન મેળવવાનો અમારો વધુ હક્ક છે. તમો પણ જ્યારે પ્રિય અને પ્રિયાનું એક જોડુંજ છો, ત્યારે તો તમો સારી પેઠે સમજી શકશો કે, પ્રીતિમાન જોડાનાં દિલની લાગણી કેવી ઉંડી હોય છે અને પ્રિય તથા પ્રિયાને જુદાં પાડવામાં કેવું મોટું અને અઘોર પાપ છે. તું વિચાર કર. ઓ શિકારી! હમણાં અહીં કોઈ ઘાતકી પ્રાણી આવી તારો પોતાનો જીવ લે તો તને તારી એકલી વિખૂટી પ્રિયા માટે કેવું ઉંડું દુઃખ લાગે તથા તારી પ્રિયા તારા મરણ પાછળ કેવી ઝૂરી મરે? હું માનું છું કે, આ વાત જો તું તારી પ્રિયાને સમજાવશે અને તે જો પ્રીતિમાં સાચી હશે, તો તે પણ અમોને મરેલાં જોવાને અને અમારૂં હાય જલાપાનું માંસ ખાવાને રાજી થશે નહિ." આ શબ્દોએ શિકારીના દિલ પર ચમત્કારિક અસર કરી અને સારસનો શિકાર કરવાની વાત પડતી મૂકી તે ત્યાંથી ચાલતા થયો.

બોધ–સાચી અને પવિત્ર પ્રીતિથી પરણેલાં જોડાંને કોઈ પણ કારણે છૂટાં પાડવાં એમાં મોટું પાપ છે. સાચી પ્રીતિવાળા માણસને પોતાના સાથી જેવી દુનિયામાં કોઇ ચીજ પ્યારી અને આશાભરેલી લાગતી નથી. સાથીજ જ્યારે માર્યું જાય, ત્યારે તેની જીંદગી નકામી ને મીઠાશ વગરની થઈ પડે છે; અને તેવા જીવતર કરતાં મોતને ત વધારે પસંદ કરે છે.

કથા ૮૪ મી–ઔષધનો પાલો અને તેનો રોગ

એક ઔષધનો પાલો જેનાથી મોટા મોટા રોગ મટતા હતા, તેને પોતાના અંગેજ દરદ લાગુ પડયું હતું. તેથી તે પીલાવા ને સૂકાવા લાગ્યો. તે જોઈ એક જણે કહ્યું "ગુણવાન પાલા ! તું રોગને હણનારો છે છતાં તું પોતે રોગથી પીડાય છે તે જોઇ હું આશ્ચર્ય પામું છું. બીજાના રોગ તું તારા ગુણથી સાજા કરી શકે છે, તો તારો પોતાનો રોગ કેમ સાજો નથી કરતો ? પાલાએ ઉત્તર વાળ્યો કે "ભાઇ ! મારામાં બીજાઓનાજ રોગ મટાડવાની શક્તિ છે, મારો પોતાનો રોગ સાજો કરવાની શક્તિ મારામાં નથી; તે તો કોઇ પરગજુ અને બુદ્ધિશાળી વૈદજ સાજો કરી શકે."

બોધ–ઘણાં માણસો એવાં હોય છે કે બીજાના સંકટમાં તેઓ હિંમતથી ભાગ લઈ તે દૂર કરી શકે છે; પણ પોતાપર સંકટ આવી પડતાં નિરુપાય બને છે અને બીજાની સહાય વગર તેમાંથી છૂટી શકતાં નથી. કેટલાકો બીજાની ખામી જોઇ તેને શિખામણ દેવામાં સદા આગળ પડે છે, પણ પોતાની ખામીવેળા તેવી શિખામણ તેમના ધ્યાનમાં રહેતી નથી અને જો રહે છે તો તે પ્રમાણે તેઓ વર્તી શકતાં નથી. વૈદો સર્વના દુઃખની દવા કરે છે, પણ પોતે માંદા પડતાં ઘણું કરી બીજાજ વૈદની દવા લે છે.

કથા ૮૫ મી–ઉંદર કૂદ્યો અને ઘર પડયું

ખડખડ પાંચમ જેવા થઈ રહેલા એક ઘરમાં એક ઉંદર પેંધો પડયો હતો. તે બહુ તોફાની હતો. ઘરમાંની જે તે વસ્તુને કરડી ખાય અને રાતની વેળા તે એવા તો કૂદકા ને ભુસ્કા મારે કે જાણે ધાડ આવી હોય નહિ ! એક રાતને સમયે એવું બન્યું કે તેણે એક ભીંત ઉપરથી બીજી ભીંત ઉપર જોશમાં કૂદકો માર્યો અને તેની સાથે તે ઘર કરરર ભુસ થઇને તૂટી પડયું. ઉંદર તેથી એટલો તો ગભરાયો કે જીવ લઇને નાઠો, અને પાડોશના ઘરમાં જ્યાં પોતાના બીજા ભાઇ-બંધો શાંતિથી વસતા હતા, તેમાં જઇ ભરાયો. તે ઉંદરોએ તેની આ સ્થિતિ જોઈ ઠેકડી કરી કે "તું તો બહુ ચાલાક ને વળી શૂરવીર હતો ને ? ત્યારે આ ઘર પડવાના અવાજથી ગભરાઇને નાસી કેમ આવ્યો ? એ હીચકારાપણા માટે તને લાજ નથી લાગતી ?" તે ઉંદરને આથી બહુજ લાગી આવ્યું, પણ લાજ છુપાવવા તથા પોતાની નોક રાખવાના હેતુથી તે બોલ્યો કે " ભાઇઓ ! ત્યારે તમે ખરી વાત જાણતા નથી. ઘર પડયાથી બ્હીને હું નાસી આવ્યો નથી, પણ મારા કૂદકા ભુસ્કાના જોરથી બાપડું એ ઘર તૂટી પડયું, તેની વધાઈ તમને કહેવા માટે આવ્યો છું."

બોધ–કેટલાંક માણસો એવાં બડાસખોર હોય છે કે પોતાથી નહિ બનેલાં કામો પણ જાણે પોતજ કર્યાં હોય અથવા પોતા વડેજ થયાં હોય એવી કીર્તિ લેવા માગે છે. જો એકાદ મોટું કામ કોઇ શક્તિવાળા માણસે કર્યું હોય અને તેમાં માત્ર પોતાની કિંચિત્ પણ શામેલગીરી હોય, તો તે

એવુંજ માનશે અને લોકો આગળ બડાઈ મારશે કે આ કામ તો મેંજ કર્યું ! એવા તોપમારૂઓનું જીવતર માત્ર ખાલી બડાઈ હાંકવામાં અને પારકાની કીર્તિ પોતાની કરી લેવામાંજ પૂરૂં થાય છે. તેઓથી મોટાં કામો થઇ શકતાં નથી–તેઓથી " ભુંજયો પાપડ પણ ભાગતો નથી " તોપણ ગાડા નીચે ચાલતા કૂતરાની પેઠે તેઓ એમજ સમજે છે કે, હુંજ આખું ગાડું ઘસડું છું !

કથા ૮૬ મી–બેવડીમારૂ દેડકો

એક દેડકો બહુ સ્વાર્થી અને ચુગલીખોર હતો. પાણીના એક ખાબોચિયામાં તેનું રહેઠાણ હતું. ચોમાસું વીતી ગયા પછી જ્યારે ખાબોચિયું સૂકાવા લાગ્યું ત્યારે પોતાના સર્વ સાથીઓને પડતા મૂકીને છાનોમાનો પડોશની નદીમાં જઇ રહ્યો. નદીમાંનાં માછલાં, જીંગલાં, કરચલાં વગેરે જળજંતુઓ પોતા વચ્ચે આ પારકાને જોઈ કચવાયાં અને તેને પાછો જમીન પર જવાને આગ્રહ કરવા લાગ્યાં. ત્યારે દેડકે કહ્યું કે " ભાઈબંધો ! હું બહુ ખેદ પામું છું કે મારી પધરામણીથી હરખ પામવાને બદલે તમે મારાથી કંટાળી મને હાંકી કાઢવા માગો છો ! તમે મને પૃથ્વી ઉપરનું પ્રાણી ગણી પોતાથી જુદો ગણો છો; પણ એ તમારી મોટી ભૂલ છે. હું પૃથ્વી પરથી આવ્યો છું એ ખરી વાત, પરંતુ જાતે તો હું નદીવાસીજ પ્રાણી છું; અને તેની સાબીતી એજ કે, હું આ નદીના પાણીમાં રહી જીવી શકું છું. મારા બાપદાદા પણ

અહીંનાજ વતની હતા અને પૃથ્વીવાસી પ્રાણીઓના ફોસલાવવાથી પૃથ્વી પર રહેવા ગયા હતા; પણ પૃથ્વી પરનાં પ્રાણીઓ ભૂંડાં હોવાથી તેમની ભુંડાઇથી પીડા પામી તેઓ બાપડા મરણ પામ્યા છે; અને હું જીવતો રહી શકયો તેથી તમો મારાં અસલ સગાંઓ અને સ્વદેશીઓની સાથે પાછો રહેવા માટે પ્રીતિથી અહીં આવ્યો છું."

નદીનાં પ્રાણીઓએ આ વાત પર વિશ્વાસ રાખી દેડકાને પોતાની જોડે રાખ્યો. તેની આગતાસ્વાગતા કરી અને તેના પર મોટી આશા બાંધી; પણ તેમની આશા પાર પડી નહિ. ચોમાસું પાછું ચાલુ થયું કે આ ખંધો દેડકો નદીમાંથી ગુપચુપ નીકળી જઇ, પૃથ્વી પરના પોતાના અસલ ખાબોચિયામાં પાછો આવી ભરાયો; અને પોતાની લુચ્ચાઇ છુપાવવા માટે તેમાંનાં દેડકાંઓને એવું સમજાવવા લાગ્યો કે, શિયાળા તથા ઉનાળાની મોસમમાં તમો પાણી વિના ટવળી મરો, તે માટે હું શ્રી ઇન્દ્રરાજા પાસે ગયો હતો. વચ્ચે વચ્ચે વૃષ્ટિ કરી આ ખાબોચિયાને તેઓ તરતું ને તરતું રાખે." બિચારાં ભોળાં દેડકાંઓ આ વાત સાચી માની ઠગાયાં અને આ લુચ્ચા દેડકાનાં ઉપકારી થઇ રહ્યાં; પણ ચોમાસું ખલાસ થઇ ખાબોચિયું સૂકાવા માંડતાંજ તે તેમના વચ્ચેથી પાછો નીકળી પેલી નદીનાં પ્રાણીઓને જઇ મળ્યો અને તેઓને અષ્ટમપષ્ટમ સમજાવી પોતાની ગેરહાજરી વિષે ભુલાવો ખવડાવવાની તજવીજ કરી, પણ તેઓ એક વાર ઠગાયલાં હોવાથી ફરી તેને હાથે ઠગાયાં નહિ. તેની લુચ્ચાઇ તથા મતલબ તેઓ સમજી ગયાં અને ધાસ્તીભરેલો ગણી ઝટ તેનો પ્રાણ લીધો.

બોધ-જ્યારે માણસો વચ્ચે મતભેદ અને વાંધા પાડીને પક્ષો બંધાયા હોય, ત્યારે જે આપણો પોતાનો પક્ષ હોય અને જે પક્ષ વાજબી હોય, તેની સાથે આપણે જોડાઇ રહેવું, બીજા પક્ષ સાથે જોડાવું નહિ; પછી તેનાથી એક વાર આપણને લાભ પણ કાં નહિ થતો હોય ? જો તેની સાથે જોડાઇએ તો આપણા . અસલ પક્ષવાળાના ધિક્કારમાં આવી પડીએ; એટલુંજ નહિ પણ તેની સામેના પક્ષવાળા પણ આપણા પ્રત્યે અવિશ્વાસુ થાય અને છેવટે, બંને પક્ષથી આપણે જુદા પડી જઈએ અને આપણી સ્થિતિ "ધોબીનો બળદ નહિ ઘરનો કે ઘાટનો" તેવી થાય. જે માણસો જુદા જુદા પક્ષો વચ્ચે, અથવા ભુંડા તથા ભલા વચ્ચે ઘૂસતા રહી જ્યાં જાય તેની ખુશામત કરે અને તેની આગળ બીજાની ચાડી ખાઈ તેને વહાલો થવાની યુક્તિ કરે, તે "દહીંમાં ને દૂધમાં પગ" રાખનાર કહેવાય. થોડો વખત તેની યુક્તિ ચાલી શકે છે, પણ પછી તે ઉઘાડો પડે છે અને બંને તરફનાં માન ને વિશ્વાસ ખોઇ સઘળી તરફથી રખડી જાય છે.

કથા ૮૭ મી–જમીન ખોદનાર માણસ અને સાપોલિયું

ચોમાસાના દહાડામાં એક શખ્સ ઝાડનાં બી વાવવા માટે કોદાળી વડે જમીન ખોદતો હતો. તે ખોદતાંજ જમીનમાંથી એક સાપોલિયું સળવળ થતું નીકળ્યું અને જમીન ખોદનાર કોદાળીનો ઘા પાછો મારવા જાય છે તેવુંજ તે બોલ્યું કે "ભાઇ! કૃપા કરી તારી કોદાળી સંભાળીને માર. વખતે તે મારા માથા પર લાગી જશે તો મને ઘણું દુઃખ થશે. તારી કોદાળીનો ઘા મારા પૂછડા ભણી લાગી પૂછડું કપાશે તો તેની વેદના હું ખમી લઇશ, એટલુંજ નહિ પણ જીવતું રહીશ." જમીન ખોદનારે કહ્યું કે "તુચ્છ પ્રાણી! તું તારાં માથા ને પૂછડાની વાત કરે છે, પણ મને તો જણાતું એ નથી કે તારે માથું અને પૂછડું છે; અને છે તો તે ક્યાં છે? મને તો સઘળી તરફથી તું એકસરખું અને એકજ ઘાટનું લાગે છે!"

બોધ–મોટાં માણસોનાં કામોથી કેટલીક વાર ગરીબો પાયમાલ થઇને મરી પણ જાય છે; છતાં મોટાં માણસોને તેની ખબર સુદ્ધાં પડતી નથી. લડાઇની ખુનામરકીમાં નાશકારક હથિયારો વડે ઘડીકમાં હજારો લડવૈયાઓનાં ડોકાં ઉડી જાય છે અને તેમની ગેરહાજરીની નુકસાની તેમનાં નિર્દોષ કુટુંબો તથા બચ્ચાંઓને અનેક રીતે ખમવી પડે છે. માટે રાજકર્તાઓને તેમજ બીજાં મોટાં માણસોને ઘટે છે કે, હરેક નવાં કે મોટાં કામો આરંભતાં, તેમજ લડાઇ ઉભી કરતાં, ગરીબોનો તેથી મરો થાય નહિ તેની પૂરતી સંભાળ રાખવી.

કથા ૮૮ મી–મોર અને રંગારી

એક રંગારીએ મોર વેચાતો લીધો. તે મોરનાં પીછાંના રંગ ને ખૂબસુરતીથી તે મોહ પામ્યો, પણ તેટલાથી સંતોષ નહિ માનતાં તે તેમના પર વધુ રંગ ચઢાવવા બેઠો. મોરે તે માટે કચવાટ દેખાડીને કહ્યું કે "રંગારી! તું તારો રંગ અને કળા ફોકટ કાં ગુમાવે છે? મારામાં જે રંગ ને શોભા કુદરતે મૂક્યાં છે તેજ પૂરતાં છે; તેમાં વધારો કરવાની કશી જરૂર નથી. મારા જાતિરંગ પર તું હુન્નરથી રંગ લગાડશે, તે તો ઉલટો મને બેડોળ દેખાડશે."

બોધ–ખૂબસુરત ચહેરાને શણગારવાની જરૂર રહેતી નથી. જેઓ તેને શણગારવાનાં ફાંફાં મારે છે, તેઓ કુદરતી ખરી ખૂબસુરતીની પિછાન કરી શકતાં નથી અને પોતાનીજ નાલાયકી દેખાડે છે. "સોના પર ઢોળ ચઢાવવા" જેવી ફોકટની વેઠજ તેઓ વહોરે છે.

કથા ૮૯ મી–કાવત્રાંખોર ખિસ્કોલી અને નોળિયો તથા ગરુડ

એક વાડામાં આવેલા મહાન વૃક્ષ ઉપર એક ગરુડ પક્ષી માળો બાંધીને રહેતું હતું. તેજ ઝાડના થડમાં એક નોળિયાએ દર પાડીને પોતાનો વસવાટ કર્યો હતો. બંને એક-બીજાથી છેટે, જુદી જગાએ રહેતાં હતાં અને બંનેની જાત પણ જુદી હોવાથી તેમને એકબીજાને કશો સંબંધ નહોતો. વળી એકબીજાના વસવાટની ખબર પણ તેઓમાંના એકેને હતી નહિ. તેજ જગાએ એક ખિસ્કોલી રહેતી હતી. તે જો કે ત્યાંનીજ રહીશ ગણાતી, તોપણ તેણીને ઠરીને રહેવા માટે કોઇ પણ નક્કી જગા હતી નહિ. પોતાના ફાંટા પ્રમાણે તેણી તે વાડામાં છાપરા પર અને ઝાડ પર ફરતી. તે ઝાડ પરનાં ફળો ખાઇને તેણી પોતાનું પેટ ભરતી, અને તે વાડામાં નંખાતું એઠું જુઠું પણ ખાતી–અર્થાત્ તેણીને રહેવા ફરવાને માટે જેમ અનેક જગાઓ હતી, તેમ તેણીને ખાવાને પણ વિવિધ વાનીઓ મળતી; તથાપિ તે સંતોષી હતી નહિ. વાડામાં પડેલી ખડેલી વસ્તુ જેમ તે ખાતી હતી, તેમ પેલો નોળિયો પણ ખાતો હતો. તે માટે તેણીને અદેખાઇ લાગતી અને ઇચ્છતી કે, જો આ નોળિયાનું પાપ પતે તો વાડામાં એકલી ફરીને હું મોજ કરૂં. વળી આ ઝાડ ઉપર એક ગરુડ પક્ષી પણ માળો બાંધી રહેલું હતું અને તેનો ત્રાસ ભારે હતો; તેથી તે ઝાડ પરનાં ફળો નિરાંતે ખાવાને પણ તેણીને હરવખતે ફાવતું ન હતું. તેથી ગરુડનો પણ ઘાણ નીકળેલો

જોવાને તે ઈચ્છતી; પણ પોતે છેક નાની ને નિર્બળ હોવાથી ગરુડ અને નોળિયા જેવાં બળવંત પ્રાણીઓ આગળ તેણીનું કાંઈ ચાલતું નહિ. તેટલા માટે કાંઇ કાવત્રું રચી તે બંનેનો ઘાટ ઘડવાનો તેણીએ દૃઢ નિશ્ચય કર્યો.

એક દહાડો તે હામ ભીડીને ગરુડ પાસે ગઇ અને સાષ્ટાંગ નમસ્કાર કરી, તેની સેવા કરવાની પોતાની ઇચ્છા બતાવી. ગરુડે તે સાંભળી કહ્યું કે "તમે મારી સેવા બજાવો, એ તો કળિયુગનું કૌતકજ તો! તમો તમારા નાના કદ ને નિર્બળતાને લીધે જેમ મારી સેવા બજાવવાને અયોગ્ય છો, તેમ તમારી નાત–જાતને લીધે પણ અયોગ્ય છો. અમો પક્ષી અને તમો પશુ; અમોને ને તમોને લાગે વળગે શું! માટે ક્ષમા કરો, અને અહીંથી તત્કાળ ચાલ્યાં જાઓ." ખિસ્કોલી નમન કરીને બોલી કે "હે પક્ષી મહારાજ! ઉપર ઉપરથી જોતાં તમારૂં બોલવું વાસ્તવિક છે, પરંતુ મુદ્દે તેમ નથી. તમો મને પશુ ગણો છો, પણ હું સાબીત કરીશ કે, હું પક્ષી છું. પક્ષીની પેઠે હું પણ ઝાડેઝાડ ને ડાળેડાળ ફરૂં છું, ફળફળાદિ ખાઉં છું અને પક્ષીના જેવોજ મારો અવાજ છે. તમો પૂછશો કે, ત્યારે તને પક્ષીની પાંખ કેમ નથી? તેનો ખુલાસો એ છે કે, અસલ અમોને પાંખ હતી, પણ અમારા વડીલોએ પક્ષી થઇને પશુ સાથે વ્યવહાર રાખવાથી બ્રહ્માએ અમોને શાપ દઇ અમારી પાંખો લઇ લીધી છે. તે પાંખો પાછી મેળવવાનો અમો પ્રયત્ન કરીએ છીએ. તેનો પહેલો ઉપાય એ કે, પશુઓનો સંગ તજી પક્ષીઓનો સંગ અમોએ સાધવો અને પક્ષીઓના આપ

સાક્ષાત્ રાજા છો, તેમની સેવા નિરંતર કરવી."

આ વાતે ભોળા ગરુડ પર અસર કરી અને ખિસ્કોલી સાથે વ્યવહાર પાડી મરજી પ્રમાણે પોતા પાસે આવવા જવાની તેણીને છૂટ મેલી. ખિસ્કોલી તે પ્રમાણે રોજ રોજ ગરુડ પાસે આવે અને પશુજાતની હરકંઇ ખોડ કાઢ્યા કરે. એક દહાડો સારો લાગ જોઇ તેણીએ ગરુડને કહ્યું કે "પશુઓ હવે તો બળાત્કારની અવધિ કરે છે. ઝાડોનો ઉપભોગ કરવાની સત્તા અને હક્ક આપણુ પક્ષીજાતનાં છે, છતાં તેઓ ઝાડનાં મૂળ તથા થડમાં કોતર પાડીને બેધડક તેમાં રહે છે. અમ જેવાં રંક પક્ષીઓ તે માટે તેમને કાંઇ કહી શકતાં નથી, તેથી નીડર થઇ તેઓ હવે તમ સરીખાં રાજકર્તા પક્ષીની સત્તાનો પણ અનાદર કરવા લાગ્યાં છે. જુઓ! આપના આ ઝાડના મૂળમાંજ એક લુચ્ચો નોળિયો દર પાડીને રહ્યો છે, એટલુંજ નહિ પણ મારા સરખા તમારા રંક સેવકને તમારી પાસે આવતાં હરકત કરીને પજવે છે." ગરુડની આંખમાં આ સાંભળી ખૂન ચઢ્યું, પરંતુ નોળિયાના દર પાસે જઈને તેને મારવાનો લાગ ન હોવાથી તે દરની બહાર નીકળી વાડામાં ફરે તે વેળા તેને મારવાની તક જોવા લાગ્યું. ખિસ્કોલીને પણ તેણે ચેતાવી રાખી કે, નોળિયો વાડામાં ફરે, કે ઝટ તેની ખબર મને આપવી. ખિસ્કોલી પોતાનો સ્વાર્થ સાધવા માટે અધીરી હોવાથી તરતજ પેલા નોળિયા કને ગઇ અને તેની પાસે વિનતિ કરવા લાગી. નોળિયાએ તે સાંભળવાની ના પાડીને કહ્યું કે "તમોને હું પશુ ગણતો નથી, અને તેટલા માટે તમારી સાથે વાત કરવા તથા કામ

પાડવાને રાજી નથી. ઝાડે ઝાડે તમો કૂદતાં ફરો છો, ઝાડનાં ફળો ખાઓ છો તથા પક્ષીના જેવા સ્વર કાઢો છો, તે ઉપરથી હું તો તમને પક્ષી ગણું છું; માટે તમારે જે કહેવું કરવું હોય તે પક્ષી સાથેજ કરો.”

ખિસ્કોલીએ પક્ષીપણાનો તિરસ્કાર કરી કહ્યું કે “નોળિયા બાપા! હું બાપદાદે તેમ રૂપરંગે પશુ છું. મને તમારી પેઠે ચાર પગ છે, પૂંછડી છે અને પક્ષીપણાનું ખાસ સાધન જે પાંખ, તે મને નથી. હું ઝાડો પર ફરી ફળ ખાઉં છું, તેમાં શી મોટી વાત છે? ઝાડો પર તો ઉંદર પણ ચઢે છે, અને તેઓ પણ ફળ ખાય છે. હું ફળ ખાઉં છું તે માત્ર મોજને અર્થે; બાકી મારો જીવવાનો ખોરાક તો અન્ન ને શાકભાજી છે; જે નિત્ય આ વાડામાં ફરી હું મેળવું છું અને આપ તે જોતા પણ હશો; પણ એ સર્વ કરતાં મોટી સાબીતી એ છે કે, આજે હું તમોને જે વિનતિ કરવા આવી છું, તે એક પક્ષીની એટલુંજ નહિ પણ પક્ષીના રાજાની વિરુદ્ધની છે. જો આપની આજ્ઞા હોય તો હવે તે કહું.” નોળિયાએ આ વાતથી પ્રસન્ન થઇ ખિસ્કોલીને પોતાની જ્ઞાતિની તથા મિત્ર માની લીધી અને તેની વિનતિ સાંભળવાની આતુરતા દેખાડી. ખિસ્કોલીએ તે ઉપરથી કહ્યું કે “મહારાજ! આ ઝાડનાં મૂળમાં ઘર માંડી આપ લાંબા વખતથી રહો છો તેથી એ ઝાડની માલેકી તમારી છે; છતાં એ ઝાડના મથાળાની રમણીય જગાએ એક ગરુડ પક્ષીએ માળો બાંધી ઘરપ્રવેશ કર્યો છે. એ અપરાધ કરીને તે ગુપચુપ રહેતું નથી, પરંતુ હું જ્યારે પણ આ ઝાડ પર ચઢું

છું ત્યારે મને મારીને ફેંકી દે છે અને હું એક પશુ છું માટે મારી જોડે આખી પશુની જાતને ગાળો ભાંડે છે.આજે પણ તેણે મને એજ પ્રમાણે દુઃખ દીધું હતું. તે ઉપરથી મેં તેને કહ્યું કે 'તમો પશુની જાતને નિંદો છો, પણ તમને ખબર છે? તમે જે ઝાડ પર માળો બાંધી થર પડયા છો તે તો એક પશુની માલેકીનું છે અને તેના મૂળમાં, દર મધ્યે વસનારાં પશુઓનો રાજા નોળિયો રહે છે. તે જો તમારા આ બળાત્કાર વિષે જાણશે તો તમને તત્ક્ષણ અહીંથી મારી કાઢશે. આ સાંભળતાંજ તે અહંકારી ગરુડ પાંખો ઉભી કરી જીવ પછાડીને ઉછળ્યું ને તમોને બહુ દુષ્ટ ગાળો ભાંડીને બોલ્યું કે "તે નોળિયાને હું કશી ગણતરીમાં લેખતો નથી. હું ચાહું તો તેને મારી ચાંચના એકજ ઝટકાથી મારી નાખું અને એકજ કોળીએ ગળી જાઉં. આ ઝાડ મારી માલેકીનું છે અને જો નોળિયો તેના મૂળમાં રહે છે એમ હું જાણતું હોત, તો અત્યાર પહેલાં તેને મેં ચીરી પણ નાખ્યો હોત. હવેથી હું વાડામાં નજર નાખતો રહીશ અને નોળિયો જેવો તેમાં ફરતો દેખાયો કે તેના પર તૂટી પડી તેનો પ્રાણ લઈશ." ગરુડની આ ધમકીથી મને ટાઢીઓ તાવ ચઢી આવ્યો છે અને મારે માટે નહિ એટલી તમારે માટે મને ધાસ્તી લાગે છે કે રખેને તમો તે દુષ્ટ શત્રુના કપટના ભોગ થઈ પડો!"

નોળિયો આ સાંભળી ક્રોધાયમાન થયો અને ગરુડને મારવાનો નિશ્ચય કર્યો; પણ તેણે વિચાર્યું કે, ગરુડ મારાથી મોટું, વધુ બળવાળું અને વળી શક્તિ ધરાવનારૂં છે, તો

તે મને વાડામાં ફરતો જોઇ ઉંચેથી ઉતરી આવી મારી શકશે. તેથી તે દહાડે તે ઘરમાંથી બહાર નીકળ્યો નહિ અને રાતની વેળા જ્યારે ગરુડ પોતાના માળામાં ઉંઘમાં અસાવધ બેઠેલું હતું, તે વેળા ઝાડ પર ચઢી તે માળા પાસે પહોંચી અણુચિંતો કરડી તેનો પ્રાણ લેવાનો મનસુબો તેણે કરી રાખ્યો; અને રાત થયા પછી તેણે તે પ્રમાણે કર્યું પણ ખરૂં. તેમાં જો કે તે નોળિયો પોતાના શત્રુ પર વેર લઇ શકયો, તોપણ પોતે તેના હુમલાથી બચી શકયો નહિ. ઝાડ પર ચઢી માળા પાસે પહોંચી, જેવો તેણે પોતાના તીણા દાંત વડે ગરુડનો ટોટો ઝાલ્યો તેવુંજ તે પક્ષી ફફડી ઉઠયું અને એક ભયંકર ચીસ પાડવા જોડે પોતાની જબરદસ્ત પાંખો ફફડાવી, નોળિયાથી છૂટું પડવાની તજવીજ કરવા લાગ્યું. તે ખેંચતાણ તથા અફડાતફડીને લીધે ગરુડ ને નોળિયો બંને ભોંય પર પછડાઇ પડયા અને મહાવેદના વેઠીને તેઓ બંને મરણ પામ્યા.

બોધ—કાવત્રાંખોર માણસ શરીરે તથા દેખાવમાં ગમે એવો નબળો હોય, પણ માણસોના કાન ચુગલીથી ભરી, તેમનાં મન ફેરવી નાખવાની તેની શક્તિ જાદુઇ સરખી હોય છે. તે શક્તિ વડે ભલભલા રાજા, યોદ્ધા અને વિદ્વાનોનાં મન તે ફેરવી નાખે છે; અને મિત્ર મિત્ર વચ્ચે, ધણી ધણીઆણી વચ્ચે, માબાપ ને દીકરા દીકરી વચ્ચે, શેઠ ને વાણોતર વચ્ચે એવાં વેર કરાવે છે, કે જે ટળવાં લગભગ અશકય થઇ પડે છે. નિર્દોષને દોષિત, દયાળુને ઘાતકી અને મિત્રને તે શત્રુના રૂપમાં ફેરવી નાખે છે. પ્રીતિમાં

તે ઝેર ભેળે છે અને ધર્મનો અધર્મ બનાવી દે છે. તેનાં કાવત્રાંથી વેર ઉત્પન્ન થાય છે, લડાઇ જાગે છે, ખૂનો થાય છે, ઘરો ભાગે છે અને રાજપાટ ઉંધાં વળે છે. કાવત્રાંખોર માણુસના કપટથી ફૂંક અગ્નિની ચીણુગારી જેવી અને કાચા કાનના માણુસ કેરોસીન તેલ જેવા હોય છે, ચીણુગારી તેલમાં પડતાંજ ભડકો સળગી ઉઠે છે, જેમાં તેલ પોતે અને તેની સાથે બીજું જે હોય તે સર્વ બળી જઇ રાખ થઇ જાય છે. તેટલા માટે એ તેલથી અગ્નિને આઘો રાખવાની જેમ જરૂર છે, તેમ નિર્દોષ માણુસોએ કાવત્રાંબાજ અને ચુગલીખોર માણુસોથી દૂરજ રહેવાની જરૂર છે. જો તેવાં માણુસોથી દૂર રહેવાનું નજ બને તો તેમની કપટભરેલી વાતો તો સાંભળવીજ નહિ અને સાંભળવીજ પડે તો તે સાચી માનવી નહિ; ને સાચી જેવી લાગે તોય તેને જૂઠી સમજવી; અને તે ઉપર અમલ કરતા પહેલાં ઘણો વખત કાઢીને બીજી તરફનો ખુલાસો મેળવવો. તે ખુલાસો સેંકડે નવ્વાણુ દાખલા કાવત્રાંબાજ માણુસને જૂઠો પાડનારોજ મળશે.

કથા ૯૦ મી–લીમડો અને પક્ષીનો માળો

એક લીમડાના ઝાડ પર એક પક્ષીએ માળો બાંધી ઇંડાં મેલ્યાં હતાં. લીમડાને આશરે અને તેની ઉપલી ડાળીની છાયા હેઠળ તે સુખ અને નચિંતાઈથી પોતાના માળામાં રહેતું અને મોજમજા કરતું. એક દહાડો વંટોળિયાનું ભારે તોફાન થયું; જેના સપાટાથી લીમડો થડમાંથી લચકાઇ વાંકો વળી ગયો અને તેના આંચકાથી પંખીનો

માળો પણ વીખરાઈ પડયો. તેથી દુઃખ પામી તે પંખી, બાપડા આ લીમડાને દોષ દેવા ને ગાળો ભાંડવા લાગ્યું કે "રે ઘાતકી લીમડા ! તેં મારૂં સત્યનાશ વાળ્યું ! મારો માળો તેં વીખેરી નાખ્યો ને મારાં ઇંડા તેં ખરાબ કર્યાં. તારૂં સત્યાનાશ જજો !" લીમડે કહ્યું કે "તું મને ફોકટ ગાળો ભાંડે છે. મેં તારૂં કશું બગાડયું નથી. તારૂં બગાડનાર તો વંટોળિયો છે. તેને તું દોષ દે. મેં તો તને વરસો સુધી આશરો આપી સુખી કર્યું હતું, પણ વંટોળિયાએ તારો બગાડ કર્યો તેમાં હું શું કરૂં ? તેણે તારો બગાડ કર્યો છે, તેમ મારો પણ કર્યો છે. તારા બગાડ માટે હું દુઃખી છું; પણ અફસોસ ! મારા બગાડનો તો તું જરાએ વિચાર કરતું નથી. તારૂં નુકસાન કિંચિત્માત્ર છે, પણ મારૂં તો મોટી કિંમતનું છે. તેનો કાંઇ પણ વિચાર કર્યા વિના તું તારાંજ રોદણાં રડે છે, એ તારૂં નગુણાપણું છે."

બોધ–નગુણા માણસને જ્યાંસુધી કાંઇ કાંઇ આપ્યા કરશો ત્યાં સુધી તેઓ ટાઢાં મીઠાં રહેશે, પણ જરા ઓછું પડયું કે ન અપાયું એટલે તમારૂં ભૂંડું બોલવાને ચૂકશે નહિ. પોતાનું કાંઇ બગડતાં તેનો દોષ તેઓ તમારે માથે મેલશે. તમે કાંઇ નુકસાન પામો અને તે કારણે તેમને મદદ આપી શકો નહિ તોપણ તેઓ તમને ગળે પડશે; અને એવુંજ કહેશે કે, આ તો અમને ડૂબાડે છે ! તમારી કૃપાને તેઓ પોતાનો હક્ક સમજશે અને તેમાં જરા પણ ઓછું પડતાં સામો તોબરો ચઢાવશે.

કથા ૯૧ મી–ગુલબાસ અને ગુલછડી

એક વાડીમાં ગુલબાસ અને ગુલછડીનાં ઝાડ પાસે પાસે ઉગેલાં હતાં. ગુલબાસને દર સાંજે ફૂલ ઉગે; તે પણ સંખ્યાબંધ અને રંગીલાં. પણ ગુલછડીને ઘણે મહિને માત્ર એકજ ફૂલ ઉગ્યું; તે પણ માત્ર એકલા સફેદ રંગનુંજ. તે માટે પોતાની બહેનપણી ગુલછડીની ઠેકડી કરી ગુલબાસે કહ્યું કે "બહેન! તમે મારી અડોઅડ ઉગ્યાં છો ખરાં, પરંતુ મારી પાસે રહેવા જેવી યોગ્યતા તમારામાં નથી. અત્યારસુધી હું સેંકડો ફૂલોને જન્મ આપી રહી છું, ત્યારે તમો તો હમણાં-જ માત્ર એક ફૂલની જનેતા થયાં છો. તમે કેવાં ભાગ્ય-હીણ!" ગુલછડીએ હસીને કહ્યું કે "બહેન! ત્યારે તમારી પિછાન કરવાની શક્તિમાં ખામી છે. ખરૂં છે કે, તમે સેંકડો ફૂલોને જન્મ આપી રહ્યાં ત્યારે મેં માત્ર એકજ ફૂલ ઉત્પન્ન કર્યું છે; પરંતુ મારૂં એ એક ફૂલ તમારાં તે સેંકડો ફૂલોના કરતાં વધારે મૂલ્યવાન છે. તમારાં ફૂલો નાનાં ને એકજ રાતમાં કરમાઇ જનારાં છે, ત્યારે મારૂં એક ફૂલ પોતામાં બબ્બે ને ત્રણ ત્રણ ડઝન ફૂલોનો જથો રાખે છે, અને અઠ-વાડિયાંઓ સુધી પોતાની સુગંધ અને ખૂબસુરતી ટકાવી શકે છે. મારાં ફૂલોને જ્યારે લોકો પૈસા ખરચીને ખરીદે છે, ત્યારે તમારાં ફૂલને માટે કોઇ ફૂટી બદામ પણ આપતું નથી. કહો ત્યારે આપણ બેમાંથી સરસ ફૂલ કોનાં?"

બોધ–ઘણાં છોકરાં જણવામાંજ કાંઇ મોટાઇ અને સુખ નથી. છોકરાં ઘણાં હોય પણ તે જો નબળાં અને અજ્ઞાન

હોય તો નિરુપયોગી છે. એક અથવા બે છોકરાં હોય પણ તેઓ જો જોરાવર, વિદ્વાન અને નીતિમાન હોય, તો ખરેખર તેમનાંજ માબાપ ભાગ્યશાળી ગણાવાં જોઇએ. માત્ર બચ્ચાંનેજ નહિ, પણ હરેક વસ્તુને તેમજ પુસ્તકોને પણ આ કથાનો બોધ લાગુ પડે છે. વસ્તુ તથા પુસ્તક વગેરેની મહત્તા તેમની સંખ્યા ઉપર નહિ પણ તેમના ગુણ તથા ઉપયોગિતા ઉપર આધાર રાખે છે.

કથા ૯૨ મી–લંબકર્ણ ગધેડો

એક ગધેડો ગામને પાદરે ચરતો ચરતો ભૂંકતો હતો. ત્યાં રમતાં ખેડુતનાં છોકરાંએ તેને "લંબકર્ણ"(લાંબા કાનવાળો) કહી ચીડવ્યો. ગધેડો તેથી દુઃખી અને ક્રોધાયમાન થયો અને પોતાની ફજેતીનું મૂળ પોતાના લાંબા કાન છે એમ સમજી તેણે તે કાનને અર્ધોઅર્ધ કપાવી નાખ્યા. પેલાં રમતિયાળ છોકરાંને આ સાંગ જોઇ વધારે રમુજ મળી અને તેઓ આ ગધેડાને "અર્ધકર્ણ" કહી તેની ઠેકડી કરવા મંડયાં. ગધેડો તેથી વધારે ચીડાયો ને પોતાના હરીફ છોકરાઓને નિષ્ફળ કરવાના વિચારથી પોતાના બંને કાન સમૂળા કપાવી આવ્યો. છોકરાં તે છોકરાં! રમતિયાળ ને હઠીલાં! તે આ જોઇને નરમ પડયાં નહિ અને વધારે ઉલટથી તેને ખીજવવા લાગ્યાં કે "ગધેડો બુચો." ગધેડે જોયું કે આ તો ખોટું થઇ ગયું અને ફજેતી વિશેષ થાય છે; તેથી પોતાની ખોડ છુપાવવાને બળદનાં શિંગડાં મેળવી તેમને પોતાના બંને

કાનોની જગાએ ખોસી, જાણે કેવોએક જય મેળવ્યો હોય તેમ પાછો તે છોકરાંઓ વચ્ચે હાજર થયો. છોકરાંઓ આ કૌતુક જોતાંજ પેટ પકડીને હસ્યાં અને ગધેડાને "ગધેસિંગ" કહી નવેસરથી ચીડાવવા મંડયાં. મૂર્ખ બિચારો ગધેડો ! હવે તદ્દન નિરાશ થયો; અને પોતાના કામની મૂર્ખાઇ જોઇ પોતાની ભૂલ સુધારવા માટે પોતાના ખોએલા કાન પાછા તેની જગાએ ગોઠવવાનો મનસુબો કર્યો, પણ તેનાથી તેમ બની શકયું નહિ; અર્થાત્ આ મૂર્ખ અને ચીડાઉ ગધેડો પોતાના કાન ખોઇ સદાનો બુચો અને બેડોળ થઈ બેઠો.

બોધ–હરકોઇ માણસનાં કામ તથા દેખાવ માટે લોકો જેમ ગમે તેમ ટીકા કરે છે, તે ટીકા કરવામાં તેઓ વિચાર અને ચોકસી નહિ, પણ લાગણી અને ફાંટાથી દોરાય છે. માટે તેમની અયોગ્ય ટીકાથી દોરવાઇને, આપણાં વાજબી કામો તથા દેખાવો છોડી દેવાં નહિ. તે છોડી દેવાથી આપણી નબળાઇ ઉઘાડી પડે છે અને આપણાં કામો બગડી નુકસાન થાય છે. જે માણસો મૂર્ખ અને ઉશ્કેરાઇ જાય તેવાં હોય છે, તેઓ લોકવાયકાથી જરા જરામાં ચીડાઈ જાય છે; પણ લોકો તેથી પોતાની ટીકા બંધ ન કરતાં ઉલટાં વધારે જોશથી અને નવી નવી રીતે પજવે છે, જેથી બાપડાં એવાં માણસો વધારેનાં વધારે દુઃખી થતાં જાય છે અને તેઓ જાહેર તથા મોટાં કામો કરવાને લાયક થઇ શકતાં નથી.

કથા ૯૩ મી–નવો વાઘ અને જૂનો શિયાળ

એક જંગલનો જોરાવર વાઘ મરી જવાથી બીજાં જંગલી પ્રાણીઓ નીડર થઇ, ગમે તેમ મસ્તી તોફાન કરવા લાગ્યાં. તેઓમાં એક શિયાળ બહુ જૂનો અને બાહોશ હતો, તે ત્યાં કરતો કારવતો થઈ પડયો. એટલામાં એક નાની ઉંમરનો નવો વાઘ તે જગાએ આવી ચઢયો; એવા હેતુથી કે તે જગાનો મુખી પોતે થઇ બેસે. સર્વ પ્રાણીઓ તેનાથી પોતાની સગવડમાં ભંગ પડવાનો સંભવ માની ચિંતાતુર થયાં; પણ પેલા જૂના શિયાળે તેઓને સલાહ આપી કે "આ નવો આવેલો વાઘ નાની ઉંમરનો અને દુનિયાના કાવાદાવાથી અજાણ્યો છે, તેને બનાવી કાઢવાને વાર શી ? તમે જો મારે આધારે રહી મારા કહ્યા પ્રમાણે કરશો તો હું એને નીચો પાડતાં વાર લગાડીશ નહિ." બધાં પ્રાણીઓ શિયાળની આજ્ઞા પ્રમાણે ચાલવાને કબૂલ થયાં, જે ઉપરથી તેણે એવો ઉપાય તેમને બતાવ્યો કે, તમો સર્વ એકઠા થઇ મહાજન બનીને નવા વાઘની પાસે જાઓ અને તેનો આદરસત્કાર કરીને આ પ્રમાણે કહોઃ– "રાજા સાહેબ! અમે તમારી સત્તાને માન આપવાને તૈયાર છીએ, પરંતુ અમારા જંગલનો શિરસ્તો એવો છે કે જે કોઇ નવો રાજા આવે, તેણે અમારો જે એક માન પામેલો પવિત્ર શિયાળ છે તેની પાસે પ્રથમ જઇ સાષ્ટાંગ નમસ્કાર કરવા; તેને મોટી ભેટ અર્પણ કરવી અને રાજ્યાસન પર બિરાજ્યા પછી પણ તેની સલાહ લઈનેજ રાજ્યવહીવટ

ચલાવવો; ને પોતે જે કંઈ શિકારો લાવે તેમાંથી અર્ધો હિસ્સો તેને આપવો." તમારે મોઢેથી એવી વાત સાંભળી નવો વાઘ મારાથી સર્વદા બીતો રહી મારા કહ્યા પ્રમાણે રાજ–અમલ ચલાવશે, એટલે પછી હું તેને હાથે તમારૂં ભૂંડું થવા દઇશ નહિ. શિયાળની સલાહ પ્રમાણે સર્વ પ્રાણીઓ નવા વાઘ પાસે ગયાં ને ઉપર પ્રમાણે વાત કરી. વાઘે વાત સઘળી સાચી માની; કેમકે દુનિયાના પ્રપંચોથી તે તદ્દન અજાણ્યો હતો; તે તરતજ તેઓ જોડે શિયાળ પાસે આવ્યો અને તેને નમી ભેટ ચઢાવીને તેની આજ્ઞા પ્રમાણે રાજ્યાસન પર બેઠો. પરિણામ એ નીપજ્યું કે, વાઘનું રાજ્ય ત્યાં માત્ર નામનુંજ રહ્યું; અને શિયાળના હાથમાં તે ગુલામ જેવો થઇ પડયો અને સઘળાં કામો શિયાળનીજ ઇચ્છા મુજબ થવા લાગ્યાં.

બોધ–જુવાન અથવા નવા માણસ કરતાં વૃદ્ધ અથવા જૂનું માણસ, પોતાના લાંબા વખતના અનુભવ અને લાગવગને લીધે વધારે સારૂં કામ બજાવી શકે છે. માટે વૃદ્ધ માણસોનું કહેવું માનવાથી તથા તેમને મોટાઇ આપવાથી લાભ થાય છે; પણ શિયાળની પેઠે સ્વાર્થી માણસ હોય તેઓ પોતાનો સ્વાર્થ પણ કાઢી લે છે અને સામાના ખરા હક્ક પણ ખોવરાવે છે; માટે તેવાથી જુવાનોએ ચેતતા રહેવું જોઇએ.

કથા ૯૪ મી–સૂરજમુખી ફૂલ અને સૂર્યનું આકર્ષણ

સૂરજમુખી ફૂલને, જે દિશાએ સૂર્ય ફરે તે દિશાએ પોતાનું મુખ ફેરવતું જોઇ એક માળીએ પૂછ્યું કે "મનમોહક ફૂલ! તું શા માટે સૂર્ય તરફજ તારૂં મુખ ફેરવ્યા કરે છે? બેદરકાર સૂર્ય પોતે તો તને કશું માન આપતો નથી? તો તું પણ તેના તરફની પ્રીતિ છોડી દે તો કેવું?" સૂરજમુખી ફૂલે ખુલાસો કર્યો કે "માળી! હું પોતે મારી મરજીથી સૂર્ય ભણી ખેંચાતું અથવા મારૂં મુખ ફેરવતું નથી. ઉલટું સૂર્ય પોતેજ મને પોતાના ભણી ખેંચે છે; અને હું તેના ભણી કેમ ફરૂં છું તેનું ભાન પણ મને નથી."

બોધ–પ્રીતિ ખરી હોય છે તેમાં એકબીજા તરફથી બદલો મળવાની લાલચ હોતી નથી. હલકાં માણસો ઉપલા માળીની પેઠે ખોટો ઉપદેશ આપીને તે પ્રીતિ તોડાવવા મથે છે, પણ તેમનું સાંભળવું જોઈએ નહિ.



કથા ૯૫ મી–નાગની કાંચળી પહેરી નીકળેલો સાપ

એક નાગે* પોતાની જૂની કાંચળી ઉતારી નાખી હતી, તે એક સાપના હાથમાં આવી. તે પહેરીને તે પોતાને નાગ બનેલો સમજ્યો, અને નાગપાંચમને દહાડે તેણે માણસો વચ્ચે ખુલ્લો દેખાવ દીધો. માણસો પહેલાં તો તેને નાગ સમજી ઠગાયાં, પણ તેઓએ તેની ફેણનાં દર્શન લેવા માગ્યાં, તો તે આપી શક્યો નહિ. તેથી તેઓની ખાત્રી થઇ કે, આ કોઇ નાગ નથી પણ નાગની કાંચળી પહેરી આવેલો વેશધારી સાપ છે. તેઓએ તેથી તેને કશી ભોગ-સામગ્રી નહિ આપતાં ડંગોરા વડે તેનો પ્રાણ લીધો.

બોધ–વેશધારી માણસ થોડો વખત કદાચ ફાવશે; પણ અંતે ઉઘાડો પડશે. મોટાનાં નામ અને વેશ તે ગમે એવાં ધારણ કરે, પણ મોટાના ગુણ ધારણ કર્યા વગર મોટાને મળતા હકકો અને લાભો તેને પ્રાપ્ત થતા નથી; અને પોતાનો ધારણ કરેલો વેશ ઉઘાડો પડતાં તે ફજેત થાય છે અને પોતાની અસલ સ્થિતિમાં જે કાંઈ મેળવતો હોય તે પણ ખોઇ દે છે. માણસોએ તેટલા માટે વેશધારી થવું નહિ.

---

* નાગ મોટો હોય છે અને સાપ પાતળો તથા નાનો હોય છે.

કથા ૯૬ મી–મરઘી, ઇંડાં અને સેવન

એક મરઘીએ કેટલાંક ઇંડાં મેલેલાં હતાં. એ ઇંડાંને સેવવાના કામમાંથી છૂટવા માટે, તે ઇંડાં તેણે એક બીજી મરઘી, જે પોતાનાં ઇંડાં સેવવાની તૈયારીમાં હતી, તેને આપ્યાં અને કહ્યું કે "બહેન ! તમે સેવન કરવા બેસો છો, તો હ્યો; સાથેલાગાં એટલે મારાં ઇંડાં પણ સેવજો અને એનાં જે બચ્ચાં નીકળે તે સહિસલામત મારે હવાલે કરજો. તમારી મહેનત માટે હું તમારો મોટો આભાર માનીશ અને જરૂરની વેળા તમારૂં કામ કરીશ." સેવવા બેસનારી મરઘીએ તેની વિનંતિ ખુશીથી સ્વીકારી અને પોતાનાં ઇંડાં સાથે તેનાં ઇંડાં પણ સેવન કરવા માંડયાં. તે સર્વ ઇંડાંમાંથી જ્યારે બચ્ચાં નીકળ્યાં, ત્યારે તેમને પોતાની સાથે લઇ તે ફરવા લાગી. તે એમજ સમજી કે, આ સઘળાં મારાંજ બચ્ચાં છે; અને સઘળાં બચ્ચાં પણ તેને પોતાની મા સમજી તેનેજ પડખે ફરતાં ને ચરતાં રહ્યાં. થોડા દહાડા ગયા કેડે પેલી મરઘીએ આવીને પોતાનાં બચ્ચાં પોતાને હવાલે કરવાની વિનંતિ કરી; પણ આ મરઘી ના પાડીને બોલી કે "બહેન ! બચ્ચાં શું ને વાત શું ? સઘળાં બચ્ચાં મારાંજ સેવેલાં છે અને મારાં પોતાનાંજ છે. જો તમોને એમ લાગતું હોય કે, એમાં તમારાં પણ બચ્ચાં છે, તો તેમને લઇ જુઓ." આ સાંભળી પેલી મરઘી ગભરાટમાં પડી અને ત્યાં જે સઘળાં બચ્ચાં ફરતાં હતાં તેઓમાંથી પોતાનાં બચ્ચાંને લેવા ગઇ, પણ તેઓ તેને જોતાંજ તુચ્છ-

કાર સાથે નાસીને સેવન કરનારી મરઘીની પાંખમાં જઇ ભરાયાં. આથી પેલી મરઘીએ તેને આધારે પોતાની દાવાદાર મરઘીનો દાવો ખોટો પાડી, તેને મારીને હાંકી મૂકી.

બોધ–જે કામ આપણે પોતેજ કરવા જેવું હોય, તે બીજાને સોંપવું નહિ. બીજાને સોંપ્યાથી તે કામનો જે ખરો લાભ તે તેનેજ મળશે. વળી આપણું જે કાંઈ દૈવત હોય તે પણ બનતાંસુધી આપણી પાસેજ સાચવી રાખવું, બીજાને સાચવવા આપવું નહિ; કેમકે ઘણું કરી તે ઉપર તેની દાનત બગડશે અને તેનો ધણી તે પોતે થઇ બેસશે. આપણાં બચ્ચાંકચ્ચાંને પણ આપણેજ આપણી નજર આગળ રાખીને ઉછેરવાં જોઇએ. બચ્ચાં તરફના સ્વાભાવિક પ્યારને લીધે સામાન્ય રીતે તો માબાપો તેમને પોતાથી વીલાં મેલતાં નથી; પણ કોઇક માબાપો બચ્ચાંના બચપણના કંટાળાથી અધીરાં બની તેમને બીજાને હસ્તક સોંપે એવાં પણ મૂર્ખ હોય છે; પણ જેઓ એવી મૂર્ખાઈ કરે છે તેઓ તેમના બચપણના લાડની મોજ તેમ મોટપણની મદદ બંને ગુમાવે છે.

કથા ૯૭ મી—દુમ્બો* અને તેના મિત્ર

એક દુમ્બો, વરૂ, શિયાળ અને કૂતરો, આ ચારે વચ્ચે દૈવયોગે ઘાડી મિત્રાચારી બંધાઈ હતી. તેઓ સાથે ને સાથે ફરે, સાથે ખાય-પીએ અને રાતે સૂવે પણ સાથેજ; પણ એઓમાંના દુમ્બાના પૂંછડાના થડમાં ચરબીનું મોટું થારૂં બાઝેલું હતું, તેના પર તેના એક મિત્ર શિયાળની દાનત બગડી. તે ઉપરથી તેણે બીજા બે મિત્રો વરૂ અને કૂતરાને ધીરેથી કહ્યું કે "ભાઈ! તમે કેટલા અસાવધ છો ? આપણો મિત્ર દુમ્બો પોતાની પીઠ પાછળ ચરબીનું મોટું મસ થાળું ખુલ્લું દેખાતું રાખીને ફરે છે, તે ઉપર તમારૂં મન તલપતું નથી એ અજબ છે. અને જો તલપતું હશે તો તમો તે મારાથી છુપાવો છો. તમો એ ચરબીની મજાહ શું સમજો છો ? મને ખબર છે કે, એ ચરબી મેળવવા માટે તો માણુસો મોટી મોટી કિંમત આપે છે અને હું માનું છું કે, જો આપણે એ ખાઈએ તો એક હજાર શિકાર મારી ખાવાના જેટલો ધરાવ આપણને મળે. તો એ લાગ આપણે શામાટે ભૂલવો ? કેમ, તમો મારી સાથે મળતા થાઓ છોને ?

વરૂએ ઉત્તર વાળ્યો કે "તેમાં શો સંદેહ ? હું પણ ઘણા દહાડાનો એજ વિચારમાં છું અને એ ચરબી જોઇ

---

* દુમ્બો જનાવર કેટલાકોએ નહિ જોયું હોય. તે બરાબર ઘેટાના જેવુંજ હોય છે, પણ તેના પૂંછડા તરફ એક મોટી કોથળી લટકતી હોય છે.

મારો જીવ બળ્યા કરે છે; પણ ડુમ્બો આપણો ઇષ્ટમિત્ર થાય છે, તેને મારવાથી રખે પાપ લાગે તેની મને ચિંતા થાય છે. જો આપણા શાણા અને શોખીન મિત્ર ભાઈ કૂતરાજી પણ આપણી સાથે એકમત થાય તો મને વાંધો નથી." કૂતરે તરતજ સંમતિ આપી કે "ભલાં કામમાં ઢીલ કેવી? એવો હૃષ્ટપૃષ્ટ શિકાર ફરી ફરીને ક્યાં મળવાનો છે? પણ મોટી અડચણ એ છે કે, ડુમ્બાની ચરબી કેવે બહાને આપણે મેળવવી?" શિયાળે છાતીએ હાથ દેખાડી કહ્યું કે "તેની ચિંતા કરવી નહિ. બહાનું ઉભું કરવાનું અને ડુમ્બાને ફસાવવાનું કામ મારૂં છે. તમે મને સંમતિ આપી એટલે બસ." એટલામાં ડુમ્બો જે બહાર ગયો હતો તે આવી પહોંચ્યો અને બોલ્યો કે "એકલા એકલાજ કંઇ મોટી રાજખટમાં રોકાયલા દીસો છો, મિત્રો! મને કહો તો ખરા!" શિયાળે હસીને કહ્યું: "વહાલા મિત્ર! અમે જે વાત કરીશું તે તનેજ નહિ કહીએ? એમ કંઈ બને? અમારી વાત એટલીજ છે કે, કેટલાક દહાડા થયાં આપણને શિકારના વાખા અને ખાવાનાં ફાંફાં પડે છે, તો તે મેળવવા માટે કંઇ નવો રસ્તો શોધી કાઢવો. તે માટે મેં એવી યોજના ઘડી છે કે, પડોશના ગામમાં આવતી પૂનમે શ્રીમહાદેવજીની મહાયાત્રા ભરાવાની છે ત્યાં આપણે જવું. યાત્રામાં હજારો લોક આવશે અને ત્યાં ઢોરઢાંખરનો મેળાવડો પણ પુષ્કળ થશે. તેમાંથી આપણે ચાહીએ એટલા શિકારો મેળવી પેટપૂરતું જમી લઇશું." ડુમ્બાએ ખુશી થઇ આ યોજના માટે મિત્ર શિયાળને શાબાશી આપી

અને ચારે મિત્રો એકદમ જાત્રાવાળી જગા તરફ ઉઠાંગરી કરી ચાલ્યા; પણ ત્યાં સત્તાવાળાઓની ચોકસી પૂરતી હોવાથી તેઓ કાંઇજ ખાવાનું મેળવી શકયા નહિ અને પાસેની એક ઘીચ ઝાડીમાં ધામા નાખીને પડયા. અહીં શિયાળે વરૂ તથા કૂતરાને આંખની ઇશારત કરી ડુમ્બાનો ઘાટ ઘડવાનું મંડાણ કર્યું. પોતાની આંખના ડોળા ઉંચા ચઢાવી લૂલું ટૂટલું થયું હોય તેવો ઢોંગ કરી તે જમીન પર આળોટી પડયું અને પછી લથડતા અવાજે બોલ્યું કે "મિત્રો ! મારી આંખે ચક્કર આવે છે. હવે મારૂં મોત છેક પાસે છે. તેથી હું જો મરી જાઉં તો મારૂં બોલ્યું ચાલ્યું ક્ષમા કરજો. ઘણા દહાડાના ભૂખમરાથી, થાકથી અને નિરાશાથી મારી આ દશા થઇ છે. જો મને કાંઇ પુષ્ટિકારક ખોરાક મળ્યો હોત તો એમ ન થાત. ખેર; મારૂં ભાગ્ય !"

આ સાંભળી સઘળા મિત્રો ગભરાયા અને કૂતરો તો પોકેપોકે રડીને બોલ્યો કે "હાય ! હવે શું કરૂં ! જો મારૂં માંસ ખપતું હોત તો મારા જીવના ભોગે પણ તે ખવાડીને શિયાળભાઇને જીવાડત." વરૂએ માથું કૂટી કહ્યું: "અને હું પણ તેમ કરત; પરંતુ મારૂં માંસ પણ એમને ખપે એવું નથી; પણ તેની ચિંતા નહિ. આપણે નિરાશ શા માટે થઇએ ? આપણા ભલા મિત્ર ડુમ્બાજીની પીઠ પર આ ચરબીનું થારૂં તૈયાર છે. ચરબી તેમાં જોઇએ એટલી છે. તે પુષ્ટિકારક પણ ઘણી છે. તો શામાટે આપણે અડીભીડીની વેળા તેનો લાભ ન લેવો ?" ડુમ્બો ધ્રૂજતો અને કાંપતો બોલ્યો કે "ખરી વાત મિત્રો ! મારા મિત્રને માટે

મારી ચરબી આપવાને હું ખુશી થાત; પરંતુ તે આપતાં મારો જીવ જશે. અને હું નથી માનતો કે, એક મિત્રનો જીવ બચાવવા માટે બીજા મિત્રનો ભોગ લેવાને તમે પસંદ કરશો!" વરૂએ ક્રોધાયમાન થઈ એનો ઉત્તર વાળ્યો કે "ડુમ્બાજી! આમ બોલી મિત્રની જીંદગી બચાવવાની ફરજથી તમે છટકવા માગો છો, તે વાસ્તવિક નથી. તમો મરી જાઓ યા નહિ તે જુદો સવાલ છે, પણ પહેલાં આ મરવા પડેલા મિત્રનો જીવ તો આપણે બચાવવોજ જોઇએ." એમ કહેતાં તેણે પોતાનો પંજો મારી ડુમ્બાનું ચરબીનું થારૂં ચીરી નાખ્યું, બીજી બાજુથી કૂતરે તેનો ટોટો પીસ્યો અને ત્રીજી ગમથી શિયાળે ઉઠી તેના પેટમાં બચકું ભર્યું. ત્રણે મળી તેનો જીવ લઈ તેનાં ચરબી, માંસ અને લોહી સર્વે હજમ કરી ગયાં.

બોધ–લુચ્ચા, ઠગારા તથા ઘાતકીઓની સંગત અને દોસ્તી કદી કરવી નહિ. તેઓ બહારથી આપણા તરફ ઉદાર થતા દેખાશે, પણ તેમની છુપી નેમ આપણને ફોલી ખાવાનીજ રહેશે. તરેહવાર બહાને પટાવી ફોસલાવીને તેઓ આપણા પૈસા, વસ્તુ વગેરે લેતા રહેશે અને તેમાં ન ફાવ્યા તો ધમકી ધાંધલ દેખાડીને તથા જાસ્તી વાપરીને પણ તે લેશેજ. તેમની માઠી સંગતને લીધે આપણાં સગાંવહાલાં તથા સારા મિત્રો આપણાથી વેગળા જશે અને છેવટે આપણે એવા પાયમાલ થઈશું કે તે પાયમાલીથી છૂટવાનો ઉપાય પણ હાથ લાગશે નહિ અને કદાચ તેમાં આપણે જીવ પણ ખોવો પડશે.

કથા ૯૮ મી–સસલાના બાપનું શ્રાદ્ધ

એક વગડામાં સસલાંનું એક ટોળું રહેતું હતું. તેનો મુખી એક મોટો સસલો હતો. તેના બાપનું શ્રાદ્ધ આવ્યું. તેને માટે તેણે વગડાનાં સર્વ પ્રાણીઓને જમવા નોતર્યાં અને પોતાને હસ્તકનાં સસલાંમાંથી થોડાંકને મારી નાખી તેમનું માંસ તેઓને જમાડયું. તે ભોજન તેમને બહુ સ્વાદિષ્ટ લાગ્યું અને તે સસલાનાં વખાણ કરી તેઓ બોલ્યાંઃ "સસલાજી ! ધન્ય છે તમારી છાતીને ! તમો છો તો નાના પ્રાણી, પણ જીવ તો તમારો બહુ દુલ્લો ! એવી નામના તો તમારાથીજ થાય હો ! તમે કુળદીપક, પોતાના પરાક્રમી પિતાનું તમે નામ રાખ્યું. તમારા પિતાશ્રીનો આત્મા તમારા આ કામથી સ્વર્ગમાં પરમ આનંદ પામી રહેશે." ઈત્યાદિ. સસલાભાઇ આથી ફૂલણજી બની ગયા અને બીજાં પણ કેટલાંક સસલાં મારી ખવાડી, પેલા ભોજનિયાઓને ખૂબ રાજી કર્યાં. તેઓએ તે ઉપરથી ફરી તેની સ્તુતિનાં ગીતો ગાયાં અને સસલાભાઇએ વળી બીજાં સસલાં મારી તેમને જમાડયાં. એ પ્રમાણે કરતાં છેવટ સઘળાં ખલાસ થઇ ગયાં અને સસલાભાઇ પોતાની જાતમાં પોતે એકલા અટુલાજ રહી ગયા. શ્રાદ્ધ વીતીને સઘળાં પ્રાણીઓ પોતપોતાને ઘેર નીકળી ચાલ્યા પછી, સસલાની શુદ્ધિ ઉઘડી કે, ખાઉધરાઓની મીઠી બોલીથી ફુલાઇ મેં સઘળું દૈવત ફોકટ ખપાવી દીધું અને તેમ કરીને મારી સ્થિતિ એવી કંગાળ બનાવી છે કે મારી અડીભીડીએ કોઇજ મને કામે લાગનાર મળવાનું નથી.

બોધ–મુવાંજીવતાંના જરૂરી ખર્ચો ઉપરાંત, જેઓ મોટાઇ દેખાડવા માટે વધુ અને મોટાં ખર્ચો કરે છે, તેઓ પોતા પાસેનું દૈવત ગુમાવી કરજદાર થાય છે. પૈસાદાર એવા ખર્ચો કરે તે તેમને પાલવે, પણ તેમનું જોઈ ગરીબો તણાઇ તૂટે, એ તેમની મૂર્ખાઈ છે. કેટલાકો સમજી શકે છે કે, અમુક ખર્ચ કરવાની જરૂર નથી; તોપણ લોકો સારૂં બોલે છે અથવા બોલશે, તેટલા માટેજ તેઓ તેવાં ખર્ચ આંખ મીંચીને કરે છે. તેમ કર્યાથી તેઓની નાણાંસંબંધી સ્થિતિ માઠી થઇ છેવટ કરજદાર બને છે; પણ તે માટે તેઓ પોતેજ ઠપકાને પાત્ર છે. સંસારી તેમજ ધર્મસંબંધી ખર્ચો કરવામાં સરળ માર્ગ એ છે કે "સોડ પ્રમાણેજ સાથરો કરવો."

કથા ૯૯ મી–વાંઝણી કાગડી અને કોયલનાં બચ્ચાં

એક કાગડી વાંઝણી હતી. તેને બચ્ચાંના ઘણા કોડ હતા. ઘરડી થવા આવી ત્યાંસુધી બચ્ચાં થયાંજ નહિ; ત્યારે નિરાશ થઇ અને કોઈ બીજાં પક્ષીનાં બચ્ચાં મેળવી પોતાની ગરજ સારવાનો નિશ્ચય કર્યો. એક માળામાં કોયલે ઇંડાં મૂકેલાં હતાં, તે ગુપચુપ ઉઠાવી લાવી તે પર સેવવા બેસીને તેણે બચ્ચાં ઉત્પન્ન કર્યાં. તે બચ્ચાંને પોતાનાંજ ગણી તેણે બહુ માયા અને ઝહેમતથી ઉછેર્યાં; પણ જેવી તે બચ્ચાંને પાંખો આવી કે કાગડીના માળામાંથી ગુપચુપ ઉડી નાસી ગયાં અને પોતાની કોયલજાતમાં જઇ મળ્યાં. કાગડીએ

તેમને નાસી ગયેલાં જોઈ પોક મૂકી, અને પારકાંનાં બચ્ચાંથી પોતાનું સાર્થક કરવાનો વહેમ છોડી દીધો.

બોધ–ધણીધણીઆણીને બચ્ચાંની હોંસ સ્વાભાવિક હોય છે. જેમને બચ્ચાં નથી, તેઓ પોતાને અભાગીઆં માને છે. વાંઝણી બાયડીઓ અવશ્ય કરી બચ્ચાંના કોડ રાખે છે અને બચ્ચાં જણવા માટે તરેહવાર ખોટા ઉપાયો લે છે. તેમાં પણ નિષ્ફળ થતાં તેઓ બીજાનાં બચ્ચાંને પોતાનાં કરી લે છે. તે માટે તેઓ પૈસા ખર્ચવાની પણ કસર કરતાં નથી; પરંતુ તેથી પણ તેમના મનનું સમાધાન કોઇકજ વાર થાય છે. પોતાનાં બચ્ચાંના જેવું સુખ પરાયાં બચ્ચાંથી કોઇકજ વાર તેમને મળે છે. ઘણી વાર તેવાં બચ્ચાં મોટાં થતાં છૂટાં પડે છે અને તેમની પાછળ ખર્ચેલા પૈસા તથા લીધેલી મહેનત પાણીમાં જાય છે. બચ્ચાં વિનાના કમનસીબ માણસો માટે સારો રસ્તો એ છે કે, પરમેશ્વરે તેમને જે સ્થિતિમાં મૂક્યાં છે તેમાં તેનો કાંઇક ઉંડો હેતુ છે, એમ સમજી પોતાની સંતાન વિનાની સ્થિતિ સબુરીથી લઇ ચલાવવી.



કથા ૧૦૦ મી–ચલ્લી, બાયાચલ્લી અને માળો

માળા બાંધનારી એક સુંદર બાયાચલ્લીએ પોતાને માટે માળો બાંધ્યો હતો. તે માળાની ઉત્તમ રચના, બારીક ગુંથણુ તથા તેમાં રહેવા અને ઇંડાં મેલવાને કરેલા જુદા જુદા ઓરડા વગેરે એક સાધારણ ચલ્લીના જોવામાં આવ્યાં. હવે આ ચલ્લીને એવો માળો બાંધતાં નહોતું આવડતું અને માત્ર ભીંતના કોતરમાં ઘાસનાં થોડાંક તણખલાં મેલી તેને માળો સમજી તેમાંજ રહેવાનું તથા ઇંડાં મેલવાનું તેણી સમજતી હતી. તેથી સદરહુ સુંદર માળો જોઇ તેણી છક થઈ ગઈ અને પોતાના મન સાથે બોલી કે "આ તો ખરેખરો માળો ! શી એની રચના, ગુંથણી અને શોભા ! અભાગિયો મારો માળો કેવો કંગાળ, નબળો અને નકામો ! હું પણ ત્યારેજ ખરી કે તત્કાળ તેને ભાગી નાખું અને આ માળાના જેવો કિંમતી માળો બનાવી તેમાં રહું, કે જેથી હું પણ ઉંચી જાતની બાયાચલ્લીમાં ખપું અને તેના જેવાં સુખવૈભવ પામું." એમ વિચાર કરીને તેણે તત્કાળ પોતાનો માળો ભાંગી તોડી નાખ્યો. તેને બદલે ઉપલાના સરખો નવો માળો તેણીએ બાંધવા માંડયો, પણ તે બાંધતાં આવડતું ન હોવાથી તેણી ફાંફાં મારી થાકીને બેઠી. તેથી તેણીને બેવડું દુઃખ થયું; એક દુઃખ આ માળો બાંધવામાં નિષ્ફળતા મળી તેનું, અને બીજું પોતાનો માળો જતો રહ્યો તેનું.

બોધ–"શ્રીમંતની હવેલી જોઈ ગરીબે પોતાની ઝુંપડી તોડી પાડવી નહિ." તોડી પાડે તો રખડી મરે. ઘર અથવા

રહેઠાણુનીજ બાબતમાં નહિ, પણુ બીજી કોઈ પણુ બાબતમાં આ ધડો લાગુ પડે છે. એક માણુસ પોતાના પૈસાના બળથી મોટો દેખાવ કરે, તે જોઇ ગરીબનું મન પણુ તેમ કરવાને લલચાય છે; પણુ ગરીબે વિચાર કરવો જોઇએ કે, તેવો દેખાવ કરવાની શક્તિ મારામાં છે કે નહિ.

કથા ૧૦૧ મી–સર્પ અને ઝાડ

એક ઝાડના થડમાં કોતર પડેલું હતું. તેમાં એક સર્પે રહેઠાણુ કર્યું. તે બહુ કરડકણો હોવાથી ઝાડ પાસે રહી પસાર થતાં માણુસોને વારંવાર ડંખ્યા કરતો. તેથી ત્રાસ વર્તી રહ્યો અને લોકોને તે જગાએથી પસાર થવું ભયભરેલું થઈ પડયું. તેઓએ તેટલા માટે ઠરાવ કર્યો કે, આ સર્પને મારી નાખવો; પણુ સર્પ ચતુર હોવાથી કોતરમાં એવી રીતે ભરાઈ બેસે, કે કોઈના હાથમાં ન આવે. તેથી નિરુપાય થઇ, છેવટે તેઓએ તે ઝાડનેજ થડમાંથી કાપી નાખીને પીડા પતાવી.

બોધ–ભુંડાંની સંગતમાં તો નહિજ, પણુ તેમની પડોસમાં પણુ નહિ રહેવું; કેમકે ભુંડું માણુસ પોતાની ભુંડાઇ કર્યા વિના રહેતું નથી અને તેની ભુંડાઇના છાંટા, તેની સાથે કોઇ ભલું માણુસ રહેતું હોય તેને પણુ ઉડે છે. એવું પણુ બને છે કે, ભુંડું માણુસ છટકી જઇ, તેની ભુંડાઇની સજા તેના ભલા સાથી ઉપરજ આવી પડે છે.

કથા ૧૦૨ મી–લડાઈમાં ગયેલા ઘોડા અને ગધેડા

એક સમયે બે રાજ્યો વચ્ચે લડાઇ જાગી. તેમાં ઘોડા તેમજ ગધેડા પણ ગયા હતા. ઘોડા સવારોને ઉઠાવી રણ-સંગ્રામમાં લડવા માટે અને ગધેડા લડાઇનો સામાન ઉઠાવવાનું વૈતરૂં કરવા :માટે. ઘોડા જ્યારે રણભૂમિમાં સવારોને લઇ હથિયારોની ચકાચકી વચ્ચે જીવનાં જોખમ ખેડતા, ત્યારે ગધેડા માત્ર છાવણીમાં નિરાંતે પડી વખત ગાળતા હતા. લડાઈ પૂરી થયા પછી જીતેલું લશ્કર જયનાં ગીત ગાતું સ્વદેશ પાછું આવ્યું, ત્યારે ઘોડા પોતાના સાહસ માટે કશું બોલ્યા નહિ, પણ ગધેડાઓ મોટી બડાઇ લઇ કહેવા લાગ્યા કે "ધન્યવાદ અમોને ! અમો લડાઇ જીતી આવ્યા છીએ !" એક અનુભવી માણસે તેમને પૂછ્યું કે "ભલે ભાઇ ભલે ! પણ કૃપા કરી જણાવશો કે, રણભૂમિ કેવી હતી અને હથિયારો કેમ ઉછળ્યાં હતાં ? વળી તમારા સવાર કોણ હતા ? લડાઇ કરતાં તમારામાંના કેટલા માર્યા ગયા અને કેટલા ઘાયલ થયા ?" આમાંના એકે પ્રશ્નનો ઉત્તર ગધેડા દઇ શક્યા નહિ અને તેથી તેમનું પોકળ ઉઘાડું પડીને તેમની હાંસી થઇ.

બોધ–મોટાં કામો મોટા પુરુષો બજાવે છે. તેમાં ઉપલક કામો કરવાને નાનાં માણસોને પણ ઉપયોગમાં લેવાં પડે છે; પણ ઘણાંખરાં નાનાં માણસો એવાં મૂઢ મતિનાં હોય છે કે તે કામો પોતે બજાવ્યાં એવી ગપ લગાવે છે; અને મોટા પુરુષોને તેની કીર્તિ લેવાનો વાજબી હક્ક હોવા છતાં તેઓ પોતાને મોઢે ક્વચિતજ તે વિષે શબ્દ કાઢે છે.

જે હલકાં માણુસો એવી ખોટી બડાઇ હાંકે છે, તેઓ થોડો વખત ફાવે છે; પરંતુ તે વિષે જ્યારે તેમની પાસે પુરાવા માગવામાં આવે છે, ત્યારે તેઓ તે બતાવી શકતા નથી અને એ રીતે તેમનું પોકળ ઉઘાડું પડી તેઓ લોકની મશ્કરીમાં આવે છે. જે કામ કરવાને પોતે યોગ્ય નથી અને જે કામ પોતે મજૂર કે નોકર તરીકે વગરજોખમે કોઇક ભાગનું બજાવ્યું હોય તેની કીર્તિનો દાવો રાખવો નહિ. ગાડા તળેનું કૂતરૂં કહે કે હુંજ ગાડું તાણું છું, તેમ કરવું નહિ.

કથા ૧૦૩ મી—બોલતી ઘોર અને ચોરીનો માલ

બે ચોરો એક રાત્રે કોઇના ઘરમાં ખાતર પાડી તેમાંનો કેટલોક માલ ઉઠાવી નીકળી પડયા. માર્ગમાં એક ઘોરનો ઓટલો દેખાયો. તે પર ચઢી ચોરીનો માલ વહેંચી લેવા માટે તેના ભાગ કરવા તેઓ બેઠા. તેવામાં ઘોરમાંથી અચાનક અવાજ નીકળ્યો કે "દુષ્ટ માણુસો ! તમો કેવા પાપી છો ? ચોરીનું કામ કરી, તેની વહેંચણી વળી તમે ઘોરની પવિત્ર જગાએ બેસીને કરો છો ? તો શું તમને વિચાર નથી આવતો કે, એક વાર તમે પણુ મરણુ પામીને ઘોરમાં દટાશો અને તે વેળા એ ધનમાલ તમારી સાથે આવવાનાં નથી ?" આ સાંભળી તેમને બીક લાગી કે આ કોઇ ભૂતનો અવાજ છે અને તે આ માલ લેવા આવે છે; તેથી તેઓ તે ત્યાંનો ત્યાંજ પડતો મૂકી જીવ લઇ નાસી ગયા. તે પછી ત્યાં એક બીજો માણુસ આવી ચઢયો. તેણે આ માલ જોતાંજ ઉઠાવી લીધો કે આ તો વગર મહેનતે મારા સુભાગ્યે મને આપ્યો !

પણ તે આમ વિચાર કરે છે તેવામાંજ ઘોરમાંથી ફરી અવાજ આવ્યો કે "હરામખોર! તું જાણે છે કે આ માલ તારો નથી. તે પારકાનો છે; છતાં તું તે લઈ જવા માગે છે. તો શું તું મોત તથા પાપની સજાથી બ્હીતો નથી?" પેલા માણસે આશ્ચર્ય પામી ચોતરફ નજર કરી, પણ કોઈ દેખાયું નહિ. તે ઉપરથી નચિંત થઇ તેણે તે માલનો પોટલો બગલમાં માર્યો; અને બોલ્યો કે "આ માત્ર કલ્પિત અવાજ છે. મારે તેનાથી ડરીને મારો લાભ ગુમાવવો ઘટે નહિ. એ અવાજ મને મોતની ને પાપની સજાની બીક દેખાડે છે, પણ પાપની સજા કોણે જોઇ છે? અને મોત કયારે આવશે તે કોણ જાણે છે? મોત આવશે ત્યારની વાત ત્યારે; માટે આ માલ વડે હું તો મોજ કરી લઉં." એમ બોલતાં તેણે ઘોરના ઓટલાની સીડી ઉપરથી ઉતરવા માંડયું; પણ એવામાં સીડીનું એક પગથીઉં તે ચૂકયો અને તેથી આચકો ખાઇ ઉંધે મસ્તકે પડયો અને સીડીના પથ્થર લાગ્યાથી તેનું મસ્તક ફાટી જઇ, ત્યાંનો ત્યાંજ મરણ પામ્યો અને પેલો માલ જ્યાંનો ત્યાંજ રહી ગયો.

બોધ–કેટલાંક લોકો એવાં અધમ હોય છે કે માણસો તથા કલ્પિત ભૂતોને નામે ભય પામે છે; પણ મોતની, ધર્મની કે પાપની સજાની બીક તેઓ રાખતાં નથી, તથા તેમને ખોટાં માની તેમની ઠેકડી કરે છે. દુનિયાની લાલચ તથા સંસારની માયામાં તેઓ ધર્મનીતિને ભૂલી જાય છે અને એવુંજ માની બેસે છે કે, પાપ કેવું ને વાત શી? પાપની સજા શી ને પુણ્યનો લાભ કેવો? પણ તેમના એવા

પાપી વિચારનો દુઃખદાયક બદલો, તેમને મોડે વહેલે મળ્યા વગર રહેતોજ નથી. તરત વેળા કદાચ તેઓ તેનાથી છટકશે, પણ છેવટે તો બદલો પામશેજ.

કથા ૧૦૪ મી—રાજવંશી ઘોડો અને તેના શત્રુ

એક સિપાઇની ઘોડીને પેટે વછેરો જન્મ્યો હતો. તે ગરીબને ઘેર જન્મેલો, પણ જાતે બહુ પાણીવાળો, રૂપાળો અને સરસ ચાલનો હતો. ત્યાંના રાજાની જાણમાં આવતાં તેણે તે ખરીદી લઇ પોતાની ખાસ સવારી માટે રાખ્યો. તેના સર્વ ઉંચા ગુણો જોઇ, રાજા તેના ઉપર એટલો પ્રસન્ન થયો, કે તેના સિવાય બીજા પર સવારી ન કરે અને હાથીને હોદ્દે પણ ન બેસે. રાજાના જાનવરખાનાનાં પ્રાણીઓમાં આથી ઈર્ષ્યા ઉત્પન્ન થઇ અને તેઓએ એ ઘોડાનો ઘાટ ઘડવાનો વિચાર કર્યો. એક દહાડો રાજા જાનવરખાનામાં પોતાનાં ખાસ જાનવરોની તપાસ કરવા આવ્યો, તે તકનો લાભ લઇ તેના હાથીરાજે કહ્યું કે “ રાજા સલામત ! તમારી કૃપાથી અમે સર્વે આનંદમાં છીએ, તથાપિ એક વાતનું અમને મોટું દુઃખ છે. તમે તમારી સવારી માટે નવો ઘોડો પસંદ કરી રાખ્યો છે, ત્યારથી અમ સરખા તમારા રંક સેવકો ભણી ઝાંખીને જોતાએ નથી, એ અમારા હીણભાગ્યની વાત છે. અમે તેની પણ દરકાર કરત નહિ; પણ જ્યારે જોઇએ છીએ કે તે ઘોડો ખરેખર તમ સરખા રાજાની સવારીને યોગ્ય નથી અને તેનાથી તમોને ઘાત થવાની વકી છે, ત્યારે અમારૂં કાળજું બળી જાય છે.

ઘોડાની જાતમાં જે ખોડ આવે છે તેઓમાંની 'છત્રભંગ' નામે મોટી ખોડ એ ઘોડામાં છે અને તે ખોડવાળો ઘોડો જેને ત્યાં હોય તેની ઘાત થયા વગર રહેતી નથી."

આ વાત સાંભળી રાજાના દિલમાં ધાસ્તી પેઠી અને આ ઘોડો રાખવો કે નહિ તે વિષે તેનું મન ઢચુપચુ થયું. તેથી ઘોડાની ખાસિયતો પારખનાર અમલદારને બોલાવી તેનો અભિપ્રાય માગ્યો. તપાસ કરતાં અમલદારની તો ખાત્રી થઇ કે, ઘોડામાં તેવી કશી ખોડ નથી; તોપણ રાજાનું દિલ તેના ઉપરથી ઉતરી ગયું છે અને રાજાની સવારીનાં બધાં જાનવરો તેની વિરુદ્ધ છે, એમ જાણી તે સર્વની રૂખ રાખવા માટે તેણે રાજાને એવુંજ કહ્યું કે "એ ઘોડો ખરેખર ખોડિયાળ છે અને તે તમારે રાખવો નહિ ઘટે." રાજાએ તે ઉપરથી તત્કાળ તે ઘોડાનું લીલામ કરી વેચી નાખવાનો હુકમ કર્યો; પણ તે બાપડાની માઠી સાખ પડયાથી કોઈએ પણ તેની માગણી કરી નહિ. છેવટે રાજાએ ફરમાવ્યું કે કોઇ ગધેડા રાખનારને આ ઘોડો મફત આપી દેવો. એટલે તે તેની પીઠ પર ઇંટ, માટી, કચરો વગેરે લાદી બીજા ગધેડાઓની પેઠે તેની પાસે વૈતરૂં કરાવશે. તે પ્રમાણે આ કમનસીબ ઘોડો, ગધેડાના માલીકને ઘેર અને ગધેડાની સેફમાં આવી વૈતરાં કરતો થયો!

એક દહાડો કુંભાર પોતાનાં ગધેડાંઓ જોડે એ ઘોડાની પીઠ પર પણ ઇંટો લાદીને રસ્તેથી લઇ જતો, તેવામાં એક ચાબુકસવારની નજર તેના પર પડી. પ્રથમ તો તેની કહાણી તેના માલિકને પૂછી તે વાકેફ થયો અને પછી તે ઘોડાની

તપાસ કરી. તેમાં તેને વગર ખોડનો, તથા સર્વગુણસંપન્ન જોઈ મોંમાગ્યું દામ આપીને ખરીદી લીધો. પોતાને ઘેર લાવી તેણે થોડા દહાડા સુધી તેને સરસ ચારો ચાંદી ખવાડી તેની અચ્છી સેવાચાકરી કરી. ત્યાર પછી તે પર સવાર થઇ પાડોશના બીજા રાજ્યમાં તે ગયો અને ત્યાંના મહારાજાને તે ઘોડો દેખાડયો. મહારાજા ઘોડાનો શોખીન તેમજ સારા નરસા ઘોડાની પરીક્ષા કરનાર હતો. તેણે આ ઘોડો સર્વ પ્રકારે રાજસવારીને લાયકનો જોઇ બહુ મોટી કિંમત આપીને ચાબુકસવાર પાસેથી તે ખરીદ્યો અને પોતાની ખાસ સવારી માટે રાખ્યો. કેટલીક મુદત પછી સંજોગ એવો બન્યો કે આ ઘોડાનો અસલ માલિક પેલો રાજા જેણે તેની અવગણના કરી હતી, તે આ મહારાજાને ત્યાં પરોણો આવ્યો. તેની નજર તે ઘોડા પર ગઇ. તે ઉપરથી મહારાજાને તેણે કહ્યું કે "આ ઘોડો પ્રથમ મારી સવારીમાં હતો; પરંતુ એની ખોડ જાણવામાં આવ્યાથી મેં એને કાઢી મૂકયો હતો." એમ કહી બનેલી સઘળી વાત તેને જણાવી. મહારાજાએ તેના ઉત્તરમાં કહ્યું કે "ખચીત તે કામ તમોએ અવિચારી અને ઘાતકી કર્યું. ઘોડાના ગુણદોષ પારખવાની આવડત મને છે અને મારી પાસે અશ્વપરીક્ષકો પણ અનેક છે. મેં અને તેઓએ આ ઘોડાને વગર ખોડનો અને સર્વગુણસંપન્ન જોયો, તેથીજ મોટી કિંમતે મેં તેને ખરીદ્યો હતો. વળી એ ઘોડો આવ્યા પછી અમારા રાજ્યની સત્તા, વસ્તી, વિસ્તાર અને આવકમાં વધારો થયો છે; તથા મારા શત્રુરાજાઓ સાથે લડાઇ થઇ તેમાં એ ઘોડાની સવારી સાથે હું જય

પામી આવ્યો છું. તેવા એક ઘોડાને ખોવામાં તમોએ મોટી ભૂલ કરી છે.

આ સાંભળી રાજાને પોતાની ભૂલ જણાઇ અને બહુ પશ્ચાત્તાપ થયો. તેણે આ કીર્તિવંત ઘોડાની બેવડી કિંમત આપવા કહી, પણ તેણે ના પાડી. છેવટે તેણે એક ભેટ અને મહેરબાનીની દાખલ તે તેની પાસે માગ્યાથી તેને તે આપવાની મહારાજાને ફરજ પડી. તે પર સવારી કરી ખુશી થતો રાજા પોતાના સ્વદેશમાં આવ્યો અને આગળના કરતાં ઘણું વધારે માન અને પ્રીતિ સાથે તેને પોતાની ખાસ સવારીમાં રાખ્યો. તે ઘોડાનાં શત્રુ થઇ લાગેલાં પેલાં જાનવરો તેથી ઝંખવાણું પડી ગયાં અને પોતાની આગલી ખોટી વર્તણુંક માટે ઘોડાની ક્ષમા માગવા લાગ્યાં.

બોધ–ગુણવાન માણસની ચડતીથી જ્યારે બીજાં માણસો ઝાંખાં પડે છે, ત્યારે તેઓ તેની સામે અદેખાઈની બળતરા વધારે દેખાડે છે અને તરેહવાર પ્રપંચો રચી ગુણવાન માણસને કેટલીક વાર નીચો પાડે છે અને લોકોમાં તેની અવગણના થાય છે; પણ તેમ હમેશાં ચાલુ રહેતું નથી. "ધૂળમાં પડેલો હીરો" જેમ પાછો ચળકી નીકળે છે, તેમ પિછાન કરનાર અથવા ન્યાયી માણસો મળી આવ્યાથી ગુણવાનની કદર અંતે બુઝાય છે અને તે પાછો આગળના જેવી, બલ્કે તે કરતાં પણ વધારે કીર્તિ પામે છે. એવી વેળા તેના શત્રુઓ, જેઓએ તેની સામા પ્રપંચો ચલાવ્યા હતા, તેઓ ફિક્કા પડે છે અને લોકો તેમના પર તિરસ્કાર નાખે છે. ગુણવાન માણસોએ એટલા માટે પોતા

સામે અદેખાઇ અને શત્રુતા ઉભી થતાં, અથવા તે કારણે પોતાની ખરાબી થતાં, નિરાશ થવું નહિ. પોતાના ઉંચા ગુણોના આધાર તથા પરમેશ્વરના ન્યાય પર ભરૂંસો રાખી ધીરજ ધરી તેઓએ સારા સંજોગ માટે રાહ જોવી.

કથા ૧૦૫ મી—વાઘ, કઠિયારો અને શિકારી

એક ગરીબ કઠિયારો વનમાં લાકડાં ફાડી ભારો બાંધતો હતો; તેવામાં ત્યાં એક વાઘ આવી ચઢયો અને તેણે કઠિયારા ઉપર હુમલો કર્યો. કઠિયારાએ કરગરીને કહ્યું કે “ભાઇ! તું મને શીદ મારે છે? મેં કાંઇ તારૂં બગાડયું નથી. માત્ર મારા પેટને ખાતર વેઠ કરવાને આ જગાએ હું આવ્યો છું.” વાઘે કહ્યું “અને હું પણ મારા પેટને ખાતર વેઠ કરવાનેજ અહીં ફરૂં છું; અને તું જ્યારે મારા હાથમાં આવ્યો છે ત્યારે હું તને જતો કેમ મેલું? જેમ તને તારૂં પેટ લાગ્યું છે, તેમ મને પણ મારૂં પેટ લાગેલું છે.” એટલામાં ત્યાં એક શિકારી આવી પહોંચ્યો અને વાઘ પર પોતાની બંદુક તાકી. વાઘે તેનાથી બચવાની આશા મૂકીને કહ્યું કે “ભાઇ! મને શામાટે મારે છે? મેં કાંઇ બગાડયું નથી. હું માત્ર મારા પેટને ખાતર ફરતો અને જહેમત ઉઠાવતો અહીં આવ્યો અને આ શિકાર મળ્યાથી તેનો ભક્ષ કરવા ચાહતો હતો.” શિકારીએ કહ્યું: “અને હું પણ મારા પેટને ખાતરજ અહીં આવ્યો છું અને મારા જીવના જોખમે તારો શિકાર કરવા ચાહું છું.” વાઘે કહ્યું:

"પણ મને મારવાથી તારૂં પેટ ભરાવાનું નથી; કેમકે મારૂં માંસ તને ખપતું નથી." શિકારીએ કહ્યું, "તે ખરૂં; પણ તને મારેલો લઇ જઇ સરકારમાં રજૂ કરીશ, તો મને મોટું ઇનામ મળશે અને તે ઇનામના પૈસાથી હું થોડા દહાડા મારા પેટનો ખાડો પૂરી શકીશ." એમ કહી તત્કાળ બંદુકની ગોળી છોડી વાઘનો પ્રાણ લીધો.

બોધ–"પેટની વેઠ" સૌને સરજેલી છે. પેટને ખાતર સૌ કોઇ ઉદ્યમ કરે છે–કોઇ સારા ને કોઇ માઠા, કોઇ નાના ને કોઇ મોટા, કોઇ સહેલા ને કોઇ જોખમભરેલા, કોઈ દિવસે ને કોઇ રાત્રે ઉદ્યમ કરીને તેથી પૈસા મેળવે છે અને તે પૈસા વડે પોતાનો તથા પોતાના કુટુંબનો લાભ લઇ નિર્વાહ ચલાવે છે. તે ઉદ્યમ કરતાં બીજાના પેટ પર લાત પડે, તેની દરકાર કે દયા થોડાઓજ રાખે છે. જબરાઓ નબળા પર જાય છે અને તે માટે બહાનું પોતાના પેટનું કાઢે છે; પણ માણસને ઘટે છે કે, વેઠ પ્રમાણિકપણેજ કરવી અને તે વેઠ કરતાં ગરીબના પેટ પર લાત ન મારવી: નહિ તો તેને બીજી રીતે અથવા બીજાને હાથે તેની સજા ખમવી પડશે. દુનિયામાં કોઇને નુકસાન કરીને કોઇ સુખી થતું નથી. નુકસાન ખમનાર નબળો હોય છે તો તેને નુકસાન કરનાર પર બીજો કોઇ જબરો થઈ શકે છે અને આ જગતમાં "શેરને માથે સવાશેર હોય છેજ."

કથા ૧૦૬ મી—માણસ અને નસીબ

એક માણુસ બહુ આળસુ અને તેથી દરિદ્રી હતો. પોતાની દરિદ્રતા માટે તે સદા પોતાના નસીબને દોષ દઈ, તેની સામે ફરિયાદ કરતો. એક મિત્રે તેને સલાહ આપી કે, તારૂં નસીબ ઉંઘતું છે; તે જાગે તો તારી દરિદ્રતા ટળીને તું સુખી થાય. તે પોતાના નસીબ પાસે ગયો અને નસીબ જે ભરઉંઘમાં પડેલું હતું તેને હલાવીને બોલ્યો કે "હીણા નસીબ! તું સૂઇ શું રહ્યું છે? જાગ અને ઉઠ. તારે લીધે હું દરિદ્ર રહી ગયો છું; તું જાગશે તોજ હું સુખી થઈશ." નસીબે આંખો મીંચેલી રાખી સૂતાં સૂતાંજ ઉત્તર દીધો કે "એમ હું કદી જાગવાનું નથી." પેલાએ પૂછ્યું: "ત્યારે તું કેમ જાગશે?" નસીબે ઉત્તર વાળ્યો: "ઉદ્યોગ-દેવની તું સેવા કરશે, અને એ તારા તરફથી આવી મને ધમકી આપશે તોજ હું જાગીશ." પેલાએ પૂછ્યું: "પણ ઉદ્યાગદેવની સેવા હું કેવા પ્રકારે કરૂં?" નસીબે જવાબ દીધો કે "તારા હાથ અને પગ હલાવ, તને જે આવડતું હોય તે કામ કર; અને ઉમંગ તથા વિશ્વાસ રાખી તે કામ પાછળ મંડયો રહે. ઉદ્યોગદેવ તેથી તારા પર પ્રસન્ન થશે; તે મને જગાડશે અને હું જાગીને તારા ઘરમાં સુખસંપત્તિ-ની રેલછેલ કરીશ." પેલા માણુસે તે પ્રમાણે કર્યું અને તેનું નસીબ જાગીને દરિદ્ર દૂર થયું.

બોધ—ઘણાં માણુસો સુખનો આધાર માત્ર નસીબ ઉપર રાખે છે. આળસુઓ પોતાના આળસથી દરિદ્રતા ભોગવે છે અને તેનો દોષ નસીબને દે છે, પણ તે યોગ્ય નથી.

નસીબનેજ આધારે બેસી રહેવાથી કાંઈ વળતું નથી; સામી દરિદ્રતા વધે છે. નસીબને જગાડવું હોય, અથવા ભાગ્યશાળી થવું હોય, તો આળસ તજી મહેનત કરવી, અને પ્રમાણિકપણે ઉદ્યોગમાં મચેલા રહેવું. ઉદ્યોગથી નસીબ ફરશે અને દરિદ્રતા ટળશે. ઉદ્યોગથી ધન એક વાર ન મળે; પણ ધાન્ય તો અવશ્ય મળશે.

દોહરો

"હોય કર્મમાં તોય પણ, શ્રમ કરવો નવ મેલ;
વિના શ્રમેથી નહિ મળે, તલમાંથી પણ તેલ."

કથા ૧૦૭ મી–પારસરીનું ઝાડ અને કણખરીની વેલ

એક પારસરીના ઝાડ ઉપર કણખરીની વેલ ચઢેલી હતી. તે વેલ નીચેથી ઉપર સુધી સઘળી બાજુથી વિંટળાઇ મજબૂત રીતે બાઝી હતી અને બંને મળી જાણે એકજ ઝાડ હોય તેમ લાગતું. એક દહાડો પવનનું સખત તોફાન થયું, જેના ઝપાટાથી તે ઝાડ તૂટી પડવાની અણી ઉપર આવ્યું. તે ઉપરથી તેણે કણખરીને કહ્યું કે "વહાલી વેલ! હવે તું મારાથી ઝટ છૂટી પડી જા. આ પવનના સપાટાથી ખચિત હું તૂટી પડીશ અને તું જો મને બાઝેલીજ રહેશે તો તું પણ પટકાઇ પડીને મારી પેઠે નાશ પામશે. મારે લીધે તું નાશ પામે કિંવા દુઃખી થાય, એ મને દુઃખદાયક લાગે છે." કણખરીએ કહ્યું: "કૃપાળુ ભાઇ! હું તારાથી મરતાંલગી છૂટી પડનાર નથી. પવનથી તારી સાથે પટકાઇ પડી હું પણ મરી જઇશ, તો તેની શી ચિંતા છે? તેં મને

જન્મથી આશરો આપી મોટી અને ફળદ્રૂપ થવામાં મદદ કરી છે, તો મારો ધર્મ છે કે, તારા દુઃખના સમયમાં પણ તારી સાથેજ રહેવું." એમ કહી આ વેલ તે ઝાડને બાઝેલીજ રહી અને પવનના સપાટાથી જ્યારે ઝાડ તૂટી પડયું ત્યારે તેની સાથેજ પડીને મરણ પામી.

બોધ—સ્વામીભક્તિ અથવા વફાદારી એ મોટો સદ્દગુણ છે. જેણે આપણને આશરો આપી રક્ષણ કર્યું, તેના તરફ વફાદાર રહેવું; તેના સુખદુઃખમાં ભાગ લેવો અને જરૂર પડે તો તેને માટે જીવ પણ આપવો એ વફાદારી છે; એટલુંજ નહિ પણ એક જાતની બહાદુરી પણ છે. એવી વફાદારી સૌ કોઈથી થતી નથી. કોઇ વીરલા માણસથીજ તે થઇ શકે છે, અને જેનાથી થાય છે તેની કીર્તિ જગતમાં અચળ રહે છે.

કથા ૧૦૮મી—ધૂમકેતુ અને ગ્રહો

લાંબી મુદતે એક મોટો ધૂમકેતુ (પૂછડીઓ તારો) આકાશમાં પ્રગટી નીકળ્યો. તેનું મોટું મસ પૂછડું અને અજબ જેવી ચાલ જોઇ સૂર્યમંડળમાંના બધા ગ્રહો વિસ્મય પામ્યા અને તેને ખાંપણવાળો ગ્રહ ગણી તેઓએ તેની ઠેકડી કરી. તેઓની વતી શનિશ્ચર ગ્રહે તો ધૂમકેતુને એમ પણ કહ્યું કે "પૂછડિયા કાકા ! તમે કયા દહાડાના ગ્રહ, કે અમારા સૂર્યમંડળમાં જગા લેવા પધાર્યા છો ? અમે તમોને અમારા ભાઇબંધ તરીકે સ્વીકારતા નથી; છતાં તમારે જો અમારી મંડળીમાં બિરાજવુંજ હોય તો તમારી ચાલ પાંસરી કરો, અને તમારૂં પૂછડું કાપી નાખો." ધૂમકેતુએ

શેખાઇથી કહ્યું: “ તમારાં મહેણાં કિંવા શિખામણને હું ગણકારતો નથી. સૂર્યમંડળના ગ્રહતરીકે તમે મગરૂરી લ્યો છો અને મને હીણો છો; પરંતુ ખરેખરો અસલ ગ્રહ તો હું પોતે છું. ઓગણીસમી સદીની વિદ્યાએ પૂરવાર કર્યું છે કે, માણસજાત અસલ પૂછડીવાળું પ્રાણી–વાંદર–હતું. તેની પૂછડી ઘસાતાં ઘસાતાં નીકળી ગઈ છે અને સ્વરૂપમાં તથા વર્તણુકમાં ફેરફાર થઇને તે મનુષ્ય બન્યું છે. પણ અસલ વાંદર તે વાંદરજ—પૂછડિયું તે પૂછડિયુંજ–અર્થાત્ સૃષ્ટિની સઘળી ઉત્પત્તિ અસલ પૂછડાવાળી છે. તેજ પ્રમાણે, સર્વ ગ્રહો પણ અસલ પૂછડિયાજ હતા. તમો અને અમારા બાપદાદા પણ પૂછડિયાજ; પરંતુ તમારાં પૂછડાં ઘસાઇ ઘસાઈને તમે બાંડા કિંવા વગર પૂછડાના બન્યા છો. તેમાં તમારી બડાઇ શી ? ચાહું તો હું પણ મારૂ પૂછડું ઘસી ઘસીને વગર પૂછડિયો બનું; પરંતુ મને મારૂં પ્રાચીનપણું છોડવું ગમતું નથી. તમારામાં જો ડહાપણ અને વિવેક હોય તો પોતાની જાતના અસલ નમુના દાખલ મને માન આપીને ચાલો. તમે સઘળાં નિયમિત ચાલે ચાલી સૂર્યને આધીન રહો છો, પણ હું સ્વતંત્રતાને ચાહનારો હોવાથી તેની આધીનતા પસંદ કરતો નથી અને તેથી અનિયમિત ચાલે ચાલું છું. મને ભરૂસો છે કે, વીસમી સદીના વિદ્વાનો મારી આ વાત ખરી પાડશે અને તે વેળા મને ન્યાય મળશે !” એમ કહી ધૂમકેતુ ક્યાંનો ક્યાંય નીકળી ચાલ્યો, તે અદ્યાપિપર્યંત પાછો નજરે પડયો નહિ.

બોધ–ખોડિયાળ અને લફંગાં માણસો લોકલાજથી

બીતાં નથી અને નિયમિત સત્તાને આધીન રહેતાં નથી. તેમને જ્યારે તેમના કામનું અઘટિતપણું દેખાડવામાં આવે છે, ત્યારે તેઓ શેખાઇનો જવાબ દઇ છટકી જાય છે. કહેવત છે કે, "જેણે મૂકી લાજ તેને નાનું સરખું રાજ." નાગાને કુલે બાવળ ઉગ્યો તો કહે મારે છાંયડો થયો." એવા માણસ પ્રજા તથા રાજ્યને પીડા કરનારા થઇ પડે છે, પણ તે માટે તેઓ પ્રજા તથા મંડળીથી "ન્યાત બહાર" અને રાજથી દેશનિકાલ જેવા થઇ પડે છે. સર્વે તેમને ધિક્કારે છે અને તેમના સુખદુઃખમાં કોઇ ભાગ લેતું નથી.

કથા ૧૦૯ મી–કંસારી અને કરોળિયો

રાતી કંસારીઓ ચોમાસાની ઋતુમાં રાતની વેળા પોતાના દરને મથાળે નીકળી, બેસી, એક્કીટગરે ચીસ પાડે છે. તે ચીસ એવી જબરી અને તીણી હોય છે કે સાંભળ-નારના કાન ફાટે અને માથું દુઃખે. તે પ્રમાણે તેવી એક કંસારીને ચીસ પાડતી સાંભળી તેના પડોશી કરોળિયાએ પૂછ્યું કે "બહેન! એવડી ચીસ તમે શામાટે પાડો છો? એથી તમોને મળતું તો કાંઇ નથી અને આસપાસનાં સર્વ પ્રાણી-ઓનાં માથાં દુઃખે છે તથા તેમને કંટાળો છૂટે છે." કંસારીએ ઉત્તર વાળ્યો કે "ભાઇ! હું એટલાજ માટે મોટે ઘાંટે ચીસ પાડું છું કે સઘળાં પ્રાણીઓ તથા માણસોમાં મારૂં જીવતર તથા અગત્ય જાણીતાં થાય અને મારી મોટાઇ વધે. હું જો જીવ પછાડીને બૂમ ન પાડું તો તેઓ શું જાણે કે, હું કેવી

છું, કયાં વસું છું અને મારામાં શક્તિ કેવી છે ? તમારોજ દાખલો લ્યો. તમે મારી પેઠે મોટે ઘાંટે ચીસ પાડતા નથી તેથી તમે મારા જેવી અગત્યતા મેળવતા નથી અને પ્રાણીઓમાં તમને કાંઈજ માન મળતું નથી. કરોળીઆએ કહ્યું: “બહેન ! તમારા વિચાર એવા હોય તો ભલે, પણ ખરી વાત તો આ છે કે, તમારી મોટી ચીસથી તમારી અગત્યતા જરાય વધતી નથી. મોટી ચીસ પાડો, નાની ચીસ પાડો યા ચીસ ના પાડો, તોપણ સર્વે જાણે છે કે, તમે એક નિર્જીવ કંસારી છો, હું પણ તમારા જેવડો અને તમારી જાતનો છું અને જો કે તમારી પેઠે મોટી બૂમો નથી પાડતો તોપણ હું જાળાં ગુંથી જાણું છું અને જાળાં વડે બીજાં જીવજંતુઓના શિકાર કરી શકું છું, તેથી પ્રાણીઓ તથા માણસોમાં તમારા કરતાં હું વધારે અગત્યનો ગણાઉં છું.”

બોધ—જે માણસમાં ખરી યોગ્યતા હોતી નથી અને લોકોમાં જે પોસાતું નથી તે પોતાને મોઢે પોતાની વડાઇ હાંકીને અથવા પોતાનાં પૂછડાંઓ પાસે પોતાનાં બણગાં ફુંકાવીને, પોતાની અગત્ય તથા મોટાઇ દેખાડવાનાં ફાંફાં મારે છે, પણ તેથી તેમનું કાંઈ વળતું નથી. તેનું વજન કેટલું છે તે લોકો જાણી લે છે અને તેના આપવડાઇના બખાળાથી કંટાળી તેને સામા ધિક્કારે છે. જેનામાં ખરી યોગ્યતા હોય છે, તે ગુપચુપ કામ કર્યા છતાં લોકોમાં વખણાય છે. પોતાને માટે પોતાની વડાઇ તે હાંકતું નથી અને તેમ કરવાની તેને જરૂર પણ રહેતી નથી, કહેવત છે કે “ખાલી ચણો ઉછળે ઘણો.”

કથા ૧૧૦ મી—માણુસ અને ગધેડો

એક છોકરો બહુ આળસુ હતો. તેના બાપે એક દહાડો તેને કામ સોંપ્યું તે તેણે કર્યું નહિ; તે ઉપરથી રીસ ચઢાવી તેણે તેને કહ્યું કે "આળસુ છોકરા! ખરેખર તું ગધેડોજ છે." એ વેળા તેને આંગણે એક ગધેડો ઉભેલો હતો, તેને કાને આ શબ્દો પડયા. તે સાંભળી ગધેડો બોલ્યો કે "શેઠજી! તમે આ સરખામણી વાસ્તવિક ન કરી. છોકરો આળસુ છે અને કામ કરતો નથી, માટે તમે તેને ગધેડો કહી ધિક્કારો છો; પરંતુ અમે ગધેડાઓ કાંઈ આળસુ નથી અને કામ કરવા-ને ના પાડતા નથી. વળી અમે તો ઘણું કામ કરીએ છીએ અને તેમ કરીને અમારા ધણીને ઉપયોગી થઇએ છીએ. અમોને તેટલા માટે તમોએ માન આપવું જોઈએ; નહિ કે અપમાન."

બોધ—રિવાજથી તથા લોકવાણીથી ઘણી વાર ખરી વાત ખોટા રૂપમાં અને ખોટી વાત ખરી દાખલ પસાર થાય છે. એક માણુસ સારૂં હોય પણ ભોગજોગે જો તેની ખોટી સાખ પડી, તો જન્મ સુધી લોકો તેનું માઠું બોલે છે. તેમ ખરેખરાં ભૂંડાં માણસો સારા સંજોગને લીધે સારાં માણસમાં ખપી જાય છે. માઠા સંજોગમાં કોઇ બાપડાનું ભુંડું ઉપ-નામ પડયું હોય, તે તેના વંશ સુધી ચાલુ રહે છે અને લોકો તેની મશ્કરી પણ કરે છે; પણ તે ખોટું છે કે ખરૂં, તથા તે શામાટે પડયું, તેની શોધખોળ કરી તેમાં ફેરફાર કરવાનો વિચાર કોઇ કરતું નથી.

કથા ૧૧૧ મી–હઠીલો વાછરડો

બે વાછરડા મિત્ર એક દહાડો નદીકાંઠે ચારો ચરતા હતા. કાંઠો બહુ ઉંચો હતો અને તેની કોરે જતાં નદીમાં તૂટી પડી પછડાઇ મરવાનું જોખમ હતું. એક વાછરડો જે વિવેકી હતો, તે સાવધ રહી સલામત જગાએ આઘો ને આઘો ચરતો; પણ બીજો વાછરડો ઉદ્ધત હતો. તે ઉદ્ધતાઇથી કાંઠાની કોરણ સુધી આગળ વધી ગયો. વિવેકી વાછરડાને તે જોઇ તેની સલામતી માટે ધાસ્તી લાગી અને તેનું હિત ઇચ્છી તેણે કહ્યું કે “ મિત્ર! એટલો આગળ ના જા; જરા પાછો હઠ. આ કાંઠો બહુ ઉભો ને ઉંચો છે. વળી જેમ તેની સપાટી પર પણ કાંઇક નાની ઝાડી ને ઘાસ છે, તેમ નદી ભણીની તેની ઉતરતી બાજુએ પણ કાંઇક નાની ઝાડી ને ઘાસ ઉગેલું છે. તે ખાવાની તને લાલચ થશે અને તે માટે આગળ પગલું ભરતાં તારા જીવનું જોખમ થશે; કેમકે આગળ પગલું ભરતાં પગ લપસી જઇને કે કાંઠાની કોરણ ધસીને, અથવા તો તે બાજુની ઝાડી ઉખડી જઈને, તું નદીમાં તૂટી પડયા વગર રહેશે નહિ. ” હઠીલા વાછરડાએ ક્રોધથી ઘુમટો ચઢાવીને કહ્યું કે “ભાઇ ! આમ બોલી તું મને અપમાન માત્ર કરે છે. શું હું નાનું ને અજ્ઞાન પ્રાણી છું કે તું મને એવી શિખામણ દે છે ? હું એક બળવંત બળદબચ્ચો છું અને મારે એવા એવા કંઈ કંઇ કાંઠા, નદીઓ, જંગલો અને પહાડો ખેડવાનાં છે. વળી મેં શૂરવીરોનાં વચન સાંભળ્યાં છે કે પગલું ભર્યા પછી પાછું હઠવું નહિ. જે કામ હાથ ધર્યું

તે કદી અધુરૂં મેલવું નહિ અને કરેલો ઠરાવ ફેરવવો નહિ. તેમ આ નદીકાંઠાની કોરાણે ઉગેલો ચારો ચરવાનો મેં ઠરાવ કર્યો છે, તો તે હું પાળીશજ. ઉદ્ધત વાછરડાના આ વિચારો કેવા ભૂલભરેલા છે, તે દેખાડીને ડાહ્યા વાછરડાએ ફરી પણ તેને પાછો ફરવાનો આગ્રહ કર્યો; પણ "પથ્થર પર પાણી." જેમ જેમ તે તેને પાછો હઠવા કહે, તેમ તેમ પેલો અકેક પગલું આગળ ભરતો જાય. એમ કરતાં તે કાંઠાની છેક અણી પર આવી લાગ્યો અને તેણે નદીની બાજુએ ઉંચાણુથી જે ઝાડી ઉગેલી હતી, તેને ખાવા માટે પોતાની ડોક લંબાવી વાંકી કરી. તેની ડાળી મોંમાં લઇ જેવી તાણી, તેવુંજ તે નાનકડું ઝાડ થડમાંથી ઉખડી ગયું. તેની જોડે કાંઠાનો થોડો ભાગ ધસી પડયો; અને તે ધસેલા ભાગ ઉપરજ હઠીલા વાછરડાના આગલા પગો ટેકેલા હોવાથી તે પણ તેની સાથે ગબડી, ઉંધે મસ્તકે નદીમાં પડીને મરણ પામ્યો.

બોધ–હિંમત અને ઠરાવ એ સારા ગુણ છે, પણ તે ઘટતી જગ્યાએ અને અનુકૂળ સમયે વાપર્યાથીજ લાભ કરે છે. અણઘટતી જગાએ અને પ્રતિકૂળ પ્રસંગે વાપર્યાથીજ તે ગુણ હઠનું રૂપ પકડે છે અને સામું નુકસાન કરે છે. હઠીલું માણસ હઠ પકડે છે, ત્યારે જાણે તે આંધળું બને છે. શિખામણ જેમ વધુ સાંભળે છે, તેમ તે હઠ વધારે પકડે છે અને પોતાનું જોર અથવા જીવતર ગુમાવી બેસે છે.

કથા ૧૧૨ મી–સિંહ અને આગગાડી

કોઇ જંગલમાં એક સિંહરાજા રાજ્ય કરતો હતો. તે બહુ જુલ્મી હતો. પોતાની પ્રાણી પ્રજાના જાનમાલની લૂંટ જેમ ગમે તેમ કરીને તેને તેણે કંગાલ કરી નાખી હતી. પ્રાણીઓ તેથી કંટાળી ગયાં હતાં. આ જુલમી સિંહનો કાંટો કાઢવાને તેઓ અનેક તજવીજ કરતાં, પણ કંઇ વળતું નહિ. એવામાં એક રેલ્વેની સડક તે જંગલમાં થઇને આગળ વધી અને તે પર આગગાડી દોડતી થઈ. આ નવીન રથ શી ચીજ છે તે સર્વ પ્રાણીઓ સમજી ગયાં; પણ સિંહ-રાજા તે વિષે અજાણ હતા. તે તકનો લાભ લઈ પ્રાણીઓ તેની પાસે ગયાં અને નમસ્કારપૂર્વક વિનંતિ કરી કે "હે મહારાજા! આપ તો પોતાના બળ અને સત્તા પર અભિમાની રહી નચિંતે બેઠા છો; પરંતુ અમો નબળાં પ્રાણીઓનું સત્યનાશ વળે છે. આપના દેશમાં અગ્નિરાક્ષસ નામે એક નવું મોટું પ્રાણી નીકળી આવ્યું છે. તેનું શરીર લોખંડનું છે, તેનો ખોરાક અગ્નિનો છે, તે પવન ઝડપે દોડે છે અને મેઘની ગર્જના જેવો અવાજ કરે છે. અમારાં રમતાં ફરતાં બચ્ચાંઓને તે નિર્ભય-પણે પોતાના પગ નીચે કચરી નાખે છે અને અમે જ્યારે તેને પાંસરો રહેવા કહી આપના નામની દોહાઇ દઇએ છીએ ત્યારે ઉલટો તે તુચ્છકારથી કહે છે કે 'સિંહ તે વળી કોણ? તેને હું ઓળખતો નથી અને તેની સત્તા પણ સ્વી-કારતો નથી. આ જંગલનો રાજા તો હુંજ છું.' માટે આપને વિનંતિ કરીએ છીએ કે, તે અભિમાની ને ક્રૂર

પ્રાણીને મારી અમારૂં રક્ષણ કરો. ” આ સાંભળતાંજ સિંહની આંખમાં ખૂન ચઢયું. પ્રાણીઓનું રક્ષણ કરવાને નહિ એટલો પોતાની મગરૂરી અને સત્તા જાળવવાને માટે, તે તત્કાળ ઉઠી ઉભો થયો અને પ્રાણીઓને ભોમિયા તરીકે સાથે લઇ, રેલ્વેની સડક પાસે આવ્યો. થોડી વારમાં ત્યાં, ફુંફાડા મારતી આગગાડી પણ આવી લાગી. તેને પોતાના શત્રુતરીકે પિછાનતાંજ, સિંહ પૂછડી ઉભી કરી એક જબરી બરાડ સાથે તેની સામે ધસી ગયો, પણ તે આગગાડીને પકડે યા ટક્કર મારે, તેટલામાં તો તેના પૈડા નીચે આવી કચરાઇને ચુરેચુરા થઇ ગયો.

બોધ–રાજા તથા બીજા સત્તાવાળાઓએ પોતાની પ્રજા પર જુલમ કરવો જોઇએ નહિ. જુલમ એ રાજ્યને માટે જીવલેણ રોગ સમાન હોવાથી કોઇ પણ સમયે કોઇ પણ રીતે તે રાજ્યનો નાશ કરશે. જુલમ ખમનારી પ્રજા બહારથી ગમે એવો વફાદારીનો અને સારો દેખાવ કરે, પણ રાજા તરફ તે રાજ્યભક્ત રહી શકતી નથી, દિલમાં ક્રોધ અને વેર રાખી તે તેનો ઘાટ ઘડવાનીજ યુક્તિમાં ફરે છે. ફાવે છે તો તે બળવો ઉઠાવે છે; તેમ નહિ તો બીજા રાજ્યવાળા સાથે મળીને, અથવા દેશ પર ચઢી આવતા શત્રુનો પક્ષ પકડીને, પોતાના જુલ્મી રાજાનો ઘાણ કાઢી નાખે છે. આ વાત રાજ્ય જેવા બહોળા કારભારવાળા શ્રીમંત નરોને પણ લાગુ પડે છે.

કથા ૧૧૩ મી—રેલ્વેગાડીને ઘસડવાનો દાવો કરનાર "બ્રેક"

રેલ્વેની એક ટ્રેન સ્ટેશન પર આવી પહોંચ્યા પછી તેને થોડે છેટે પાછળ હઠાવી લઇ જવાની જરૂર પડી. તે માટે એન્જીન ડ્રાઇવરે એન્જીનને ઉલટી ગતિ આપી અને તેના બળથી ટ્રેને પાછળ હઠવા માંડયું. તેથી દેખાવ એવો થયો, કે એન્જીન, જે સઘળા ડબાઓથી આગળ હતું તે પાછળ થયું અને ગાર્ડની બ્રેક ગાડી જે સર્વથી છેલ્લી હતી તે પહેલી થઈ. તે બ્રેકના મનમાં તેથી એવું અભિમાન આવ્યું કે, આખી રેલ્વે ટ્રેનનો મુખી હુંજ છું અને હુંજ તેને–એન્જીન સુદ્ધાંને–ઘસડી લઈજાઉં છું અને તે પ્રમાણે સર્વને કહીને તેણે પોતાની બડાઇ પણ હાંકી ! તેની આ ભૂલ સમજાવવામાં આવી, પણ તે તેણે સ્વીકારી નહિ. છેવટે જ્યારે ટ્રેનને પાછી ફેરવી પ્રથમ પ્રમાણે એન્જીન તેને સડસડાટ ઘસડી ગયું અને બ્રેક પોતે તેની પાછળ ઘસડાતી ચાલી, ત્યારેજ તેની શુદ્ધિ ઉઘડી કે ટ્રેનને ઘસડનાર તો એન્જીન છે અને બ્રેક તો માત્ર તેના બળ વડે ઘસડાતું એક નિર્જીવ ગાડું છે. પછી સવડને ખાતર તેને આગળ રાખવામાં આવે કે પાછળ રખાય તે બધું સરખું છે.

બોધ–"ગાડા નીચે કૂતરૂં ચાલે તે સમજે છે કે હુંજ ગાડું ઘસડું છું." તે સમજણ જેમ ખોટી અને હસવા જેવી છે, તેમ જે માણસ કોઇ મહાપુરુષને આધારે ચાલી પોતે તેને લઈ ચલાવવાની બડાશ મારે તેની સમજ પણ ખોટી અને હસવા જેવી છે. વારંવાર મોટાં માણસો

પોતાની સગવડ સાચવવા યા કામ કાઢી લેવાને માટે અથવા તેનાં માણુસોને તક આપી આગળ વધારવાને માટે પોતાના નોકરો યા મદદનીશોને આગળ પાડી પોતે પાછળ રહે છે, તેથી દેખાવ એવો લાગે છે કે તે કામ તેમણેજ બજાવ્યું હોય; પણ વાસ્તવિક રીતે જોતાં તો તે કામ પેલાં મોટાં માણુસોના નામ અને આવડતના પ્રતાપથીજ બનેલું હોય છે. ચતુર લોક તે સહેજમાં સમજી લે છે; પણ પેલા બુદ્ધિહીન માણુસો તે કામ પોતાનાજ બળથી બજાવેલું સમજે છે અને લોકોની આગળ બડાઇ હાંકે છે. તેમની સ્થિતિ આ કથામાં જણાવેલ "બ્રેક" ગાડીના જેવી, તેમની મશ્કરી કરાવનારીજ છે.

કથા ૧૧૪ મી—બે બળદ અને બે જાતનું ઘાસ

એક વગડામાં એક બળદ રહેતો હતો. તે જંગલ દાભડા વગેરે મોટા કદના અને કઠોર ઘાસથી ભરેલું હતું. ઘાસ વચ્ચેથી પસાર થતાં માણુસોનાં માથાં પણ દેખાય નહિ. જંગલ તે ઘાસથી એટલું ચીકાર થઇ ગયેલું કે તેમાં રહી પસાર થવાનો માર્ગ પણ મળે નહિ. તે બળદ તેને માટે બહુ મગરૂર રહેતો. એક દહાડો તે છેટેના જંગલમાં રહેતા પોતાના એક ભાઇબંધ બળદને ત્યાં પરોણો ગયો. આ વગડામાં જે ઘાસ ઉગેલું હતું, તે દરોઇ જાતનું નાના કદનું તથા કોમળ હતું અને તે બહુ ગીચ નહિ, પણ છૂટું છૂટું હતું. તે જોઇ પરોણા બળદને હસવું આવ્યું

અને પોતાના મેજબાન બળદને તેણે કહ્યું કે "ભાઇસાહેબ! મને તો તમારા ભંડોળ માટે મોટો ભરમ હતો, પણ હવે તે ભરમ ફૂટી ગયો છે. તમારા વગડામાંનું ઘાસ તો છેકજ નાનું અને વળી થોડું છે, પણ મારા વગડામાંનું ઘાસ એવડું મોટું છે કે તમો તેમાં પેસો તો તમારાં શિંગડાંઓ ઉપર દેખાય નહિ તથા તે ઘાસ એટલા મોટા જથ્થામાં ઉગેલું છે કે તમને ચાલવાની પણ જગા મળે નહિ." મેજબાન બળદે તેના જવાબમાં કહ્યું કે "તે ખરૂં, ભાઇજી! પણ તે માટે તમને અભિમાની થવાનું કારણ નથી. મારૂં ઘાસ નાનું અને થોડું છે ખરૂં, પણ તે કોમળ, સ્વાદિષ્ટ, ખાવા-લાયક અને પુષ્ટિકારક છે. તે લીલું ખવાય છે, તેમ સૂકું પણ ખવાય છે. વળી તેની પુળીઓ બંધાઇ વેપાર૦ ચાલે છે અને તમારા તથા મારા જેવા સંખ્યાબંધ બળદોનો તે પર નિર્વાહ થાય છે. તમારૂં ઘાસ મોટા કદનું અને મોટા વિસ્તારનું ખરૂં, પણ તે નકામું ને નુકસાનકારક છે. ઢોરોથી તે ખાઈ કે પચાવી શકાતું નથી; અને જ્યારે તે સુકાય છે ત્યારે દવ લગાડી તેને બાળીને રસ્તા મોકળા કરવામાં આવે છે." મહેમાન બળદ આ સાચી વાતથી ફિક્કો પડયો અને પોતાની જગા છોડી દઇને, કોમળ ઘાસવાળી કોઇ નવી જગાએ જઈ રહેવાનો વિચાર કરવા લાગ્યો.

બોધ–લખાણો કિંવા ગ્રંથોની કિંમત તેમની સંખ્યા ઉપરથી નહિ, પણ તેમાંના વિષયો તથા તેમાં સમાયલી વિદ્વત્તા જોઇને કરવી જોઇએ. એક શખસે ઘણાં પુસ્તકો લખી કાઢયાં હોય તેટલા માટેજ તે સારો ગ્રંથકાર ગણાય

નહિ. કોઇ વિદ્વાન માત્ર એકજ પુસ્તક કાઢે, પણ તે જો વિદ્વત્તાભરેલું અને લોકોપયોગી હોય, તો એક સો કચરા જેવાં પુસ્તકો કરતાં તે સરસ કહેવાય. આ વાર્તાનો બોધ, સારાંનરસાં પુસ્તકોને તેમ સારી નરસી હરકોઈ વસ્તુને પણ લાગુ પડે છે. કહેવત છે કે,

"ભુંડણ બચ્ચાં સો જણે સોએ બિચારાં;
સિંહણ બચ્ચું એક જણે એકે હજારાં."

કથા ૧૧૫ મી–પીપળો અને તેના ઉપર ઉગેલા રોપા

એક બહુ પુરાણું અને વિશાળ પીપળાનું ઝાડ કોઇ એક સુંદર તળાવની પાસે ઉગેલું હતું. તેના થડ તથા ડાળીઓ પર નાના પ્રકારના ઘણાએક રોપા ઉગેલા હતા તથા વેલા ચઢેલા હતા. તેઓમાં એક આગિયો રોપો હતો તે પીપળાનાં નવાં ઉગતાં પાનને હરકત કરે એવી રીતે ઉગેલો હતો; જેથી બીજા સારા રોપાએ પીપળા હજુર તેની ફરિયાદ કરી કે "પીપળા બાપા ! આ રોપો તમારા શરીર પર બેસીને બહુ મસ્તી કરે છે અને તમારા આધારે જીવ્યા છતાં તમારાં કોમળ પાંદડાંને પજવે છે." પીપળાએ હસીને કહ્યું કે "બાપુ! એ રોપો મસ્તી કરી મને પજવે છે એ ખરૂં; પણ તને તો નથી પજવતો ને ? અને તેથી તેની ફરિયાદ કરવાનું તને કાંઇ કારણ નથી. હું છું અને એ છે; અમે અમારૂં ભોગવી લઇશું. મારા થડ પર તેમજ ડાળો પર એટલા બધા અને એટલી જાતના રોપા તથા વેલા છે અને તે દરેકના સ્વભાવ

તથા લાભો પણ એવા વિચિત્ર છે, કે તેઓ સઘળાની નાની નાની કસુર માટે જો હું ચીડાતો રહું તો મને એક ઘડીની પણ ફુરસદ ન રહે, તેમ તેઓ અને મારા વચ્ચે જે પ્રીતિ-ભરેલો વ્યવહાર ચાલે છે તે પણ ટકી ન શકે. પરમેશ્વરે જ્યાંસુધી મારી મોટાઇ જાળવી છે અને મારામાં જ્યાંસુધી સહનશીલતા છે ત્યાંસુધી હું તમો સર્વને એકસરખી માયાથી નિભાવી લઇશ."

બોધ–મોટાં માણસોને આધારે નાનાં માણસો પડે-લાંજ રહે છે. તે મોટો માણસ જો મોટા દિલવાળો અને સહનશીલ હોય છે, તો તેને આશરે તેવાં વધારે માણસો આવી પડે છે અને સુખી થઇને તેને આશિષ દે છે. તેઓ તેની કીર્તિ ગાય છે અને તેને પોતાના પિતા યા પરમેશ્વર સમાન ગણી પૂજે છે. એવા મોટા માણસને તેમની સંભાળ લેતાં વારંવાર દુઃખ પણ ખમવું પડે છે. નાનાં માણસો તેના સંબંધમાં નાની નાની કસુરો પણ કરે છે; પરંતુ મોટું માણસ પોતાના મોટા દિલથી તે લઇ ચલાવે છે. તેમ કરવું એજ મોટા માણસનો ધર્મ અને મોટાઇ છે. ભાગ્યશાળી માણસ હોય તેનેજ આશરે ઘણાં માણસો આવી પડે છે.

કથા ૧૧૬ મી—વાઘનું સગપણ સાધવા નીકળેલી બિલાડી

એક વાઘનું નસીબ બહુ તપતું હતું. પોતાની મોટાઇ દેખાડવા માટે તે વારંવાર પોતાને ત્યાં ખાનપાનના મેળાવડા કરતો અને તેમાં વરૂ, ગેંડા, રીંછ, તરસ જેવાં જબરાં પ્રાણીઓને નોતરતો. શિયાળ, સસલાં, વાંદરાં જેવાં નાનાં પ્રાણીઓ સાથે ભેળાવામાં તે હલકાઈ સમજતો અને તેમને નોતરૂં દેતો નહિ. તે તરફ એક ગરીબ બિલાડી રહેતી હતી, તેને આથી બહુ બળાપો થયો. તેણી ઈચ્છતી હતી કે, વાઘ પોતાના ખાનપાનના મેળાવડામાં મને પણ બોલાવે તો સારૂં, કે મને સારાં સારાં ભોજનો મળે ને વળી હું પણ મોટા પ્રાણીની ગણતરીમાં આવું. તે માટે વાઘને રાજી કરવાની યુક્તિ તેણી શોધ્યા કરતી હતી. એક દહાડો તેણીની માનું શ્રાદ્ધ આવ્યું. તે તકનો લાભ લઈ તેણીએ વાઘને ઘેર ભાણું મોકલાવ્યું; પણ વાઘે તે પાછું વાળી કહાવ્યું કે, તમારે ને અમને શું લાગે વળગે કે અમે તમારૂં ભાણું લઇએ ? આ સાંભળી બિલાડી નિરાશ થઇ નહિ. પોતે ભાણું લઇને વાઘની પાસે આવી અને પાંચ મોટાં પ્રાણીઓ સાથે તે બેઠેલો હતો તેમના દેખતાં ભાણું તેની પાસે ધરીને બોલીઃ “ કેમ, મોટા સગાજી ! તમે અમારૂં ભાણું સ્વીકારતા નથી ? અમે ગરીબ અને અમારૂં ભાણું નિર્જીવ તેટલા માટે અમને આમ હીણો છો શું ? પણ હું તેમ ચાલવા દઇશ નહિ. હું મારા જીવના સોગન લઇ કહું છું

કે, હું પોતે આ ભાણું લાવી છું તો હવે તે પાછું લઈ જનાર નથી. અલબત, હું રંક તો ખરી, પણ તેટલા માટે તમારા સગપણમાંથી પણ ગઇ કે ? તમને કદાચ ખબર નહિ હોય કે, હું તમારી સગી થાઉં છું. તે સગી પણ એવડી ત્રેવડી રીતે. દુનિયામાં લોકો મને 'વાઘની માશી' કહે છે તે તો તમે જાણુતાજ હશો. વળી મારાં સ્વર્ગવાસી માતાજી કહેતાં હતાં કે તેમનાં જે દાદીમા હતાં તે તમારા મરનાર માતાજીનાં માસી થાય. તેમ મારા પિતાશ્રી કહેતા હતા કે, તેમના દાદા હતા તેઓ તમારા કૈલાસવાસી પિતાજીના કાકા થાય. વળી ઇતિહાસમાં તમે જોશો તો ખાત્રી થશે કે, તમારી અને અમારી જાત–ઓલાદ મૂળે એકજ છે. એટલી બધી સગાઇ ધરાવ્યા છતાં હું શું એક ભાણામાંથી પણ જાઉં ? નહિજી. તેમ કદી બનશે નહિ. તમે ગમે એટલી જુદાઇ દેખાડો, પણ મારૂં તો લોહી તમારા તરફ દોડયા વગર રહેવાનું નહિ." આ વાતથી જો કે વાઘની ખાત્રી તો થઈ નહિ, તોપણ બિલાડીની આજીજીથી તેને શરમ પડી તેથી જો કે તે ભાણું તેણે સ્વીકાર્યું પણ બિલાડીને પોતાના મેળાવડામાં નોતરવાનો વિચાર તો કર્યોજ નહિ; અને તેથી બિલાડીની નિરાશા વધી પડી.

બોધ–મોટાની મિત્રાચારી સૌ કોઇ ચાહે છે. મોટાંનાં સગાં ગણાવાની હોંશ પણ ઘણાએ રાખે છે. જેને લાગેવળગે નહિ, જેને "સ્નાનસૂતક" નહિ તેવાં પણ મોટાંને ત્યાં માથાં મારે છે ને તેમની ખુશામત કરે છે; ખરા કે ખોટા, સંભવિત કે અસંભવિત સંબંધો ઉભા કરે છે, પણ

મોટા સાથે સંબંધમાં આવ્યા પછી લાભો મેળવવાની જે ગણતરી તેઓએ કરી હોય છે, તે ઘણું કરીને ખોટીજ પડે છે; અને ઉલટું તેઓને "ગાંઠનાં ગોપીચંદન" કરી બેસવું પડે છે. કહેવત છે કે "નાના સંગે મોટો જાય મરે નહિ તો માંદો થાય."

કથા ૧૧૭ મી-"બ્રહ્મછાલ" અને નગરવાસી

એક શહેરી ગૃહસ્થ વેપારધંધાને કારણે જંગલમાં ગયો. ઋતુ ઠંડીની અને ટાઢ સખત પડવાથી ગરમી મેળવવા માટે રાતની વેળા લાકડાં સળગાવી તેણે તાપણું કરાવ્યું. તેમાંનું એક લાકડું બ્રહ્મછાલનું* હતું. બળતી વેળા તેની છાલ તતડીને તડતડ તડતડ અવાજ થવા સાથે સંખ્યાબંધ મોટા મોટા તણુખા નીકળવા માંડયા. એ તણુખાનો આકાર સાપોલિયાં જેવો અને બહુ સુંદર લાગતો. જ્યાંસુધી તે છાલ બળી રહી ત્યાંસુધી સંખ્યાબંધ તેવા આકારો અનુક્રમે નીકળ્યાજ કર્યા અને તેનો દેખાવ એક જાતની આતશબાજીના જેવો લાગ્યો. આ વિચિત્ર દેખાવ જોઇ શહેરી ગૃહસ્થ વિસ્મય પામ્યો અને તે લાકડાની સ્તુતિ કરતો બોલ્યો કે "આ તારી નવાઇ જોઇને હું સાનં-

---

* જંગલી ગામડીઆ લોકો આ છાલને અથવા તેના લાકડાને "તનડિયું" કહે છે. એનું ઝાડ "ટેમરૂં"ને નામે ઓળખાય છે. તેના પર થનાં જંગલી ફળો લોકો હોંશથી ખાય છે અને તેને "ટેમરાં" કહે છે.

હાશ્ચર્ય પામું છું; પણ મને દિલગીરી એ લાગે છે કે, તારામાં એવો ચમત્કાર હોવા છતાં લોકોની મોટી અને નાની વસ્તુથી છેટે તદ્દન અંધારામાં તું કેમ પડી રહ્યું છે? આ જંગલ છોડી તું જો અમારા શહેરમાં આવે તો તારી બહુજ પિછાન થઈ, કિંમત મોટી અંકાય અને તને પ્રદર્શનો તથા તમાશાઓમાં મૂકી સારી આવક કરવામાં આવે. શહેરોમાં દિવાળી વગેરે તહેવારો પર લોકો જે આતશબાજી કરી ગમ્મત મેળવે છે, તેમાં દારૂખાનાને લગતી તરેહવાર મેળવણીઓ તથા રચનાઓ કરવામાં આવે છે; પણ તું તો તેવી કશી પણ મેળવણી તથા કારીગરી વગર માત્ર તારી કુદરતી સાદી સ્થિતિમાંજ એવો ચમત્કાર ધરાવે છે, એ તારી બલિહારી છે." તે લાકડાએ ગૃહસ્થનો ઉપકાર નમ્રતા સાથે માનીને કહ્યું કે "શેઠ સાહેબ! મને શહેરોમાં આવવાની કશી જરૂર નથી. મારૂં જંગલી વતનજ મને ભલું! જંગલોમાં, એવા તો ઘણાએ ચમત્કારી દેખાવો પરમેશ્વરે સૃજેલા છે, કે જે માણસો જાણતા નથી અને તેની શોધ કરતા નથી. એ તેમનીજ નબળાઇ છે. માણસની બનાવેલી આતશબાજી ભલે પ્રદર્શનો તથા તમશાઓમાં રજુ થાય, પણ મને તો આ જંગલવાસી ગરીબ નિર્દોષ માણસો ઉપયોગમાં લઇને પોતાના બળતણ અને તાપણાની ગરજ પૂરી પાડે છે. તેમાંજ મારૂં ઉપયોગીપણું વધારે જણાઇ આનંદ મળે છે.

બોધ–કોઇ કોઇ માણસ અલૌકિક બુદ્ધિ, ઉંચી શક્તિ અને અનુપમ ગુણ ધરાવે છે; પણ તેઓ દુનિયાની

મોટાઇ તથા લોકોની વાહવાહની કશી દરકાર રાખતા નથી. એકાંતવાસમાં રહી ગરીબમાં ગરીબ માણસોની પેઠે સાદાઈથી તેઓ પોતાની જીંદગી ગુજારે છે. અને મોટા લોકો તથા જાહેર પુરુષોના સંબંધમાં તેઓ ચાહીનેજ આવતા નથી; પણ ગરીબોમાં ભેળાઇ તેમની વિપત્તિ ઓછી કરવાનું પુણ્યવાન કામ ગુપચુપ કર્યા જાય છે. વળી તેવાં કામો માટે તેઓ વડાઇ કે યશ પણ ઇચ્છતા નથી અને પોતાનો ધર્મ સમજી ખુશીથી તેઓ તે કામો બજાવે છે. દુનિયાને ક્ષણભંગુર, સંસારને પોકળ તથા લોકોને બેઢંગા માની તેમની સાથે ભેળાવા ન ઇચ્છતાં તેઓ બનતાં લગી આઘા રહે છે અને ઈશ્વર પર આસ્થા રાખી પોતાનો વખત ગરીબી અને ભક્તિમાં ગુજારે છે. તેમના ઉંચા ગુણોની ખબર તો કોઈને પડતી નથીજ, પણ કેટલીક વાર તેમની હયાતીની પણ ખબર પડતી નથી. તેમ છતાં કોઈ સંજોગથી એવાં દેવાંશી મનુષ્યો જો કોઇ કદરદાન માણસના સમાગમમાં આવે છે, તો તેઓ તેને દેવતા સમાન ગણી પૂજે છે અને તેમની સેવા કરવામાં માન સમજે છે. કોઇ ભાગ્યશાળી માણસોજ એવા દૈવી પુરુષોનો સમાગમ અને સેવા કરવાની તક પામી શકે છે.

કથા ૧૧૮ મી–ગધેડા ગધેડીનું સુધરેલું જોડું

એક ગધેડો, જે પોતાને બહુ સુધરેલો અને શૂરવીર સમજતો હતો, તે પોતાની પત્ની ગધેડીને લઈ એક ચાંદની રાતે મોજ મારવા નીકળ્યો. રાત બહુ વીતેલી હોવાથી લોક સઘળું શાંત બનેલું હતું અને આ જોડાને કોઇ છેડનાર કે પૂછનાર હતું નહિ; તેથી પોતાને રાજા ગણી ગધેડો બોલ્યો કે "વહાલી! તેં જોયો મારો રોફ! કોઇ પણ માણસ કે પ્રાણી મને છેડવાની હિંમત કરતું નથી. અત્યારે આ જગાએ મારૂંજ રાજ્ય ચાલે છે. હું ચાહું તે અહીં કરી શકું. મને પૂછનાર કોઈ નથી. મારા એવા પરાક્રમ વડે તું પોતે પણ અહીં થોડું સુખ ને મોટાઈ ભોગવતી નથી. તારા સુખ અને મોટાઈ માટે આકાશના ચંદ્ર અને તારા પણ તારી અદેખાઇ કરે છે. તું પોતાને ભાગ્યશાળી સમજ, કે મારા જેવો સુધરેલો અને હિંમત-વાન પતિ તને મળ્યો છે, જે તને પોતાની સાથે ને સાથે રાખી ફરે છે અને તને છુટાપણાનું તથા સર્વ પ્રકારનું સુખ આપે છે." ગધેડી આ વચન સાંભળી હરખે ઘેલી થઇ ગઇ અને પોતાના સાહસિક પતિ ઉપર પોતાનો જીવ કુરબાન કરવા લાગી. એટલામાં ત્યાં સૂતેલો એક કૂતરો જાગી ઉઠયો અને ગધેડાંને જોતાંજ વિકરાળપણે ઘુરકીને તેમના ઉપર ધસી ગયો. ગધેડો તેનાથી ભય પામી ઉભીજ પૂછડીએ નાઠો. ગધેડી પણ નાઠી, પણ જરા પાછળ પડી જવા-થી કૂતરાએ બચકું ભરીને તેણીને લોહીલુહાણ કરી નાખી.

બોધ–કેટલાક નબળા શખસો, જ્યારે ઉમદા માણસો વચ્ચે પોતાનું શૂરાતન કે હુશિયારી બતાવી શકતા નથી, ત્યારે અબળાઓ વચ્ચે ભરાઇ પોતાની વડાઇની મોટી ડિંગો મારે છે, અને તેમના ભોળપણનો લાભ લઈ પોતાને તેમના વચ્ચે બહાદૂરમાં ખપાવે છે અને ખરા બહાદૂરોની નિંદા કરી તેમને હલકા પાડે છે; પણ તેમની એવી તાલમેલ ઝાઝો વખત ટકી શકતી નથી. તેમના વચ્ચે કોઇ ખરો બહાદૂર આવી મળતાં તેમનું પોકળ ઉઘાડું પડે છે અને તેઓ ફજેત થાય છે.

કથા ૧૧૯ મી–મોટા દિલનો ઘોડો અને અદેખો કૂતરો

ખીલે બાંધેલા એક ઘોડા આગળ, તેના સવારે તેને ખાવા માટે પુષ્કળ લીલું ઘાસ નાખેલું હતું. ઘોડો તે ખાતો હતો તેમ એક પરાઇ બકરી પણ તે જગાએ દાખલ થઈ ખાતી હતી; પણ ઘોડો કશી ઇજા ન કરતાં તેણીની મરજી માફક ખાવા દેતો હતો. આ દેખાવ જોઇ એક કૂતરો જે ત્યાં બેઠેલો હતો, તેને ઈર્ષ્યા થઈ. તેણે ઘેડાને કહ્યું "મૂર્ખ ઘોડા! તું આંધળો છે શું? તારા પોતાના માટે નાખેલું કિંમતી ઘાસ આ પારકી બકરી ખાય છે, છતાં તું તેણીને અટકાવતો યા મારતો કેમ નથી? તારા જેવો હીચકારો ને મંદ બુદ્ધિનો હોય તેજ એવી લૂંટ સાંખે. જો એ બકરી મારા ખોરાકમાં મોઢું લગાડી માત્ર એક કોળીઓ પણ ખાવાની શોખાઇ કરે, તો હું તો તેનો ટોટોજ પીસું." ઘોડાએ જવાબ દીધો કે "અલબત, તેમ તું કરી શકે; કારણ

તું જાતે અદેખો ને ઘાતકી છે; પણ હું તેવો નથી. પરમેશ્વરે મારામાં ઉદારતા અને ક્ષમાના ગુણો મૂકેલા છે, તેથી બકરી જેવાં રાંક પ્રાણીને હું મારા ખોરાકમાં ભાગ પડાવવા દઉં છું. એના ખાવાથી મારૂં પેટ ખાલી રહેતું નથી અને મને આનંદ પ્રાપ્ત થાય છે. તારાથી જો એ ન ખમાતું હોય, તો અહીંથી ઉઠી ચાલ્યો જા; નહિ તો આંખે પાટા બાંધીને છાનોમાનો બેસ."

બોધ–સખી અને કંજુસ માણસોની લાગણીમાં તેમ સમજમાં મોટો ફેર હોય છે. સખી માણસ જેને પુણ્યનું તથા સારૂં કામ સમજે છે તેને કંજુસ માણસ, નુકસાનકારક તથા ખોટું કામ ગણીને તેની નિંદા કરે છે અને શિખામણ દેવાનો પણ ડોળ રાખે છે, પણ તેથી કાંઇ ભલા માણસ પોતાની ખાનદાની તજતા નથી.

કથા ૧૨૦ મી–મોટાં પ્રાણીની પંક્તિમાં બિરાજનાર વનોરૂં યાને વણીઅર

એક વનોરાને મોટાં પ્રાણીમાં ખપવાની ઘણી હોંસ હતી, તેથી તે વારંવાર તેઓમાં ભેળાય; એટલુંજ નહિ, પણ જ્યારે પ્રાણીઓના મેળાવડા થાય ત્યારે પોતાની સ્થિતિનાં પ્રાણીઓની સાથે બેસવાને બદલે સિંહ, વાઘ, વરૂ જેવાં મોટાં બળવંત પ્રાણીઓની મંડળીમાં બિરાજીને પોતે પણ તેમનાજ વર્ગનું હોય એવું દેખાડે. પ્રથમ તે માટે તેની ઈર્ષ્યા થઈ તથા તેની ઉદ્ધતાઇ માટે આક્ષેપ પણ થયા; પરંતુ વખત જતાં તે દેખાવ સાધારણ થઇ પડયો

અને સભામાં મોખરે બેસવાનો જાણે તેનો હક્કજ હોય એવું સમજવામાં આવ્યું. એક સમયે પ્રાણીઓનો મેળાવડો થયો અને વનોરૂં તેમાં પણ શિરસ્તા પ્રમાણે મોખરે જઈ બેઠું. તેવામાં મોટાં પ્રાણીઓ વચ્ચે તકરાર ઉઠી અને તે આગળ વધીને સઘળાં મારામારી કરવા મંડી ગયાં. તેમની સાથે વનોરાએ પણ એક યા બીજા પક્ષ તરફથી મારામારીમાં ઉતરવું જોઇએ; પણ તેમ કરતાં એકજ સપાટે પોતાનો ઘાણ નીકળી જશે, એમ વિચારી તે તેઓથી દૂર થઇ ગયું અને બીજાં નાનાં પ્રાણીઓ જેઓ આઘાં અલગ ઉભાં રહી આ મારામારીનો તમાશો નિર્ભયપણે જોતાં હતાં, તેઓમાં ભરાઇ જવાની તેણે તજવીજ કરી. તેમાં તે ફાવી શક્યું નહિ. તેને પાછળ પગલાં ભરતું જોઇ મોટાં પ્રાણીઓને પણ રીસ ચઢી. તેઓએ તેને મતલબી ને હીચકારૂં ગણી મારી નાખ્યું અને તેને મારવાની ગરબડમાં પોતા વચ્ચેનો વાંધો તેઓ ભૂલી ગયાં.

બોધ–સભામાં કિંવા હરકોઈ મેળાવડામાં મોટાંઓની વચ્ચે તથા મોખરે જઇને બેસવામાં માન છે, પણ વગર યોગ્યતાએ તેવી જગાએ બેસવામાં નાનાંઓ અદેખાઇ કરે છે તથા મોટાંઓ રીસે ભરાય છે. ઉદ્ધતાઈથી કે કળવકળથી એવી જગાએ બેસવામાં કોઈ ફાવી શકે; પણ જ્યારે ત્યાં વિદ્વત્તાની, બળની કે હક્કની વાત આવે છે, ત્યારે તેવા અયોગ્ય માણસના વસા ગણાઇ જાય છે, તે જગા છોડી દેવાની તેને ફરજ પડે છે અને લોકો તેની હાંસી કરે છે.

કથા ૧૨૧ મી–સિંહ અને શિયાળ

એક સિંહ અને શિયાળ વચ્ચે મિત્રાચારી થઇ. એક દહાડો સાથે બેસી સુખદુઃખની વાતો કરતાં સિંહરાજ બોલ્યા કે "મિત્ર ! તું શું નથી માનતો, કે આ દુનિયામાં આજકાલ મારા જેવું બળવાન ને સુખી પ્રાણી કોઇ નથી ? હું આ જંગલનો રાજા છું; સર્વ પ્રાણી મારે તાબે છે; મારી મરજી પડે તેને હું મારી ખાઉં છું; મને કોઇ પૂછનાર કે અટકાવનાર નથી; શરીરે હું પુષ્ટ અને ઘરબારે પણ સુખી છું." શિયાળે કહ્યું કે "તે વાત ખરી છે મિત્ર; તેમ આ વાત પણ ખરી છે કે, હું તારો મિત્ર છતાં સર્વ વાતે દુઃખી છું. હું જાતે નાનું અને નિર્બળ પ્રાણી એ એક તો દુઃખ, ને બીજું દુઃખ એ કે, મારૂં તેમજ મારાં બચ્ચાં-કચ્ચાંનું પેટ ભરવાના મને સાંસા પડે છે. હું પોતે જ્યારે બીજાં પ્રાણીઓનો શિકાર કરવામાં અશક્ત છું ત્યારે બીજાં પ્રાણીથી મારો શિકાર થવાની ધાસ્તીમાં રાતદિવસ રહું છું. મોટાં પ્રાણીઓ મને હલકો ગણી ધિક્કારે છે અને નાનાં પ્રાણીઓ મને કાવત્રાંખોર ગણી મારાથી આઘાં નાસે છે. તમો જેવા સુખી પ્રાણીને અમારાં દુઃખની શી ખબર હોય?" સિંહે આ ઉપરથી કચવાઇને કહ્યું કે "ભાઈ! બસ કર હવે તારૂં પિંજણ. તારા નિર્જીવ દુઃખની વાત કરી તું પોતાને મોટો દુઃખીઓ દેખાડે છે; પણ તને થોડીજ ખબર છે કે, મારે માથે કેવાં મોટાં દુઃખો પડેલાં છે. પ્રથમ તો હું મોટું પ્રાણી તે મોટાઈનું મને દુઃખ છે. મારાં બીજાં દુઃખો

એ કે, મોટા ને માતબર શિકારો મળવાની સદા ઇન્તેજારી રહે છે, અને તેમને ખાતાં મારૂં મોઢું અને દાંત દુઃખે છે. જ્યારે હું ઘણું ખાઉં છું ત્યારે મારૂં પેટ ઉંચકવું મને ભારે પડે છે. વળી કોઇ પણ મોટા પ્રાણીની મોટાઇની વાત સાંભળી મારૂં દિલ બળે છે. હું પ્રાણીઓનો રાજા હોવા છતાં મારો ખોરાક મને જાતમહેનત કરીને મેળવવો પડે છે. એ શું મને થોડું દુઃખ છે? મારાં દુઃખો આગળ તારાં દુઃખોની શી વિસાત? અને એવો હું દુઃખી છતાં મારા આગળ પોતાના દુઃખની વાતો કરી વળી તું મને વધારે દુઃખી કરે છે; પણ તારી એવી વાતો હવે હું સાંભળી શકીશ નહિ." સિંહની એવી તોરજોરની વાતો સાંભળી બાપડો શિયાળ તો ટાઢોજ પડી ગયો; અને વધારે રકઝક કરવામાં સાર નથી એમ વિચારી તે માત્ર એટલુંજ બોલ્યો કે "ત્યારે દુનિયામાં સૌથી સુખી તમોજ અને વળી સૌથી દુઃખી પણ તમોજ કે સિંહ મહારાજ!"

બોધ–મોટાં, પૈસાવાળાં અને સુખી માણસો મોટાઇ, દોલત અને સુખથી કેટલીક વાર એવાં બની જાય છે, કે સાચી વાત તેઓ સાંભળી કે સાંખી શકતાં નથી. સઘળીજ વાતમાં સરસ ગણાવાનો હક્ક તેઓ પોતાનો સમજે છે. તે એટલે સુધી કે દુઃખમાં પણ પોતાનેજ સરસ ગણાવે છે. ગરીબીનાં ભયંકર દુઃખોનો તેમને અનુભવ ન હોવાથી ગરીબનાં દુઃખોને તેઓ હસી કાઢે છે અને પોતાના સુખને માટેની જે સાદી અને સાધારણ મહેનત, તેને પણ મોટામાં મોટાં દુઃખ ગણીને તે માટે બીજાને માથે ભાર મૂકે છે.

ગરીબો દુઃખી હોવાથી પોતાના દુઃખની મોટી વાતો તેમની આગળ કરીને દિલાસો લેવા માગે છે, પણ મોટાં માણસો ઉલટાં પોતાના દુઃખની વાતોથી તેમને દબાવી દઇને સુખની મોજ સાથે દુઃખનો દિલાસો પણ પોતેજ લે છે!

કથા ૧૨૨ મી–અમરવેલ અને અજ્ઞાની

એક ઝાડની ડાળીએ અમરવેલ× લટકેલી હતી. તેને જોઇ એક અજ્ઞાન માણુસે આશ્ચર્ય પામી પૂછ્યું કે "અલી અમરવેલ! તું કયી જાતની વનસ્પતિ છે? નથી તને થડ, મૂળીઆં કે ડાળ; નથી તને ફૂલ, ફળ કે પાન; ત્યારે તારી જાત કયી અને ઓલાદ કયી? તારાં માતપિતા કોણ અને જગતમાં તારી જરૂર પણ શી? નથી તું વેલો જણાતી, કે નથી રોપો લાગતી. એવો વગર અર્થ અને વગર ઉપયોગનો જન્મ ત્યારે તેં શામાટે લીધો હશે?" અમરવેલે જવાબ દીધો, "તું અજ્ઞાની દીસે છે. ખરૂં છે કે મને થડ, મૂળ કે ડાળ નથી અને ફળ, ફૂલ તથા પાન વિનાની હું એક સાદી વનસ્પતિ છું. હું નથી જાણુતી કે, મારાં માબાપ અને ઓલાદ

× અમરવેલ અથવા નમૂળી (મૂળ વગરની) એ એક વનસ્પતિની કોમળ વેલ છે, કે જે જમીન પર યા બીજી તેવી કોઈ જગાએ ઉગતી નથી; પણ ઝાડ યા વાડની ઉપર અદ્ધરજ ફેલાયલી હોય છે, એવી રીતે કે જાણે તેને તેના પર કોઇએ લાવીને મૂક્યા હોય. તેને ફૂલ, ફળ કે પાન પણ હોતાં નથી અને લાલ, લીલા રંગની કોમળ સૂતળીના જેવો તેનો દેખાવ લાગે છે. વૈદકમાં દવા તરીકે તે ઉપયોગી છે.

કોણ; તથાપિ આટલું તો હું ખાત્રીથી કહું છું કે, જગતકર્તા પરમેશ્વરે મને સરજી છે; તેની સૃષ્ટિમાંની એક નિર્જીવ સૃષ્ટિ હું છું અને ઘણા પ્રકારનાં નાનાં તેમજ મોટાં દરદો સાજાં કરવાનો ગુણ મારામાં હોવાથી વૈદો મને બહુ ઉપયોગી ગણે છે. તું માણસ થઇને એટલું પણ નથી જાણતો એ તને ધિક્કાર છે. તું મને હીણે છે તે જાણે મારા સૃજનારનું અપમાન કરે છે.”

બોધ–માબાપ તથા વારસ વિનાના તેમજ કુળ વિનાના માણસને નજીવું તથા નકામું ગણી ધિક્કારવું નહિ. કદાચ તેઓ જાત બુનિયાદ ધરાવતાં ન હોય તોપણ તેઓમાં જો કાંઇ યોગ્યતા હોય તો વગર યોગ્યતાવાળાં માણસો કરતાં તેઓ ચડિયાતાં છે. પરમેશ્વરે દુનિયામાં સૃજેલી કોઇ પણ વસ્તુ નકામી નથી. જે વસ્તુઓ નકામી કિંવા વગર અર્થની જેવી લાગતી હોય; તેનો પણ કાંઇક ઉપયોગ હોવો જોઇએ; પણ માણસો તેની પિછાન કરી શકતાં નથી. સારો રસ્તો એ છે કે, નકામી લાગતી વસ્તુઓની નિંદા નહિ કરતાં તેમનો ઉપયોગ શોધી કાઢી તેને કામે લગાડવાની કોશીશ કરવી જોઇએ. નજીવી દેખાતી વસ્તુ પણ કેટલીક વાર ઘણીજ ઉપયોગી થઇ પડે છે.

કથા ૧૨૩ મી–ગાયનું ચામડું પહેરી નીકળેલો વાઘ

એક વાઘ બહુ જુલમી હતો. પ્રાણીઓને મારી નાખવામાં તેણે કશી હદ રાખી નહિ, તેથી તેના નામનો એટલો બધો ત્રાસ વર્તી રહ્યો કે બીજાં સર્વ પ્રાણીઓ તેનો પડોસ છોડી ચાલ્યાં અને તેને શિકારના વાખા પડયા; તેથી નિરાશ થઇ તે વાઘે છેવટે એક યુક્તિ કરી. ગાયનું ચામડું પહેરી તેણે ફરવા માંડયું કે પ્રાણીઓ ઠગાઇ તેને ગરીબડી ગાય સમજીને તેના સપાટામાં આવે. ત્યાર પછી તેને એક શિયાળ મળ્યું. તે પ્રથમ તો તેને ખરેખરી ગાય સમજીને ઠગાયું; પણ તરતજ તેને સંશય પડયો કે ગાયના ચેનચાળા આવા હોય નહિ અને એવાં શક ભરેલાં પ્રાણી પાસે જવું જોખમભરેલું છે. એમ વિચારી તે તેનાથી આઘું થઇ ગયું અને છેટે એક ગધેડો ચરતો હતો તેને જઇ મળ્યું. તેણે તેને કહ્યું કે “ ભાઇ ગધેડાજી ! તમને કાંઇ ખબર ? આપણા વગડામાં એક નવીન ગાય ઉત્પન્ન થઈ છે. તે આકાશમાંથી ઉતરી આવેલી કહેવાય છે અને જે કોઇ પ્રાણી તેનું દૂધ ધાવે છે, તેની કાયા અમર થાય છે. થોડેજ છેટે તે ઉભેલી છે અને હમણાંજ તેનું દૂધ હું ધાવી આવ્યો છું. તમને ઇચ્છા હોય તો તમો પણ તેની પાસે જાઓ અને તેનું ચમત્કારિક દૂધ પીને તમારી કાયા અમર કરો. ” ગધેડો આ વાતથી એટલો લલચાયો, કે કશી પણ પૂછપરછ કર્યા વગર તત્કાળ ગાયનું ચામડું પહેરી ફરતા પેલા વાઘ પાસે દોડી ગયો. વાઘે તેને ઝટ ફાડી ખાધો અને તે જોઇ પેલું

શિયાળ પોતાની ધારણા ખરી માનીને તે વગડામાંથી નાસી ગયું.

બોધ–ભુંડાં માણસો જ્યારે પોતાની ભુંડાઇ ઉઘાડી પડેલી જુએ છે, ત્યારે તેઓ ભલાઇ અને ધર્મીપણાનો ડોળ કરી તે રસ્તે લોકોને ઠગવા માંડે છે. ચતુર લોક તેમની આ યુક્તિ છતાં ચેતી જાય છે, પણ મૂર્ખ અને ભોળા લોક ઠગાઇને તેમના તરફ ખેંચાઇ આવે છે અને દુઃખ પામે છે.

કથા ૧૨૪ મી–ત્રણશેરી થઇ બેઠેલો પથ્થર

એક ધણી નવું ઘર બાંધતો હતો. તે ઘરના પાયામાં પૂરવા માટે સમુદ્રકાંઠેથી જથાબંધ પથરા તેને ત્યાં લાવી નાખેલા હતા. તે પથરામાંનો એક સારા ઘાટનો જણાયાથી તેને લઇ તેણે તોળી જોયો અને તેનું વજન બરાબર ત્રણ શેરનું થયાથી ત્રણશેરી દાખલ તેણે તેને પોતાના તોલ જોખમાં રાખ્યો.

બોધ–એક વસ્તુ જાતે ગમે એવી નિર્જીવ હોય, પણ તે ઉપયોગમાં આવવાથી કિંમતી થઇ પડે છે અને લોકો તેને પોતાની પાસે રાખે છે. માણસ ગમે એવું હલકી સ્થિતિનું હોય, પણ જો તેનામાં બુદ્ધિ તથા ઉદ્યોગ હોય છે તો તે માનપાને પોષાયા વગર રહેતું નથી.

કથા ૧૨૫ મી-ઉદ્યમી મરઘો અને આળસુ માણસ

એક આળસુ માણસ હમેશાં સવારે બહુ મોડેથી બિછાનેથી ઉઠતો હતો. તેની પાડોશમાં એક મરઘો રહેતો હતો, તેણે મોટો થતાં પાછલી રાતે "કૂકરે કૂક" કરી બોલવા માંડયું. તેના અવાજથી પેલા માણસની ઉંઘ ઉડી અને તે ફફડતો બબડતો તથા આંખો ચોળતો તે મરઘા પાસે આવી બોલ્યો કે "કંગાળ કૂકડા! હજુ રાત્રિ વીતી નથી તોપણ તું બૂમ પાડે છે તેથી મારી સુખવાસી ઉંઘ ઉડી ગઇ છે; માટે હવેથી એવું કરતો નહિ. મરઘે ઉત્તર વાળ્યો, "ભલે, તમે કહો પણ પાછલી રાત થઇ કે બોલ્યા વિના મારાથી રહેવાવાનું નથી. જગતકર્તા ઇશ્વરે મને એજ કારણ માટે સરજ્યો છે અને મારા બોલવાથી ઉદ્યોગી લોકો બિછાનેથી વહેલા ઉઠી ઉદ્યમમાં જોડાઈને મને આશિષ દે છે. દુઃખીઓનાં દુઃખ હલકાં થાય છે અને જગતની આબાદી-માં વધારો થાય છે. ફક્ત આળસુ માણસોનેજ મારા અવાજનો કંટાળો આવે છે; પણ તે કારણે મારી વાજબી ફરજ બજાવવાથી અટકનાર નથી."

બોધ-ઉદ્યોગી અને સાચાં માણસો જ્યાં હશે ત્યાં તેઓ ઉદ્યોગ અને સચ્ચાઇનીજ હિમાયત કરશે. આળસુ અને જૂઠા માણસોને તે કડવું લાગશે અને તેઓ તેમને ઉતારી પાડવાની તજવીજ પણ કરશે, પણ તેથી ઉદ્યોગી અને સાચાં માણસોએ પોતાનો પ્રયત્ન છોડવો જોઇએ નહિ.

કથા ૧૨૬ મી–જુદી જુદી સ્થિતિ પામેલા બે કૂતરા ભાઇ

મોતીઓ અને લોઠીઓ એ નામના એકજ માને પેટે જન્મેલા બે કૂતરા હતા. મોતીઆને બચપણથીજ એક ગૃહસ્થે લઇ જઈ પોતાને ઘેર રાખ્યો હતો, જેથી તેની ચોકી કરી ત્યાં તે સુખનો રોટલો ખાતો હતો. લોઠીઆને કોઇ લઇ જનાર ન મળ્યાથી, તે બાપડો ફળીએ ફળીએ ભટકી જેમ તેમ પોતાનું પેટ ભરતો હતો. એક દહાડો તે ખાવાનું મેળવવા માટે અહીંથી તહીં ભટકે છે, તેવામાં તેની નજર પેલા ગૃહસ્થને આંગણે પડેલા અજીઠા ખોરાક પર પડી અને તે ખાવા માટે તે ત્યાં ગયો. તેને આવતો જોતાંજ તે ઘરનો ચોકીદાર કૂતરો જે તેનો મા–જણ્યો ભાઇ–મોતીઓજ હતો, તે ક્રોધથી ભસતો તેના સામો ધસી આવ્યો અને તેને અટકાવ્યો. લોઠીઓ જાતે ગરીબ હોવાથી અટકયો અને બોલ્યો કે "હું તારો સગો ભાઇ છું. તે નહિ હોઉં તોપણ આ એઠવાડ જે નકામો ગણી ફેંકી દીધેલો છે, તે પડી રહી સડી જાય, તે કરતાં તો મારા જેવા કોઇ ભૂખ્યા પ્રાણીના પેટમાં જઈ તેનો જીવ બચાવે તેજ વધારે સારૂં છે. એથી ભૂખ્યાની ભૂખ મટશે અને તારા શેઠને આશિષ પણ મળશે." પણ આ વાજબી બોધની અસર મોતીઆ પર થઇ નહિ અને ઉલટો વધારે ક્રોધે ભરાઇને લોઠીઆ ઉપર ધસી ગયો.

મોતીઆને આમ છેક ખૂન પર ચઢેલો જોઇને, બાપડો

રંક લોઠીઓ પૂછડું પગમાં ઘાલી ગુપચુપ ત્યાંથી જતો રહ્યો. થોડા મહિના પછી મોતીઓ કોઈ મોટી કસુરમાં આવી જવાથી તેને તે ઘરમાંથી હાંકી કાઢવામાં આવ્યો અને તેથી તે પણ પોતાના રંક ભાઈ લોઠીઆની પેઠે હાડમારીથી પોતાનું પેટ ભરવા લાગ્યો, પણ આ વેળા લોઠીઓ ન્યારીજ સ્થિતિમાં આવેલો હતો. જે લત્તામાં તે રહેતો હતો, ત્યાંના પારસીઓને પોતાના ધર્મને લગતી અમુક ક્રિયામાં કામે લગાડવા માટે એક કૂતરો જોઇતો હોવાથી અને આ કૂતરો નરમ સ્વભાવનો જણાયાથી તેઓએ તેને રાખી લઇને તેનું બહુ હેતથી પોષણ કરવા માંડયું હતું. એક વાર એવું બન્યું કે, જેમ આ લોઠીઓ પેલા ગૃહસ્થને આંગણે પડેલું એઠું ખાવા ગયો હતો, તેમ હવે તેનો ભાઇ મોતીઓ એક દહાડો લોઠીઆના ધણીને આંગણે પડેલું એઠું ખાવા આવી ચઢયો. તેને જોઈ લોઠીઆને ક્રોધ તો બહુએ ચઢયો અને તે જો ચાહત તો તેની સામો થઇ તેને હાંકી પણ કાઢત, પરંતુ તે તેના જેવો અદેખો તથા અભિમાની ન હતો; તેથી તેણે તેને તે એઠું ખાવા દીધું. તે ખાઈ રહ્યા પછી તેની આગલી કૂરતાની યાદ દેવડાવી, અને હવે પછી તેવી હલકાઇ ન કરવાની શિખામણ આપી.

બોધ—માણસની સારી કે માઠી સ્થિતિ, ઘણી વાર સારા યા માઠા સંજોગો આવી પડવાથી થાય છે. સારા સંજોગ વડે સારી સ્થિતિ પામેલા માણસે, તેટલા માટે પોતાની કમનસીબ માણસો સામે તિરસ્કાર દેખાડવો ઘટે નહિ. એ અહંકાર છે અને અહંકાર કરનાર માણસ પડતી દશામાં આવ્યા વગર રહેતો નથી.

સારી સ્થિતિવાળાનો અહંકાર અને માઠી સ્થિતિવાળાની સબુરી તેઓની હરેકની સ્થિતિ બદલી નાખે છે; માટે જેમ સારી સ્થિતિવાળાએ માઠી સ્થિતિવાળાને ધિક્કારવો ન જોઇએ; તેમ માઠી સ્થિતિવાળાએ સારી સ્થિતિવાળાની અદેખાઇ કરવી ન ઘટે. એમાં પણ સારી સ્થિતિવાળાએ વિશેષ સંભાળ રાખવાની જરૂર છે; કેમકે માઠી સ્થિતિવાળો શખસ પડી ચૂકેલો હોવાથી તેને ફરી પડવાની ધાસ્તી નથી અને સારી સ્થિતિવાળો ઉંચે ચડેલો હોવાથી તેને પડવાની ધાસ્તી રહે છે; અને પડીને જો પોતે ધિક્કારેલા શખસની આગળજ જવું પડે તો ભારે લજ્જા ઉપજાવનારૂં થઈ પડે છે.

કથા ૧૨૭ મી—વિમાની અને ગરુડ

એક વિમાની પોતાના ગંજાવર વિમાનમાં સવાર થઇ હવાઈ મુસાફરી કરતો હતો. તેને એક ગરુડ પક્ષી ઉડતું મળ્યું, જેના ચાળા પાડી તે બોલ્યો કે “ મગરૂર ગરુડ ! અત્યાર સુધી તું હવાઇ પ્રાણીઓનો રાજા કહેવડાવે છે; પરંતુ હવે તારાથી એવી મગરૂરી લઇ શકાશે નહિ. હવે તો હું મનુષ્યજાતિજ, તમો સર્વ હવાઇ પ્રાણીઓનો રાજા ગણાઇશ. જો આ મારૂં વિમાન ! શી છે એની ઉડવાની ઝડપ ને શક્તિ ! છે તારામાં ઉડવાનું એવું જોર ? ” આમ કહેવા સાથે આ વિમાની સડસડાટ પોતાનું વિમાન ઉંચે ઉડાવી ચાલ્યો. ગરુડે તેની પૂંઠ પકડી પણ ફોકટ; પણ તેવામાંજ એક અકસ્માત્ નડવાથી તે ફાટી ગયું અને

વિમાની જમીન પર પટકાઈ પડી તત્કાળ મરણ પામ્યો. તેને મુએલો જોતાંજ પેલું ગરુડ ઉડતું આવીને તેના પર બેઠું અને તેના અહંકાર ઉપર હસવા લાગ્યું.

બોધ–બીજાના કરતાં સારી સ્થિતિ ભોગવનાર માણસોએ અભિમાનમાં આવી જઈને બીજા નબળી સ્થિતિવાળાઓને ઉતારી પાડવા નહિ. કહ્યું છે કે અભિમાન તો રાજા રાવણનું પણ ન રહ્યું. બીજો બોધ આમાંથી એવો લેવાનો છે કે, પારકા આધાર ઉપર રહેવા કરતાં પોતાનાજ આશ્રય ઉપર રહેનાર માણસ વધારે સારો છે.

કથા ૧૨૮ મી–માંકડાં તથા ગધેડાનું નાટક

એક માણસ થોડાં માંકડાંને રાખી તેમને તમાશામાં નચાવી ખેલ કરતો હતો. એક વખત તક મળી જવાથી તેઓ તેની પાસેથી વગડામાં નાસી ગયાં અને પોતાનું ગુજરાન કેમ કરવું તેનો મનસુબો કરવા બેઠાં. ઘણો વિચાર કર્યા પછી તેઓએ ઠરાવ કર્યો કે “ આપણે નાટકનો ધંધો કરવો. જંગલવાસી પ્રાણીઓએ નાટક જેવું કાંઇ જોયું નથી, તેથી આપણું નાટક જોઇ તેઓ વચ્ચે આપણી પ્રતિષ્ઠા પણ વધશે. આપણું ગુજરાન ચાલવા જોડે તેઓ વચ્ચે આપણી પ્રતિષ્ઠા પણ વધશે. આપણે તમાશાઓમાં નાચવાનું કામ કરી આવેલાં હોવાથી, નાટકનું કામ સહેલથી કરીશું.” આ ઠરાવ કરવા જોડે તેઓએ થોડાક ગધેડાઓને પણ પોતાના કામમાં સામેલ કર્યા; કેમકે ગધેડાઓ પોતાનાં

વિચિત્ર ભુંકણુથી તથા લાંબા કાનથી તમાશગીરોને વધારે રમુજ આપશે, એમ તેમને લાગ્યું. એવી એવી સામગ્રી કરીને તેઓએ જંગલમાં નાટક ભજવી દેખાડવા માંડ્યું. તે જોવાને જંગલી તેમજ ગામડાંવાસી પ્રાણીઓ પણ આવ્યાં. નાટકમાં માંકડાં અને ગધેડાં જે નાચકૂદ અને ભુંકણ કરે, તે જોઇ તમાશગીર પ્રાણીઓ હસતાં હોવાથી નાટકકાર પ્રાણીઓ સમજ્યાં કે, આપણું નાટક ઘણું પસંદ પડતું થયું છે. તેથી ખેલ સમાપ્ત થયા પછી તેઓએ પોતાના ખેલની સ્તુતિ કરી તમાશગીરોનો તે માટે અભિપ્રાય માગ્યો. તમાશગીર પ્રાણીઓ તરફથી એક ઘોડો, જે "સરકસ"માં ખેલો કરી આવેલો હતો, તથા જેણે શહેરમાં નાટક તથા તમાશા ઘણા જોયા હતા, તેણે કહ્યું "આજે અમે જે જોયું તે નાટકના કરતાં ફારસ જેવું વધારે લાગે છે અને અમો પેટ ભરીને હસ્યાં છીએ તે આ માંકડાં તથા ગધેડાંઓની હસવાજોગ અજ્ઞાનતા અને મૂર્ખાઇ ઉપર; નહિ કે તેમની કોઇ ઉંચા પ્રકારની કળાથી. નાટકકાર માંકડાં તથા ગધેડાં આથી બહુ ફીકાં પડયાં અને પોતાની ટેક જાળવવા માટે એટલુંજ બોલી મનમાં સંતોષ પામ્યાં કે "આ તમાશગીરોને અમારી યોગ્યતાની કદર નથી."

બોધ–કેટલાંક મોટાં અને વિદ્વત્તાનાં કામો ઉપર ઉપરથી જોતાં સહેલાં અને લલચાવનારાં લાગે છે, પણ બજાવવામાં તે બહુ કઠણ હોય છે; તોપણ અજ્ઞાન અને ઉછાંછળા લોક, ખાસ કરીને ઉછરતા જુવાનીઆઓ, તેમાં એકદમ ઝંપલાવે છે. તેઓ તેવાં ખરેખરાં કામ તો બજાવી શકતાંજ

નથી અને તેની કાચી નકલજ માત્ર કરે છે. સાધારણ લોકો થોડો વખત તેમનાથી ઠગાય છે, પણ અનુભવી અને વિદ્વાન માણુસો તો તેમનાથી કંટાળો પામી દૂરજ રહે છે. એવાં મોટાં કામો અયોગ્ય પુરુષોને હાથે પડયાથી તે કરનારાઓ તથા તે કામો પણ હાંસીમાં આવે છે અને હલકાં પડે છે. જેમ કજોડું ન શોભે, તેમ અયોગ્ય માણુસના હાથમાં ઉમદા અને મોટું કામ ન શોભે. એ બંનેનો મેળ બેસતોજ નથી અને છેવટે તેઓ નુકસાની ખમીનેજ છૂટાં પડે છે.

કથા ૧૨૯ મી–પદવી પામેલું ઉંટ અને રાજદ્વારી હાથી

માણુસોની પાઠશાળાની નકલ કરીને બીજાં પ્રાણીઓએ પણ એક વાર એક વગડામાં પાઠશાળા સ્થાપી. તેમાં કેળવણી લઇ પદવી મેળવીને એક ઉંટ બહાર પડયું. પોતાની કેળવણી અને પદવીને માટે તેનામાં એટલું બધું અભિમાન ઉત્પન્ન થયું, કે તે પણ ભલાં ભલાં મોટાં પ્રાણીઓની ઠેકડી કરવા લાગ્યું. એક દહાડો એક દરબારી હાથીને કસબજડિત શણુગાર તથા સોનેરી અંબાડીથી સજ્જ થયેલો જોઈ, તેનો તિરસ્કાર કરીને તે બોલ્યું કે “ હે મૂઢ ! તું મારા જેવી કેળવણી કે પદવી પામ્યો નથી; છતાં રાજવંશી ભપકો કરીને ફરે છે તે માટે તને શરમ છે. તારો સઘળો શણુગાર તને નહિ પણ મને ઘટે છે. તો તત્કાળ એ મારે સ્વાધીન કર; નહિ તો મારી કેળવણીના બળથી જગતમાં

તારી ફજેતી કરીશ.” આ અપમાનભરેલા શબ્દો સાંભળી ગજરાજને રીસ ચઢી. તે બોલ્યો કે “તુચ્છ પ્રાણી! તું કેળવણી અને પદવી પામ્યું તોએ તું છે તો ઉંટનું ઉંટજ! તારૂં બેડોળ મોઢું, ખુંધી પીઠ અને મૂર્ખ સ્વભાવ હજુ બદલાયાં નથી; છતાં તું મને તારા કરતાં હલકો લેખે છે તો જોઇ લે તારા ને મારા વચ્ચેની સરસાઇ.” એમ કહી તેણે પોતાની બળવાન સૂંઢ વડે પકડીને તેને હવામાં ઘુમાવીને બાજુએ ફેંકી દીધું.

બોધ–ફક્ત શાળાની અથવા ચોપડીની કેળવણીથીજ માણુસ મોટાઇ પામતું નથી. તે જોડે તેનામાં ચંચળ બુદ્ધિ, અનુભવ અને ઉંચા ગુણો પણ હોય તોજ માણુસ, પછી તે ગમે એવી હલકી સ્થિતિમાં જન્મ્યો હોય તોપણ મોટાઇ પામે છે; અને એવા ગુણવાળા માણુસે, નિશાળની કેળવણી ન લીધી હોય તોપણ તે મોટાઈ પામવાને વધારે લાયક હોય છે, અને કેળવણી પામેલા પણ ગુણો વગરના માણુસો ઉપર તેઓ જય મેળવી શકે છે. શાળાની કેળવણી પામેલા ઘણા શખસો એ વાત સમજતા નથી; તેથી પોતાને માટે ફોગટ મોટો વિચાર બાંધી લઇ ગર્વને લીધે લોકોમાં અળખામણા થઇ પડે છે તથા દુઃખી થાય છે.

કથા ૧૩૦ મી—બાઈનું કુરકરરિયું અને ભટકતો કૂતરો

એક સુંદર નાજુક વિલાયતી કુરકુરિયાને તેની બાઇ લાડથી રમાડતી હતી. તેવામાં, મહોલ્લામાં ભટકતો એક કૂતરો ત્યાં આવી લાગ્યો અને આ ભાગ્યશાળી કુરકુરિયાના સુખ માટે આશ્ચર્ય બતાવતો ઘરને આંગણે ઉભો. બાઇએ તેની કાંઇ દરકાર કરી નહિ; પણ કુરકુરિયું તોરથી તેની સામે "બાઉ વાઉ" કરવા મંડયું. વિના કારણે તેને ભસતું જોઇ કૂતરો પોતાનું જોર દબાવી શકયો નહિ; એટલે તે પણ જોરથી તેની સામો ભસ્યો. બાઈને તે માટે રીસ ચઢી અને પોતાના નોકરને બોલાવી લાકડી વડે તેને હાંકી કઢાવ્યો. તે કૂતરાને નાસતો જોઇ, પોતાની જય થયેલી માની કુરકુરિયું વધારે જોરથી ભસવા મંડયું. તેથી કૂતરાએ નાસતાં નાસતાં કહ્યું કે "પરાયા જોર પરજ તારી આ સર્વ ધામધૂમ છે. જરા બાઈની કેડ છોડી મહોલ્લામાં મારી સામે આવે, તો તને ખબર પડે કે તારામાં કેટલું બધું જોર છે."

બોધ—નિર્બળ અને હલકાં માણસોની જીભ બહુ લાંબી રહે છે; તેમાં પણ જ્યારે તેમને મોટા માણસની ઓથ મળે છે ત્યારે તો તેઓ ગમે એવા બળવાન માણસોનું પણ અપમાન કરે છે અને પોતે કેટલાંય મહાન હોય એવું અભિમાન દાખવે છે. આવી રીતે તેઓ જબરા માણસોને પોતાના શત્રુ કરીને પોતાનુંજ ભવિષ્ય બગાડે છે, પણ તેનું કશું ભાન તેમને રહેતું નથી.

કથા ૧૩૧ મી–ખાઉધરી કૂતરી અને નાનકડી ચાકરડી

એક મહોલ્લામાં એક કૂતરી રહેતી હતી. તે બહુ ખાઉધરી અને કરડકણી હતી. મહોલ્લામાંથી પસાર થતાં માણુસો સામે તે ભસે ને હુમલો કરે. ત્યાંના એક ઘરધણીની એક ચાકરડી જે, નાની વયની છોકરી હતી, તે છોકરી જ્યારે પણ ઘર બહાર નીકળે કે આ વઢકણી કૂતરી તેણી સામે ભસી તથા ધસી આવીને તેણીને બૂમ પડાવે અને તે બાપડી રડી પડે, બેસી પડે કે નાસી જાય ત્યારેજ તેણીનો પીછો છોડે. એ કૂતરી વળી ખાઉધરી હતી અને કોઇનું પણ બારણું ઉઘાડું જોતાં, ઘરમાં પેસી ખાવા જેવું જે પણ હોય તે ખાઇ જતી. પેલી છોકરીના શેઠના ઘરની બારી એક રાતે ઉઘાડી રહી જવાથી આ ખાઉધરી કૂતરી તરતજ કાંઇ ખાવાનું મેળવવાના લોભથી ઘરમાં પેઠી. છોકરીએ તેને જોતાંજ ઝટ દોડી જઇ બારી બંધ કરી અને કૂતરીને ઘરની અંદર ઘેરીને ડંગોરા વડે સારી પેઠે માર માર્યો. આ કૂતરી જો કે કરડકણી હતી અને પેલી છોકરી કરતાં જબરી હતી, તથાપિ માર ખાઇ દયાના પોકાર કરવા સિવાય તે બીજું કાંઇ કરી શકી નહિ; કારણુ કે આ વેળા તે એક ચોરતરીકે ઘરની અંદર સપડાઇ હતી અને વળી છોકરીને સહાય થવાને બીજાં માણુસો તૈયાર હતાં.

બોધ–તોછડાં તથા વઢકણાં માણુસથી સૌ બીતાં રહે છે; પણ તે જ્યારે સપાટામાં આવે છે, ત્યારે તેઓ બેવડા ગુસ્સાથી તેને બને એટલી વધારે સજા કરે છે. માણુસે

તેટલા માટે તોછડા અને વઢકણા થવું જોઇએ નહિ. વળી માણસે ખાવાપીવાની બાબતમાં પણ લાલચુ અને ઘુસણીઆ થવું જોઇએ નહિ; નહિ તો તેનું અપમાન થયા વગર રહેતું નથી.

કથા ૧૩૨ મી--પદેરો અને કસારી

પડી ભાગેલા એક ઘરમાં એક કસારી ફરતી હતી, તેની સામે એક પદેરો આવી લાગ્યો. તેની દુર્ગંધથી ત્રાસ પામી કસારી દૂર ખસી ગઇ. પદેરાએ કહ્યું કે "કસારી બાઇ! મારાથી આઘાં શા માટે ખસો છો? જુઓ, મારામાં કેવી સરસ સુગંધ છે! એવી સુગંધ તો ગુલાબ ને અત્તરમાં પણ નથી." કસારી બોલી: "તમારી એ સુગંધ તમને મુબારક. પદેરાજી! તમને એ સુગંધ સરસ લાગે છે તો સુખે તેનો લહાવો લીધા કરો; પણ મને તો એ દુર્ગંધ કરતાં પણ ખરાબ લાગે છે અને તમારો વાસ હું લઉં તે કરતાં મારૂં મોત આવે તો સારૂં એટલો કંટાળો મને છૂટે છે." એમ કહી કસારી ઝટ ત્યાંથી ચાલી ગઇ અને પદેરો તેણીને મૂર્ખ ગણીને હસ્યો.

બોધ–કેટલાંક માણસો એવાં મૂર્ખ અને મૂઢ મતિનાં હોય છે, કે પોતામાં જે ખોડ હોય તે સમજી શકતાં નથી; એટલુંજ નહિ પણ તે ખોડને પોતાનો સદ્ગુણ માની તેને માટે બીજાં આગળ વડાઇ લે છે. આમ કરવાથી ઉલટી તેઓની ખોડ હોય છે તે કરતાં પણ વધારે ખરાબ સામાને

લાગે છે. સમજુ અને સદ્ગુણી માણસો એવાં માણસોથી દૂરજ રહે છે, માટે માણસે પોતામાં ખોડ હોય તે જાણી લઇ તેને સુધારવી જોઇએ.

કથા ૧૩૩ મી–બપૈયો અને ખેડુત

એક બપૈયો ભરચોમાસામાં ઝાડની ડાળી પર બેસી, રડવા જેવો સ્વર કાઢયા કરતો હતો. એક ખેડુત ત્યાંના ખેતરમાં ડાંગેરની રોપણી કરતો હતો. તેણે તેને કહ્યું કે "સુંદર બપૈયા! તું શા માટે આમ રડે છે? પક્ષીઓ તો હમેશ ખુશમિજાજી ને રમતિયાળ હોય છે અને સર્વ પક્ષીઓ અહીં ઉડતાં રમતાં તરેહવાર મધુરા અવાજ લલકારે છે. વળી મેઘરાજાએ મનમાનતી વૃષ્ટિ કરી સઘળે લીલાલહેર કરેલી જોઈને મનુષ્યો તથા પ્રાણીઓ સર્વ કોઈ આનંદ કરે છે; માટે હું ઇચ્છું છું કે, સર્વની પેઠે તું પણ આ કુદરતી આનંદમાં ભાગ લે." બપૈયો નિશ્વાસ નાખી બોલ્યો કે "તેમ મારાથી બની શકવાનું નથી. ભલા ખેડુત! હું દિલનો બળેલો છું; મેઘની વૃષ્ટિથી ધરતી પર ગમે એવી લીલાલહેર થઇ હોય, પણ મને તો સઘળું બળેલું અને કાળું લાગે છે, તેથી માત્ર દુઃખનો સ્વર કાઢવાથીજ મારા દિલને ધીરજ મળે છે."

બોધ–અનેક માણસો રોગથી, વિયોગથી, મરણના ઘાથી અને બીજાં કારણોથી સદા બળેલાં જળેલાં રહે છે અને તેમના દિલની અગન સાધારણ ઉપાયોથી મટી

શકતી નથી. તેમને આખી દુનિયા દુઃખી ને અકારી લાગે છે; અને ગમે એટલી દોલત તથા સુખનાં બીજાં સાધન હોય તોપણ તેમને તે વડે સુખ મળી શકતું નથી. તેઓ માત્ર દુઃખનાજ ઉદ્ગાર કાઢયા કરે છે અને તેમ કરવાથી તેમના દિલને કાંઇ પણ ધીરજ મળે છે.

કથા ૧૩૪ મી–પર્વત અને પ્રવાસી

એક મુસાફર જંગલમાંથી પસાર થતો હતો, તેને એક પર્વત દેખાયો. આ પર્વત સુંવાળો અને વળી પડોશમાંજ હોય તેમ લાગતો તેથી તેની ઉપર ચઢીને કુદરતની રચના જોવાને મુસાફરનું મન લલચાયું. સહેજ વખતમાં તેની પાસે પહોંચી જઇશ એવી ખાત્રી સાથે તે આગળ વધ્યો, પણ પર્વત તો આઘો ને આઘોજ રહ્યો. કેટલાક કોસની મુસાફરી કર્યા પછી તથા કેટલાક કલાક વહી ગયા પછીજ તે પર્વત પાસે પહોંચ્યો; પણ પાસે જઇને જોતાં તેનું સ્વરૂપ પણ પહેલાંના કરતાં જુદુંજ–એટલે ખીણો, ટેકરા, ઝાડી, પથરા, વગેરેથી તદ્દન ખડબચડું જણાયું. તેથી વિસ્મય થઇ મુસાફરે આ ફેરફારનું કારણ તે પર્વતને પૂછયું. તેનો ઉત્તર પર્વતે આ પ્રમાણે દીધો કે "હું તો જે જગાએ છું તેજ જગાએ છું અને જેવો છું તેવોજ છું. દૂરથી જોવાને લીધે મને પાસે માનવામાં તથા મને સુંવાળો સમજવામાં તારી આંખો ઠગાઇ છે. મારી અતિશય મોટાઇને લીધે, હું આઘો છતાં તારી નજરે પડયો હતો અને તારી આંખો નાની ને નિર્બળ

હોવાથી મારૂં ખરૂં રૂપ જાણવામાં નિષ્ફળ થઇ હતી. એમાં કસુર મારી નથી, પણ તારી નિર્બળતાની છે. હજુ પણ તું મારે મથાળે જઇને જોઇશ તો મારામાં તને કંઇક નવાજ રંગ ઢંગ દેખાશે."

બોધ—મહાન પુરુષો ગમે એટલા વેગળા ને એકાંતમાં રહેતા હોય, તોપણ પોતાની મોટી લાયકાતને લીધે લોકોની જાણમાં આવી જાય છે અને લોકો તેમને જોયા જાણ્યા વિનાજ દૂરથી તેમના ગુણ–દોષ વિષે તરેહવાર કલ્પિત વાતો ચલાવે છે. તેમની નજદીક પહોંચવું અથવા તેમની મુલાકાત લેવી, એ સાધારણ લોકોથી બની શકતું નથી; અને જો કોઇ મળવા પામે છે તો પોતાની આગલી ધારણા કરતાં તેમને જુદાજ ખવાસના જોઈ આશ્ચર્ય પામે છે; પણ એમાં ભૂલ તેમની પોતાનીજ ગણાય. જગતમાં જાણીતા માણસોને માટે તેમનામાં ન હોય એવા સદ્દગુણો તેમજ અવગુણોની ગપસપ ઘણી વાર ફેલાયા કરે છે, તે ઉપરથી તે દરેક વાત સાચી માની લેવાની ભૂલ ન કરવી જોઇએ.



કથા ૧૩૫ મી–મોર અને તેતર

એક વગડામાં મોર અને તેતર વચ્ચે એવી મિત્રાચારી બંધાઇ કે એકબીજાને મળ્યા વગર ચાલે નહિ. મોર જો કે સઘળી રીતે તેતરથી ચઢતો હતો, તોપણ મિત્રધર્મમાં તે પોતાનું ચઢતાપણું ભૂલી ગયો અને તેતરને પોતાની બરાબરનું ગણવા લાગ્યો. તેની પ્રીતિનો લાભ લઇ એક દહાડો તેતરે કહ્યું કે "પ્રિય મિત્ર ! તમારી મિત્રાચારીથી મેં ઘણું મેળવ્યું છે અને તે માટે તમારો ઉપકારી છું; પણ દિલગીર છું કે, તમારો નાચવાનો હુન્નર તમે હજુ મને શીખવતા નથી. એ હુન્નર પક્ષીની જાતમાટે સર્વોપરિ છે, એમ મને લાગે છે. મોરે મોટા ઉત્સાહથી એ વાત ઉપાડી લીધી અને તેતરને નાચવાની કળા શીખવવા માંડી. ઘણા દહાડા સુધી મોરે બહુ બહુ મહેનત લીધી, પણ તેતર તેના નાચની એકે કળા શીખી શકયું નહિ. ઉલટું નાચવાનો યત્ન કરતાં તે પોતાની ચાલ પણ ભૂલી જઈને ભોંય પર અલોટાઇ પડે. તેથી નિરાશ થઇ મોરે તે વાતથી હાથ ઉઠાવ્યો ને કહ્યું કે " વહાલા તેતર ! તમે જોયું છે કે મેં ભારે મહેનત કર્યા છતાં તમે નૃત્યકળા શીખી શકતા નથી અને હું તમને ખાત્રીથી કહું છું કે, તમે કદી શીખી શકનાર નથી. એ હુન્નર કાંઈ શીખવેલો શીખાતો નથી; એ તો ઈશ્વરકૃપાથી અમોને જન્મવા સાથેજ મળે છે. માટે હવે તમે એ છોડી દો ને તમારે લાયકનો કોઇ બીજો હુન્નર શીખો, કે જેથી તમારો તેમ મારો વખત ફોકટ જાય

નહિ." આ વાત સાચી છે, એમ જો કે તેતરને લાગ્યું તોપણ પોતાની લાજ રાખવા અને સરસાઇ જણાવવા માટે તે બોલ્યું કે "પ્યારા મિત્ર! તમારી મહેનત માટે હું તમારો ઉપકાર માનું છું, પણ દિલગીર છું કે, તમારી આ વાત સાથે હું એકમત થઇ શકતું નથી. નાચવાનો હુન્નર હું શીખી શકયું નહિ તેનું કારણ કાં તો એ હુન્નર પોતેજ શીખવા માટે અયોગ્ય છે અથવા તો તમને તે શીખવતાં આવડતું નથી! એ બેમાંનુંજ જે તે એક હોવું જોઇએ.

બોધ–કેટલાંક માણસ એવાં જડ બુદ્ધિનાં હોય છે કે તેઓ પણ ઉમદા વિદ્યા કે હુન્નર શીખી શકતાં નથી; અને પોતાની એ નિષ્ફળતા માટે તેઓ પોતાના બુદ્ધિબળની ખામી નહિ સમજતાં ઉલટી તે વિદ્યાહુન્નરની અથવા તો પોતાના ગુરુની કસુર કાઢે છે. એ કથાનો બીજો બોધ આ છે કે, દરેક માબાપે પોતાનાં છોકરાંઓને, તેમનાં મનની શક્તિ તથા વલણ તપાસીને તેને અનુકૂળ આવે એવા પ્રકારનીજ કેળવણી આપવી. જે જાતનો અભ્યાસ તેમનાથી થઇ શકે નહિ તેવા અભ્યાસનો ફરજીઆત બોજો તેમના પર નાખવાથી તેઓ તેમાં નિષ્ફળ થાય છે અને તેમના પાછળ રોકેલો વખત તથા ખર્ચેલા પૈસા વ્યર્થ જાય છે. વળી તેવા અભ્યાસીઓની મનશક્તિ બગડીને, પોતાને લાયકનો અભ્યાસ કરવામાં પણ તેઓ પાછળ પડે છે. ટુંકમાં તેમની સ્થિતિ "અતો ભ્રષ્ટ તથા તતો ભ્રષ્ટ" જેવી થાય છે. એ કથાનો ત્રીજો બોધ એવો છે કે, કવિતા કરવાની કે તેવી બીજી શક્તિઓ માણસના જન્મ સાથે

કુદરતથી મળે છે; શીખવવા યા શીખવ્યાથી તે મેળવી શકાતી નથી. જેઓ પોતામાં આવી કુદરતી શક્તિ હોવા વગર કવિતા જોડવાનું કામ કરે છે, અથવા કવિમાં ખપવા માગે છે તેઓ અમસ્થાજ ફાંફાં મારે છે. અંગ્રેજીમાં કહેવત છે કે "કવિ બનતો નથી, પણ જન્મે છે."

કથા ૧૩૬ મી—બે બંદુકો અને ન્યાયદંડ

"માર્ટીની હેનરી" "તથા મેગેઝીન રાઈફલ" એવા નામની બે જુદી જુદી જાતની બંદુક આવે છે. તે બંનેમાં એકમેકની સરસાઇ વિષે તકરાર ઉઠી. એક કહે કે વધારે અને ઝડપથી ગોળી ફેંકવામાં હું સરસ છું અને મારા વડે લડાઈમાં ઘણાં માણસોનો ઘાણ નીકળે છે. બીજીએ આ વાતની ના પાડી તેવી સરસાઇ પોતે લેવા માગી. તકરાર રસ પર ચઢતાં બંને ગાળાગાળી પર અને છેવટે મારામારી પર આવી ગઈ. તેમાં પણ નીવેડો ન આવ્યાથી, તેઓ પોતાના વાંધાનો ચુકાદો કરાવવા એક ન્યાયદંડની પાસે ગઇ અને બંનેએ પોતપોતાની સરસાઈના પુરાવા તેની આગળ રજુ કર્યા. તે સઘળું સાંભળી લઈ અપક્ષપાત ન્યાયદંડે ચુકાદો આપ્યો કે "તમો બંને પોતપોતાનું કામ બજાવવામાં એકસરખી રીતે સરસ છો, પરંતુ મારી નજરમાં તો તમો કંગાલ અને ઘાતકી દીસો છો. તમારા વડે સંખ્યાબંધ નિર્દોષ માણસો તથા પ્રાણીઓના જીવ જાય છે, છતાં પણ અભિમાન લેતાં હો તો ભલે; પણ મારા અભિપ્રાય પ્રમાણે

તો તમારી એ સરસાઇ તે તમારૂં નીચપણુંજ છે. માણસો તથા પ્રાણીઓના જીવ લેવાના કામમાં જબરાં ગણાવા કરતાં નબળાં ગણાવું સારૂં. તમો ઘાતકી કામ કરીને તે માટે વડાઇ પણ લો છો, એ તમારો વધારે મોટો અપરાધ છે; છતાં જો તમો ચુકાદો માગતાં હો કે તે કામમાં પણ બે-માંથી ચઢતું કોણ તો તે ચુકાદો હું એટલોજ આપું છું કે, ‘એક ઢેડ ઓર દુસરા કસાઇ.’

બોધ—કેટલાંક માણસો એવાં ભુંડાં હોય છે કે પોતે કામો કરે છે તેને પણ સારાં દેખાડીને તેની વડાઇ લે છે. તેઓ જો પૈસાવાળાં હોય છે, તો તેમની એ વડાઇને ટેકો આપનારા પણ મળી આવે છે અને તેમની માઠી રીતિઓ પણ સારીમાં ખપી જાય છે; પણ જે કામ ભુંડું તે ભુંડુંજ છે. ભલાં માણસોની અને ધર્મ, ન્યાય તથા પરમેશ્વરની નજરમાં તે ભુંડુંજ દેખાવાનું અને તેનું પરિણામ પણ માઠુંજ આવવાનું. સોમલને સાકરનું નામ આપીને ખાઇએ તેથી કાંઈ તે પુષ્ટિ આપતો નથી, પણ જીવજ લે છે.



કથા ૧૩૭ મી—બાળગાડીને જોડેલો બકરો અને બોજો ઘસડનાર બળદ

એક શ્રીમંતને એક મોટો અને તોફાની બકરો હતો. એ બકરાને કામે લગાડવા માટે તેણે એક નાનકડી ગાડી બનાવી, અને ગાડીમાં પોતાના બાળકને બેસાડી બકરા પાસે તે ગાડી ખેંચાવવા માંડી. એક દહાડો એ પ્રમાણે તે ગાડીને ખેંચતો તે બકરો માર્ગમાંથી પસાર થતો હતો, તેવામાં અનાજભરેલું એક મોટું ગાડું તેની સામે આવ્યું. બે બળદો શાંતિથી તે ગાડાનો ભારે બોજો તાણતા હતા. બકરાએ તેમનો તિરસ્કાર કરી કહ્યું કે "પોઇસ! બાજુ! જોતા નથી કે એક આખા બાળકનો બોજો ઉઠાવી હું ફરૂં છું અને મારા એ મહેનતભરેલા કામમાં અટકાવ થવો ન જોઈએ?" પેલા બળદોમાંનો એક બોલ્યો કે "તારા જેવા નિર્જીવ પ્રાણીનેજ એ બોજો ભારે લાગે. અમારા મનથી તો તે રમત જેટલોજ છે. તેને માટે તું આટલો બધો દમ કસે છે, તે જોઈ અમને રમુજ લાગે છે. તારા કરતાં સોગણો વધારે બોજો ઉઠાવીને અમે સેંકડો માઇલની મુસાફરી, જંગલી તથા પહાડી માર્ગો પર કરીએ છીએ તોપણ અમો તે માટે એક શબ્દ પણ બોલતા નથી.

બોધ–કેટલાંક માણસો નજીવાં કામ કરી તે માટે મોટી વડાઇ લે છે અને મહાભારત કામ કરનારાઓના બરાબરીઆ અથવા તેમનાથી પણ વધુ કામ કરનારા, પોતાને સમજે છે. તેઓ માત્ર પોતાનું અજ્ઞાન તથા નબળાઇજ

ઉઘાડી પાડે છે અને મોટાં કામ કરનારાઓ વચ્ચે તેમની હાંસી થાય છે. કેટલાક લેભાગુ લખનારાઓ તથા કાચા ગ્રંથકારો પોતાને મોટા વિદ્વાન, કવિ કે ફિલસૂફ સમજે છે અને ખરેખરા વિદ્વાન, કવિ કે પંડિતનાં લખાણો પર ટીકા ચલાવીને પોતાને તેમના સરખા, બલ્કે તેમનાથી ચઢીઆતા દેખાડવા મથે છે; પણ તેઓની સ્થિતિ આ કથામાંના બકરાના જેવી છેવટે છે, કે જે બકરો દેખીતો નિર્બળ છતાં બળવાન બળદ કરતાં પણ પોતાને ચઢતો મનાવવા માગતો હતો.

કથા ૧૩૮ મી—ઘોડા પાછળ ભસનારો કૂતરો

એક નામીચો ઘોડો પોતાના સ્વારને લઇ અમુક રસ્તેથી વખતો વખત આવ-જા કર્યા કરતો હતો. તે રસ્તા પર એક વઢકણો કૂતરો રહેતો હતો. તે હમેશ ઘોડાની પાછળ ભસી તથા ધસીને તેને ત્રાસ આપ્યા કરતો; પરંતુ ઘોડો તેની કશી પરવા કરતો નહિ. કૂતરો આથી ગર્વ ધરીને એમજ સમજતો કે, ઘોડો મારાથી બીએ છે; ને તેથી રોજ રોજ વધારે ને વધારે તેની પૂંઠે લાગી તેને પજવતો. પ્રથમ તો તે આઘેથીજ ભસીને રહેતો, પણ પછી તેના પગસુધી ધસી જઈ તેને બચકું ભરવાની કોશીશ કરવા લાગ્યો. તેમ કરવા જતાં એક દહાડો ઘોડાની લાત તેના મોઢા પર પડી, જેથી તે એટલો જખમી થયો કે તેનાથી ખાઈ પી શકાયું નહિ અને રીબાઇ રીબાઇને થોડા દહાડામાં મરણ પામ્યો.

બોધ-નિર્બળ માણસોએ બળવાનની સાથે હામ ભીડવી નહિ. બળવાન માણસોને તો એથી કંઇ નુકસાન થતું નથી

અને તેઓ તેમને પોતાથી હલકાં ગણી જાહેર રીતે તેમની સામે ઉપાય લેવાને પણ જરૂરનું સમજતા નથી; તોપણ તેમના મનમાં ક્રોધ તો રહે છેજ અને જ્યારે પણ તે માણસ પોતાના લાગમાં આવે છે ત્યારે તેને પોતાના મોટા બળથી કચડી નાખે છે.

કથા ૧૩૯ મી—જળપાત્રમાં પડેલું મગતરૂં

એક મગતરૂં ઉડતાં ઉડતાં જળથી ભરેલા વાસણમાં પડયું. તેને એવું લાગ્યું કે, હું એક મહાસાગરમાં પડયું છું. તેથી તે બહુજ ગભરાવા લાગ્યું. તેનો ગભરાટ જોઇ એક શખસ, જે ત્યાં ઉભેલો હતો તે બોલ્યો કે "એક વાસણમાંના પાણીમાં પડયાથીજ તું એવડું દુઃખ પામે છે, તો પછી મોટા સમુદ્રમાં તું શું કરે?" મગતરાએ ઉત્તર વાળ્યો કે "ભાઈ! તારા મનથી આ પાણી થોડું હશે, પણ મારે માટે તો તે એક સમુદ્રના જેટલુંજ છે. તારામાં જો દયા હોય તો આ સંકટમાંથી મને બહાર કાઢ અને વધતા ઓછા પાણીનો વિચાર છોડી દે."

બોધ—એકજ દુઃખ જુદી જુદી સ્થિતિના માણસ પર જુદી જુદી અસર કરે છે. નિર્બળને ભારે અને બળવાનને તે હલકું લાગે છે. એટલા માટે જો કોઇ નિર્બળ માણસ પોતાના દુઃખ વિષે ફરિયાદ કરે, તો બળવાને તેને હસી કાઢવી નહિ, પણ તેની નબળાઇ તથા લાચારીનો વિચાર કરી તેને મદદ આપવી જોઇએ.

કથા ૧૪૦ મી–ઇફેલ ટાવર અને પીરામીડ

પારીસ શહેરમાં ઇફેલ નામના નામાંકિત ઇંજનેરે બહુ ઉંચો મિનારો બાંધ્યો છે. તે અર્વાચીન કાળના એક નામીચા બાંધકામ તરીકે જગતમાં વિખ્યાત છે અને "ઇફેલ ટાવર"ને નામે ઓળખાય છે. તેની ઉંચાઈ તથા સુંદરતાનાં વખાણ થવાથી એક દિવસ તેને ગર્વ ઉપજ્યો અને પ્રાચીન કાળના ઇજીપ્તના પીરામીડ, જેમની પ્રશંસા અદ્યાપિપર્યંત જગતમાં ચાલુ છે, તેમની ઠેકડી કરીને બોલ્યો કે "બુઢ્ઢા કાકા! હવે તમે તમારી મોટાઇનો દાવો છોડી દો. તમારી કીર્તિના દહાડા હવે પૂરા થયા. હવે તો મારીજ મોટાઇનો ડંકો વાગે છે. જગતમાં હું સર્વ કરતાં ઉંચો અને સુંદર છું. મારી આગળ તમારી શી વિસાત?" પીરામીડે ઉત્તર વાળ્યો કે "ભાઇ! આટલો બધો ઉતાવળો અને અધીરો ના થા. અમારા જેટલાં તો શું પણ અમારાથી સોમે ભાગે પણ વરસ કાઢ; અમારા જેવા ફેરફારો જો; અમારા જેવું ટકાઉપણું દેખાડ; અને તે પછી કીર્તિ તથા મોટાઇની વાત કર. દુનિયામાં મોટાઇ મેળવવી સહેલ છે, પણ ટકાવવી મુશ્કેલ છે. માટે મોટાઇ મેળવવા કરતાં ટકાવવામાં વધારે કીર્તિ છે. તારા દેશમાં ભરતીઓટનાં પાણીની પેઠે જે ઉપરાછાપરી મોટા રાજદ્વારી ફેરફારો થાય છે તે જોતાં અમને તો એમજ લાગે છે કે, દુનિયામાં અમારી પછીથી ઉભી થયેલી ઘણી ચીજોનો અંત જેમ અમોએ જોયો, તેમ તારો અંત જોવાને પણ કદાચ અમો જીવતા રહીશું."

બોધ–કેટલાક જુવાનીઆઓ ઉછાંછળા, બિનઅનુભવી અને કાચી સમજના હોય છે. તેઓ પોતાનાં વડીલોની મશ્કરી કરી તેમની ખામી કાઢે છે અને તેમના કરતાં પોતાને ડાહ્યા ગણે છે; પણ એ ભૂલભરેલું છે. વડીલોએ આપણા કરતાં વધારે વરસ કાઢેલાં હોય છે અને તેમનો અનુભવ બહોળો હોય છે. દુનિયાની "લીલી સૂકી" તેઓએ વધારે જોયેલી હોય છે અને વળી તેઓ સુકાળ તથા નિર્દોષ સમયમાં ઉછરેલાં હોય છે; તેથી આપણા કરતાં તેઓ વધારે મજબૂત, વધારે પાકાં અને વધારે ઠરેલ હોય છે. માટે તેમની મશ્કરી કરી તેમને ઉતારી પાડવા નહિ; પણ તેમને મોટાઈ આપી, તેમના પાકટ ડહાપણ, અનુભવ તથા સદ્દગુણોનો લાભ લેવો જોઇએ.

કથા ૧૪૧ મી–પાડો અને ગેંડો

એક પાડો પોતાના ધણીને ત્યાંથી વગડામાં નાસી ગયો. ત્યાં મહેનત કાંઈ નહિ અને ચરવાનું ઘણું મળવાથી તે મસ્તાનો થયો અને નિર્દોષ પ્રાણીઓને દુઃખ દેવા લાગ્યો. એક સમયે તે વગડાના છેક ઉંડાણમાં પેઠો અને ત્યાં એક ગેંડાને જોયો. ગેંડાના વિકરાળ દેખાવથી પ્રથમ તે ભય પામ્યો, પણ તેને એકજ શિંગડું જોઈ તેણે હિંમત પકડી કે "મને બે મોટાં શિંગડાં છે અને આને તો એકજ શિંગડું છે ને તે વળી મારા કરતાં નાનું; તો એને મારી કાઢતાં વાર શી ? આમ સમજી તે ગેંડા ઉપર ધસી ગયો

અને તેની સાથે લડાઇ કરવા માગી. ગેંડો તેની સામે ઉતર્યો અને પહેલાજ હુમલામાં પોતાના શિંગડા વડે તેનો નાશ કર્યો.

બોધ–જય મેળવવાનો આધાર વધારે ઓછાં હથિયાર ઉપર નથી; પણ હથિયારની સરસાઇ અને તેને વાપરવાની કળા ઉપર છે. આપણામાં થોડી વિદ્યા હોય, પણ તે જો પાકી અને અનુભવસિદ્ધ હોય તો કાચી રીતે ઘણી ચોપડી ભરડી ગયેલા કરતાં આપણે સારા નીવડીશું. આપણી પાસે થોડા પૈસા હોય, પણ તે સરસ રીતે વાપરી શકતા હોઇએ, તો પૈસાવાળા મૂર્ખ માણસો કરતાં આપણે વધારે સારૂં પરિણામ લાવી શકીએ.

કથા ૧૪૨ મી–સફેદામાં બોળાઇને ગોરો થયેલો કાગડો

કાળા રંગ માટે પોતાની નાત–જાતની મશ્કરી થતી સાંભળીને એક કાગડાએ એવો મનસુબો કર્યો કે, કાંઇ યુક્તિ કરી મારે ગોરા રંગનો થવું. એક દહાડો એક ઘરને રંગવા માટે સફેદો એક કુંડામાં તૈયાર થયેલો જોઇ તેમાં તે બોળાયો, અને સફેદ રંગનો બની જઇને પોતાના કાળા જાતભાઇઓ કરતાં પોતાને ચઢતો ગણી તોરમાં ને તોરમાં ફરવા લાગ્યો; પણ તેના જાતભાઈ કાગડાઓ તેની સામે રૂઠયા અને તેને નાતબહાર કાઢી તેની સાથે અન્ન, પાણી વગેરેના વહેવાર બંધ કર્યા. સફેદ કાગડાને તેથી બહુ દુઃખ ખમવું પડયું અને છેવટે થાકીને પોતાના અંગ ઉપરનો સફેદ રંગ

કાઢી નાખવાને તે ચોખ્ખા પાણીમાં ઝબકોળાયો; પણ તેના ઉપરનો રંગ ચીકણો હોવાથી નીકળી શકયો નહિ. પછી તે ધૂળમાં રોળાયો, તેથી પણ તેનો રંગ નીકળ્યો નહિ ને સામો તે વધારે બદશિકલ દેખાવા લાગ્યો. સઘળા ઉપાયો એમ નિષ્ફળ ગયા અને સફેદ કાગડો સદાનો પોતાના જાતભાઈઓથી બહારજ રહી ગયો.

બોધ–પોતાની નાત–જાતના ચાલતા આવેલા બધાજ જૂના રિવાજ કાંઈ ખરાબ હોતા નથી. માટે જે રિવાજને આપણે ખામીભરેલો સમજતા હોઇએ, તે ખરેજ તેવો છે કે આપણી સમજની ખામી યા ફાંટાથી તેવો લાગે છે, તે વિષે ખાત્રી કરવી જોઈએ. કેટલાક ઉછાંછળા જુવાનો તેવી ખાત્રી કર્યા વગર માત્ર પોતાના ફાંટાથી કે બીજાઓની ખોટી સમજાવટથી નાતના રિવાજ તોડે છે; તેઓ નાતનું ભલું કરી શકતા નથી અને નાતથી જુદા પડી જઇને છેવટે દુઃખી થાય છે, તથા પસ્તાય છે.

કથા ૧૪૩ મી—ખોટું મોતી અને રાજકન્યા

એક રાજકન્યાના હાથમાં એક વાર ખોટું મોતી આવ્યું. એ મોતી તેણીએ પોતાના ગળામાં પહેર્યું. આથી લોકો તે મોતીને સાચું માની તેની મોટી કિંમત આંકવા લાગ્યા. કોઈ કહે આ મોતી દશ હજારનું છે; કોઇ કહે વીસ હજારનું અને કોઈ તો કહે એક લાખ રૂપિયાનું. થોડા દહાડા પછી રાજકન્યાનું દિલ આ મોતી પરથી ઉતરી

ગયું અને તે તેણે પોતાની એક દાસીને આપી દીધું. જ્યારે દાસી તે મોતી પહેરીને ફરવા લાગી ત્યારે લોકોએ તે મોતીને ખોટું કહેવા માંડયું; એટલુંજ નહિ, પણ તેની જે અસલ કિંમત હતી તે કરતાં પણ ઓછું મૂલ અંકાયું.

બોધ–હલકું માણસ મોટા માણસની મિત્રાચારીમાં આવતાં તે પણ લોકોમાં મોટું ગણાય છે; પણ એવી મોટાઈ ઉપર ભરૂસો નહિ રાખતાં પોતાની સ્થિતિ સમજીને તે પ્રમાણેજ વર્તવું જોઇએ; કેમકે મોટા માણસોના ફાંટા ન્યારા હોય છે. ફાંટો ફરતાંજ તેઓ તેને પોતાથી દૂર કરશે અને તે વેળા લોકો તેની હાંસી ને અવગણના કરશે.

કથા ૧૪૪ મી—પાપી અને કળિયુગ

એક માણુસ પાપી હતો અને સદા ભુંડાં કામ કરતો. તે માટે તેને કોઈ ઠપકો આપતું ત્યારે બચાવ કરતો કે "ભાઈ! હું શું કરૂં? હું તો સારો માણુસ છું અને સારાં કામો કરવાને ઈચ્છું છું, પણ આ વખત કળિયુગનો છે અને ભુંડો કળિયુગજ મને સારાં કામ કરતો અટકાવી મારી પાસે ભુંડાં કામો કરાવે છે." એક દહાડો આમ તે કહેતો હતો તેવામાં તેની આગળ કળિયુગ સાક્ષાત્ પ્રકટ થયો અને બોલ્યો કે "ભાઇ! તું મને બદનામ ના કર. તને જો એમ લાગતું હોય કે, હું કળિયુગ ભુંડો છું ને તારી પાસે પાપી કામો કરાવું છું, તો આ તારા ભાઇબંધ સમક્ષ કસમ લઇ કહું છું કે, હું તારા કામ કે ઈચ્છાની

વચ્ચે કદી આવીશ નહિ; સુખે તું પુણ્યનાં કામો કર્યા કર." એમ કહી કળિયુગ અલોપ થયો; પણ તે છતાંએ આ પાપી માણસ પાપી કામો કરતોજ રહ્યો. તે માટે ફરી તેને ઠપકો આપવામાં આવ્યો, ત્યારે તે બોલ્યો કે "ભાઇ! હું શું કરૂં? હું તો સારો માણસ છું ને સારાં કામો કરવાને ઇચ્છું છું, પણ નાપાક સેતાન મને સારાં કામો કરતો અટકાવી મારી પાસે ભુંડાં કામો કરાવે છે." આ સાંભળતાંજ સેતાન પ્રગટ થયો અને તેણે પણ કળિયુગની પેઠે સોગંદ ખાઇને કહ્યું કે "તું સુખે સારાં કામ કર, મારે તારી વચ્ચે આવવું નથી." તેમ છતાં આ પાપી માણસે પાપ કરવાનું છોડયું નહિ અને ફરી વાર ઠપકો મળતાં હવે તેણે પોતાના નસીબનો વાંક કાઢયો, અને નસીબે હાજર થઇ તેને સારાં કામો કરવાની વાત કહી ત્યારે છેલ્લે સરવાળે તે બોલ્યો કે "ભાઇ! હું શું કરૂં? હું તો સારો માણસ છું, ને સારાં કામો કરવાને ઇચ્છું છું; પણ પરમેશ્વરની તેવી ઈચ્છાજ નહિ હોય તેથી મારાથી તે થઇ શકતાં નથી ને ભુંડાંજ કામો થાય છે!" એમ તે ખોટાં બહાનાં કાઢતોજ રહ્યો અને છેવટે એક પાપી માણસ મરણ પામ્યો.

બોધ–ઘણાંક ભુંડાં માણસો પોતાનાં ભુંડાં કામો માટે પોતાને નિર્દોષ ગણી બીજાને દોષ દે છે અને તેવા દોષથી તેઓ પોતાનાં માબાપ કે ગુરુને પણ મુક્ત રાખતાં નથી. વળી કેટલાંક તો પરમેશ્વરને પણ દોષ દે છે અને સમજે છે કે, હવે લોક આપણા પર દયા કરશે, પણ તેમાં

તેઓ ઠગાય છે. બહાનાં કાઢી ભુંડાં કામનો બચાવ કરવાની ટેવથી તેઓ જરા પણ સુધરી શકતાં નથી. જીવતાં તેઓ લોકોથી નિંદાય છે ને મુવા પછી નરકે જાય છે.

કથા ૧૪૫ મી—વહાણ અને સમુદ્ર

સારી બાંધણીનું અને ઉતાવળી ચાલનું એક વહાણ સમુદ્રમાં સફર કરતું હતું. બહુ વરસ સફર કર્યા છતાં કોઈ દહાડો કશું નુકસાન તે પામ્યું નહિ. પોતાના ચાલુ જયથી તેનામાં એવું અભિમાન ઉત્પન્ન થયું કે સમુદ્ર મારો નોકર છે અને હું તેનો શેઠ છું. એમ માનીને તે વારંવાર સમુદ્રનો તિરસ્કાર કરી તેને પજવવા લાગ્યું. એક વાર સમુદ્રને રીસ ચઢી અને આ વહાણ ભરદરીએ ચાલતું હતું તે વખતે ભયંકર તોફાન કરી તેને ડુબાડી દીધું.

બોધ—જેને આધારે આપણો સંસારવ્યવહાર ચાલતો હોય, તેના તરફ સદા માન અને વિનય દેખાડવાં, તેનો અનાદર કરવો નહિં. જો કરીએ તો તેને માઠું લાગે અને તે પોતાનો આશરો બંધ કરી આપણને નિરાધાર કરી મૂકે. પોતાના ચઢતા બળ વડે તે ધારે તો આપણો પણ નાશ કરે. કેટલાંક નબળાં માણસો બળવાનની મદદથી વધ્યા છતાં કહે છે કે, અમો એનાથી વધ્યાં નથી, પણ અમારા વડેજ એ વધે છે. એ નિમકહરામી છે અને તેમ કરનારને તેની સજા થયા વગર રહેતી નથી.

કથા ૧૪૬ મી–ઠગારાં શિયાળ અને લોભી કૂતરાં

એક ગામને પાદરે રાતની વેળા ગામનાં કૂતરાં અને વગડાનાં શિયાળનો સમાગમ થયો. બન્ને ખુશમિજાજમાં અને વળી મતલબમાં હોવાથી પરસ્પરનું વેર ભૂલી જઇ સુખદુઃખની વાતો કરવા બેઠાં. શિયાળોએ કહ્યું કે "વહાલાં મસીઆઇ ! તમોને દર રાત્રિએ રડણુંભુંકણું કરી બરાડા મારતાં જોઈ અમોને બહુ દયા આવે છે. અમો ધારીએ છીએ કે, ગામમાં તમોને બહુ દુઃખ પડતું હશે. વળી તમો જાતે ભોળાં, એટલે ઠગારા માણસો તમારા પર લાભ પણ બહુ લેતાં હોવાં જોઇએ. પ્રાણી માટે સુખ તો વગડામાંજ છે હો ! અમો તો વગડાનાં સુખથી ધરાઇ ગયાં છીએ. વળી અસલના વારામાં જ્યારે તમો વગડામાં વસતાં હતાં ત્યારે અમો ગામડામાં રહેતાં હતાં; તેથી અમો તમને વિનવીએ છીએ કે, જો તમારી ઇચ્છા હોય તો આપણે આપણી જગા બદલી લઇએ–અર્થાત્ તમો વગડામાં જઇ રહો અને અમો ગામમાં રહીએ." કૂતરાં આ મોઢાની મીઠી વાત પર એટલાં લલચાયાં, કે ઝટ તે કબૂલ કરી ગામ છોડીને વગડામાં જઇ રહ્યાં; અને શિયાળોએ ગામમાં પેસી તેમની જગા કબજે લીધી; પણ ધારેલો લાભ બન્ને પક્ષને મળ્યો નહિ અને સામાં તેઓ દુઃખી થયાં. કૂતરાં વગડામાં રોટલા બાત વિના ભૂખે મરવા લાગ્યાં અને છેવટે વાઘ, વરૂ જેવાં ઘાતકી પ્રાણીઓનો શિકાર થઇ નાશ પામ્યાં. શિયાળો પણ ગામમાં લીલી શાકભાજી વિના ભૂખે મરવા લાગ્યાં

અને માણુસોને હાથે માર ખાઇ નાશ પામ્યાં.

બોધ–ઠગારા અને લોભી લોકો કદી સુખી થતા નથી; માટે માણુસોએ ઠગાઇ અને લોભથી સદાકાળ દૂરજ રહેવું જોઇએ. વળી આ કથાથી વધુ બોધ એ મળે છે કે, માણુસે મતલબની મીઠી વાત સાંભળી ભોળવાઇ જઇને પોતાની હમેશની જગા સબળ કારણો મળ્યા વિના છોડવી નહિ; અને એક વાર છોડવી પડે તોપણ શત્રુની જગાએ જઇ આશરો લેવો નહિ.

કથા ૧૪૭ મી–અપ્રમાણિક છોકરો અને બોરડી

એક ખેતરમાં બોરડી પર બોર પાકેલાં હતાં; તે એક વટેમાર્ગુ છોકરાના જોવામાં આવ્યાં અને તે ખાવાને તેનું દિલ લલચાવાથી ખેતરની વાડ ભાગી તે અંદર પેઠો અને બોર પાડવા મંડયો; પણ તે ઉંચાં હોવાથી પડી શકયાં નહિ. આથી તે બોરડી ઉપર ચઢયો, પણ તેમ કરતાં બોરડીના કાંટા વાગવાથી તેનું શરીર છોલાયું તથા કપડાં ફાટયાં. છેવટે તે નિરાશ થઇ નીચે કૂદી પડયો અને બોલ્યો કે "આ બોરડીને કાંટાવાળી કરવામાં પરમેશ્વરે ડહાપણ વાપર્યું નથી."

બોધ–પરમેશ્વરે સૃષ્ટિની રચના જે રીતે કરી છે, તેજ વાસ્તવિક છે. સૃષ્ટિના નિયમને અનુસરીને ચાલવાથી તે રચના આપણને સુખદાયી નીવડે છે; પણ તે નિયમથી વિરુદ્ધ વર્તતાં આપણે તેનાથી દુઃખ પામીએ છીએ. તેમાં

વાંક તે રચનાનો કે તેના પરમેશ્વરનો નથી, પણ આપણો પોતાનોજ છે. છતાં પાપી ને અપ્રમાણિક માણુસો તેવી વેળાએ પરમેશ્વરને દોષ દે છે; તેથી તેના પાપમાં ઉલટો વધારોજ થાય છે. જો લાકડાં કાપવાની કુહાડી પગમાં મારીએ ને તેથી દુઃખી થઇએ, તો તેને માટે કુહાડીને કે તેના બનાવનારને દોષ શા માટે દેવો ?

કથા ૧૪૮ મી–ઉજડ ગામનો એરંડો પ્રધાન

એક ઉજડ પડેલા ગામમાં અનેક પ્રકારનાં નકામાં ઝાંખરાં ઉગી નીકળ્યાં હતાં. તેઓ વચ્ચે એક એરંડો પણ હતો, જે તેઓ સર્વ કરતાં કદે ઉંચો અને દેખાવમાં સુંદર લાગતો હતો. તેણે બીજાં મોટાં સુંદર અને ગુણી ઝાડો જોયાં ન હતાં, તેથી એમ સમજતો કે, સૃષ્ટિમાં સર્વોત્તમ ઝાડ તો માત્ર હુંજ છું. તેની સાથેનાં ઝાડઝાંખરાં પણ તેમજ માનતાં. છેવટે આ એરંડો તે ગામનો પ્રધાન થઇ તેઓ ઉપર અમલ ચલાવવા લાગ્યો. થોડા વખત પછી ત્યાં એક નગરવાસી આવી ચઢયો. તેને આ એરંડાનું પ્રધાનપણું જોઈ હસવું આવ્યું અને એરંડાનું અભિમાન તોડવા માટે તેણે મુંબઈના વિકટોરિયા ગાર્ડનની વાત કરીને કહ્યું કે "અહો પ્રધાનજી ! એવા મોટા નગરબાગમાં કેટલાંએ નજીવાં જેવાં ઝાડો ઉગીને મોટાઇ ખાટી જાય છે અને તમે આવા મહાન વૃક્ષ થઇને આ ઉજડ ગામમાંજ અંધારામાં પડી રહ્યા છો તે ઠીક નથી. તમો જો તે બાગમાં પધારશો

તો તમારૂં માન અહીંના કરતાં સોગણું વધશે, ત્યાંનાં સર્વ ઝાડો તમોને પૂજશે અને નગરવાસીઓ તમારાં વખાણ કરશે." આ ઠઠ્ઠાની વાતને સાચી માની લઇ એરંડાજી તો ખૂબ ફુલાયા અને પોતાને તે બાગમાં લઈ જવાની વિનંતિ નગરવાસીને કરી. તે તેને વિકટોરિયા ગાર્ડનમાં લઇ ગયો; પરંતુ એરંડાએ ત્યાં પોતાની ધારણાથી ઉલટુંજ જોયું. ત્યાંનાં સેંકડો મૂલ્યવાન ઝાડોની શોભા, મોટાઇ અને ગુણો જોઇ તે તદ્દન ઝંખવાણો પડી ગયો અને પોતે માની લીધેલી ખોટી મોટાઇ માટે પસ્તાવા તથા લજવાવા લાગ્યો.

બોધ–ખરેખરા મોટાઓની મોટાઇ જ્યાંસુધી જોઇ નથી, ત્યાં સુધીજ નાનકડા માણસો પોતાને મોટા માની ફુલાય છે અને પોતાથી ઉતરતી સ્થિતિના લોકો વચ્ચે રોફ મારે છે, પણ તેઓ જ્યારે મોટા માણસના સમાગમ-માં આવે છે, ત્યારે ઝાંખા પડી જાય છે અને પોતાના આગલા ખોટા વિચારો માટે શરમાય છે.



કથા ૧૪૯ મી—કોયલનાં બચ્ચાં દબાવી બેઠેલી કાગડી

કોયલ જાતે સુંદર અવાજવાળી અને મનમોહક છતાં તેનામાં એક ખોડ છે. તે એ કે, પોતે મૂકેલાં ઇંડાંને સેવવાની તે કાળજી રાખતી નથી. તેથી વારંવાર કાગડા તે ઇંડાંને સેવીને બચ્ચાં કાઢે છે, જે મોટાં થતાં પોતાની કોયલ જાતમાંજ જઇ મળે છે. એક વાર એક કોયલે વસંતઋતુમાં ઈંડાં મેલ્યાં; પરંતુ પોતાના જાતિસ્વભાવ પ્રમાણે તેને સેવવાની કે જાળવવાની દરકાર ન કરતાં ગમે ત્યાં ફરતી રમતી રહી. એક કાગડી, જેને બચ્ચાંની ઈચ્છા હતી, તેણીના જોવામાં આ ઈંડાં આવવાથી તેણે તેને સેવીને બચ્ચાં કાઢયાં. કેટલાક દહાડે આ બચ્ચાંની ખરી મા પેલી કોયલ ત્યાં આવી ચઢી અને પોતાનાં ઈંડાંનાં બચ્ચાં નીકળેલાં જોઇ કાગડી પાસે તે માગ્યાં. કાગડીએ ગુસ્સે થઇ તુચ્છકારથી કહ્યું કે “હું તને ઓળખતી નથી, બચ્ચાં તો મારાં પોતાનાં ઈંડાંમાંથી મેં ઉત્પન્ન કરેલાં છે, તે હું કદી તને આપીશ નહિ. ઝાઝું બોલી તો ટુંપી પીંખીને મારીજ નાખીશ.” ગરીબ બાપડી કોયલે ઘણીએ દલીલો કરી, સાબીતીઓ આપી, કાલાવાલા કર્યા; પણ તે સર્વે વ્યર્થ ગયું અને કાગડીના જોર આગળ કાંઇજ નહિ ચાલવાથી નિરુપાય થઈને ચાલી ગઈ અને ખેદ કરતી રહી; પણ થોડા વધુ દહાડા ગયા પછી તેણે પોતાની અજાયબી વચ્ચે જોયું કે, તેણીનાં વહાલાં બચ્ચાં કાગડી દબાવી બેઠી હતી તે અણચિંત્યાં ને આપોઆપજ

તેણીને આવી મળ્યાં અને પોતાની સાચી માતા જોડે લાડ તથા ગેલ કરવા લાગ્યાં. ઉડવાની શક્તિ આવવાથી તથા પેલી કાગડી એક દિવસ બહાર રોકાયલી હતી તે તક લઇને તેઓ પોતાની ખરી માતાની પાસે આવતાં રહ્યાં હતાં.

બોધ–ઉલટા સંજોગો બનવાને લીધે કેટલીક વાર નબળા ઉપર જબરાનું જોર ચાલે છે અને તેથી એકની મેળવેલી ચીજનો ધણી બીજો થઇ બેસે છે; એકના પરાક્રમની કીર્તિ બીજો ખાઇ જાય છે; એકનું રચેલું લખાણ બીજાને નામે ચઢે છે; એટલુંજ નહિ પણ કેટલીક વાર તો એકનાં જણેલાં છોકરાં પણ બીજાનાં થઇ બેસે છે. એ રીતે તરેહવાર અનર્થો તથા અન્યાયો દુનિયામાં થાય છે, પરંતુ વખત અને સંજોગો બદલાતાં જેની ચીજ યા કીર્તિ તેને મળ્યા વિના રહેતી નથી.

કથા ૧૫૦ મી—તક ખોવાથી પસ્તાયલો કાગડો

એક કાગડાના હાથમાં સૂકા રોટલાનો કકડો આવવાથી તે તેને ખાવાનાં ફાંફાં મારતો હતો; તેવામાં તેના એક જાતભાઇએ તેને ખબર આપી કે "પાડોશના વાડામાં સ્વાદિષ્ટ પકવાન્ન પડેલું છે તે ઝટ લઈ લ્યો; હું તો મારા પેટપૂરતું તેમાંથી ખાઇ આવ્યો છું." આ કાગડાએ કહ્યું કે "ઠીક મારા હાથમાં આવેલો આ સૂકો રોટલો ખાઇ રહીને પછી તે પકવાન્ન ખાવા જઇશ." પેલા કાગડાએ કહ્યું "સૂકો રોટલો પડતો મૂકીને પહેલું તે પકવાન્ન ખાઈ લ્યો; નહિ તો કોઇ બીજું પ્રાણી તે ખાઇ જશે ને તમે હાથ ચોળતા

રહી જશો." આ ચેતવણીને નહિ ગણકારતાં તે કાગડો રોટલો ખાઇ રહ્યા પછીજ પેલા વાડામાંનું પકવાન્ન ખાવા ગયો; પણ તે અગાઉ તો ક્યારની એક સમડી તે ઉડાવી ગઇ હતી; તેથી પોતાની ઢીલ ને બેદરકારીથી સ્વાદિષ્ટ પકવાન્ન ખોઈ બેસવા માટે કાગડાને બહુજ પસ્તાવો થયો;

બોધ–સારી તક ક્વચિતજ મળતી હોવાથી ડાહ્યા માણસો તરતજ તેનો લાભ લે છે. રૂડી તક ખોવાથી એક તો તે તકથી મળતો લાભ જાય છે અને બીજું તે માટે પસ્તાવો થાય છે.

કથા ૧૫૧ મી—વાઘ અને દુ:ખી બળદ

એક વગડામાં વાઘ તથા બળદ વચ્ચે મિત્રાચારી થઇ હતી. વાઘ પોતાના બળ વડે સુખી હતો; પણ બળદ તેથી ઉલટી-જ સ્થિતિમાં–દુ:ખી હતો; કેમકે તે શહેરમાંથી હાડમાર તથા દેશનિકાલ થઇ વગડામાં આવી પડેલો હતો અને વગડામાં પણ તેને બીજાં પ્રાણીઓથી દુ:ખોજ ખમવાં પડતાં હતાં. વાઘની મિત્રાચારી તેણે સુખની આશાથી બાંધી હતી; પણ વાઘ અભિમાની તથા લોભી હોવાથી સામો તેને પીડાકારી થઇ પડયો હતો. એક દહાડો બળદ વધુ સંકટમાં આવ્યો ત્યારે પોતાના મિત્ર વાઘ પાસે આવીને પોતાના મનનો ઉભરો ખાલી કરવાના હેતુથી પોતાના દુ:ખની કહાણી કહેવા બેઠો. એવી આશાથી કે, વાઘમામા મારી દયા ખાશે અને મને આશ્રય દેશે, તો તેટલા વડે પણ મારૂં અર્ધું દુ:ખ કપાશે; પણ હજુ તો બળદે પોતાની કહાણી અર્ધી પણ

કહી નથી તેટલામાંજ વાઘમામા અકળાઇને બરાડ મારી વચ્ચે બોલી ઉઠયા કે "બસ, મિત્ર! બસ. એવા પીંજણથી તો મારો જીવ બગડે છે. તું 'દુઃખ દુઃખ' શેનું કરે છે? દુઃખી તો હું છું. આ વનનો રાજા હોવાથી મારે શિર કેટલાં બધાં દુઃખો છે? પ્રાણીઓ પર રાજ્ય ચલાવવાનું દુઃખ! દરરોજ જુદાં જુદાં પ્રાણીઓ મુલાકાતે કે આવકાર દેવા આવે તેમને સલામ કરવાનું દુઃખ! સરસ શિકારો શોધવા તથા મારવાનું દુઃખ! મારી વાઘણ રાણીસાહેબને રીઝવવાનું દુઃખ! તારા જેવા ભુખડીબારસ મિત્રો આવી દુઃખની વાતો કરે તે સાંભળવાનું દુઃખ, ઇત્યાદિ. મિત્ર! તું 'દુઃખ દુઃખ' શું કરે છે? તારાં દુઃખ તો આ મારાં મહાભારત દુઃખો આગળ વટાવમાં!" આમ કહી વાઘમામા ગુસ્સાભેર ઉઠી ચાલતા થયા અને બિચારો બળદ દિલાસો મેળવવાને બદલે ઠપકાનું નવું દુઃખ પામી પોતાનાં હીણભાગ્યને રડતો નિરાશ થઇ પાછો ગયો.

બોધ–દુઃખીનું દુઃખ તો તેજ જાણે, કે જેના ઉપર દુઃખ વીતેલું હોય. મોટા લોકો ઘણું કરી સુખ તથા મોજમાં ઉછરેલા અને રહેલા હોવાથી તેઓ રંકોનાં દુઃખની પિછાણ ક્વચિતજ કરી શકે છે. મોજશોખ આડે તેઓ દુઃખીઓની દરકાર કરતા નથી અને ઉલટા પોતાના સુખને દુઃખનું રૂપ આપી પોતાને વધુ દુઃખીઆ બતાવે છે. એવા સ્વાર્થી તથા અભિમાની મોટા માણસો પાસેથી દિલાસો મેળવવાની આશા વૃથા છે.

કથા ૧૫૨ મી—ભૂખ્યો કૂતરો અને જમતો માણુસ

એક શખસ ચોકમાં બેસી સ્વાદિષ્ટ ભોજન મોજથી જમતો હતો. એક ભૂખથી અર્ધમુઓ થઇ રહેલો કૂતરો થોડું ઘણું મળવાની આશામાં તેના તરફ તાક્યા કરતો હતો. પોતાની મોજમાં અડચણ થતી માની તે શખસે તેને હાંકી કાઢયો; પણ કૂતરો પાછો આવીને ઉભો. એ પ્રમાણે ત્રણ ચાર વાર બનવાથી તે શખસે કંટાળી જઈને એક લાકડાનો ટુકડો હાથમાં આવી ગયો તે તેની ઉપર ફેંકયો. કૂતરો તે ટુકડો મુખમાં લઈને તેને ચાટવા તથા કરડવા લાગ્યો. તેથી પેલા શખસે તેને બહુજ ધિક્કાર્યો. કૂતરે આંસુ ટપકાવી કહ્યું: "નિર્દય મનુષ્ય ! તું મને ના ધિક્કાર; ધિક્કારને પાત્ર તો તું પોતેજ છે. મેં આ ટુકડાને લાકડું જાણીને નહિ પણ તેં મારા ભણી તારા ભાણામાંથી એકાદ કોળિયો ફેંકયો છે એમ સમજીને મોઢામાં લીધો હતો. હું ભૂખથી ગાંડો બનેલો છું અને તેથી મારા તરફ જે કાંઇ ફેંકાય તે વસ્તુ ખાવાના ટુકડા સમાનજ લાગે છે. તારામાં જો દયા તથા વિવેક હોત તો તું તારા ભાણામાંનું એઠું પણ નાખીને મારી બળતી આંતરડીને ઠારત, અને જે પૂર્વના પુણ્યથી આટલું સુખ તને મળ્યું છે તેને લંબાવવા માટે વધુ પુણ્ય મેળવત."

બોધ–ભૂખનું દુઃખ એવું જબરૂં છે, કે જે કોઈ પ્રાણી ઉપર તે આવી પડે છે, તેની બુદ્ધિ અને નીતિને તે ઉતારી પાડે છે. માટે પરમેશ્વરે જેમને શક્તિ આપી હોય

તેમણે ભૂખ્યાં પ્રાણીઓને તૃપ્ત કરવાં જોઇએ. વળી અપંગ અને અશક્ત માણસો માટે તેમને નીભાવનારાં સ્થાયી ખાતાં કાઢવા ઉપરાંત જેઓ કામધંધો નહિ મળવાથી, અનાવડતથી, કુસંગથી, આળસથી કે બીજાં કારણોથી દુર્દશામાં આવી પડેલાં હોય; તેમનાં તે કારણ દૂર થઈને તેઓ સદાને માટે આળસુ-બેઠાખાઉ થઇ પડતાં અટકે તેમ કરવાનો પણ ધનવાનો અને વિદ્વાનોનો ખાસ ધર્મ છે.

સમાપ્ત.

અનુક્રમણિકા